
જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી ૨૫

૧૭
માનવવિદ્યા શાખા

# વિશ્વ દર્શન-૪

[પુનર્જાગૃતિ-સુધારણા યુગ]



SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR
शीलवृत्तफलं श्रुतम्

## તંત્રીમંડળ

શ્રી કે. એન. શાહ • શ્રી આર. એમ. પટેલ • શ્રી આર. ડી. પટેલ • શ્રી રમેશ સુમંત મહેતા • શ્રી ઈશ્વરભાઈ પટેલ • શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ • શ્રી ઉમાશંકર જોષી • શ્રી એચ. એમ. પટેલ • શ્રી વી. એચ. ભણોત • શ્રી યશવંત શુક્લ • શ્રી નીરુભાઈ દેસાઈ • શ્રી વિજયગુપ્ત મૌર્ય • શ્રી પી. સી. વૈદ્ય • શ્રી ભોગીલાલ સાંડેસરા • શ્રી અંબુભાઈ પટેલ • શ્રી જે. જી. ચૌહાણ • શ્રી દિલાવરસિંહ જાડેજા • શ્રી જશવંત એમ. પટેલ (શેખડીવાળા)

## પરામર્શકો

• શ્રી રામપ્રસાદ બક્ષી • શ્રી અનંતરાય રાવળ • શ્રી ચંદ્રવદન મહેતા • શ્રી હંસાબહેન મહેતા • શ્રી ઉમાશંકર જોષી • શ્રી શાંતિલાલ મહેતા • શ્રી ડી. ટી. લાકડાવાલા • શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી • શ્રી એમ. એલ. દાંતવાળા

૨૫
જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી

# વિશ્વ દર્શન : ૪

## [ પુનર્જાગૃતિ : ધર્મસુધારણા ]

રમણલાલ ક. ધારૈયા

સરદાર પટેલ યુનિવર્સિટી-વલ્લભવિદ્યાનગર

**રમણલાલ ક. ધારૈયા :** ગુજરાત યુનિવર્સિટી, ઇતિહાસ વિદ્યાના નિવૃત્ત પ્રાધ્યાપક

**યોજનાદાન :** હરિ ૐ આશ્રમ, નડિયાદ
**ડૉ. શ્રી ભૂપેન્દ્રભાઈ કલાર્ક (મુંબઈ)**
**તથા**
**શ્રીમતી મંજુલાબહેન ભૂપેન્દ્રભાઈ કલાર્ક (મુંબઈ)ના શ્રેયાર્થે**

**અનુદાન :** કેન્દ્ર સરકાર શિક્ષા મંત્રાલય, દિલ્હી; ગુજરાત સરકાર, ગાંધીનગર

**પ્રકાશન :** ડિસેમ્બર, ૧૯૮૫

**પહેલી આવૃત્તિ :** પ્રત ૨૯૦૦
**કિંમત :** રૂ. ૪૦-૦૦ (Rs. 40.00)

**પ્રકાશક :** રતિલાલ સી. ઠક્કર, કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (INDIA)
**મુદ્રક :** યુનિવર્સિટી પ્રેસ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

# નિવેદન

સ્વરાજ આવ્યા પછી આપણા દેશમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. સાથે સાથે ઉચ્ચ શિક્ષણને કારણે જ્ઞાનવિસ્તારની નવી તકો ઊભી થઈ છે. ટેક્નૉલૉજીના ક્ષેત્રે પણ આપણે મોટી ફાળ ભરી રહ્યા છીએ. આમ છતાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા સામાન્ય વિદ્યાર્થીનું જ્ઞાનસંસ્કારનું ભાથું અનેક કારણોસર પર્યાપ્ત નથી અને યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીનો જ્ઞાનવ્યાપ વામણો ભાસે છે.

વળી સ્વાધીન લોકશાહી સમાજના સર્વાંગી વિકાસ દરમિયાન સર્વસાધારણ શિક્ષિત પ્રજાજનને પડકારતી અપરંપાર જટિલ સમસ્યાઓ ઉપસ્થિત થતી રહે એ સ્વાભાવિક છે. આવા પ્રસંગે બૌદ્ધિક તાલીમનું ભાથું અપર્યાપ્ત રહી જતાં સુસજ્જ નાગરિક તરીકેની તેની અધૂરપ વૈયક્તિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ અસરકારક પૂર્તિ માગી લે છે.

સરદાર પટેલ યુનિવર્સિટીએ પોતાની મર્યાદામાં રહીને યથાશક્તિ આ ઊણપની પૂર્તિ કરવાના ઉદ્દેશથી એક અદનો સન્નિષ્ઠ પ્રયાસ આદર્યો છે અને 'જ્ઞાનગંગોત્રી' દ્વારા માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાનવિદ્યા શાખાના ૧૦ એમ કુલ ૩૦ ગ્રંથોની શ્રેણીની યોજનાથી પ્રારંભ કર્યો છે.

આ ગ્રંથશ્રેણી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિરધાર્યું છે. આ શ્રેણી પાછળની નેમ એ છે કે (૧) અભ્યાસવાંછુઓ આ ગ્રંથો થોડાક પરિશ્રમે છતાં રસપૂર્વક વાંચે, એમની જ્ઞાનપિપાસા પ્રદીપ્ત બને; (૨) આ વાચનને અંતે બહુવિધ વિકાસના મુખ્ય તબક્કા વાચકના ચિત્તપટ સમક્ષ ઊપસી આવે; (૩) વાચકો માહિતી અને વિગતોની અનેકવિધતા દ્વારા જ્ઞાનપ્રાપ્તિની ચાવી હસ્તગત કરે; અને (૪) અભ્યાસીઓના ચિત્તમાં મૂળભૂત સત્ય અને મૂલ્યોની શ્રદ્ધાનાં બીજ રોપાય.

આ દૃષ્ટિએ ઇતિહાસ, ચિંતન, સાહિત્ય, લલિતકલા અને વિજ્ઞાન જેવાં વિવિધ ક્ષેત્રોનાં વિભિન્ન પ્રકારનાં આલેખન પાછળ કેટલીક આધારશિલાઓ સ્વીકારીને અમે ચાલ્યા છીએ, જેવી કે—

૧. માનવ–વિકાસ પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે; પરંતુ અંતે તો પરિસ્થિતિના પરિવર્તનમાં માનવીય ચેતના પ્રમુખ ભાગ ભજવે છે; અને વૈયક્તિક માનવના વ્યક્તિત્વના શક્ય-પૂર્ણ વિકાસના પાયા ઉપર જ સામાજિક-સામુદાયિક વિકાસની ઇમારત રચાવી જોઈએ.

૨. વિજ્ઞાનનું રહસ્ય સતત પરિવર્તનશીલતામાં રહેલું છે અને તેની ચાવી અખંડ સંશોધનવૃત્તિમાં છે. વિજ્ઞાનની વિલક્ષણતા હકીકતોના ભંડાર સંચિત કરવામાં નથી, પરંતુ બાહ્ય વિશૃંખલતાઓની અંતર્નિહિત સંવાદિતા શોધી કાઢવામાં છે.

૩. સંશોધનની આ પ્રક્રિયામાં માનવીની ચેતના અને કલ્પનાશક્તિનું યોગદાન અસાધારણ છે; અને આ વૈજ્ઞાનિક સત્ય મુક્ત માનવનિર્ણયનું જ પરિણામ છે.

૪. અંતિમ વિશ્લેષણમાં વિજ્ઞાન પણ, બીજાં માનવીય ક્ષેત્રોની જેમ, મૂલ્યોના નિર્ણય વિના કેવળ યાંત્રિક પ્રવૃત્તિરૂપે ટકી શકે નહીં. આ સંદર્ભમાં વિજ્ઞાનો અને માનવવિદ્યાઓ વચ્ચેના જ્ઞાનસીમાડા એકરૂપ બનતા વરતાય છે.

૫. જીવનની સમગ્રતા સાથે આદિયુગથી સમરસ બનેલી સર્જન પ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ અભિમુખતા અને આત્મીયતા કેળવવી ઘટે. આપણો વિદ્યાર્થી અને નાગરિક સૌંદર્ય નીરખતો થાય, ઓળખતો થાય અને આસ્વાદતો થાય, એટલે કે પરમાનંદી ઘૂંટ પીતો થાય, એ પ્રકારે ચૈતસિક સર્જનશક્તિનું રહસ્ય છતું કરવું જોઈએ.

૬. અંતે તો, જ્ઞાન એ કેવળ માહિતી નથી; વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્ય સ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે. આ રહસ્ય અવગત કરાવવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે.

આ સિદ્ધ કરવાનું કાર્ય અત્યંત દુષ્કર છે એવી સભાનતા અમે હંમેશ અનુભવીએ છીએ. એક બાજુ, યુવકો ને નાગરિકોની કક્ષા – તેમની અભિરુચિ, વાચનશક્તિ અને સમજશક્તિ – ની મર્યાદાઓ છે; તો બીજી બાજુ, ઈતિહાસવિકાસ અને ઘટનાવિકાસ, વિચારવિકાસ અને મૂલ્યવિકાસની ઝાંખી કરાવવાનું કાર્ય કઠિન છે. ગંભીર અને કઠણ ગણાતા વિષયોને ગંભીરપણે છતાં આસ્વાદ્ય બનાવીને રજૂ કરવાનું કાર્ય લેખકો માટે કસોટીરૂપ છે. સંપાદકોની મર્યાદાઓ તો હોવાની. આ પ્રયાસ મહત્ત્વાકાંક્ષી અને દુરારાધ્ય લેખાય તેવો હોવા છતાં અતિમહત્ત્વાકાંક્ષી કે અસાધ્ય નથી; અને ગંગાવતરણ કરવાનો નહીં તોય ગંગોદકનું આચમન કરાવવા જેટલો તો યશ મળશે, એવી શ્રદ્ધાએ અમે આ યાત્રા આરંભી છે. વળી પરભાષાના ગ્રંથોનાં ભાષાંતરો વા રૂપાંતરો રજૂ કરવાને બદલે શક્ય એટલો મૌલિક અભ્યાસ અને ચિંતન રજૂ કરવાનો પણ હેતુ છે.

અમારા પ્રયાસમાં સદ્ગત પૂજ્ય શ્રી મોટા તેમજ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, ગુજરાત રાજ્ય તથા અન્ય સદ્ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી જે આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે તે માટે અમે સૌના અંતઃકરણપૂર્વક આભારી છીએ. વાસ્તવમાં એની બીજભૂમિકાનું યથાયોગ્ય શ્રેય પૂ. મોટાને ઘટે છે. હરિઃ ૐ આશ્રમ, નડિયાદ અને રાંદેરના પોતાના ભક્તો ને પ્રશંસકો દ્વારા રૂપિયા એક લાખનું દાન પૂ. મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટીને આપી, 'જ્ઞાનગંગોત્રી'ના આ કાર્યનું પદારોપણ કર્યું હતું અને બીજા એક લાખ રૂપિયાના વિશેષ દાન વડે તેને સુદૃઢ બનાવ્યું હતું. અમારા પ્રયત્નની વાસ્તવિકતાને આથી ભારે શ્રેય અને બળ પ્રાપ્ત થયાં છે. બળ એ અર્થમાં કે યોજનાદાન બેવડાવાથી અમારો ઉત્સાહ દ્વિગુણ થયો છે અને શ્રેય એ અર્થમાં કે ગુજરાતની જનતાએ 'જ્ઞાનગંગોત્રી'ના ભગીરથ કાર્યને નાનીમોટી સખાવતો તેમજ સભ્ય-લવાજમો દ્વારા બિરદાવ્યું છે.

'જ્ઞાનગંગોત્રી'ની યોજનામાં પરામર્શકો તરીકે યા તંત્રવાહકોના રૂપમાં ગુજરાતના શ્રેષ્ઠ ચિંતકો અને વિદ્વાનોનો તથા લેખનકાર્યની જવાબદારી સ્વીકારી અમારી યોજનાને મૂર્તસ્વરૂપ આપનાર અભ્યાસી લેખકોનો અમને જે સહકાર સાંપડ્યો છે તે માટે અમે ગૌરવ અનુભવીએ છીએ અને સાંપડેલી સેવા માટે સૌનો ઋણસ્વીકાર કરીએ છીએ.

અમને નોંધ લેતાં દુઃખ થાય છે કે આ ગ્રંથ-શ્રેણીના પરામર્શકોમાંના સર્વશ્રી રસિકલાલ છો. પરીખ, હરિનારાયણ આચાર્ય તથા બાપાલાલ વૈદ્ય, જેઓ આ શ્રેણીના સ્વાસ્થ્ય દર્શન ગ્રંથના એક લેખક પણ હતા તે, અને તંત્રીમંડળના શ્રી બી. સી. પટેલ – આ ચાર મહાનુભાવોનું અવસાન થતાં અમે તેમની હૂંફ ગુમાવી છે.

છેલ્લે, યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યો, યુનિવર્સિટીના શિક્ષકો અને વહીવટી સેવકોએ દાખવેલા ઉત્સાહપૂર્વકના ટેકા માટે તેમનો તથા યોજનાના પ્રવાહને વહેતો રાખવાની નૈતિક કામગીરી અંગે મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધીનો આભાર માનું છું.

પ્રો. કે. એન. શાહ
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર

# સંપાદકીય

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીનો આ ૨૫મો—અને માનવવિદ્યાશાખાનો ૧૭મો તથા 'વિશ્વદર્શન'નો ૪થો—ગ્રંથ છે. તેમાં યુરોપીય ઇતિહાસનો એક ઘણો ટૂંકો છતાં બે મહાન પરિવર્તનકારી ઘટનાઓ—'પુનર્જાગૃતિ' (રેનેસાં) અને ધર્મસુધારણા (રેફર્મેશન)ને રજૂ કરતો મહત્ત્વનો સમયખંડ આવરી લેવાયો છે. આ બે ઘટનાઓએ યુરોપના અર્વાચીન* વિકાસમાં પાયાનું કામ બજાવ્યું છે.

આ યુગની તાસીરને આ ગ્રંથમાં સંક્ષેપમાં છતાં સરળ-સુબોધ શૈલીમાં સુરેખ અને સચોટ રૂપમાં આલેખવામાં આવી છે. તેમાં એક સાથે અનેક પરિબળો અને પ્રવાહોએ જે અટપટો અને પેચીદો ભાગ ભજવેલો તેનું સમતોલ પૃથક્કરણાત્મક નિરૂપણ થયું છે. તે માટે લેખક ધન્યવાદને પાત્ર છે.

આ ગ્રંથનો અભ્યાસયુક્ત પ્રવેશક 'યુગચેતનાના બે પ્રવાહો' લખી આપવા માટે હું વિદ્વાન લેખક શ્રી મનુભાઈ પંચોળી—'દર્શક'નો ખૂબ આભારી છું.

આ ગ્રંથના અંતમાં વિશ્વખ્યાત ઇતિહાસજ્ઞ શ્રી ટોયન્બીના એક લખાણનો કેટલોક ભાગ (ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત 'ઇતિહાસનો અભ્યાસ' ગ્રંથના એક પ્રકરણ 'વિકાસનું પૃથક્કરણ'ને આધારે) મૂકયો છે. મૂળ લખાણ ઠીકઠીક જટિલ છે અને તેનો સ્વ. પ્રાણજીવન વિ. પાઠકે કરેલ અનુવાદ પણ કંઈક ક્લિષ્ટ છે. તેને કેટલેક અંશે મઠારીને અહીં રજૂ કર્યો છે. તે બહુ સંતોષપ્રદ નથી; તેમ છતાં તે વિષયમાં રસ ધરાવનારને ઉપયોગી નીવડશે એવી આશાએ તેને સામેલ કર્યો છે.

આ ગ્રંથના સંપાદન-પ્રકાશનમાં સતત સાદ્યંત ઉત્સાહપૂર્વક સહાય કરવા બદલ હું પ્રૉ. જશવંત શેખડીવાળાનો તથા ભાઈ ગિરધર તલાટીનો આભારી છું.

ભોગીભાઈ ગાંધી
મુખ્ય સંપાદક

વડોદરા, ૧–૧૧–૧૯૮૫

---

* ઐતિહાસિક કાલખંડની બાબતમાં પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન એમ ત્રણ જુદા વિભાગો અને તે દરેકની સદીઓ અંગે વિદ્વાનોમાં ઘણાં મતાંતરો જોવા મળે છે. કેમ્બ્રિજ–ઇતિહાસ 'રેનેસાં'નો સમય ઈ. સ. ૧૪૯૩ થી ૧૫૨૦નો સૂચવે છે; તો વિલ ડ્યૂરાં ઈ. સ. ૧૩૦૪ થી ૧૫૭૬નો સૂચવે છે. 'રીલિજિયન એન્ડ એથિક્સ' એનસાઈક્લોપીડિયા તો 'રેનેસાં' જેવી કોઈ સ્વતંત્ર, વિશિષ્ટ ઘટનાનો જ સ્વીકાર ન કરતાં, 'શાસ્ત્રીય યુગ'ના એક ભાગરૂપે 'ન્યુ લર્નિંગ' તરીકે તેને ઉલ્લેખે છે! ××× આધુનિક વિદ્વાનો નવા જ પ્રકારે ઐતિહાસિક કાલખંડો પ્રસ્તુત કરે છે. આપણા આ ગ્રંથના આરંભમાં 'પુનર્જાગૃતિ'ના સમય અંગે લેખકે ઘટતું વિવરણ પણ કરેલું છે.

# અનુક્રમણિકા


પ્રવેશક : યુગચેતનાના બે પ્રવાહો – મનુભાઈ પંચોળી

**ખંડ ૧ : પુનર્જાગૃતિ (રેનેસાં)**

| પ્રકરણ | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | પુનર્જાગૃતિ : ભૂમિકા | ૧ |
| ૨. | પુનર્જાગૃતિ : ઇટાલીમાં પૂર્વરંગ | ૧૫ |
| ૩. | પુનર્જાગૃતિ : ઇટાલીમાં ચરમ વિકાસ | ૨૭ |
| ૪. | પુનર્જાગૃતિ : ઇટાલીમાં : રાજકીય–સામાજિક–સાંસ્કૃતિક પાસાં | ૩૪ |
| ૫. | પુનર્જાગૃતિ : વિજ્ઞાન તત્ત્વજ્ઞાન અને શોધખોળ | ૪૧ |
| ૬. | પુનર્જાગૃતિ : યુરોપમાં | ૪૭ |
| ૭. | પુનર્જાગૃતિ : સમાપન | ૫૪ |

**ખંડ ૨ : ધર્મસુધારણા (રેફર્મેશન)**

| પ્રકરણ | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | ધર્મસુધારણા : નવો ઉઘાડ | ૫૯ |
| ૨. | જર્મની : ધર્મસુધારણાનો વિસ્તરતો પ્રભાવ | ૭૨ |
| ૩. | ઉલ્રીચ ઝિવન્ગ્લી અને અનાબેપ્ટિસ્ટ આંદોલનકારો | ૮૩ |
| ૪. | કાલ્વિન અને કાલ્વિનવાદ | ૮૭ |
| ૫. | કાલ્વિનવાદનું પ્રસરણ અને જોન નોક્સ | ૯૩ |
| ૬. | આંતરિક સુધારણા અને તેના પ્રત્યાઘાત | ૯૯ |
| ૭. | સમાપન : તુલનાત્મક પરીક્ષણ | ૧૦૭ |
| પુરવણી | | |
| | ઇતિહાસ : વિકાસનું પૃથક્કરણ | ૧૧૧ |

# યુગચેતનાના બે પ્રવાહો | મનુભાઈ પંચોળી (દર્શક)

ઈતિહાસમાં કેટલાક દશકા એવા હોય છે કે જે દરમિયાન જગત શતકોની ફાળ ભરે છે, અને એવા શતકો પણ હોય છે જ્યાં શિયાળામાં ભોંયમાં સંતાઈ ઊંઘતાં દેડકાંની જેમ જગત અર્ધનિદ્રામાં જીવે છે.

યુરોપની ૧૪–૧૫–૧૬મી સદીના કેટલાક દશકો આવી ભારે હરણફાળના દશકો હતા. તેમાં યુરોપે નવો અવતાર લીધો; એટલું જ નહીં, આજના જગતના મહત્ત્વના આચાર-વિચારનાં બીજ રોપાયાં. આને ઈતિહાસકારોએ પુનર્જાગરણ–'રેનેસાં' અને ધર્મસુધારણા–'રેફરમેશન'નું નામ આપ્યું છે. આ સમયમાં મધ્યયુગ ખતમ થયો અને આજના જગતનું પ્રભાત ઊગ્યું.

આજનું જગત આવી મુખ્ય માન્યતાઓ પર ઊભું છે—

(૧) સ્વર્ગ કે વૈકુંઠ ઉપર હોય કે ન હોય એ રૂડી કલ્પનાને અહીં સાકાર કરવાની છે. આ જગત ચાર દિનની ધર્મશાળા નથી તેમજ તેનું લક્ષ્ય પરલોકવાસ નથી.

(૨) આ વૈકુંઠ મનુષ્યે જ લાવવાનું છે, દેવદેવતાએ નહીં, અને તે માટેનું એક માત્ર સાધન સૂક્ષ્મ અને મુક્ત વિવેચન-બુદ્ધિ છે.

(૩) આ વૈકુંઠ લાવવાનો અને તેમાં વસવાનો સૌને અધિકાર છે. બુદ્ધિ, સૌંદર્યસૃષ્ટિ અને સંવેદનક્ષમતા એ માનવી ગૌરવના પાયા છે.

આ ત્રણે બાબતોનાં બીજ 'રેનેસાં' અને 'રેફરમેશન'માં નંખાયાં—હા, બીજ જ. રોપ તો ૧૭–૧૮મી સદીમાં થયો, અને તેનાં ફૂલ ૨૦મી સદીમાં આવ્યાં, અને ફળ બેસવાની શરૂઆત હવે થઈ છે. આ 'રેનેસાં'નો અનુવાદ 'પુનર્જાગરણ' શબ્દથી થયો. એટલે કે પહેલાં એકવાર હતું, નિદ્રસ્થ થયું, ફરી વળી જાગ્યું.

૧૩મી સદીના આગેવાનોએ બધી દિશાના આ નવજાગરણના પાયા ગ્રીસ અને રોમમાં નિહાળ્યા. તે પાયા તેમણે ખોદ્યા, અહોભાવે દિંગ થયા, અને તેનાં ગુણગાન ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્યમાં બધે ગાયાં.

૫મી સદીમાં રોમન શહેનશાહતના પતન પછી યુરોપમાં જે અનવસ્થા કાળ સર્જાયો તે 'અંધકારયુગ' કહેવાયો. રોમન શહેનશાહત સ્પેનથી ટાઈગ્રીસ અને સહરાથી ઉત્તરમાં ડાન્યુબ સુધી ફેલાયેલી હતી. તેમાં કાયદો, ઘણાંખરાંને નાગરિકત્વ, વ્યાપાર, તે માટેના રાજ્યમાર્ગો, નગર પંચાયતોની સ્વાયત્તતા હતાં; અગાઉ ન અનુભવેલી શાંતિ અને સુરક્ષિતતા પણ હતાં; પણ આખરે આ સામ્રાજ્ય પોતાના તાબાના મુલકોના શોષણ અને લશ્કરી બળ પર ઊભું હતું. સંસ્કૃતિનો પાયો ગુલામો, અર્ધ ગુલામો અને પરાધીન પ્રદેશોના દ્રવ્યહરણ પર હતો. જતે દહાડે લશ્કરમાં આ કબજે કરેલા મુલકોના જ સૈનિકો વધતા ગયા. રોમનો આળસુ, એશઆરામી થયા. તેમનું જૂનું હીર ચાલ્યું ગયું. બહારનું આક્રમણ અને અંદરના બળવાએ

આ મહાન ભવ્ય, અનુપમ સિદ્ધિવાળી સંસ્કૃતિને ધૂળભેગી કરી; અને એ પછી યુરોપના એક છેડાથી બીજા છેડા સુધી અનવસ્થા—મારે તેની તલવારના ન્યાયે સ્થપાયેલી સેંકડો ઠકરાતો ઊભી થઈ. છિન્ન-ભિન્નતા જાણે ફેલાઈ.

* યુરોપ મરી જ ગયું હોત, જો ખ્રિસ્તી ધર્મે આ રોમન શહેનશાહતનો વારસો પોતાની રીતે ન સંભાળ્યો હોત તો. તેમાં સંસારનો ગણ્યાં વર્ષોમાં નાશ થવાનો છે, પછી ઈશુ અવતરશે, અને કાળાં-ઊજળાંને જોઈ કાયમી નરક કે કાયમી સ્વર્ગ આપશે, તેવી દંતકથાએ શરૂમાં ઘણો ભાગ ભજવ્યો. લોકોએ માન્યું "દુનિયાનો નાશ થવાનો જ હોય તો પાપથી ડરીને જ ચાલવું ને"!

રોમન શહેનશાહતે પહેલાં લડી—ઝઘડી, ખ્રિસ્તીઓને ત્રાસ આપી, છેવટે ખ્રિસ્તીધર્મને પોતાના સામ્રાજ્યના ધર્મ તરીકે સ્વીકાર્યો હતો; અને ખ્રિસ્તીધર્મે પણ બે તલવાર—લોઢાની અને સોનાની—ના સિદ્ધાંત પ્રમાણે શહેનશાહતને સ્વીકારી હતી. તેણે કહ્યું: "સીઝરનું સીઝરને આપો, ઈશ્વરનું ઈશ્વરને." બે તલવારો હતી—એક શાસનની, તે હતી લોઢાની; અને બીજી હતી ધર્મની, તે સોનાની. કોઈએ બીજાના ક્ષેત્રમાં દખલ કરવાની ન હતી, અને એકબીજાને બને તો ટેકો આપવાનો હતો. પાદરીઓને આજ્ઞા અપાતી કે—"જે કોઈ સત્તાપર હોય તે ભગવાનની ઈચ્છાથી જ છે" "પાવર્સ વીચ આર ઓર્ડેઈન્ડ બાય ગોડ".

ખ્રિસ્તી ધર્મ મૂળે ગરીબનવાજ ધર્મ હતો, પણ આ સમાધાનથી તેણે રાજ્યની ઘણી ખોડોને નભાવી લેવી પડી. પણ તેમાંથી એક સારું પરિણામ એ આવ્યું કે રાજ્યની સર્વવ્યાપી સત્તા ઘટી, ધર્મના ક્ષેત્રમાં તેનો પ્રવેશ ન થાય તેવું સ્વીકારાયું. રાજ્યે પણ અંકુશોમાં રહેવું. પ્રજાના કેટલાક અધિકારો મૂળભૂત છે, જેમાં એક છે 'ઈશ્વર કે ધર્મની ખોજ'; તેમાં તેનો પ્રવેશ નહીં. આમ, ધાર્મિક વિષયોમાં સામ્રાજ્યની સત્તા મર્યાદિત કરતો, મહાન શહેનશાહત પાસેથી ધર્મગુરુએ ઝૂંટવેલો આ કાંઈ જેવો તેવો અધિકાર ન હતો.

આને લીધે જ રોમન સામ્રાજ્ય તૂટ્યું—રોળાયું—નષ્ટ થયું ત્યારે પણ ખ્રિસ્તી ધર્મનું વ્યાપક શાસન ચાલુ જ રહ્યું. રોમન સામ્રાજ્યના જેવું—પોપથી માંડીને પાદરી સુધીનું—વહીવટી માળખું ચાલુ જ રહ્યું. તેનાં મંદિરો, મઠો, હોસ્પિટલો, શાળાઓ, અનાથાશ્રમો, આખા યુરોપના અંધારયુગમાં અસંખ્ય દીવાની જેમ ઝળકતાં રહ્યાં તેમાં યુરોપના બુદ્ધિમંતોને એકસૂત્રે બાંધનાર લેટીન ભાષા હતી. પ્રજાકીય જીવનનાં સર્વસાધારણ લક્ષણો પણ ચાલુ રાખી શકાયાં. રવિવારે દેવળોમાં સંતોના જન્મોત્સવો, ઈશુજન્મ કે શહાદતના મેળાઓમાં, એકચક્રી શાસન વિના પણ, એકતાના કેટલાક તાંતણા જળવાઈ રહ્યા! અને ભલે ઉચ્ચગ્રાહી સંસ્કારી નહીં તો પણ ભલાઈ તરફ જવા મથતા સદ્ગુણોનું સેવન ચાલુ રહ્યું.

* સમાજ ટકે કાં તો પર-નિયમનથી, કાં તો સ્વ-નિયમનથી. અનિયમનથી સમાજ ડૂબે છે. ખ્રિસ્તી ધર્મે, જ્યારે કેન્દ્રવર્તી કે કોઈ મોટી સત્તા રહી જ નહોતી ત્યારે લોકોને સદાચરણ એટલે સંયમ, સ્વનિયમન તરફ વાળ્યાં અને સામાન્ય જનજીવનને અરાજક, સ્વચ્છંદી થતું રોકયું, તે તેની મોટામાં મોટી સેવા છે. સારાં ઘરોનાં હજારો યુવકો-યુવતીઓએ ખ્રિસ્તીના અનુયાયી બની, તપ-ત્યાગ દ્વારા, સમાજને કાંઈક આત્મનિયમનની દિશામાં વાળ્યો. આમાં ઘણાં તો ઉમરાવ કુટુંબનાં સંતાનો હતાં. લોકોએ માન્યું કે આવા ખાનદાન નબીરા જો સાધુ થઈને કષ્ટ વેઠતા હોય તો અમારાં કષ્ટો તો શા હિસાબમાં છે? આ સાધુ-સાધ્વીઓએ કહ્યું: "અમારા માલિકે અને તેના પોલ પિટર જેવા પાર્શ્વદોએ કાંઈકે ખીલા ખાધા, તો અમે તો કોણ?"

સામ્રાજ્યનો જ્યારે વૈભવ ન હતો, તેની વ્યવસ્થા નહોતી, કાયદો ન હતો અને ઉત્પાદન અતિ નીચી કક્ષાએ હતું, ત્યારે સૌથી મોટી જરૂરિયાત હતી સાદાઈને મુખ્ય સદ્ગુણ ગણવાની, આંતરિક વેરભાવ

છોડવાની, અને વસતી ન વધવા દેવાની. હજારો, લાખો ખ્રિસ્તી સાધુ-સાધ્વીઓએ એક પગલે આ ત્રણે ધ્યેય સિદ્ધ કર્યાં. રોમન લશ્કર ન હતું, બધાંને કે ઘણાંને સમજાવવાનું દ્રવ્ય કે સાધન ન હતું—આજે પણ ઘણા દેશોમાં ક્યાં છે? તો ત્યારે તો હોય જ ક્યાંથી?—અને છતાં સમાજને અરાજક, અતંત્રી બનતો અટકાવ્યો હતો.

પરંતુ આ સિદ્ધિનો **પાયો** સમજણનો નહીં, પણ કેવળ આંખ મીંચીને ચાલતી **અંધશ્રદ્ધાનો** હતો. ભય અને લાલચ હતાં. રેતીના પાયા પર મકાન ન બાંધવાની ઈશુ ખ્રિસ્તે આખ્યાયિકા કહી હતી; પણ અહીં તો તે જ પાયા પર આવી ઇમારત ઊભી થઈ તેમ હતું! જ્ઞાન નહીં, અંધશ્રદ્ધા; પ્રશ્નો નહીં, શંકા કર્યા વિનાનું અનુકરણ. ઈશ્વરભક્તિ જોઈએ છે. પ્રશ્નોનો આક્રોશ નહીં. આવા આ ધર્મે બધાંને ઘેરઘેર પહોંચાડેલી વાર્તા શું હતી?: "આદમ અને ઈવ સ્વર્ગમાં રહેતાં હતાં; નિર્દોષ અને સુખી હતાં. તેમને બધી છૂટ હતી, પણ જ્ઞાનનું ફળ ખાવાની છૂટ ન હતી. શેતાને તેમને તે જ ખાવા પ્રેર્યાં. તેમણે **જ્ઞાનનું** ફળ ખાવાની ભૂલ કરી, અને પૃથ્વી પર પછડાયાં! જ્ઞાને તેમને પાપમાં નાંખ્યાં, શ્રદ્ધા તેમણે છોડી, પાપ કર્યું; એટલું જ નહીં, આપણે તેનાં સંતાનો પણ પાપમાં જન્મ્યાં. તેમના કપાળે આ પાપનો શાપ ચોંટયો છે. તેમાંથી છૂટવા માટે પૂછ્યા વિના શ્રદ્ધા રાખવી, અને ઈશુની દયા માગવી તે જ રાજમાર્ગ છે. પાપી તો છીએ જ, તેની **કૃપા** જ રસ્તો છે, **જ્ઞાન નહીં.**"

*

માર્ટિન લ્યુથરે પોપ સામે બંડ કર્યું, નવો 'પ્રોટેસ્ટંટ' ધર્મ સ્થાપ્યો. પણ તેણેય પોતાના ધર્મનો પાયો તો અંતે ઉપલી **અંધશ્રદ્ધાને** જ ગણાવી. તેણે કહ્યું: "ખ્રિસ્તીની શ્રદ્ધાનાં જે બધાં સૂત્રો ભગવાને એની વાણીમાં પ્રગટ કર્યાં છે, તે બુદ્ધિની હાજરીમાં સ્વીકારવાનું સાવ અશક્ય જ છે; અર્થહીન અને ખોટાં છે; શ્રદ્ધાનો મોટામાં મોટો શત્રુ બુદ્ધિ છે; તે શેતાનની મોટામાં મોટી વેશ્યા છે. રગતપિતથી ખવાઈ ગયેલી ગણિકા રૂપી આ બુદ્ધિ અને તેના ડહાપણને પગ નીચે કચડી નાંખવાં જોઈએ."

જે લ્યુથરે એક મલ્લની જેમ પોપની સત્તાને પડકારી, તેની ચામડી ઊતરડવામાં આવે તો તેનું જે દેખાય છે તે સ્વરૂપ શું ધાર્મિક, ક્રાંતિકારીનું છે? જો આ સ્વરૂપ હોય તો ધાર્મિક પ્રત્યાઘાતીઓનું સ્વરૂપ કેવું હશે? 'ઇંક્વિઝિશન'ની ત્રાસવાર્તાનું!

"લોકો સાદા રહે, ઝાઝી અપેક્ષા ન રાખે, આ દુનિયામાં ન બંધાય; આ તો ચાર દિવસના મુકામ માટેની ધર્મશાળા છે, સાચો તો પરલોક છે; આદમ અને ઈવના પાપે કરીને અહીં આવ્યાં છીએ, એટલે શું કરીએ? ઝટઝટ પરલોકનાં ભાથુંભથ્થાં બાંધી લ્યો, આ આપણું ઘર નથી": આ છે બધા ઉપદેશનો સાર.

"આ જગતના આપણે નથી; આપણે કોઈક જુદી જ ભોમનાં વાસી છીએ, ત્યાં બધું જ છે; અહીંની ચિંતા છોડો, એટલું જ નહીં, અહીંના રાગભોગને શત્રુ ગણી ત્યજો, શરીરને દુશ્મન ગણો, આત્માને જ શ્રદ્ધાથી વળગી રહી ઈશુને ભજો."—અંધાર યુગમાં, બલ્કે, અલ્પ ઉત્પાદનના યુગમાં આ ઐતિહાસિક આવશ્યકતા લાગે તો પણ આ ઉપદેશ ખરેખર પાયામાં સાબૂત નથી જ. **અંધશ્રદ્ધા** કદી **પ્રકાશના સ્વર્ગમાં ન જ લઈ જાય.**

* ઉપરના કોઈ અનિશ્ચિત જીવનની કલ્પનામાં અહીંનું જીવન સૂકવી નાંખવાની કે વેડફી નાખવાની જરા પણ જરૂર નથી. મનુષ્ય ભલે દેવ ન હોય, તે મહિમાવાન છે. તે પાપમાં જન્મ્યો નથી; એટલું જ નહીં, તેનામાં ઘણું દેવત્વ છે. અને આ દેવત્વનું જ એક લક્ષણ છે **'સારાસાર બુદ્ધિ.'**

આ છે રેનેસાં-પુનર્જાગરણની વાણી. રેનેસાંના અગ્રણીઓએ મૂળમાં આ વાણી સાંભળી છે. પહેલાં આરબો પાસેથી અને પછી ત્યાંથી જે અભ્યાસીઓ ગ્રીક સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ગણિત, સમાજવિજ્ઞાનના ગ્રંથો લઈને નાઠા—ઇટાલીનાં વ્યાપારી મથકો જેવાં કે વેનિસ જીનોઆ ફ્લોરેન્સ—બધે ફેલાયા, તેમની પાસેથી. ઇટાલીના વ્યાપારી વર્ગે જ નહીં, પોપ-કાર્ડિનલો સુદ્ધાંએ આ વિચારણા મૂળ વાણીમાં સાંભળી; અને તેઓ હલબલી ગયા. તેમને થયું કે અમારો પાયો પાકો નથી. પરંતુ કેટલાકને વળી થયું કે જો એક વાર બુદ્ધિ આડેનાં શ્રદ્ધાનાં મોટાંમસ તાળાં તોડી નખાશે તો ઊથલપાથલનાં પૂર ક્યાંનાં ક્યાં જઈ અટકશે? બુદ્ધિ તો અવળી પણ ચાલે—કદાચ અવળી જ ચાલે—; શેતાનનું તે હથિયાર છે.

આમ છતાં, જ્યારે નવું ખગોળવિજ્ઞાન, નવાં ભૂગોળ-સંશોધનો, નવી કળા, નવો વ્યાપાર, નવા વિચારો આવ્યા ત્યારે એ મુક્તવાયુને રોકવાનું, હજારો કોશિશ પછી પણ, શક્ય નહોતું. અંધશ્રદ્ધા તો બુદ્ધિનો પ્રકાશ ન આવે ત્યાં સુધી ચાલે. ભૂમધ્યના મધ્યભાગ સુધી પોતાનાં આંગળાં ફેલાવનાર ઇટાલીનાં બંદરોનો વેપાર અટકે તેવું નહોતું. સુએઝની નહેર ખોદાઈ નહોતી, આફ્રિકાને આંટીને એશિયામાં જવાનું હજુ હવે શોધાવાનું હતું. એશિયામાં, જ્યાં રાજા-પાદશાહો હતા ત્યાં, નાના નાના ઉદ્યોગો પણ હતા. બારે મહિના ત્યાં શાળો, ધમણો, ભઠ્ઠીઓ, ખાણો, રેશમ, તેજાના, ખાંડ, અત્તર, સુતરાઉ-ગરમ કાપડ દારૂ-દવાઓ, દમાસ્કસની તલવારો, સુરત-કલીકટ-ખંભાતની મસલીન—શું શું નહોતું? યુરોપ તો વર્ષના ચાર-પાંચ મહિના શીતાગારમાં ફેરવાઈ જતું. ત્યાં આવા ઉદ્યોગો હતા જ ક્યાં? એશિયાની આ સમૃદ્ધિ છેક નૉર્વે સુધી પહોંચાડવા માટે ઇટાલીનાં આ બંદરો જ ત્યારે એક માત્ર સાધન હતાં; અને આ બંદરવાસીઓએ ઘણું નવાઈ ભરેલું જોયું હતું. સૌથી નવાઈ ભરેલી વસ્તુ હતી ગ્રીક અને રોમન સંસ્કૃતિની પિછાન, હજાર વર્ષનાં અંધારાં પછી, એક અવનવી વાણી સંભળાતી હતી: તેમનાં શિલ્પ-સ્થાપત્યમાં પ્રત્યક્ષ થતી હતી.

એક ગ્રીક કવિએ કહ્યું હતું: "ઘણાં આશ્ચર્યો છે આ જગતમાં, પણ સૌથી મોટું આશ્ચર્ય છે મનુષ્ય." બીજાએ વળી ગાયું હતું—

Happy is he who has knowledge that comes from enquiry/Never he stirs/But surveys the unchanging order/of deathless nature of what it is made/and where and how.

દેવોના દેવ ઝીયસની ઇચ્છા તો લોકો ઠંડીથી મરી જાય તેવી હતી. અગ્નિ, બલ્કે જીવ માત્રનો શ્વાસ તેણે છુપાવી રાખ્યો હતો આકાશમાં. પૃથ્વી પરના લોકોને આપવા તે તૈયાર નહોતો. પ્રોમિથિયસ તે ચોરી લાવ્યો—પૃથ્વીના જીવનને હૂંફાળું બનાવવા, વસવાલાયક કરવા. ઝીયસે તેને ખીલે જડ્યો—તેનું માંસ ગરુડ પાસે તોડાવ્યું. પણ પ્રોમિથિયસ અણનમ રહ્યો. શાણા પ્રોટોગોરસે દેવ-દેવતાઓ વિષે શું કહ્યું હતું?—

"દેવતાઓ છે કે નહિ તે અનુભવી શકું તેમ નથી, કે તેમની આકૃતિ કેવી છે, તેય કહી શકું એમ નથી; કારણ કે એનું ખાત્રીલાયક જ્ઞાન મેળવવાની આડે ઘણાં વિઘ્નો છે. વિષય ઘણો ધૂંધળો છે; અને મનુષ્ય જીવન ઘણું ટૂંકું છે."

—આ કહાણી કોણે નાટકમાં મઢી હતી? ગ્રીક મહાકવિએ.

આદમ અને ઈવની વાતની સાથે સાથે, દેવો સામેનો મનુષ્યનો આ બળવો આ બંદરોમાં હવે સંભળાતો હતો. તેમણે આ ગ્રંથોમાં વાંચ્યું કે ઈશુના જન્મ પહેલાં છસો વર્ષે, થેલ્સે અમુક સમયે ગ્રહણ થશે તેમ આકાશી ગણિતની મદદથી કહ્યું હતું. વૈદ-વિદ્યાના આચાર્ય હિપોક્રિટસે કહ્યું હતું: "આ રોગનાં કારણો અન્યનાં જેવાં જ છે; એને કોઈ ખાસ 'દૈવીકરણ વર્ગ'માં મૂકવાની જરૂર નથી—હોય તો બધું જ 'દૈવી' છે; કહો કે બધું 'માનવીય' છે."

પોતાના દર્દીઓની વાતો ગુપ્ત રાખવાની, કોઈકના દર્દનો ખોટો લાભ ન લેવાની હિપોક્રિટસે અંકિત કરેલી પ્રતિજ્ઞા ગઈ સદી સુધી બધા દાક્તરો લેતા. ઈટાલિયન વ્યાપારી શહેરોએ જાણ્યું કે સૃષ્ટિના મૂળમાં એક અવિભાજ્ય અણુ છે, કોઈ દેવ–દેવી નહીં. એ વાત સદીઓ પહેલાં આયોનિયન ડિમોક્રિટસે કહી હતી. પ્લેટોએ પણ કહ્યું હતું કે હોમરના દેવદેવતાઓ સામાન્ય માણસ જેવા જ છળકપટી છે; તેમની વાતો બાળકોને ન ભણાવવી. એટલે કે દેવ-દેવતાઓ પણ મનુષ્યના વિવેચનની પર નથી. એરિસ્ટોટલ મહાન વિદ્યા વા રિદ્ધિ–સંપન્ન અને તત્ત્વજ્ઞાની છતાં, તેમનો પાયો તો 'અવલોકન' જ હતું— માની લેવાનું નહીં. અને પ્રોટોગોરસે કહ્યું હતું : "બધી બાબતોનો ગજ તો માણસ જ છે—જે છે તેનો, તેમજ જે નથી તેનો પણ. માણસનાં સુખ–દુ:ખને કેન્દ્રમાં રાખો." ઝેનોફોનિસે તો લોકોને ચમકાવી જ નાખ્યાં હતાં : "જો કૂતરાંઓમાં જ્ઞાન હોત અને પોતાનો ઈશ્વર કલ્પવાની આવડત હોત તો તેઓ ઈશ્વરને કૂતરો જ કલ્પત."

—માણસ કેન્દ્રમાં છે; તેની બુદ્ધિ આકાશ–પાતાળ–પૃથ્વી બધું માપી શકે, પોતાના મનને પણ તેનાથી જ માપવાનું. તેથી સોક્રેટિસે કહ્યું : "આત્મ-વિવેચન વિનાનું જીવન વ્યર્થ છે." અને આ અધિકાર માટે તેણે હસતાં હસતાં ઝેર પીધું. આત્મ–વિવેચન એટલે મનુષ્યનું પોતાનાં બુદ્ધિ, લાગણીઓ, આકાંક્ષાઓ, અભિમાન, દુરાગ્રહો—બધાંનું વિવેચન. આ બધું જ કવિતા–ચિત્ર–નાટય–સંગીત–સ્થાપત્યનો વિષય. દેવતાઓ પણ તેમાં આવે; પણ તે ય આ બધું દર્શાવવા કે વહેમમાંથી મુક્ત થવું જોઈએ. ગ્રહણથી ગભરાઈ ગયેલ એક સૈનિકને પોતાનો કોટ ઓઢાડી પેરિકિલસે પૂછેલું : "તું મને જોઈ શકે છે ?"

"કયાંથી જોઈ શકું ? તમારો કોટ આડે છે."

"તેમ, ભાઈ, ચંદ્રને કોઈકે મોટો કોટ ઓઢાડી દીધો હશે, એમાં ડરવાનું શું ?" બલ્કે, બધી જ આંતર–બાહ્ય ઘટનાઓને તટસ્થ બુદ્ધિથી ગભરાયા વિના અવલોકવી રહી. પણ અબાધિત સ્વાતંત્ર્ય વિના માણસ આ અવલોકન ન કરી શકે. એટલે ગ્રીકોના સંસ્કારવારસાનો એક પાયો છે : 'મુક્ત ખોજ કરવાનું સ્વાતંત્ર્ય;' બીજો પાયો છે : 'લોકતંત્રની ખોજ.'

એથેન્સના દૂતો ઈરાની શહેનશાહના દરબારમાં ગયેલા. ભૂમિએ પડીને, શહેનશાહને પગે લાગવાની તેમણે ના પાડી. તેથી શહેનશાહે તેમના પર ખુશ થઈ પોતાની સેનામાં રોકી તેમને અમીરાત આપવા ઈચ્છા દર્શાવી. પેલા દૂતોએ કહ્યું : "ગ્રીસની જમીન બહુ નબળી છે, અને જીવન કઠણ છે; પણ અમે ત્યાં જ રહીશું. કારણ કે ત્યાં નાગરિક છે, અહીં છે ગોલા." 'નાગરિક' એટલે કાયદા પોતે ઘડે અને પોતે પાળે. લોકસમૂહે ઘડેલા કાયદાના પાલન વિના સ્વાતંત્ર્ય ન સચવાય. આ વાત રોમ પાસેથી ઈરાને જાણી. કાયદા સમક્ષ બધાની સમાનતા, પછી તે પોતાનો છોકરો હોય કે શત્રુ હોય તેઃ પણ, જો કાયદો ન પાળે તો મરે. બ્રુટસે ન્યાયાધીશ તરીકે પોતાના પુત્રોનો વધ કરવાની આજ્ઞા આપેલી.

આ સમયનું ઉત્તમ સાહિત્ય મેળવવું, તેની નકલો કરવી, તેનો પાઠ કરવો–કરાવવો, તેનું અનુકરણ કરવું—આવું એક પ્રચંડ મોજું આ કાળે ઊઠ્યું. ઉર્બીના ડ્યુકે આવી હસ્તપ્રતોની નકલ કરવા ૧૪ વર્ષો સુધી ચાલીસ લહિયા રોકયા હતા. વેટિકનના હાલના મહાન ગ્રંથાલયનો પાયો આવી હજારો હસ્તપ્રતો જ છે.

આ બધાંના પરિચયે ઇટાલીનાં આ શહેરોમાં અને ધીમે ધીમે આલ્પ્સની પેલે પાર મુક્ત ખોજનો પ્રકાશ ફેલાયો; અને પ્રકાશ આવતાં અંધકાર લડતો–ઝઘડતો પણ છેવટે હઠે છે, તેમ જર્મનીમાં, ફ્રાન્સમાં, ઇંગ્લાંડમાં, નેધરલેન્ડ અને ઉત્તરી યુરોપમાં અંધકાર હઠયો.

મુક્ત ચિંતનનો પ્રકાશ! આ પ્રકાશનો પહેલો અંક છે જીવનની અસ્મિતા—જીવનના મહિમાની સ્થાપના. ૧૪૫૨ના ગિનોઝો મેનેરી કરતાં વધારે સારી રીતે આને નહીં મૂકી શકાય. એ કહે છે: "આ જગત ઈશ્વરે બનાવ્યું તેમ હશે. પણ પછીથી તેમાં મનુષ્યે જ નવાં નવાં રૂપ આપી સુધારા કરેલ છે. જે કાંઈ આપણી આજુબાજુ છે તે આપણી જ કૃતિ છે. માણસની સરજત—બધાં રહેઠાણો, કિલ્લા, નગરો, જગતમાં પથરાયેલાં મહિમાવંત સ્થાપત્યો એટલાં બધાં અને એટલાં વિવિધ છે કે જાણે દેવદૂતે ન બનાવ્યાં હોય! આ ચિત્રો આપણાં છે, શિલ્પો આપણાં છે; વેપારવણજ, ફિલસૂફી, વિજ્ઞાન, બધાં ભાષાઓ—સાહિત્ય-ભંડાર, સંશોધનો આપણાં છે. આ છે આપણા પુરુષાર્થનો મહિમા."

મનુષ્ય એટલે રૂપ, પરાક્રમ, ઔદાર્ય, સાહસિકતા. આવા વિવિધ ગુણો એટલે મનુષ્ય. રેનેસાંની કવિતા-શિલ્પ–ચિત્રો આનાથી ભરપૂર છે; જે ખુદ ધર્મભવનોમાં અમર થયાં છે. તે માત્ર ભીંતો પર ચોંટાડેલા નિર્જીવ કાગળો કે કશીય હિલચાલ ન સૂચવતા પથ્થરો નથી.

મહાન શિલ્પી ડોનેટેલો એક શિલ્પ ઘડતાં ઘડતાં શિલ્પકૃતિને વચમાં વચમાં કહેતો: "બોલ, બોલ, કેમ નથી બોલતી?" આ જ ડોનેટેલોએ ઘડેલ સેંટ જ્યોર્જની ખડી પ્રતિમા જોઈ માઈકેલ એન્જેલો જેવો મહાન સ્થપતિ પણ બોલી ઊઠેલો: "આગે કદમ ભરો, ઊભા છો શા સારુ?"

કશાય અંદેશા વિના કહી શકાય કે રેનેસાંના મહાન શિલ્પીઓની કૃતિઓ અવશ્ય બોલે છે; આનંદ–પરાક્રમ–ઉત્સાહ–ઉલ્લાસનાં ઉચ્ચારણો કરે છે. આને સમજવા 'ત્રણ કૃપા' ચિત્રના ત્રણ યુગના તબક્કા જોઈએ: રતિની એ ત્રણ સેવિકાઓ: ૧લી સદીમાં ગ્રીક અસર નીચે થયેલા ચિત્રમાં ત્રણે દેવીઓ નિર્વસ્ત્રા છે; તેમાં ગતિમાન લાવણ્ય છે; પણ કામુકતાનો અંશ પણ નથી. મધ્યયુગમાં એ વિષયના દોરાયેલા ચિત્રમાં ત્રણે વસ્ત્રાચ્છાદિત છે, એ તો ઠીક, પણ તેમાં કશો ભાવ નથી. ભીંતે ચોંટાડેલી છબી માત્ર છે. પુનર્જાગરણના પ્રભાવ નીચે ૧૫મી સદીના બોટેસેલીએ તેને ફરી જીવંત કરી છે: આછાં અલ્પ વસ્ત્રો છે; પણ ગતિ, લાવણ્ય, અંગભંગિ બધું બોલી ઊઠનારું છે.

આવું જ ચિત્રકળાનું. કેવી અવિસ્મરણીય કૃતિઓ સર્જાઈ આ સૈકામાં! અને કેવા ચિત્રકારો—ગિટ્ટોથી માંડી રાફેલ સુધીના! બીજા કોઈ જમાનામાં આવા અને આટલા ચિત્રકારો એકી સાથે જોયા-જાણ્યા નથી. એક જુઓ અને બીજો ભૂલો; પણ એ બધા દેવળમાં, નગરભવનમાં કે વનમાં એક જ માણસને તેની વાસ્તવિક ભાવવિભોરતામાં જીવતો કરે છે—પછી તે લિયોનાર્દોનું 'લાસ્ટ સપર' હોય કે રાફેલની 'મેડોના' હોય કે બેટીસેલીનું 'ત્રણ કૃપા' હોય; પણ રેનેસાંની આ ચિત્રકળાનો ચરમોત્કર્ષ મનુષ્યમાં થયો છે—અંધારયુગના પ્રણાલીગત દેવ-દેવતાઓમાં કે સંતોનાં પ્રણાલીગત સ્વરૂપોમાં નહિ. આ ચિત્રવાહિનીમાં ખેલતાં બાળકો, ઝરામાં નહાતી સ્ત્રીઓ, ખેતરમાં થાકીને આવેલા ખેડૂતોનું આહ્લાદક મદિરાપાન, ઉમરાવોના શિકારખેલ, ઉત્સાહે ઊભરાતા લોકોત્સવ, અરણ્યમાં આરામ લેતા યાત્રિકો, લોરેન્ઝો જેવા સમર્થ શાસકો. અમર ચિત્ર 'મોનાલિસા'—જેને માટે ત્રણ વર્ષ સુધી લિયોનાર્દોને ત્યાં બેઠક આપવા આવતી ઉમરાવ પત્ની એલિસાબેટ્ટા—કોણ કહી શકે કે મોનાલિસાનું તે ગૂઢ માર્મિક સ્મિત એલિસાબેટ્ટાનું હતું કે લિઓનાર્દોની નારીની નિષ્ફળ શોધનું હતું? પણ રંગપ્રકાશની આ અદ્ભુત દુનિયામાં સંસાર અને સ્વર્ગ ઊતર્યાં છે તેમાં શંકા નથી. અને પંદરમી સદીમાં બોટેસેલીના ચિત્રમાં આ દેવીઓ આછા વસ્ત્રોમાં છે, પણ તેમની હલનચલનની રેખાઓ, અંગભંગિ—બધું જાણે બોલવા-ચાલવા માંડશે તેવું છે.

એક જ વિષયનાં પણ ત્રણ યુગનાં ત્રણે ચિત્ર પર તે–તે યુગની મુદ્રા સાફ ઊઠી છે. ફ્લોરેન્સના દેવળમાં ચીતરેલ મુગ્ધ ગાયકો વિષે ઈરેસમસ જેવા કાંઈક મંદ સૌંદર્યક્ષમ માણસે પણ લખ્યું છે: "લોકો આ દેવળમાં જાણે નાટ્યઘર હોય તેમ જાય છે—કર્ણેન્દ્રિયની ઈન્દ્રિયસંતર્પકતા અનુભવવા. અહો હો, કેવું અદ્ભુત

ચિત્ર છે! જાણે સમૂહગાન સાંભળવા મળે છે." દરેક ગાનારના મુખ પર હાવભાવો, આંખો બધું ગાનમય છે. પણ રેનેસાં કેવળ ચિત્રો કે સ્થાપત્ય દ્વારા જ પ્રગટ થયો છે તેવું નથી; તે વિશેષે તો પેટ્રોર્કનાં સ્વચ્છંદે વહેતાં કાવ્યોમાં, બોહેમિયાનાં અર્ધઅશ્લીલ કથાનકોમાં, અરે મિકિયાવેલીના ફ્લોરેન્સના ઈતિહાસ અને મેંડ્રોગોલાના નાટકમાં પથરાયેલ છે.

'પ્રિન્સ'થી મિકિયાવેલી જાણીતો થયો છે; પણ સારી પેઠ ભજવાયેલ નાટક પણ તેણે લખ્યું છે તે થોડાક જ જાણતા હશે. રાજકારણના કાદવમાં ખરડાયેલ ને ખૂંચી ગયેલને પણ સાહિત્ય ખેંચે તો જ તે સાહિત્ય. બધે સૂત્ર એક જ છે : આ જગતનો કડવો-મીઠો-તૂરો આસ્વાદ માણવો; ધર્મ–શાસનને આ ઐહિક બાબતોમાં પ્રવેશવા ન દેવું.

ઈશુના પ્રતિનિધિ પોપ અને તેના મંડળે ઈશુના ઉપદેશને એટલો બધો અવગણ્યો છે કે તેના કરનાં ઐહિકને ઐહિક, સ્વાર્થને સ્વાર્થ કહીને ધર્મના દંભમાંથી છૂટા પડવામાં જ સાચી પ્રામાણિકતા મિકિયા-વેલીને લાગી છે.

બહુ વગોવાયેલ 'પ્રિન્સ'માં વગોવવા જેવું ઘણું છે જ. તેની અસરકારકતા વિષે પણ તેટલું જ કહી શકાય; પણ તેનું ઐતિહાસિક મહત્ત્વ રાજકારણને ધર્મથી સ્વાયત્ત બનાવવામાં અને ધર્મના કાલ્પનિક આદર્શોને બાજુ પર મૂકી ભય અને લાલચથી વીંટળાયેલા માણસને વાસ્તવિક સ્વરૂપમાં ઓળખવામાં છે. કડવી તો કડવી વાસ્તવિકતાનો સ્વીકાર કરવો તે વિજ્ઞાન-નિષ્ઠાનો એક પાયો છે.

*

સ્વાધીન બુદ્ધિની પ્રતિષ્ઠાએ વિજ્ઞાનમાં પણ ગતિ કરી છે. રહસ્યમય જગત, રહસ્યમય અવકાશ, રહસ્યમય શરીર અને મન : બધાંની ખોજ કરવાની છે. ભલે લોકવાર્તાઓમાં ખોલવાની મનાઈ ફરમાયેલો એ સાતમો ઓરડો હોય, ભલે તેમાં જોખમ હોય. કોપરનિકસનું નામ જાણીતું છે. પણ સર્જન અને શરીરરચનાશાસ્ત્રી વેસિલિયસને કેટલા જાણે છે?

પદુઆ યુનિવર્સિટી તો વેસિલિયસનાં સંશોધન અને વ્યાખ્યાનોથી જ જાણીતી હતી. ઉત્તર યુરોપના ખૂણે ખૂણેથી લોકો વેસિલિયસને ઓપરેશન કરતો જોવા અને તેનાં વ્યાખ્યાનો સાંભળવા આવતા. 'માનવ દેહનો વણાટ' પુસ્તક તેણે સ્મશાનમાંથી, જેલોમાંથી શબો લાવીને વાઢકાપ કરીને, લખ્યું હતું. હૃદયમાં હાડકાં નથી, ગોલ્ડબ્લેડર જઠરમાં પ્રવેશતી નથી—આવાં આધારભૂત પ્રતિપાદનોથી જૂના અહંમન્ય પંડિતો અકળાયા હતા; પણ વેસિલિયસ તો બધું પ્રત્યક્ષ બતાવતો હતો. અવલોકનો જ, અનુમાન કે ધર્મશાસ્ત્રનાં નિરાધાર વચનો નહિ, તે તેનાં ધ્રુવપદ હતાં.

અહીં જ આપણે ટોમસ મોરના 'યુટોપિયા'–'આદર્શ સમાજ'ને યાદ કરી લેવું જોઈએ. મોર માનવતાવાદી, રાજનીતિજ્ઞ, છતાં ધર્મનિષ્ઠ રાજપુરુષ હતો. તેને રોમન કેથોલિક ધર્મને સુધારવો હતો; તેનાથી છૂટું પડવું નહોતું. આ માન્યતાને કારણે તે પોપની આણ ફગાવી દેનાર ઇંગ્લાંડના આપખુદ રાજા હેનરી આઠમાની 'હા એ હા' ન ભણી શક્યો; અને શહીદ થવાનું સ્વીકાર્યું. પણ તેનેય આ ચાલુ રોમન કેથોલિક ધર્મ ગમ્યો નથી. તેનું શાસન, તેના અંધ આગ્રહો, તેનો વિલાસ–વૈભવ તેને મંજૂર નથી. તે લ્યુથર કે કેલ્વિન નથી. તેને તો બાઈબલમાં ઝાંખી થતા સાદા મહેનતુ અને સમાનતાવાળા સમાજમાં જવું છે. 'યુટોપિયા' આવા સમાજનું મનોહર ચિત્રણ છે. 'યુટોપિયા'ના બેટમાં સોનું–રૂપું વપરાતું જ નથી વા વપરાય છે તો શૌચાલયનાં સાધનો પૂરતું! બધા નાગરિકો વારાફરતી બધાં કામો કરે છે. શહેરવાળા ખેતરમાં જાય, ખેતરવાળા શહેરમાં આવે. નાસ્તિકો સિવાય સહુને પોતાના અભિપ્રાયો

ધરાવવાનું સ્વાતંત્ર્ય છે. સહુ રાજવહીવટમાં ભાગ લે છે, સહુ પરિશ્રમ કરે છે. ઝગડા અંદર અંદર પતાવે છે. વિષાદ વિનાનો પ્રસન્નતાવાળો એ સમાજ છે. આવો સમાજ થયો નથી, થવાનો પણ ન હતો. પણ ચાલુ ખ્રિસ્તી ધર્મ સામેના અસંતોષને વાણી આપવાનો 'યુટોપિયા' એક મહત્ત્વનો પ્રયાસ છે. ત્યારે જ નહિ, કાયમ માટે, હર અસંતુષ્ટ સમય માટે મોરના 'યુટોપિયા'નું અચળ સ્થાન છે—ધ્રુવના તારા જેવું. તેમાં અપૂર્વ સાહસ અને અપૂર્વ કુતૂહલ છે. ભલે ત્યાં ન પહોંચાયું હોય.

સાહિત્યના ક્ષેત્રે સૌનો શિરોમણિ છે ઈરેસમસ. પણ રેનેસાંના હ્યુમેનિઝમના આ સર્વમાન્ય પ્રતિનિધિને મળીએ, તે પહેલાં એ પ્રશ્નને આપણે સમજી લઈએ કે 'રેનેસાં'માંથી 'રેફરમેશન'—'પુનર્જાગરણ'માંથી 'ધર્મસુધારણા'—ની હાકલ કેમ આવી પડી?

પહેલું કારણ તો એ લાગે છે કે ધર્મે એ સમયે જીવનનાં બધાં ક્ષેત્રો પર પ્રભાવ પાડયો હતો. રાજ્યસત્તા છિન્નવિચ્છિન્ન હતી. તેના પર હુમલો કરવો તે ગૌણ બાબત હતી. ધર્મ જ મુખ્ય હતો. ધર્મનો આ પ્રભાવ, ધર્મવિષયક પ્રશ્નો જ ન પૂછી શકાય તેવાં પ્રતિપાદનો પર ટકેલો હતો. ધર્મગ્રંથોમાં પણ ભૂલ હોઈ શકે છે એવું જ્યાં સુધી ઠસાવી ન શકાય ત્યાં સુધી કોઈ કાર્યક્રમ આગળ ચાલી શકે તેવું જ નહોતું. ધર્મે વહેમ, ભય, ગ્રંથપ્રામાણ્ય, ઐહિક જીવન વિષેનો અપ્રાકૃતિક વિરોધ લોકસમૂહમાં ઠસાવ્યો હતો. આથી અનેક બાબતો વિષે, મૂળ ધર્મગ્રંથોના જ આધારે, લોકજીવનનાં મૂળિયાં સુધી વ્યાપેલ ધર્મસત્તાને હલાવી નાંખવા ઝઘડવાનું હતું.

* જે ધર્મસત્તા પાસે યુરોપના ત્રીજા ભાગની કરમુક્ત જમીન હતી, જે ધર્મસત્તાને લીધે ઝૂંપડાંમાં કે મહેલોમાં વસતા બધા ખ્રિસ્તીઓ ધર્મવેરો ભરતા હતા; અને જેમાં પાદરીઓ–દેવળો મંત્ર–દોરાધાગા–જાત્રા–પ્રાયશ્ચિત્તો દ્વારા ભૂત–પિશાચ–ડાકણ–રોગ–વળગાડમાંથી તેમને મુક્ત કરવાનું કરતા હતા, તેવી ધર્મ-સત્તાના પ્રબળ પાયા જે યુગે હલાવી નાખ્યા તે યુગ 'ધર્મસુધારણા'નો યુગ.

તેના બે જ્યોતિર્ધરો—ઈરેસમસ અને લ્યુથર.

ઈરેસમસે 'નવો કરાર' તથા સંત–વચનોને મૂળ ગ્રીક ભાષામાં અને તેની સામે જ લૅટિન ભાષામાં છાપીને, દર્શાવ્યું કે પ્રચલિત ખ્રિસ્તી ધર્મ ઈશુ ખ્રિસ્ત કે બાઈબલ વિષે જે કહેતો હતો તેમાં પારાવાર ભૂલો હતી. ઈરેસમસને પોપ કે તેની સત્તાની સામે નવી સત્તા કે નવો ધર્મ ઊભો કરવો ન હતો; તેની ઈચ્છા તો બાઈબલમાં ખ્રિસ્તના જીવનમાં જે સાચેસાચ હતું તે બધા જાણે, ચર્ચે અને તે પ્રમાણે આચરે તેવી હતી.

તેણે જ આ મનીષા બહુ કોમળ ઋજુભાવે પ્રગટ કરી છે: "હું ઈચ્છું છું કે બધી સ્ત્રીઓ ઈશુનો ઉપદેશ અને સંત પોલની શિખામણ વાંચતી થાય. બધાં વચનોનો બધી ભાષામાં અનુવાદ થાય—તુર્કો માટે પણ." આમ, ઈરેસમસ રાષ્ટ્રના સીમાડામાં સમાતો નથી. બધા ખેડુ હળ હાંકતાં હાંકતાં આનું ગાન કરે, શાળવી શાળ ચલાવતાં ચલાવતાં આને રટે, અને પ્રવાસી પ્રવાસનો થાક આની સહાયથી ઉતારે.

ઈરેસમસની શોધ પ્રમાણે શું હતો આ બાઈબલનો અર્ક? તે જમાનાના અસાધારણ ચિત્રકાર આલ્બર્ટ ડયુરરે ઈરેસમસના એક તામ્રચિત્ર પર તે લાગણી સચોટ લાઘવથી કોતરી છે—

Truely the Yoke of Christ
would be sweet.
And his burden light,
If petty Human institutions added
nothing to what he himself imparted
He commandeth us nothing
Save love for one another,

સાચા ખ્રિસ્તી થવા માટે એક–બીજાંને ચાહવા સિવાય કોઈ અન્ય સાધનની જરૂર જ નથી. પણ લોકોની સામે જે ખ્રિસ્તી ધર્મ હતો તે ખરેખર કેવો હતો એ કાળે ? જિસસ સિવાયનું બધું જ તેમાં હતું. જિસસે કહ્યું હતું : 'નમ્રતા, ગરીબાઈ, ક્ષમા, તપ, પ્રેમ, સહનશીલતા તમને સ્વર્ગમાં મારા રાજ્યમાં પ્રવેશ આપશે.' પણ અહીં હતાં ધનના ડુંગર, વિલાસનો છડેચોક નાટારંભ, દંભ અને અભિમાન. પોપને પોતાનું લશ્કર હતું અને લડાઈઓ પોપ પોતે પણ કરતા. પોપના વેટિકન મઠો, મંદિરો કે ઉત્સવોમાંથી ઈશુને હાંકી કાઢવામાં આવ્યો હતો. પરલોકમાં નરકનો ભય—જીવતાં આગમાં શેકાવાનો કે તેલમાં જીવતાં તળાવાનો ભય !—ધાર્મિકતાનો આ આધાર હતો.

થોડા સારા સાધુઓ પ્રશંસનીય પ્રયાસો નહોતા કરતા તેમ નહીં. સંત ફ્રાંસિસ, સંત બેનેડિક્ટ જેવા હતા; પણ તેઓ બહુ જૂજ હતા. મોટા ભાગના ભય-લાલચ-અજ્ઞાન-વહેમને કારણે જ ખ્રિસ્તી હતા.

વિટેનબર્ગના, જ્યાંની યુનિવર્સિટીમાં લ્યુથર હતો ત્યાંના, ઠાકોરે સંતોના અવશેષોનું એક મ્યુઝિયમ કર્યું હતું. આમાં ૧૭૦૦૦ નમૂના હતા. તેમાં જે ગમાણમાં જિસસનો જન્મ થયો હતો તેનાં ઘાસનાં તરણાં, તેની મા મેરીના દૂધનાં ટીપાં, રાજા હેરોડે કતલ કરેલ બાળકોનાં ૨૦૪ હાડકાં હતાં ! આ પ્રદર્શન બતાવવામાંય ઠાકોર ધન કમાતો હતો ! લોકોની હારમાળા આ જોવા ચાલુ રહેતી, કારણ કે તે જોવાથી પાપ ધોવાતાં હતાં !

ઈરેસમસ તો સૌમ્ય હતો; પણ બધા સુધારકો તેવા ન હતા. એક જણે તો ઝીણવટભર્યા સંશોધનથી તે વખતના બૌદ્ધિકોના જગતમાં ધડાકો કર્યો કે ૪થી સદીમાં કોન્સ્ટેન્ટાઈને ખ્રિસ્તી ધર્મને રાજ્યધર્મ તરીકે સ્વીકારવાનું દાનપત્ર કર્યું તે નરી બનાવટ જ હતી. તેમાં વપરાયેલાં વાક્યો—શબ્દો આઠમી સદી પહેલાં સંભવિત જ નથી.

ઉપરાંત 'સો ફરિયાદો'માં જે આંકડા બહાર પાડ્યા તે ચોંકાવનારા હતા : જર્મનીની અર્ધી સંપત્તિ પોપની હતી; ફ્રાંસની તો પોણી સંપત્તિ આ ખ્રિસ્તી ધર્મની સંસ્થાઓની હતી; અને ઈટાલીમાં પોપના કબજામાં ત્રીજા ભાગની જમીનો હતી. આ જમીનો કોઈએ મરતી વખતે આપી હતી, કોઈકે પાપ ધોવા જીવતાં જ આપી હતી, તો કેઈકે મોર્ટગેજ તરીકે આપી હતી. વળી, પોપ તેના અસંખ્ય વહીવટદારોની મહત્ત્વની જગ્યાઓ **હરાજીથી** ભરતા. ઘણાંને આ માટે તે વખતની પ્રસિદ્ધ શરાફી પેઢી ફગર પાસેથી નાણું લેવું પડતું. એક એક જગ્યાના આજને હિસાબે હજારો ડોલર દેવા પડતા ! જાણકારો કહેતા કે રોમમાં બધું વેચાતું મળી શકે તેવો ભ્રષ્ટાચાર છડેચોક ચાલે છે.

આવા બધા ભ્રષ્ટાચારને ભુલાવે તેવો ભ્રષ્ટાચાર હતો–છડેચોક **રખાતો** રાખવાનો. રોમન કેથોલિક ધર્મમાં સાધુ-પાદરીઓ માટે બ્રહ્મચર્ય એક મહત્ત્વનું વ્રત હતું. થોડાક સ્વેચ્છાએ સાધુ થયેલા માટે પણ આ અસિધારા-વ્રત કઠણ હતું; તો પછી જે અસંખ્ય સાધુ-સાધ્વીઓ-પાદરીઓ આ વિશાળ વહીવટમાં જોડાયેલાં હતાં, તેમને માટે તો આ શક્ય જ નહોતું.

પોપે જ નીમેલા- તમામ કમિશને એકથી વધારે વાર· નોંધ્યું છે કે પાદરીઓ ખાઉકડ, આળસુ, વ્યભિચારી, વિલાસી થઈ ગયા છે. તેઓ નથી રાખતા નરકનો ડર, નથી તેમને ભગવાનનો ડર. મઠો પ્રાર્થના યા તપને બદલે વાસનાતૃપ્તિનાં મથકો બન્યાં છે. જે સ્ત્રીઓ પોતાનાં પાપ કબૂલ કરવા આવે છે, તેમને 'પાપમુક્તિ' આપીને, પાદરીઓ જ તેમની જોડે વ્યભિચાર કરે છે. જર્મનીમાં મોટા ભાગના પાદરીઓને **રખાતો** હતી અને રોમમાં ૬૦૦૦ વેશ્યાઓ હતી !

આવું હોય પછી અન્ય ગંદવાડની નવાઈ શાની ? કેટલાયે પોપને ગેરકાયદેસરનાં સંતાનો હતાં; અને આવાં સંતાનોનાં સુખસગવડ માટે પોપ જમીનજાગીરો કાઢી આપતા. હકીકતમાં, ૧૦૫૪માં જ્યારે રોમન કેથોલિક ધર્મના પૂર્વ અને પશ્ચિમ એમ ભાગલા પડયા ત્યારે જ પૂર્વ રશિયન અને ગ્રીક પાદરીઓને પરણવાની છૂટ અપાઈ હતી. પણ રોમના પોપને તે સ્વીકાર્ય નહોતું. પાદરીઓની વિનંતી છતાં તે થયું નહીં, અને તેનો બદલો કુદરત લેતી રહી.

લ્યુથરે જે બળવો કર્યો અને નવો પ્રોટેસ્ટંટ ધર્મ સ્થાપ્યો તેના મુદ્દાઓમાં પાદરીઓ અને સાધુઓને પરણવાની છૂટ આપવાનો પણ એક મુદ્દો હતો. રેફરમેશન પછી સાધુઓએ પરણવા માંડયું ત્યારે લ્યુથરે મજાકમાં કહેલું: "આ લોકો મને કોઈ સાધ્વી આપે તો સારું."

લ્યુથરે જે મુદ્દાને પોપ વિરુદ્ધના પોતાના બળવાનો મુખ્ય મુદ્દો બનાવ્યો તે 'માફીપત્ર'નો હતો. રોમન કેથોલિક ધર્મમાં ઘણા વખતથી પૈસા લઈને પાપમાંથી મુક્તિ આપવાનો રિવાજ થોડે ઘણે અંશે હતો જ—જેમ ઘણી પછાત જાતિઓમાં ખૂનનો બદલો લોહીથી નહીં, પંચ કહે તે દંડથી પતાવવાનો રિવાજ છે. આ 'બ્લડ મની' કહેવાય છે. પોપ રોમમાં પીટરનું દેવળ બંધાવતા હતા, તેને માટે ઘણાં નાણાંની જરૂર હતી. ઉપરાંત, જે વડા વહીવટદારોએ હોદ્દા માટે ફગર પેઢી પાસેથી નાણાં લીધાં હતાં તેને પણ નાણાંની જરૂર હતી. પોપે તેના વહીવટદારોને માફીપત્રના વેચાણમાં હિસ્સો આપવાનું સ્વીકાર્યું; ચોરી-છેતરપીંડી, વિશ્વાસઘાત, અસત્યાચાર – બધાંની માફી માટે નક્કી થયેલી રકમો હતી. ગુનેગારો-પાપીઓ તે તે રકમ ચૂકવીને 'માફીપત્રો' ખરીદતા. આ માફીપત્રો મરનારની કબરમાં મૂકવાના. એ પરલોકમાં જાય ત્યાં આ માફીપત્રના જોરે તેને સજા ન થાય તેવી પોપે 'ભગવાનના પ્રતિનિધિ' તરીકે બાંહેધરી આપી હતી!

ઈરેસમસ અને બીજા ઘણાએ આનો વિરોધ કરેલો, પણ તેની સામે બંડ તો લ્યુથરે જ કર્યું. એણે આ 'માફીપત્રો' ઊલટાં પાપ વધારે છે તેવું લખ્યું. કારણ કે 'માફીપત્ર' લેનારાને તેનાથી આડકતરી ખાત્રી મળતી હતી કે તે ફરીથી ખૂન–લૂંટ-વ્યભિચાર કરશે તો પણ સજામાંથી બચવા માટે અમુક નાણાં આપી દેતાં સ્વર્ગનો દરવાજો ઉઘાડો હતો. આમ, ધનિકો અને અસામાજિકોને પાપ કરવાનો પરવાનો મળી જતો હતો. અલબત્ત, પાપી જો પ્રાયશ્ચિત્ત કરે તો ભગવાન માફી આપે, તેવી બાંહેધરી સામે લ્યુથરને વાંધો ન હતો, તે તો સમજાય તેવું હતું; પણ પૈસા અને પાપ-મુક્તિ-પત્ર વચ્ચે કશો સંબંધ નહોતો. તેણે ૯૪ વાંધા લખીને પોતાના શહેર વિટનબર્ગના દેવળના દરવાજા પર જડયા, અને બધા પોપ–સાગરિતોને વિવાદ કરવા પડકાર ફેંકયો. એટલું જ નહીં, એ વાંધા છપાવીને તેણે હજારોની સંખ્યામાં વહેંચ્યા. ઈરેસમસે પણ તેને આમાં ટેકો આપ્યો.

ઈરેસમસ, લ્યુથર, કાલ્વિન – બધા સુધારકો અને બળવાખોરોએ ગેટનબર્ગનો આભાર માનવો જોઈએ કે એણે આ પહેલાં જ (૧૪૭૦માં) મુદ્રણયંત્રની શોધ કરી હતી. ઠેર ઠેર છાપખાનાં ઊભાં થયાં હતાં. વિકાસમાં વિજ્ઞાન કેવી રીતે મદદગાર થાય છે તેનો આ નમૂનો છે. કહે છે કે ઈરેસમસના બાઈબલની ચાલીશ આવૃત્તિમાં એક લાખ નકલો વેચાઈ હતી. તેના આહ્‌લાદક પુસ્તક "મૂર્ખતાની તરફેણમાં"ની ૩૦ આવૃત્તિઓ થઈ હતી. લ્યુથરના આ પડકારને પણ મુદ્રણવિદ્યાએ મદદ કરી. જર્મનીનાં શહેરો–ગામો–શાળાઓમાં લ્યુથર–લ્યુથર થઈ ગયું.

લ્યુથરે 'માફીપત્ર'ના મુદ્દા પર આંગળી મૂકી હતી. પણ તેનો મુખ્ય મુદ્દો તો એ હતો કે 'ઈશુના ઉપદેશનો અધિકૃત અર્થ કરવાનો પોપને અધિકાર નથી.' ઈશુનો ઉપદેશ તો હવે પ્રગટ હતો જ. તેણે પોતે જ ઈરેસમસના આધારે જર્મન ભાષામાં બાઈબલનો અનુવાદ કરીને ઠેકઠેકાણે પહોંચાડયો હતો. એટલે તેની લડાઈ જુદા જ મુદ્દા પર હતી. એ મુદ્દો હતો ઈશુના ઉપદેશનો વ્યાખ્યાતા કોણ?

પોપ? તેની ક્યુરીઆ—કાયદાકાનૂન સમિતિ? 'હોલી રોમન એમ્પાયરનો' શહેનશાહ? તેની સલાહકાર સમિતિ ડાયેટ? કોણ તેનો આખરી વ્યાખ્યાતા?

લ્યુથરને જ્યારે વર્મ્સમાં રાજા ચાર્લ્સે પોતાની ડાયેટ પાસે બોલાવ્યો અને તેનાં સંખ્યાબંધ પુસ્તકો-પત્રિકાઓ બતાવી પૂછ્યું કે "તમે આ બધું પાછું ખેંચી લેવા તૈયાર છો?" એ સમયે, લ્યુથરે સળગતી ચિતામાં પોતાને હોમાતો કલ્પ્યો—સો વર્ષ પર આવી જ સમિતિએ આવા જ વિચારો માટે ઝેક સાધુ હેસને બાળી નાંખ્યો હતો. છતાં તેણે અસાધારણ શાંતિ અને દૃઢતાથી કહ્યું: "પોપ કે આ કાઉન્સિલનો અધિકાર આ બાબતમાં હું સ્વીકારતો નથી. કારણ કે તેમણે અસંગત ઉચ્ચારણો ઘણી વાર કર્યાં છે. મારી વાત ખોટી છે તેવું કાં તો મૂળ શાસ્ત્રોપદેશમાંથી સાબિત કરો, અથવા બુદ્ધિથી મારે ગળે ઉતારાવો; એ સિવાય મેં કહેલું કે લખેલું પાછું ખેંચવા હું તૈયાર નથી. મારો અંતરાત્મા તો ઈશ્વરના આદેશને અધીન છે. અંતરના આ અવાજની વિરુદ્ધ કરવું નથી યોગ્ય, નથી સલામત. ભગવાન મને સહાય કરો."

*ઈ. સ. ૧૫૨૨ની ૧૮મી એપ્રિલ ઐતિહાસિક હતી. અપૂર્ણ લ્યુથરે એક સંપૂર્ણ સત્યનું ઉચ્ચારણ કર્યું કે "**ધર્મ આખરના સ્વરૂપે અંતરાત્માનો સવાલ છે, તેની જોડે દલીલ થઈ શકે, પણ તેને દબાવી ન શકાય.**" આ તારીખ પછીની દુનિયા તે **નવી દુનિયા** છે. જેને આપણે અંતરાત્માનું સ્વાતંત્ર્ય કહીએ છીએ તેનો તે દહાડે વાણી અને કાર્યરૂપે અવતાર થયો. શાસ્ત્રો ખરાં, પોપ ખરા, કાર્ડિનલો ખરા, ક્રિયાકાંડો ખરાં; પણ તે બધાં ઈશુના મૂળ ઉપદેશની ઉપરવટ ન જઈ શકે અને તે ઉપદેશનો અર્થ તો તેના અનુયાયીએ જ છેવટે કરવાનો, પાદરી કે પોપે નહીં. આને જ લ્યુથરે 'પ્રિસ્ટહૂડ ઓફ બિલીવર્સ'—'બાઈબલમાં માનનારા સૌ કોઈ પોતપોતાના પાદરી હતા'—તે સૂત્ર રૂપે કહ્યું.

મૂળે આ ગ્રીક ચિંતન હતું. સોક્રેટિસે આ માટે ઝેર પીધું હતું. આનાગોરસે આ માટે જ દેશવટો લીધો હતો.

કોઈપણ માણસ અપૂર્ણ હોય તેમ લ્યુથર પણ અપૂર્ણ હતો જ. નવા ઈતિહાસના ચાકડે ચડતાં તે છેવટે બોદો નીકળ્યો. 'બધા પોતાના પાદરી થાય'—તેવું સૂત્ર બોલી તેણે જર્મન ઠાકોરોને પોપના પંજામાંથી નીકળી જવા હાકલ કરી, પોપની દેવળો વગેરે જે જે મિલ્કતો ઠાકોરની હદમાં હતી તે લઈ લેવાનું કહી દીધું. રોમનો પોપ શેતાન હતો, એન્ટીક્રાઈસ્ટ હતો. "તેને માટે ધન જર્મન સરહદોની બહાર ન જવા દો, નવા પાદરીઓ તમે જ નીમો, તમારી હદમાં તમે જ રાજા અને તમે જ ધર્મના વડા", એમ તેણે જણાવ્યું.

ઠાકોરોને તો બગાસું ખાતાં મોંમાં સાકર આવી. પણ જ્યારે, આ જ સિદ્ધાંત પ્રમાણે, એ જ જમીનદારો કે ઠાકોરોના ખેડૂતોએ પોતે ખેડ નીચેની જમીન પર અધિકારો માગ્યા, ખ્રિસ્તના દાવે કાંઈક સમાનતા માગી, કરવેરા ઘટાડવા કહ્યું અને ઠાકોરોએ ન માન્યું ત્યારે તેમણે બંડ કરી ઠાકોરોના નિવાસો વાડી—વજીફા લઈ લીધા, ત્યારે લ્યુથરે આ ખેડૂતોને ટેકો ન આપ્યો. ઊલટાનું તેણે કહ્યું કે ખ્રિસ્તીધર્મ પ્રમાણે તેમને વ્યક્તિગત જીવનમાં ધાર્મિક માન્યતાઓનું સ્વાતંત્ર્ય છે; પણ બીજી કોઈ સામાજિક-રાજકીય બાબતોમાં નથી; તેમણે ઠાકોર કહે તેમ જ કરવાનું છે... ખેડૂતો ઘડીભર દિગ્મૂઢ થઈ ગયા: શું ખ્રિસ્તે બધાને સમાન સંતાનો નહોતાં ગણ્યાં? ખ્રિસ્તે સોયના નાકામાંથી ઊંટ પસાર થાય તો થાય પણ શ્રીમંતો તો ભગવાનના દરબારમાં દાખલ નહીં જ થઈ શકે તેમ નહોતું કહ્યું? ઈશુએ જ પોતાના પાડોશીઓને ચાહવા, તેમને પોતાનું છેલ્લું પહેરણ આપી દેવા, તેમની જોડે વહેંચીને ખાવા નહોતું કહ્યું? ઈશુના ઉપદેશનો અર્થ કરવાનો, લ્યુથરના કહેવા પ્રમાણે, શું તેમને અધિકાર નહોતો? તેઓ થોડું સમાધાન કરવા પણ તૈયાર હતા, પણ અર્ધહાળી—અર્ધગુલામની જેમ નીચી મૂંડીએ, વગર બોલ્યે, પહેલાંની જેમ જીવવા હવે તૈયાર નહોતા. તેમ કરવામાં બાઈબલ તેમને ટેકો આપતું હતું. તેમણે બંડ ચાલું રાખ્યું; કહ્યું: "લ્યુથર લ્યુથરનું જાણે."

આથી લ્યુથરે જમીનદારો અને ઠાકોરોને જાહેરનામા દ્વારા કહી દીધું : "આ લૂંટારા, હુલ્લડખોર ખેડૂતોને કાપો, મારો, નિર્દય રીતે કચડી નાંખો, તેઓ ખ્રિસ્તી વિરોધી છે. શેતાનના પ્રેર્યા છે."

ઠાકોરોને આટલું જ જોઈતું હતું. તેઓ વિદ્રોહી ખેડૂતો પર તૂટી પડયા. હજારો અંદાજે લાખથી યે વધારે ખેડૂતો રહેંસાઈ ગયા ! બળવાને આગ અને તલવારની મદદથી ભૂંસી નાખ્યો. લ્યુથરે 'રેનેસાં'ની આંગળી પકડી પોપની સત્તાને દૂર કરી હતી; પણ તે અહીં ઈશુનું સ્વર્ગ અવતારવા માટેનું 'યુટોપિયા' લાવવા નહીં. લ્યુથર રેનેસાંનો અર્થ સમજ્યો જ ન હતો. એટલે કામ પત્યે રેનેસાંની આંગળી તેણે છોડી દીધી. **એક નવા લેબાસમાં, રાજ્યના ટેકે જીવે તેવી પરાવલંબી નવી ધર્મસત્તાને તેણે ટેકો આપ્યો.** ઈરેસમસે માથું ધુણાવીને કહ્યું : "આ માટે મારા જેવાએ જૂની ધર્મસત્તાનો વિરોધ નહોતો કર્યો. રાહ જોઈ શકીશ, પણ એક ધર્મસત્તાને બદલે એવી જ પ્રબળ બીજી દુર્દાન્ત ધર્મસત્તાને બેસાડવાથી શું ?" તેનાં છેલ્લાં વર્ષો પ્રોટેસ્ટંટ અને રોમન કેથોલિકોની લડાઈ — બંને તરફથી આચરાતી અસહિષ્ણુતા, બંને વડે સળગાવાતી ચિતાઓ – જોતાં, ખેદમાં વીત્યાં. તેને પોપે કાર્ડિનલ થવાનું આમંત્રણ આપ્યું, વિનયથી તેણે તેનો અસ્વીકાર કર્યો. લ્યુથરે તેને પોતાને ટેકો આપવા માગણી કરી, પણ તેણે ના પાડી. તે ન રહ્યો પોપનો કે ન રહ્યો ઉત્સાહી, ઉદ્ધત લ્યુથરનો. પોતાના સમયથી આગળનું જોનારા સૌ કોઈનું થાય છે તેમ તે એકાકી રહ્યો, પણ તેનું કામ ચાલ્યું. રેનેસાંએ જે મુક્ત મનની, માનવ ગૌરવની ખોજનો માર્ગ ખોલ્યો હતો, તે ચાલુ જ રહ્યો. વિજ્ઞાન-રાજકારણ-સાહિત્ય-તત્ત્વજ્ઞાન બધાં ક્ષેત્રે તે માર્ગ તો આગળ ને આગળ ચાલ્યો.

* હરેક શુદ્ધ વિચાર **અપૌરુષેય** હોય છે. મનુષ્ય મારફત તે આવે છે, પણ મનુષ્ય નાશ પામતાં તે નાશ પામતો નથી કે પુરુષ બદલાતાં તે બદલાતો નથી. હરેક સામાજિક વિચારના કેન્દ્રમાં માણસ હોય છે, તેને કુંઠિત કે દૃષ્ટિહીન બનાવવાથી તેનું હિત સધાતું નથી. તેવી જ રીતે હકીકતોનો ઉકેલ હકીકતોને સમજી, તેના ગુણધર્મો જાણીને જ થઈ શકે છે. આ **શુદ્ધ વિચાર** છે.

રેનેસાંની આ બાબતોનો જરૂરી લાભ રેફરમેશને લીધો. પોપને કાઢયા પછી લ્યુથરે બુદ્ધિને કુંઠિત કરવા કોશિશ કરી; પોપને જાલિમ કહેનાર કેલ્વિને નિર્દોષ સર્વેટસનો, માત્ર થોડા વિચારભેદને કારણે જ, વધ કરાવ્યો; પોપના શાસન જેવું જ **સ્વકેન્દ્રી શાસન** ચલાવ્યું, પણ તે ચાલ્યું નહીં. કોપરનિકસે (ઈ. સ. ૧૫૪૩) બાઈબલે ગમે તે કહ્યું હોય પણ આકાશી પદાર્થો ફરે છે, પૃથ્વીની આજુબાજુ બધું ફરતું નથી, તેવું શોધ્યું જ; ગેલિલીઓએ (ઈ. સ. ૧૬૩૮) તેની જ પૂર્તિરૂપે પૃથ્વી તેની ધરી પર અને સૂર્યની આજુબાજુ ફરે છે તેવું, બીતાં બીતાં, અચકાતાં અચકાતાં, પણ કહ્યું. હાર્વેએ લોહીના ભ્રમણનો સિદ્ધાંત સ્થાપિત કર્યો (ઈ. સ. ૧૬૨૮); અને કોલંબસ, વાસ્કો–ડી–ગામાના વારસોએ નવી નવીન ધરતી શોધ્યા કરીને, પૃથ્વી ગોળ છે તેમ સિદ્ધ કર્યું જ. ઉપરાંત, જે વિચારે 'દરેક માણસ પોતાનો પાદરી છે,' અને 'ધાર્મિક સંપ્રદાયોમાં જોડાનારાઓ જ તેમના અધિકારીઓને ચૂંટે'—તેવો કેલ્વિન કે આના-બેપ્ટિસ્ટોનો સિદ્ધાંત ધાર્મિક ક્ષેત્રમાં જ પૂરાઈ ન રહ્યો.

***શુદ્ધ વિચાર વાયુ કરતાંયે વધુ ગતિમાન અને સર્વગામી છે,** તેને એક ઓરડામાં પૂરી રાખી શકાતો નથી. એટલે જ વિચાર પ્યુરિટનો મારફતે રાજકારણમાં પણ પેઠો, અને ધાર્મિક જ નહીં, ઐહિક વહીવટમાં પણ **લોકશાહી** માટે માંગ ઊઠી. પોપને જો પૂછી શકાય, તેની સામે થઈ શકાય, તો રાજા સામે કેમ ન થવાય ? લ્યુથરે બંડખોર ખેડૂતોને કહ્યું કે વિચારની સ્વતંત્રતા તો ફક્ત ધર્મના ક્ષેત્રે આત્મોન્નતિ માટે છે. દુનિયામાં તો અસમાનતા રહેવાની જ; ગુલામો, હાળીઓ, સર્ફો રહેવાના. આપણે સમાન છીએ તે તો ભગવાનના દરબારમાં, અહીં નહીં વગેરે... પણ તેનું ન ચાલ્યું. જર્મની રોમથી

અલગ રાષ્ટ્ર થયું જ, નેધરલૅંડે સ્પેનના જડ કેથોલિક રાજા ફિલિપના પંજામાંથી પ્રોટેસ્ટંટ વિલિયમની આગેવાની નીચે સ્વતંત્રતા મેળવીને લોકશાહી સ્થાપી.

આ છે જીવવાનો, સ્વાધીનતાનો અને સુખની શોધના અધિકારોનો હક. જ્યારે જ્યારે કોઈ પણ રાજ્યતંત્ર આ અધિકારોનો નાશ કરનાર બને ત્યારે ત્યારે લોકોને તેને બદલાવવાનો કે તેનો નાશ કરી નવું રાજ્યતંત્ર સ્થાપવાનો અધિકાર છે. આવા વિચારને આધારે પ્યુરિટન લોકોએ ક્રોમવેલની આગેવાની નીચે રાજા ચાર્લ્સનો શિરચ્છેદ કરી, બધા રાજાઓને પ્રજાધીન થવાની નોટીસ આપી. ઇંગ્લાંડમાં જ્યારે ધર્મસહિષ્ણુતા નહોતી ત્યારે દેશ છોડી દઈ, અમેરિકામાં જનારા પ્યુરિટનો નીકળ્યા; અને ત્યાં પણ આ ધાર્મિક લોકોએ રાજકીય લોકશાહી સ્થાપી અને પાયાનો સૂત્રોચ્ચાર કર્યો : 'અમે માનીએ છીએ કે માણસ કેટલાક જન્મદત્ત અધિકાર લઈને જન્મ્યો છે—આ સત્યોને અમે 'સ્વયંસિદ્ધ' (સેલ્ફ એવીડન્ટ) ગણીએ છીએ.'

ઠાકોરો અને તેમના મળતિયા જૂનો સ્વાવલંબી સમાજ ટકાવી રાખવા ગમે તેટલું મથ્યા, પણ 'ધર્મયુદ્ધો'ના સમયથી જે વ્યાપાર પ્રવેશ્યો હતો તે વધતો જ ગયો. શહેરો રચાતાં જ ગયાં; બંદરો, શરાફી પેઢીઓ વધતાં ગયાં. અને અંતે, આ વ્યાપારી વર્ગે જ ઉમરાવશાહીને લોકશાહીમાં પલટવાનાં આંદોલનો કર્યાં. તેણે જ સૂત્ર ચલાવ્યું કે 'ઇંગ્લાંડમાં તો નાનામાં નાનો આદમી મોટામાં મોટા જેટલો કીમતી અને સમાન છે.'

આ તબક્કો આવતાં ઘણો સમય ગયો; ઘણાંને સહન કરવું પડ્યું; ભૂલો પણ થઈ; વિચારના પણ અતિચારો ક્યાંક થયા; પણ માનવજાત અંધારિયા કૂવાની બહાર આવી અને ઝળહળતા પ્રકાશ નીચે પ્રકૃતિ, સમાજ અને પોતાની જ અવિદ્યાનાં બિનજરૂરી રૂંધનોને હઠાવવાનું તેણે ચાલુ રાખ્યું—પાછી કૂવામાં ન જ પુરાઈ. હજુ રેનેસાં પૂરો થયો નથી, તે ચાલુ જ છે.

---

**નકશા**

(ખંડ—૧ની પ્લેટ પછી ચાર પૃષ્ઠ)

૧. ઈસ્લામ અને ખ્રિસ્તી સામ્રાજ્ય (ક્રુઝેડને અંતે)

૨. મધ્યયુગનાં મુખ્ય વેપારી કેન્દ્રો

૩. યુરોપ : આશરે ઈ. સ. ૧૩૫૦

૪. કોલંબસ (ઈ. સ. ૧૪૯૨)—પૂર્વેની જ્ઞાત દુનિયા

(ખંડ—૨ની પ્લેટ પછી બે પૃષ્ઠ)

૧. પાંચ સંશોધકોના ભ્રમણવિસ્તારો

૨. યુરોપ : આશરે ઈ. સ. ૧૫૦૦

---

## ચિત્ર-રેખાંકન (ગ્રંથની અંદર લખાણમાં)


| વિષય | કૃતિકાર | પૃષ્ઠ |
|---|---|---|
| —૮મો હેન્રી (૧૫૦૯–૧૫૪૭) | હાન્સ હોલ્બેન | ૫૭ |
| —પાઓલો વેરોનિસ (૧૫૬૮–૧૬૨૩) | સ્વરેખાંકન | ૫૭ |
| —માર્ટિન લ્યુથર (૧૪૮૩–૧૫૪૬) | લુકાસ ગ્રેનાક | ૫૮ |
| —જોન કાલ્વિન (૧૫૦૯–૧૫૬૪) | રેને બોયવિન | ૫૮ |
| —ઈસાબેલા (૧૪૭૪–૧૫૩૯) | લિયોનાર્દો દ વિન્સી | ૫૮ |
| —તોતિંગ દરવાજા માટેનાં યંત્રો | — | ૭૦ |
| —જળચક્કીવાળી દળવાનાં દાંટી | — | ૭૦ |
| —કોપરનિકસની નક્ષત્ર પદ્ધતિ | — | ૮૨ |
| —પંદરમી સદીનું મોસેઈક ફાઉન્ટન | — | ૯૧ |
| —મહાપંડિત એબેલાર્ડ અને હેલ્પા (ઈ. સ. ૧૦૭૯–૧૧૪૨) | — | ૧૦૬ |
| —ફ્રાન્સના સંતોના મધ્યયુગી મઠની રચનાશૈલી | — | ૧૦૯ |
| —લિયોનાર્દો દ વિન્સી (૧૪૫૨–૧૫૧૯) | સ્વઅંકિત | ૧૧૦ |
| —રેબેલેઈસ (૧૪૯૪–૧૫૩૩) | — | ૧૧૦ |
| —ફિલિપ મેલાન્કથો(૧૪૯૧–૧૫૬૦) | આલ્બેકટ ડયુરર | ૧૧૦ |
| —ધર્મસુધારક સંત લોયોલા (૧૪૯૭–૧૫૬) | સાન્ચેઝ કોઓલો | ૧૧૦ |

## ઈતર ચિત્ર-રેખાંકનો

### આર્ટપ્લેટ્સ

પ્લેટ–૧ :

| | |
|---|---|
| * મેડોના આલ્બેરેટ્ટી | ગિયોવાની બેલિની |
| * મેડોના બાળક અને ફિરસ્તા સાથે | લુકાડેલ્લા રોબિયા |
| * મોના લિસા | લિયોનાર્દો દ વિન્સી |
| * સંત કેથેરિનનું રહસ્યમય લગ્ન | કોરેગિયો |
| * પોપ જુલિયસ બીજો | – |
| * કાઉન્ટ સાસેટ્ટી અને પૌત્ર | ડોમેનિકો ધિરલેન્ડિયો |
| * ૧૫મી સદીના પ્રારંભમાંનું મોસેસનું ચિત્ર | – |

પ્લેટ–૨ :

| | |
|---|---|
| * ઈશુ : ફાંસીને માંચડે | મથ્થીઆ ગ્રુનેવાલ્ડ |
| * ઈશુ : વધસ્તંભ પરથી નીચે ઉતારતાં | રોજર વાનડર વેડેન |
| * એપોલો અને ડાફને | શિલ્પ |
| * ડેવિડ (ધાતુશિલ્પ) | ડોનાટેલો |
| * મેળામાં નાણાં વટાવતા શરાફો (૧૪ સદી) | – |
| * ફ્લોરેન્સ : સંત લોરેન્ઝોનું દેવળ (અંદરનો ભાગ) | – |
| * સેઈન્ટ બેસિલનું દેવળ (મોસ્કો) | – |

**સાદી પ્લેટ**

(ચાર પૃષ્ઠ : પૃષ્ઠ ૪૮ પછી)

— લૂઈ ૧૪મો (શાણો શહેનશાહ)*

— સુધારણાયુગનું કઠોર કટાક્ષચિત્ર

— વાર્તાલાપ કરતું ફ્રેંચ દંપતી (ચિત્રકામ)

— બગીચામાં બેઠેલાં પ્રેમીઓ (૧૫માં સદીનું કોતરકામ)

— જુડાસનું ચુંબન (સ્પેનિશ કલાકાર ફ્રાન્સિસ્કો સાલઝિલો)

§§ — માર્ટિન લ્યુથરના બહિષ્કારની ધર્મગુરુ બુલની પત્રિકા (આવરણ ચિત્ર) (ઈ. સ. ૧૫૨૦)

☐ — બાઈબલનો અંગ્રેજીમાં કવરડેલકૃત સર્વપ્રથમ અનુવાદ (આવરણ ચિત્ર) (૧૫૩૫)

---

**ભૂલ-સુધાર**

* કૌંસમાંનું લખાણ 'શહીદ' રદ કરી ઉપર મુજબ વાંચવું.

§§ વાક્યરચના બદલવી (ઉપર મુજબ વાંચવું)

☐ 'બાઈબલનું' શબ્દ રદ કરવો (ઉપર મુજબ વાંચવું)

---

પૃષ્ઠ સંખ્યા : xxii + 123 + ૬ (સૂચિ) + ૨૧ (ખંડ અને આર્ટ પ્લેટો) = 172




← મેડોના આલ્બેરેટ્ટી
[ગિયોવાની બેલિની]




મેડોના બાળક અને ફિરસ્તા સાથે
[લુકા ડેલ્લા રોબિયાનું ટેરાકોટા]



મોના લીસા
[લિયોનાર્દો વિન્ચીનું વિખ્યાત ચિત્ર]



સાંત કેથેરિનનું રહસ્યમય લગ્ન
[કોરેગિયો]




← ઈશુ-ફાંસીને માંચડે
[મથ્થીઆ ગ્રુનેવાલ્ડ]



←
ઈશુ : વધસ્થંભ
પરથી
નીચે ઉતારતાં
[રોજર વાનડેર
વેડેન]



એપોલો અને ડાફ્ને
[શિલ્પ : ૧૬૨૨-૧૬૨૪]



ડેવિડ
[ડોનેટેલોનું ધાતુ-શિલ્પ]



← મેળામાં નાણાં વટાવતા શરાફો
[૧૪ મી સદી]



→
ફ્લોરેન્સ :
સાન લોરેન્ઝોનું દેવળ
અંદરનો ભાગ
[૧૪૨૧-૬૦]



સેઈન્ટ બેસિલનું દેવળ–મોસ્કો
[૧૫૫૬–૬૦]



← પોપ જુલિયસ ૨જો (ઈ. સ. ૧૫૧૨)



કાઉન્ટ સાસેટ્ટી અને પૌત્ર →
[ડોમેનિકો ઘિરલેન્ડિયો]





૧૫મી સદીના પ્રારંભમાં મોઝેસનું શિલ્પ

ખંડ-૧




# પુનર્જાગૃતિ


ખ્રિસ્તી.
ક્રિશ્ચન
ધર્માંતરની પ્રક્રિયામાં (૧૧ મી સદી)
ઈ.સ.૧૦૫૦ સુધીમાં જીતાયેલા પ્રદેશ
ઈસ્લામી
મુસ્લિમ
ધર્માંતરની પ્રક્રિયામાં (૧૧ મી સદી)
ઈ.સ.૧૦૫૦ સુધીમાં જીતાયેલા પ્રદેશ
પેરિસ
પ્રાગ
કીવ
રોમ
કોન્સ્ટેન્ટિનોપલ
બગદાદ
મદિના
મક્કા
ઈસ્લામ અને ખ્રિસ્તી
સામ્રાજ્ય
(ક્રુઝેડોના અંતે)


મધ્યયુગનાં મુખ્ય વેપારી કેન્દ્રો
ડબ્લિન
યોર્ક
બ્રિસ્ટોલ
ઉત્તર સમુદ્ર
બ્રેમન
ડાન્ઝિગ
નીઝની-નોવગોડ
સરાઈ
લીલ
કેમ્બ્રીઝ
સેંટ-માલો
પેરિસ
વીએના
લાયોન્સ
મિલાન
વેરોના
વેનિસ
બેયોન
તુલુઝ
નીમ
પેમ્પલોના
માર્સેલ્સ
પીસા
સીઆના
લિસ્બન
ટોલેડો
બાર્સિલોના
રોમ
રગુસ
એડ્રિયાનોપલ
કોન્સ્ટેન્ટિનોપલ
ટ્રેબઝોન્ડ
સેવિલ
વાલેન્શિઆ
નેપલ્સ
અમાલ્ફી
બ્રિન્ડસી
કેડિઝ
ગ્રેનાડા
આલ્મેરીઆ
પાલેર્મો
મેસીના
ઇકોનીઅમ
તાર્સસ
એડિસા
એલાપો
ટ્રીપોલી
દમાસ્કસ
બૈરૂત
ટાયર
જેરૂસલેમ
દામીએત્તા
એલેક્ઝાંડ્રિયા
કેરો
ટ્યૂનિસ
સ
મ
ધ્ય
સ મુ દ્ર



યુરોપ-આશરે ઈ.સ.૧૩૫૦
નોર્વે
સ્વીડન
સ્કોટલેન્ડ
એડિનબર્ગ
આયર્લેન્ડ
ઉત્તર સમુદ્ર
ઇંગ્લંડ
લંડન
બાલ્ટિક સમુદ્ર
મોસ્કો
રશિયા
બર્લિન
પોલેન્ડ
લિથુઆનિયા
પવિત્ર રોમન સામ્રાજ્ય
ફ્રાન્સ
પેરિસ
તાર્તર-મોંગોલો
હંગેરી
મોલ્ડેવિયા
પોર્ટુગલ
કેસલનું રાજ્ય
વેનિસ
વાલેકિયા
કાળો સમુદ્ર
સર્વિયા
બલ્ગેરિયા
કાર્ડોબા
નેપલ્સનું રાજ્ય
સેલજુક તુર્કો
મોરોક્કો
અલ્જીરિયા
ટ્યૂનિસ
ભૂમધ્ય સમુદ્ર
મામ્લૂક સુલતાનો




કોલંબસ (ઈ. સ. ૧૪૯૨) પૂર્વેની જ્ઞાત દુનિયા

# ૧ : પુનર્જાગૃતિ : ભૂમિકા

વિશ્વના ઈતિહાસમાં પુનર્જાગૃતિ (રેનેસાં) તરીકે ઓળખાતા આંદોલનનો આરંભ યુરોપના ઈટાલીમાં લગભગ ચૌદમી સદીની શરૂઆત (૧૩૦૪)માં થયો હોવાનું સામાન્ય રીતે મનાય છે. મનુષ્યને કેન્દ્રમાં રાખી, સમગ્ર જીવન પ્રત્યેના દૃષ્ટિકોણ અને અભિગમમાં પરિવર્તન આણનાર આ આંદોલન અન્ય રાજકીય, આર્થિક, સામાજિક કે ધાર્મિક ક્રાંતિ કે પરિવર્તન કરતાં ભિન્ન હતું. મનુષ્યને ચીલાચાલુ પરંપરાગત વાતાવરણમાંથી મુક્ત કરી સ્વતંત્ર રીતે વિચાર કરતો કરવાનું એણે બીડું ઝડપ્યું. આથી જ એક યુગપ્રવર્તક ઘટના તરીકે માત્ર યુરોપના જ નહિ, જગતના, મનુષ્યજાતિના ઈતિહાસમાં તેનું વિશિષ્ટ સ્થાન અને મહત્ત્વ છે.

આ વૈચારિક આંદોલનનું સૂચન કરનાર શબ્દ 'રેનેસાં' (Renaissance) ફ્રેંચ ભાષાનો શબ્દ છે, જેનો શાબ્દિક અર્થ 'પુનર્જન્મ' અથવા 'પુનર્આવિર્ભાવ' થાય છે. ૧૮૪૦થી એ શબ્દનો ઉપયોગ આ આંદોલન માટે થવો શરૂ થયો છે. આથી, પુનર્જાગૃતિના વિવિધ અર્થોમાંનો એક પ્રચલિત અર્થ 'જૂનાં ગ્રીક તથા રોમન સાહિત્ય અને કલા–સંસ્કૃતિની પુનઃપ્રતિષ્ઠા' એવો થાય છે. વિશેષ કરીને પ્રાચીન ગ્રીક અને રોમન સાહિત્ય તથા સંસ્કૃતિના અધ્યયન મારફત માનવવાદ કે માનવગૌરવની પુનઃપ્રતિષ્ઠા કરવાનો રેનેસાંનો મુખ્ય હેતુ મનાય છે.

માનવવાદ માટેનો અંગ્રેજી શબ્દ 'હ્યુમેનિઝમ' પ્રાચીન ગ્રીક અને રોમન સાહિત્ય તથા સંસ્કૃતિ માટે વપરાતા લેટિન શબ્દ 'હ્યુમેનિટાસ' (Humanitas) પરથી પ્રયોજાયો છે. આથી, મધ્યયુગમાં ગ્રીક અને રોમન સાહિત્ય તથા સંસ્કૃતિનો અભ્યાસ કરી, નવું ખેડાણ કરી, તે મારફતે નવા વિચારો ફેલાવનારા વિદ્વાનો, વિચારકો, કવિઓ, સાહિત્યકારો, કળાકારો વગેરે 'હ્યુમેનિસ્ટ' તરીકે ઓળખાય છે.

રેનેસાં – પુનર્જાગૃતિના સ્વરૂપ અને મહત્ત્વ વિષે જુદા જુદા અભિપ્રાયો પ્રચલિત છે : ૧૯મી સદીના મોટા ભાગના ઈતિહાસકારો તેને આધુનિક યુગનું ઘડતર કરનાર એક મહત્ત્વનું પરિબળ ગણે છે. સ્વિઝ ઈતિહાસકાર બુર્કહાર્ટે તેના પુસ્તક 'ધ સિવિલિઝેશન ઓફ રેનેસાં' (૧૮૬૦)માં આ મંતવ્યનું વિગતે વિવરણ કર્યું છે. તેના કથન અનુસાર રેનેસાંએ યુરોપના લોકોને, તે સમયે વ્યાપક રીતે પ્રચલિત ભ્રામક ખ્યાલો અને બાલિશ માન્યતાઓમાંથી બહાર આણીને પોતાની જાત અને સંજોગો વિષે સજાગ કર્યા; અને એ રીતે તેમને મધ્યયુગીન વાતાવરણમાંથી આધુનિકતા ભણી આગેકૂચ કરવાની મહત્ત્વની કડી પૂરી પાડી. અંધકારભર્યા મધ્યયુગમાંથી આધુનિકતાના નવા ઉઘાડનું ઉષ:કાર્ય રેનેસાંએ બજાવ્યું, એમ તેનું માનવું છે.

બીજો અભિપ્રાય રેનેસાં યુગ એટલે ૧૪થી ૧૬મી સદીના કરતાંય તેની પૂર્વેના ઉત્તર મધ્યકાલીન યુરોપની ૧૨મી અને ૧૩મી સદીને વધુ સર્જનાત્મક માને છે. એ મત અનુસાર આધુનિક યુરોપીય સંસ્કૃતિનાં બીજ આ બે સદી દરમિયાન નંખાયાં, જેમના અંકુર રેનેસાં સમય દરમિયાન ફૂટવા શરૂ થયા હતા. ખાસ કરીને, ૧૨મી સદી દરમિયાન ઈટાલી અને યુરોપના બીજા દેશોમાં ઉદ્ભવેલ રાષ્ટ્રીય રાજાશાહી (નેશનલ મોનાર્કી), નવાં નગરોનું નિર્માણ અને વેપારવાણિજ્યનાં કેન્દ્રો તરીકે તેમની સ્થાપના, વિદ્યાપીઠોની સ્થાપના, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિઓમાં થયેલ પરિવર્તન તથા સાહિત્યિક અને સાંસ્કૃતિક ખેડાણો – આ બધાં થકી નવા યુગનાં મંડાણ થયાં હતાં, જેણે રેનેસાંને યોગ્ય વાતાવરણ અને ભૂમિકા પૂરાં પાડયાં હતાં. આથીય વિશેષ તો, એવું પણ મંતવ્ય છે કે ૧૧મી અને ૧૨મી સદીના સમયગાળા દરમિયાન ખેલાયેલ

'ધર્મયુદ્ધો' (ક્રુઝેડ્સ)એ અને તે પછીની ૧૩મી તથા ૧૪મી સદીઓના 'રહસ્યવાદીઓ' (મિસ્ટિકસ)એ પુનર્જાગૃતિના ઊગમમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો.

તો વળી, સમાજ અને રાજ્યતંત્ર પર સદીઓથી જડબેસલાખ પ્રભુત્વ ધરાવનાર ખ્રિસ્તી દેવળ(ચર્ચ) અને ચર્ચ (ખ્રિસ્તી ધર્મતંત્ર)ના વડા ધર્મગુરુ પોપનું મહત્ત્વ રેનેસાંએ ઘટાડયું, એથી જુલે મિશલ જેવા કેટલાક ઈતિહાસકારો રેનેસાંને વહેમો અને અંધશ્રદ્ધામાંથી મુક્તિ અપાવનાર 'લૌકિક' (ટેમ્પોરલ) અથવા 'ઐહિક' (સેક્યુલર) આંદોલન તરીકે ઘટાવે છે. તો વળી, બીજા એક અર્થમાં તે 'ધાર્મિક આંદોલન' પણ મનાયું છે. તેના પ્રવર્તકોને ખ્રિસ્તી ધર્મના મૂળ સિદ્ધાંતોમાં, ઈશુ ખ્રિસ્તના મૂળ ઉપદેશો અને બાઈબલનાં કથનોમાં પૂરી શ્રદ્ધા હતી, જે તેમનાં સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પો, ચિત્રો વગેરેમાં વ્યક્ત થયેલી છે. પરંતુ કેટલાક પોપ અને ધર્મગુરુઓ દ્વારા ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશેલી વિકૃતિઓ સામે આ આંદોલને પડકાર ફેંક્યો, જે પાછળથી આ આંદોલન દ્વારા વેગવાન બનેલાં પરિબળોને આધારે, ધર્મસુધારણા (રેફર્મેશન)ના સ્વરૂપમાં વ્યાપક બન્યો હતો. આ આખી ભૂમિકા થોડીક વિગતે જોઈ લઈશું.

## ૧૧ થી ૧૪મી સદી – નવો ઉઘાડ

### ધર્મયુદ્ધો

ખ્રિસ્તીઓના પવિત્ર ધામ જેરુસાલેમના કબજા માટે ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે આશરે બે સદીઓ (ઈ. સ. ૧૦૯૫ થી ૧૨૯૧) સુધી ચાલેલાં ધર્મયુદ્ધો માટે નાણાં મેળવવા ગીરે મૂકેલી જમીન–જાગીરો સામંતોએ ગુમાવી, સાથોસાથ તેમણે પોતાના હકો પણ ગુમાવ્યા. આથી રાજ્ય અને સમાજ પરનું સામંતોનું પ્રભુત્વ ઓછું થતું ગયું. બીજી બાજુ, ધર્મયુદ્ધોમાં જોડાયેલ ખેતગુલામો ખેતરો પર મજૂરી કરવા પાછા ફર્યા નહિ. તેઓ નગરોમાં સ્થપાતા ઉદ્યોગોમાં જોડાવા લાગ્યા. આથી કરીને નવા પ્રકારના શહેરી અર્થતંત્રને ઉત્તેજન મળ્યું; સામંતશાહી અર્થતંત્ર વિલીન થતું ગયું. લોકો સામંતશાહી પ્રથાની નિર્બળતા પ્રત્યે સભાન બન્યા.

બીજી બાજુ, ધર્મયુદ્ધોમાં મળેલા પરાજયને કારણે પોપ તથા ખ્રિસ્તી દેવળ (ધર્મતંત્ર)ની પ્રતિષ્ઠા ઝાંખી પડી. પોતાનાં રાજ્યમાં વસતા ખ્રિસ્તીઓ પર ધાર્મિક કે અન્ય કોઈ પણ કારણસર કર નાખવાના અથવા તેમની પાસેથી રાજ્યની સંમતિ વગર નાણાં ઉઘરાવવાના પોપના હકને રાજાઓએ પડકાર ફેંક્યો; એટલું જ નહિ, તેમણે પોતાના રાજ્યમાં રહેતા અને અઢળક સંપત્તિ ધરાવતા ધર્મગુરુઓ પર, રાજ્યનાં હિત માટે, કર નાખવાનોય પોતાનો હક રજૂ કર્યો. પરસ્પર લડતા ફ્રાંસના રાજા ફિલિપ ચોથા (૧૨૮૫–૧૩૧૫)એ તથા ઈંગ્લેંડના રાજા એડવર્ડ પહેલા (૧૨૭૨–૧૩૦૭)એ ધર્મગુરુઓની મિલકત પર કર ઉઘરાવીને પોતાનો આ દાવો સ્થાપિત કર્યો. આમાંથી રાજાશાહી એટલે કે 'ઐહિક' વા 'દુન્યવી' સત્તા (ટેમ્પોરલ પાવર) અને પોપશાહી એટલે કે 'દૈવી સત્તા' (સ્પિરિચ્યુઅલ પાવર), એ બેમાં કોણ સર્વોપરી એ સંબંધીનો વિવાદ ઉગ્ર બન્યો.

આના અનુસંધાનમાં ખ્રિસ્તી ધર્મતંત્રના વડા પોપ બોનિફેસ આઠમાએ ૧૨૯૬માં એક ફતવો બહાર પાડયો. તે અનુસાર તેણે રાજવીઓને પોપની પરવાનગી વગર ધર્મગુરુઓ પાસેથી નાણાં એકત્ર કરવાની મનાઈ ફરમાવી અને એમ કરનાર રાજવીને બહિષ્કૃત કરવાની ધમકી આપી.

ફિલિપે તથા એડવર્ડે આ ફતવાને ગેરકાનૂની જાહેર કરીને પોતાના રાજ્યમાંના ધર્મગુરુઓ પાસેથી ફરજિયાત નાણાં ઉઘરાવ્યાં. પોપે ધર્મગુરુઓને રાજાઓનાં આ પગલાંને તાબે નહિ થવા આદેશ આપતાં, રાજા ફિલિપે તથા એડવર્ડે નાણાં આપવાનો ઈન્કાર કરનાર ધર્મગુરુઓને જેલમાં પૂર્યા તથા તેમને દેશનિકાલ

કરવાની ધમકી આપી. પરિણામે મોટા ભાગના ધર્મગુરુઓએ નાણાં ભરી દીધાં. વળી ફિલિપે પોપના આદેશ સામેના વળતા પગલા તરીકે ધર્મગુરુઓને કીમતી ધાતુઓ દેશ બહાર મોકલવાની મનાઈ ફરમાવી. આથી ધર્મગુરુઓના ધીકતા વેપાર ઉપર તથા પોપની કમાણી પર મોટો ફટકો પડયો.

**આ સંઘર્ષને પરિણામે બિનધાર્મિક (સેક્યુલર) બાબતોમાં રાજસત્તાનું સ્થાન સર્વોપરી ગણાયું. પોપની સત્તા ધાર્મિક ક્ષેત્ર પૂરતી મર્યાદિત મનાઈ.** આથી, સમાજમાં દુન્યવી બાબતોની પ્રતિષ્ઠા થઈ; અને રેનેસાંની સ્વતંત્ર વિચારસરણી તેમજ પ્રવૃત્તિઓને પુષ્ટિ મળી.

આમ ધર્મયુદ્ધોને પરિણામે પશ્ચિમી તથા પૂર્વીય રોમન સામ્રાજ્ય નિર્બળ બન્યાં અને પૂર્વીય દેશોમાં ઈસ્લામનો ઝડપી ફેલાવો થયો. પશ્ચિમી, મુખ્યત્વે ખ્રિસ્તી લોકો, પૂર્વીય ઈસ્લામી સંસ્કારિતાના સંપર્કમાં આવતાં તેમની સભ્યતા અને સંસ્કારિતાનાં ધોરણો સુધર્યાં. ખ્રિસ્તી લોકોમાં સાહસ અને પ્રવાસની વૃત્તિ વિકાસ પામી. પૂર્વીય દેશો સાથેના ખ્રિસ્તીઓના વેપારમાંય ભારે વધારો થયો. વેનિસ, જિનોવા, મિલાન, ફ્લોરેન્સ, પીસા, લિસ્બન, માર્સેલ વગેરે શહેરોનો મહત્ત્વનાં પશ્ચિમી વેપારી કેન્દ્રો તરીકે નોંધપાત્ર વિકાસ થયો. યુરોપને રેશમ, ખાંડ, મસાલા, મરી, સૂંઠ, તેજાના, વગેરે પ્રાપ્ત થયાં. તેને ઘણાં નવાં ઝાડ, છોડ અને પાક મળ્યાં. વળી યુરોપ મકાઈ, ડાંગર, તલ, લીંબુ, તડબૂચ, પીચ, એપ્રિકોટ, મરી, ખજૂર વગેરે પણ મેળવી શક્યું; આ ઉપરાંત તેને મલમલ, સાટીન, પાવડર, સુગંધી પદાર્થો વગેરે સૌંદર્ય પ્રસાધનો પણ મળ્યાં. પરિણામે ઈટાલી, ફ્રાંસ વગેરેમાં નવાં નગરોનો તથા મધ્યમ વર્ગનો ઝડપી વિકાસ થયો અને અર્થતંત્રને લગતી શરાફી વ્યવસ્થા, મહાજન પદ્ધતિ, હૂંડી પ્રથા તથા ચલણી નાણાંની પદ્ધતિ વધારે પ્રચલિત બની.

* આમ, ધર્મયુદ્ધોને પરિણામે એક બાજુ, રાજકીય ક્ષેત્રે સામંતશાહીનો અને ધર્મ ક્ષેત્રે ચર્ચનો પ્રભાવ ઘટયો; સાથોસાથ જબરજસ્ત આર્થિક પરિવર્તનને લીધે સામંતવાદી મધ્યયુગની સમાપ્તિ થઈ અને યુરોપમાં અર્વાચીન યુગના પ્રથમ તબક્કા રૂપે રેનેસાંનાં મંડાણ થયાં.

## આર્થિક—ઔદ્યોગિક વિકાસ

આપણે જોઈ ગયા તેમ, ધર્મયુદ્ધોને અંતે સામંતશાહી નિર્બળ બનતાં પશ્ચિમ અને પૂર્વના દેશો વચ્ચેના વેપારમાં ભારે વૃદ્ધિ થઈ. તેમાંથી 'વેપારી મહાજનો' (ગિલ્ડ્સ)નો પણ વિકાસ થયો. તેમના હસ્તક દેશવિદેશોને લગતો મોટા ભાગનો વેપાર આવતાં વેપારી વર્ગ ખૂબ સમૃદ્ધ બન્યો અને રાજ્ય તથા સમાજનાં નાણાંતંત્ર પર તેનું પ્રભુત્વ સ્થપાયું. સાથોસાથ, કારીગર વર્ગ આ નવાં વિકસતાં શહેરો તરફ વળતાં, ૧૩મી સદી દરમ્યાન કાપડ, લોખંડ, ધાતુ, સુથારીકામ, લુહારીકામ, ચર્મકામ, કુંભારકામ, શસ્ત્રસરંજામ વગેરેને લગતા ઉદ્યોગોનો સારો એવો વિકાસ થયો. તેમાંથી 'કારીગરોના સંઘો' પણ વિકાસ પામ્યા. સંઘોએ પણ અર્થકારણ, સમાજ તથા રાજ્યવ્યવસ્થાનાં આધુનિકીકરણમાં અને આર્થિક સહાય મારફત રેનેસાંના ઊગમમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

વિશેષ કરીને ઈટાલીનાં શહેરો વેનિસ, ફ્લોરેન્સ તથા જીનોવા વેપારઉદ્યોગનાં મુખ્ય કેન્દ્રો બન્યાં. આ શહેરોમાં આધુનિક ઢબની બેંકો સૌ પ્રથમ ૧૨મી–૧૩મી સદીમાં શરૂ થઈ. આ બેંકો તથા શરાફી પેઢીઓએ રાજકુટુંબોને મોટા પાયા પર ધીરધાર કરીને રેનેસાં યુગને ઉત્તેજન આપ્યું.

ઈટાલીના બાર્ડી કુટુંબની શરાફી પેઢી ખૂબ જાણીતી હતી. તેની લંડનમાં ચૌદ શાખાઓ હતી. ૧૨મી-૧૩મી સદીની આ **આર્થિક ક્રાંતિએ** વિશેષત: ઈટાલીની અને સામાન્યત: યુરોપની રાજ્ય તેમ જ સમાજ-વ્યવસ્થામાં પણ મહત્ત્વનાં પરિવર્તન કર્યાં. તેણે શાસન તથા શાસકો પર સામંતો અને ધર્મગુરુઓને સ્થાને

વેપારી તથા મૂડીદાર વર્ગનું વર્ચસ સ્થાપ્યું. વારસાગત ઉમરાવશાહી પદો રદ થયાં અને તેમને બદલે આધુનિક પદ્ધતિના 'અધિકારીવર્ગ' તેમ જ 'નોકરશાહી'ને શાસનમાં મહત્ત્વનું સ્થાન મળ્યું. સામંતશાહીને ડામવા માટે જે-તે રાજ્યનાં શહેરો તથા પ્રદેશોમાં 'સ્વાયત્ત વહીવટી એકમો' (કોમ્યુન્સ)ની રચનાને ઉત્તેજન મળ્યું. ખાસ કરીને, ઇટાલી, ફ્રાંસ, ઈંગ્લૅંડ, સ્પેન વગેરે દેશોનાં શહેરોમાં ૧૩મી સદીના અંત સુધીમાં આવાં 'કોમ્યુન' સ્થપાયાં; તેમાં મુખ્યત્વે વેપારી તેમ જ કારીગર વર્ગના પ્રતિનિધિઓને સ્થાન મળ્યું. સ્થાનિક લોકો મારફત તેમની ચૂંટણી થતી તથા અમુક મર્યાદા સાથે તેમની સમિતિ સ્વાયત્ત રીતે શહેરનો વહીવટ તેમ જ લોકહિતનાં કાર્યો કરતી. આનાથી સામંતો તથા ધર્મગુરુઓના રાજકીય તેમ જ સામાજિક હકોને મોટો ફટકો પડ્યો અને સ્વતંત્ર વિચારસરણી તથા વ્યક્તિત્વના વિકાસને અવકાશ મળતાં રેનેસાંની દઢ ભૂમિકા બંધાઈ.

વધુમાં, ૧૨મી-૧૩મી સદી દરમ્યાન યુરોપમાં વેપાર-વાણિજ્ય તથા ઉદ્યોગોના વિકાસે અને નાણાંના વ્યાપક ફેલાવાએ કારીગર વર્ગની મોટી માંગ ઊભી કરી હતી. આથી જમીનદારોથી ત્રાસેલા તથા તેમના ત્રાસમાંથી છૂટવા માગતા ખેતમજૂરો શહેરોમાં ઊભરાયા હતા. તેમને ઠીક ઠીક સગવડો આપવામાં આવી હતી. આના પ્રત્યાઘાત જમીન પર ચાલુ રહેલા ખેડૂતો તથા ખેત-મજૂરો પર પડયા અને તેમણે જમીનદારો પાસે વિશેષ હકો તેમ જ રાહતોની માગણી કરી. તેનો ઇનકાર થતાં ૧૨મી-૧૩મી સદીમાં **ખેડૂતોનાં તથા ખેત-મજૂરોનાં બંડો** થયાં. પરિણામે ખેતીની પાયમાલી અટકાવવા ઇટાલી, ફ્રાંસ, ઈંગ્લૅંડ, સ્પેન વગેરે દેશોના શાસકોએ જમીનદારોને ખેડૂતો તથા ખેત-મજૂરોને ચોક્કસ અધિકારો અને રાહતો આપવાની ફરજ પાડી. આથી જમીનદારો પર વિશેષ અંકુશ આવ્યો તથા ખેડૂતો અને ખેત-મજૂરોની સ્થિતિમાં થોડોક સુધારો થયો.

શહેરોમાં પણ આની અસર થઈ. ત્યાંનો વેપારી વર્ગ ખૂબ જ એશઆરામથી રહેતો હતો; જ્યારે કારીગર વર્ગ ગરીબીમાં સબડતો રહ્યો હતો. આથી શહેરોમાં પણ **કારીગર વર્ગનાં બંડો** થયાં. ૧૩મી સદીમાં તે વ્યાપક બનતાં કારીગરોનાં મહેનતાણાંમાં વધારો કરવામાં આવ્યો. પરિણામે, નીચલા થરના લોકોમાં એક પ્રકારની જાગૃતિ આવી, જેણે સામંતશાહીનો અંત લાવવામાં અને આધુનિકતા તથા રેનેસાંનું વાતાવરણ સર્જવામાં ગણનાપાત્ર હિસ્સો આપ્યો.

## ધાર્મિક-સાંસ્કૃતિક પાસું

એક નવું પરિબળ પણ વિકસ્યું. વેપાર–વાણિજ્યની વૃદ્ધિને લીધે ઉત્તર મધ્યકાલીન યુરોપ આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ બન્યું હતું. આથી મૂડીપતિઓનો દાનપ્રવાહ વિશેષત: ખ્રિસ્તી દેવળો અને મઠો પ્રતિ વહ્યો. પરિણામે, મઠપતિઓ ખૂબ સમૃદ્ધ બનતાં, તેમનામાં નૈતિક શિથિલતા, મોજશોખ તથા કુટેવો પ્રવેશ્યાં. તેથી પાદરીઓના વ્યક્તિગત જીવન તેમ જ મઠોના સમૂહ-જીવનને શુદ્ધ કરવા માટે ૧૨મી-૧૩મી સદીના કેટલાક ખ્રિસ્તી સંતોએ પ્રયાસો કર્યા. તેનાથી પુનર્જાગૃતિ તથા ધર્મસુધારણાની પ્રક્રિયાને નવી દિશાની પ્રેરણા મળી. આવા પ્રયાસો કરનારામાં સંત બર્નાર્ડ પ્રથમ હતા.

**સંત બર્નાર્ડ** (૧૦૯૧–૧૧૫૩) : આ સંતે શહેરથી દૂર જંગલમાં કલેરવોકસ નામના એકાંત સ્થળે જાતમહેનતથી મઠ બાંધ્યો. તેમણે અંગત સગાંવહાલાંને પણ સાથે લીધાં; સાદા, કઠોર અને પવિત્ર જીવનનો આગ્રહ રાખ્યો. તેમને ગરીબો પ્રત્યે ભારે હમદર્દી હતી. આની ખ્રિસ્તીસમાજ પર નોંધપાત્ર અસર પડી. જોકે ખ્રિસ્તી ધર્મ વિશેના સંત બર્નાર્ડના ખ્યાલો બહુધા પ્રણાલિકાગત હતા, પણ તેઓ પોપ, ધર્મ-ગુરુઓ, દેવળો વગેરેના ભભકાની અચૂક આકરી ટીકા કરતા; દેવળોનાં ભવ્ય કોતરકામ તથા શણગાર પાછળ થતા લખલૂટ ખર્ચા પ્રત્યે સખત નારાજગી વ્યક્ત કરતા. તેઓ કહેતા કે દેવળ પોતાનાં બારણાં સોનાથી મઢે છે; પણ તેના અનુયાયીઓને નિર્વસ્ત્ર રાખે છે. રાજાઓ, ધનિકો, ધર્મગુરુઓ વગેરે ઉપર ધર્મના સિદ્ધાંતો,

સચ્ચાઈ, સાદગી તથા પવિત્રતા વિશે તેમણે લખેલા પત્રોનો ખૂબ પ્રભાવ પડયો. તેમનાં રચેલાં ભજનો પણ ખૂબ ભાવવાહી છે. આ બધાંથી આકર્ષાઈને પોપે તેમને ઉચ્ચપદ આપવાની દરખાસ્ત કરી, તેનો તેમણે ઈનકાર કર્યો. પરંતુ આર્કબિશપો તથા બિશપો તેમના અનુયાયીઓ બન્યા, જેથી ખ્રિસ્તી ધર્મમાં આંતરિક સુધારણાને વેગ મળ્યો. ગરીબો, ખેડૂતો, ભરવાડોમાં સંત બર્નાર્ડના અનુયાયીઓની સંખ્યા ખૂબ વધી. એકંદરે, સંત બર્નાર્ડે સ્થાપેલા મઠોની સંખ્યા ઈ. સ. ૧૧૩૪માં ૩૦ જેટલી હતી, જે તેમના અવસાન સમયે (ઈ. સ. ૧૧૫૩) વધીને ૩૪૩ જેટલી થઈ હતી. પાછળથી ઈ. સ. ૧૩૦૦ની આસપાસ તે સંખ્યા વધીને ૬૯૩ની થઈ, જેમાં ૬૦,૦૦૦ જેટલા પાદરીઓ રહેતા હતા.

**સંત ફ્રાન્સિસ** (૧૧૮૨–૧૨૨૬) : સાદાઈ, પવિત્રતા અને સેવા મારફતે ધર્મસુધારણાને તથા રેનેસાંની પ્રક્રિયાને પ્રેરણા આપનાર ૧૨મી-૧૩મી સદીના બીજા જાણીતા સંત ફ્રાન્સિસ હતા. તેઓ આસિસીના એક ધનાઢ્ય વેપારીના પુત્ર હતા. એક લડાઈ દરમિયાન તેઓ કેદ પકડાયા અને છુટકારા બાદ પોપ ઈનોસન્ટ ત્રીજાના લશ્કરમાં સૈનિક તરીકે જોડાયા. આ દરમ્યાન તેઓ સખત બીમારીમાં પટકાયા અને મૃત્યુ સમીપ લાગતાં આસિસી પાછા ફર્યા. ત્યાં ડોમિનિકન દેવળમાં પ્રાર્થના કરતાં તેમને ઈસુ ખ્રિસ્તનો અવાજ સંભળાયો. આથી દેવળના પાદરીને પોતાની પાસેનું બધું ધન સુપ્રત કરી જનસેવા માટે ઘેર ગયા (ઈ. સ. ૧૨૦૭). ત્યાં એક રક્તપીતિયાને જોતાં જ તેમને પ્રથમ તેની પ્રત્યે ઘૃણા થઈ, પરંતુ તુરત જ તેને પૈસા આપીને ભેટયા, ત્યારથી તેમના જીવનમાં મોટું પરિવર્તન આવ્યું.

ત્યાર બાદ તેઓ પોતાનું જીવન દેવળ અને રક્તપીતિયાંની સેવામાં પસાર કરવા લાગ્યા. તેમના પિતાએ ઠપકો આપતાં ફ્રાન્સિસે ખાલી હાથે ઘર છોડયું. તેમને દીન, દુઃખિયાં અને અનાથોની સેવા કરવાનો ઈશુનો અવાજ અવારનવાર સંભળાતો હોવાનો ભાસ થતો. તેમણે સંત ડોમિનિકનું દેવળ સમરાવ્યું અને ત્યાંથી આજુબાજુનાં શહેરો તથા પ્રદેશોમાં ઉપદેશ આપવાનું શરૂ કર્યું. સાદગી, ગરીબી અને પવિત્રતાનો તેમણે ઉપદેશ આપ્યો. શરૂઆતમાં તેમના ૧૨ શિષ્યો થયા; ઈશુ ખ્રિસ્તનો સંદેશો ફેલાવવામાં તેમણે ફ્રાન્સિસને સહાય કરી. એક વખતે તેમણે પોતાના શરીર પરનો ડગલો એક ગરીબને ઓઢાડી દીધો, ત્યારે એક શિષ્યે ટકોર કરી. ફ્રાન્સિસે જવાબ આપ્યો, "માલિકે આ ડગલો આપણને ઉછીનો આપ્યો હતો, આપણા કરતાં વધારે જરૂરિયાતવાળા ગરીબને આપણે તે આપી દેવો જોઈએ." સ્વાભાવિક રીતે જ, તેમને ધર્મગુરુઓના વૈભવી અને એશઆરામી જીવન પ્રત્યે ભારે અણગમો હતો. તેમને ઈ. સ. ૧૨૧૦માં પોપ ઈનોસન્ટ ત્રીજા તરફથી મઠસમાજની સ્થાપનાની સંમતિ મળતાં તેમણે સંત બેનિડિકટની મઠપદ્ધતિને ધોરણે નાનકડા મઠની સ્થાપના કરી.

ટૂંક સમયમાં જ સંત ફ્રાન્સિસનો આ મઠ ઘણો જાણીતો થયો અને તેમના ઘણા અનુયાયીઓ બન્યા. તેમના આશ્રમજીવનથી આકર્ષાઈને ૧૮ વર્ષની કલારા નામની ધનિક યુવતી તેમની શિષ્યા બની. તેમની અનુજ્ઞાથી કલારાએ સ્વૈચ્છિક ગરીબાઈ, આજ્ઞાપાલકતા, સેવા તથા બ્રહ્મચર્યનું વ્રત લઈને સ્ત્રીઓ માટે અલગ મઠની સ્થાપના કરી (૧૨૧૨). ઉપરાંત ફ્રાન્સિસના ઉપદેશોને આધારે સંસારી લોકોનો મઠ (આશ્રમ) ઈ. સ. ૧૨૨૧માં સ્થાપવામાં આવ્યો. આ મઠ ફ્રાન્સિસના તથા કલારાના મઠને આર્થિક તેમ જ અન્ય પ્રકારની સહાય કરતો.

ધર્મયુદ્ધો દરમિયાન ફ્રાન્સિસ ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે યુરોપના દેશો ઉપરાંત સિરિયા તથા ઈજિપ્તમાં પણ ગયા હોવાનું કહેવાય છે. ત્યાંથી પાછા ફર્યા બાદ ફ્રાન્સિસે પોતાનું જીવન ચિંતન, તપ તથા પ્રાર્થનામાં વિતાવવા માંડયું. દરમ્યાન તેમના અનુયાયીઓની સંખ્યા પણ ઘણી વધી. તેઓ ઈ. સ. ૧૨૨૪–૨૫માં સખત બીમાર પડયા. ઈશુ ખ્રિસ્તના શરીરે જેવા ઘાવ કે વ્રણ થયા હતા, તેવા જ તેમના શરીર પર પણ દેખાયા.

તેમની આંખોનું તેજ હણાઈ ગયું. કલારાએ તેમની શુશ્રૂષા કરી અને તેઓ સાજા થયા. અંતિમ સમયે તેમને ઈશુ ખ્રિસ્તનો સાક્ષાત્કાર થયાનો અનુભવ થયો. ઈ. સ. ૧૨૨૬માં ૪૫ વર્ષની વયે તેમણે દેહ છોડયો.

ફ્રાન્સિસની જીવનદષ્ટિને લક્ષમાં રાખીને યુરોપના જુદા જુદા દેશોમાં ૧૨૮૦ સુધીમાં ૮૦૦૦ જેટલા મઠો સ્થપાયા હતા. અને તેમાં ૨,૦૦,૦૦૦ જેટલા સાધુઓ રહેતા હતા. ફ્રાન્સિસી સમાજે યુરોપને બર્નાડ જેવા સંત, રોજર બેકન (૧૨૧૪–૧૨૯૪) જેવા વૈજ્ઞાનિક, સ્કૉટ્સ (૧૨૬૬–૧૩૦૮) જેવા તત્ત્વજ્ઞાની તથા ગિઓટો (૧૨૭૭–૧૩૩૭) જેવા ચિત્રકાર આપ્યા; ઉપરાંત તેણે અનેક પોપ, આર્કબિશપો તથા બિશપો પણ આપ્યા.

**વિધિની વિચિત્રતા એ છે કે ફ્રાન્સિસના મૃત્યુ પછી સો વર્ષે ધર્મ-અદાલતો (કોર્ટ ઓફ ઈન્કિવઝિશન્સ)ના આદેશથી તેમના ચુસ્ત અનુયાયીઓને જીવતા બાળી મૂકવામાં આવ્યા હતા!**

**સંત ડોમિનિક** (૧૧૭૦–૧૨૨૧) : ૧૨મી-૧૩મી સદીના ત્રીજા નામાંકિત સંત ડોમિનિકનો જન્મ સ્પેનના કેસ્ટાઈલના કાલારુએગામાં થયો હતો. તેઓ વિદ્વાન અને સાચા દિલના સંત હતા. પેલેન્સિયામાં દુકાળ પડતાં તેમણે પોતાની માલમિલકત અને પુસ્તકો વેચીને ગરીબોને ભોજન પૂરું પાડયું હતું. આમ, તેમણે સ્વેચ્છાએ ગરીબાઈ સ્વીકારી હતી. તેઓ ખુલ્લા પગે દેશ-વિદેશ ફરીને ધર્મ, સાદગી અને પવિત્રતાનો ઉપદેશ આપતા. તેઓ પણ ખ્રિસ્તી ધર્મગુરુઓના વૈભવની આકરી ટીકા કરતા અને તેમને સાદું જીવન અપનાવવા અનુરોધ કરતા. તેમણે તથા તેમના અનુયાયીઓએ નાસ્તિકતા સામે ઉગ્ર પ્રચાર કર્યો. ડોમિનિકે રોમને પોતાનું વડું મથક બનાવી ખ્રિસ્તી ધર્મનો ચોમેર ફેલાવો કર્યો. પોપ હોનોરિયસ ત્રીજા (૧૨૧૬)એ ડોમિનિકના આ મઠ-સમાજને માન્યતા આપી. તેઓ ધર્મઅદાલત સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા, જો કે ત્રાસદાયક 'આદેશો'માં તેમનો હિસ્સો ન હતો. ફ્રાન્સિસના અનુયાયીઓની જેમ ડોમિનિકના અનુયાયીઓને પણ ખ્રિસ્તી દેવળ અને ધર્મમાં ઉચ્ચ સ્થાન મળ્યાં. આ ડોમિનિક સમાજે ટોમસ એકિવનાસ (૧૨૨૫–૧૨૭૪) તથા આલ્બર્ટુસ મેગ્નસ (૧૨૦૦–૧૨૮૦) જેવા વિખ્યાત વિદ્વાનો આપ્યા છે.

## રહસ્યવાદ

૧૨મી-૧૩મી સદીમાં વિકાસ પામેલ રહસ્યવાદે પણ પુનર્જાગૃતિ તથા ધર્મસુધારણાના ઉદ્ભવમાં મહત્ત્વનું પ્રદાન કર્યું. મધ્યયુગના ધાર્મિક ખ્યાલોનું આ સામાન્ય લક્ષણ હતું. આમ તો, એરિસ્ટોટલના તત્ત્વજ્ઞાનમાં તથા ઉત્તર મધ્યકાળમાં વિકસેલા 'નૂતન પ્લેટોવાદ'ના ખ્યાલમાં રહસ્યવાદનાં મૂળ રહેલાં છે. મધ્યયુગમાં પોપોનાં સ્ખલનો અને ખ્રિસ્તી દેવળની નબળાઈઓ પ્રત્યેના પ્રતિભાવોએ રહસ્યવાદને વેગ આપ્યો.

રહસ્યવાદીઓ આત્માને ઈશ્વરનો એક અંશ માને છે. ઈશ્વર પ્રત્યેની સંપૂર્ણ તલ્લીનતાથી આત્માની મારફતે મનુષ્ય ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે છે. પૂરી સાદગી અને પવિત્રતા તેનાં માધ્યમ છે. મનુષ્યને ઈશ્વરની પ્રાપ્તિ માટે પોપ, દેવળ, વિધિઓ વગેરે માધ્યમની જરૂર નથી. ઊલટું, આ બધાં ઈશ્વરની પ્રાપ્તિ સામેનાં વિઘ્નો છે. **ઈશ્વર સાથેનું મનુષ્યનું સીધું અનુસંધાન ધર્મ તથા તત્ત્વજ્ઞાનનું સાચું સ્વરૂપ છે; અન્ય બધા આડંબરો છે.** આ વિશ્વનો સર્જક અને ચાલક ઈશ્વર છે. બુદ્ધિ કે દલીલોથી નહિ, પરંતુ પૂરી શ્રદ્ધા અને સંપૂર્ણ સમર્પણ ભાવનાથી તેને પ્રાપ્ત કરી શકાય છે.

૧૨મી-૧૩મી સદીમાં કેટલાક જાણીતા રહસ્યવાદીઓ થયા. તેમણે એરિસ્ટોટલ, પ્લેટો અને સંત ઓગસ્ટિન (૩૫૪–૪૩૦)ની વિચારસરણી તથા કૃતિઓમાંથી પ્રેરણા લીધી. ખાસ કરીને ઓગસ્ટિનની કૃતિ 'કન્ફેશન્સ' (કબૂલાતો) એ રહસ્યવાદીઓ પર ઘેરી અસર કરી. તેમાં જગતની બાબતોનો મોહ છોડીને આત્માનું ઈશ્વર સાથે અનુસંધાન કરવાની હકીકત મુખ્ય છે. આ રહસ્યવાદીઓમાં ઇટાલીનો રહસ્યવાદી

જોકિમ (૧૧૪૫–૧૨૦૨) ખૂબ જાણીતો હતો. તેણે પોતાની ઘણીખરી મિલકત ગરીબોને દાનમાં આપી દીધી હતી તથા ગરીબોની અને દુખિયાંઓની સેવા કરી હતી. ઇટાલી તથા યુરોપમાં તેના ઘણા અનુયાયીઓ હતા. જોકિમના અનુયાયીઓએ તેનાં વક્તવ્યો અને લખાણોને 'ધ એવરલાસ્ટિંગ ગોસ્પેલ' (ઈશુનો સનાતન ઉપદેશ)ના મથાળા તળે પુસ્તક રૂપે પ્રસિદ્ધ કર્યાં હતાં. તેમાં પોપ, ધર્મગુરુઓ તથા ખ્રિસ્તી દેવળનાં ધર્મ વિરુદ્ધનાં આચરણની સખત ટીકા હોઈને, ખ્રિસ્તી દેવળે (ધર્મતંત્રે) તે પુસ્તકને નાસ્તિક જાહેર કર્યું અને તેના મુખ્ય સંપાદક પાદરી બોર્ગોને જીવનભરની કેદ આપી. છતાંયે પુસ્તકનું વાચન તથા પ્રસરણ છૂપી રીતે ચાલુ રહ્યું. તેણે ઇટાલી અને યુરોપની રહસ્યવાદી અને નાસ્તિક વિચારસરણી પર નોંધપાત્ર અસર કરી. વિશ્વવિખ્યાત ઇટાલિયન કવિ દાંતે (૧૨૬૫–૧૩૨૧)એ જોકિમને સ્વર્ગનો અધિકારી બનાવ્યો.

૧૨મી સદીના અંતે રહસ્યવાદ પર આધારિત ખ્રિસ્તી પુરુષો તથા ખ્રિસ્તી સ્ત્રીઓનાં અલગ અલગ 'પ્રભુ–ઘરો' (આશ્રમો) નેધરલૅન્ડ, જર્મની, ફ્રાંસ તથા યુરોપના અન્ય દેશોમાં સ્થપાયાં. તેઓ 'સાધુ–જીવન' સ્વીકાર્યા વગર જૂથમાં પવિત્ર જીવન ગાળતાં. પુરુષો પોતાને 'બેઘાર્ડ' કહેતા, જ્યારે સ્ત્રીઓ પોતાની જાતને 'બેગુઆઈન' કહેતી. તેઓ પોપ, ધર્મગુરુઓ તથા ખ્રિસ્તી દેવળની સંપત્તિ તેમ જ જાહોજલાલીની કડક ટીકા કરતાં અને પોતે ખૂબ ગરીબીનું જીવન જીવતાં. આગળ વધીને, **તેઓ દેવળ તથા રાજ્યની સત્તાનો ઇનકાર કરતાં અને ઇશુના ઉપદેશોને જ અનુસરવાનું જાહેર કરતાં.** આથી રાજ્ય અને દેવળે તેમને દબાવી દેવા સંયુક્ત પગલાં લીધાં. પરંતુ તેઓ ભૂગર્ભમાં ચાલ્યાં ગયાં. તેમની 'બ્રેધરન' નામની અન્ય સંસ્થા પણ આ પ્રકારની કામગીરી કરતી હતી. આ રીતે તેમણે પણ પુનર્જાગૃતિ તથા ધર્મસુધારણાના ઉત્થાનમાં કીમતી ફાળો આપ્યો છે.

૧૨મી–૧૩મી સદીના અન્ય મુખ્ય રહસ્યવાદીઓમાં **જર્મન સાધ્વી હિલ્ડેગાર્ડ** (૧૦૯૯–૧૧૭૯) મોખરાનું સ્થાન ધરાવે છે. આ સાધ્વી દઢ હૃદયની સ્ત્રી હતી. તે કવયિત્રી અને દ્રષ્ટા હતી. તે પોપો અને રાજાઓને તેમનાં ધર્મવિરુદ્ધનાં આચરણ માટે ઠપકાભર્યા પત્રો લખતી. તેણે કેટલાંક પુસ્તકો લખ્યાં, તેમાં પણ ખ્રિસ્તી દેવળની મિલકત અને લાંચરુશ્વત પદ્ધતિની સખત ટીકા કરી. તે પોતે ઈશુ (ઈશ્વર)નો સાક્ષાત્કાર અનુભવતી હોવાનું કહેતી. તે જ રીતે, નાની વયે વિધવા બનેલી અને યુવાન વયે મૃત્યુ પામેલી હંગેરીની **સાધ્વી ઈલિઝાબેથે** (૧૨૦૭–૧૨૩૧) દીન, દુ:ખી અને રોગીની સેવામાં પોતાનું જીવન વિતાવ્યું હતું.

**સંત એક્હાર્ટ** (૧૨૬૦–૧૩૨૭) : આ જર્મન સંત તેના સમયનો નામાંકિત રહસ્યવાદી હતો. તે સંત ડૉમિનિકની વિચાર તથા કાર્યપદ્ધતિથી ખૂબ પ્રભાવિત થયેલો હતો. તે નૂતન પ્લેટોવાદનો પુરસ્કર્તા હતો. તે ઈશ્વરને સર્વ સૃષ્ટિનો સર્જનહાર તથા અધિષ્ઠાતા કહેતો અને આત્માને ઈશ્વરની તેજસ્વી–દૈવી શક્તિનો એક અંશ ગણાતો. તેના મત મુજબ, **આત્મામાં ઈશ્વરનું આરોપણ એ માનવજીવનનું અંતિમ ધ્યેય હોવું ઘટે** અને ઈશ્વર પ્રતિના પૂરેપૂરા આત્મસમર્પણથી જ આ શક્ય બની શકે. તે ઈશ્વરના સાંનિધ્યને સદ્‌ગુણોનું પ્રેરકબળ કહેતો. દેવળ કે ધર્મશાળાઓના આદેશો કરતાં તે પ્રેમભાવ, ચારિત્ર્ય વગેરેને વધારે મૂલ્યવાન માનતો.

એક્હાર્ટના બે વિખ્યાત શિષ્યો ટોલર (મૃત્યુ ૧૩૬૧) અને સુઓ (મૃત્યુ ૧૩૬૨)એ પોતાના ગુરુના રહસ્યવાદનો યુરોપભરમાં પ્રચાર કર્યો હતો અને ધર્મસુધારણાની ભૂમિકા બાંધવામાં નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.

ચૌદમી સદીનો અંતિમ મહાન રહસ્યવાદી જોન રુઈસબ્રોક (૧૨૯૪–૧૩૮૧) હતો. તેણે પણ દેવળનાં ભ્રષ્ટાચાર તથા લાંચરુશ્વત સામે સખત જેહાદ ચલાવી. તે ખૂબ જ ભાવનાશીલ હતો, પણ પ્રતિસ્પર્ધી ધર્મમત પ્રત્યે ભારે ઉગ્ર હતો. તેણે રહસ્યવાદ વિશે કેટલાંક નોંધપાત્ર પુસ્તકો લખ્યાં છે. તેમાં

'ધ એડોર્નમેન્ટ ઓફ ધ સ્પિરિચ્યુઅલ મેરેજ', 'ધ કિંગ્ડમ ઓફ ધ લવર્સ ઓફ ગૉડ' વગેરે મુખ્ય છે.

## નવું પરિબળ : મુસ્લિમ આરબ પ્રભાવ

મધ્યયુગનાં ઉપર્યુક્ત રાજકીય, આર્થિક તથા ધાર્મિક પરિબળોની સાથે આ સમય દરમ્યાનનાં શિક્ષણ, સાહિત્ય, કલા-સ્થાપત્યના સાંસ્કૃતિક વિકાસે પણ પુનર્જાગૃતિ તથા ધર્મસુધારણાના ઊગમમાં મહત્ત્વનો હિસ્સો આપ્યો હતો. યુરોપમાં પૂર્વ મધ્યકાળમાં ખ્રિસ્તી દેવળો તથા મઠો મારફત મુખ્યત્વે ધાર્મિક શિક્ષણ અપાતું. તેમાં દુન્યવી શિક્ષણ ન હતું. સ્ત્રીશિક્ષણનો પણ અભાવ હતો. બારમી સદીમાં યુરોપમાં આર્થિક ક્રાંતિ થતાં તથા નવાં નગરોનું નિર્માણ થતાં અને નવો વેપારી વર્ગ ઉદય પામતાં તેને ઐહિક (સેક્યુલર) શિક્ષણ ધરાવતા વર્ગની જરૂર પડી. તેમના સંઘો મારફત ઐહિક શિક્ષણ આપતી શાળાઓ શરૂ થઈ. આ દરમ્યાન **લેટિન** ભાષાનો પૂર્ણ વિકાસ થયો હતો, જે યુરોપના વિવિધ દેશો વચ્ચેની **સાંસ્કૃતિક (ભારતમાં સંસ્કૃતની જેમ)** કડી પૂરી પાડતી હતી. વળી, આ સમયમાં યુરોપના દેશોમાં પ્રાદેશિક ભાષાઓ જેવી કે ઇટાલિયન, ફ્રેંચ, જર્મન, અંગ્રેજી, સ્પેનિશ વગેરેનો પણ વિકાસ થયો. આથી જે-તે દેશોનાં શિક્ષણ તેમ જ સાહિત્યને ઉત્તેજન મળ્યું. ૧૨મી–૧૩મી સદીમાં યુનિવર્સિટીઓની પણ સ્થાપના થઈ. આથી ઉચ્ચ શિક્ષણમાં ધર્મશાસ્ત્રની સાથે દર્શનશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, કાનૂન, ગણિત, અંકવિદ્યા, વિજ્ઞાન, તબીબીશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, પ્રાચીન ગ્રીસ અને રોમની વિદ્યાઓ, ભૂગોળ વગેરે વિષયોનું શિક્ષણ પણ શરૂ થયું. શિક્ષિત વર્ગમાં નવી ઉદાર વિચારસરણીનો પ્રવેશ થયો–મુસ્લિમ આરબ પ્રભાવને કારણે.

પ્રાચીન ગ્રીસ તથા રોમની વિદ્યાઓને લગતા ગ્રંથોનો સીધો વારસો યુરોપને મળ્યો નહોતો. પૂર્વ મધ્યકાળ દરમ્યાન આંતર–યુદ્ધો તથા બાર્બેરિયનો (બર્બર લોકો)નાં આક્રમણોને લીધે ગ્રીક તથા રોમન ભાષાઓમાં લખાયેલા ઘણાખરા અસલ ગ્રંથોનો નાશ થયો હતો. બચેલા થોડા ઘણા ગ્રંથોની ખ્રિસ્તી મઠોના સાધુઓએ નકલો કરીને એ વિદ્યાઓને જીવતી રાખવા પ્રયાસ કરેલા; પરંતુ આરબ વિદ્વાનો (અલ ફરાબી–અબુ નાસર ૮૭૦–૯૫૦), અલ ગઝલી (૧૦૫૮–૧૧૧૧), ગેબિરોલ (૧૦૨૦–૧૦૭૦) વગેરેએ એ પહેલાં ગ્રીક તથા રોમન ભાષાઓના અમૂલ્ય ગ્રંથોનાં ભાષાંતર અરબીમાં કરી લીધાં હતાં. આવા અરબી ગ્રંથોના જિરાર્ડ, માઈકલ સ્કોટ, કોન્સ્ટેન્ટાઈન આફ્રિકન, જોન વગેરે યહૂદી તથા ખ્રિસ્તી વિદ્વાનોએ યુરોપની સાંસ્કૃતિક કડી સમી લેટિનમાં ભાષાંતર કરતાં ૧૨મી સદીના અંત સુધીમાં ગ્રીક તથા રોમન વિદ્યાઓનો અભ્યાસ યુરોપ માટે સરળ બન્યો હતો. મુસ્લિમ સ્પેને પણ ૧૦મી–૧૧મી સદીમાં યુરોપને અરબી ગ્રંથોના લેટિન અનુવાદ પૂરા પાડયા હતા. ખાસ કરીને દર્શનશાસ્ત્રને ક્ષેત્રે ઇસ્લામી સ્પેનનું પ્રદાન ઘણું મોટું હતું.

**આમ, ગ્રીક શાસ્ત્રોના અભ્યાસને શિક્ષણમાં સ્થાન મળતાં પ્લેટો, એરિસ્ટોટલ તથા અન્ય ગ્રીક ચિંતકોના ગ્રંથોનું પુનરધ્યયન થવા લાગ્યું; પરિણામે તર્કશુદ્ધ અને ઐહિક વિચારસરણીને વેગ મળ્યો.**

## નૂતન શૈક્ષણિક અભિગમ

યુરોપનાં જુદાં જુદાં શહેરોમાં ૧૧થી ૧૩મી સદીમાં કેટલીક જાણીતી શાળાઓ, મહાશાળાઓ અને વિદ્યાપીઠો સ્થપાઈ હતી. તેમાં ઉપર્યુક્ત પ્રકારનો અભ્યાસક્રમ શીખવવામાં આવતો. વેપારીઓ મારફત ચાલતી શાળાઓની સાથે દેવળોમાં ચાલતી શાળાઓ પણ ચાલુ રહી હતી. તેમાં ધર્મશાસ્ત્રોની સાથે સાત ઐહિક કલાઓ–આરંભમાં વ્યાકરણ, વક્તૃત્વકલા અને તર્કશાસ્ત્ર તથા ત્યાર બાદ ગણિત, ભૂમિતિ, ખગોળશાસ્ત્ર અને સંગીત–નું શિક્ષણ અપાતું. શિક્ષણ લેટિન ભાષા મારફત અપાતું. પેરિસ પાસેની નોત્રદામ દેવળની શાળા (સ્થાપના ૧૦૭૦) ખૂબ જાણીતી હતી. તે પછીથી પેરિસ વિદ્યાપીઠ તરીકે વિખ્યાત બની.

મધ્યયુગમાં કારીગરોની માફક વિદ્યાર્થીઓનાય સંઘો (ગિલ્ડ્સ) હતા, જે અભ્યાસક્રમો નક્કી કરતા, શિસ્ત અને શિક્ષણના નિયમો ઘડતા તથા અધ્યાપકોના પગારો તેમ જ શીખવાતા વિષયો પણ નિશ્ચિત કરતા.

આવી રીતે મહાશાળામાંથી વિકાસ પામેલી વિદ્યાપીઠ શરૂઆતમાં 'સ્ટુડિયમ જનરેલ' એટલે કે 'સામાન્ય શિક્ષણકેન્દ્ર' તરીકે ઓળખાતી. તે પછી તે 'યુનિવર્સિતાત' તરીકે જાણીતી બની, જેમાંથી 'યુનિવર્સિટી' શબ્દ પ્રયોજાયો.

**ઇટાલી :** ૧૧મી–૧૨મી સદીમાં મિલાન, પવિયા, બોલોગ્ના વગેરેની 'સ્ટુડિયમ જનરેલ' ખૂબ જ સક્રિય હતી. પવિયામાં મધ્યયુગીન યુરોપના કાયદાશાસ્ત્રને લગતી પ્રથમ વિદ્યાપીઠ સ્થપાઈ હતી (દશમી સદી). બોલોગ્નામાં કાયદાશાસ્ત્રને લગતી બીજી વિદ્યાપીઠ ૧૦૭૬માં શરૂ થઈ. બંનેમાં રોમન કાયદાનો અભ્યાસ મુખ્ય હતો. બોલોગ્નામાં પછીથી તબીબી અભ્યાસની શાખા ઉમેરાઈ. ત્યાં ઈર્નેરિયસ (૧૦૫૦—૧૧૩૦) નામે કાયદાશાસ્ત્રનો નિષ્ણાત અધ્યાપક હતો. તેણે ઐહિક બાબતોમાં કાનૂની દૃષ્ટિએ ધર્મસત્તા પર રાજસત્તાનું પ્રભુત્વ સ્થાપિત કરતાં અનેક વ્યાખ્યાનો આપ્યાં, જે પછીથી પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ થયાં. આ પુસ્તકના પ્રકાશને બિનસાંપ્રદાયિક તથા તર્કશુદ્ધ વિચારસરણીને વેગ આપ્યો અને વકીલોની આખી પેઢી ઊભી કરી, જેમણે રાજસત્તા આગળ ધર્મસત્તાનું મહત્ત્વ ઘણું ઘટાડ્યું. બોલોગ્નામાંથી જ પ્રેરણા લઈને ૧૨મી-૧૩મી સદીમાં ઈટાલીનાં અન્ય શહેરો મોડેના, પદુઆ, નેપલ્સ, રોમ વગેરેમાં વિદ્યાપીઠો સ્થપાઈ. પોપ દ્વારા રોમમાં સ્થપાયેલી (૧૨૪૪) વિદ્યાપીઠ બહુધા ધાર્મિક શિક્ષણ આપતી, જ્યારે અન્ય વિદ્યાપીઠો મુખ્યત્વે કાનૂન, સાત કલાઓ તથા તબીબીવિદ્યાનું શિક્ષણ આપતી હતી.

૧૪મી સદી સુધીમાં ઈટાલીનાં લગભગ પ્રત્યેક નાના મોટા શહેરમાં શિક્ષણકેન્દ્રો સ્થપાયાં, જેમણે શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ આપીને ઈટાલીમાં રેનેસાંના ઉગમમાં મહત્ત્વનો હિસ્સો આપ્યો.

ઈટાલી ઉપરાંત, યુરોપના અન્ય દેશોમાં આશરે ૧૨મી-૧૩મી તથા ૧૪મી સદીઓ દરમ્યાન સ્થપાયેલી વિદ્યાપીઠોમાં ફ્રાંસની પેરિસ વિદ્યાપીઠ [આરંભે (૧૦૭૦) નોત્રદામ શાળા, પાછળથી (૧૧૦૩) પેરિસ યુનિવર્સિટી], ઈંગ્લેંડની ઓકસફર્ડ (૧૧૧૭) તથા કેમ્બ્રિજ (આશરે ૧૨૨૮), સ્પેનની આલામાન્કા (૧૨૨૭), જર્મનીની હાઈડેલબર્ગ (૧૪મી સદી) તથા ઓસ્ટ્રિયાની વિયેના (૧૪મી સદી) વિદ્યાપીઠ મુખ્ય હતી. આ વિદ્યાપીઠોમાં ધર્મશાસ્ત્ર ઉપરાંત દર્શનશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, પ્રાચીન ગ્રીક અને રોમન વિદ્યાઓ, ગણિત, ભૂમિતિ, કાયદાશાસ્ત્ર, તબીબીવિદ્યા, ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ભૂગોળ, સંગીત, વ્યાકરણ વગેરે વિષયો શીખવવામાં આવતા. આથી કરીને આ વિદ્યાપીઠો નવી પ્રવૃત્તિઓ અને નવા અભિગમનાં કેન્દ્ર બની હતી. ઉપર્યુક્ત વિદ્યાપીઠોમાં પ્રાધ્યાપકો તરીકે કેટલાક અપ્રતિમ વિદ્વાનો-ચિંતકો-લેખકો હતા. કેટલાકનો વિશેષ પરિચય કરીશું.

**શહીદ એબેલાર્ડ** (૧૦૭૯–૧૧૪૨) : નોત્રદામ શાળાનો અધ્યાપક એબેલાર્ડ તીવ્ર બુદ્ધિ-શક્તિ તથા તેજસ્વી વાક્છટા ધરાવતો હતો. પોતાના યુગનો તે મહાન પંડિત પણ હતો. તેને ભૌતિક સુખસગવડોમાં જરાય રસ ન હતો. પરંતુ દર્શનશાસ્ત્ર તથા અન્ય વિદ્યાઓના અભ્યાસમાં તેને એટલી બધી રુચિ હતી કે તેણે પિતૃમિલકતનો પોતાનો બધો જ હિસ્સો ભાઈઓને સોંપી દીધો. તેણે પણ પોતાના શ્રદ્ધાળુ ખ્રિસ્તી ગુરુ જિન રોશેલિન (૧૦૫૦–૧૧૨૦)ને અનુસરીને રૂઢિવાદ અને દેવળની ગેરરીતિઓ સામે જેહાદ જગાવી તથા શુદ્ધ જ્ઞાનોપાસનાનો આગ્રહ રાખ્યો. એબેલાર્ડની વિદ્વત્તા તથા લોકપ્રિયતાથી આકર્ષાઈને ફ્રાંસના જુદા જુદા પ્રદેશો ઉપરાંત ઈટાલી, ઈંગ્લેંડ, સ્પેન, ફ્લેન્ડર્સ, જર્મની વગેરેમાંથી સેંકડો વિદ્યાર્થીઓ પેરિસ વિદ્યાપીઠમાં અભ્યાસ માટે આવતા.

એબેલાર્ડ દેવળના ધર્માધ્યક્ષ ફુલબર્ટની વિદુષી ભત્રીજી હેલોઈસના સંપર્કમાં આવ્યો. બંને વચ્ચે અગાધ પ્રેમસંબંધ થયો. (પત્રસાહિત્યમાં એમના પ્રેમપત્રોનું અનોખું સ્થાન છે). તે સમયના પ્રચલિત રિવાજ મુજબ તેઓ પરિણીત જીવન જીવી શકે તેમ ન હતાં, માટે તેમને સાધુ તથા સાધ્વી થઈ જવાની ફરજ પડી. એબેલાર્ડે લખેલા ગ્રંથોએ ૧૩ મી સદીની સામાજિક ધાર્મિક સુધારણા તેમ જ રેનેસાંના સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન કરેલું છે. તેમાંના 'ધ ડાયાલેકિટકા' ગ્રંથમાં એરિસ્ટોટલની વિચારપદ્ધતિને આધારે તર્કશાસ્ત્ર તથા જીવનદર્શનની ચર્ચા છે. તેનું પુસ્તક 'ડાયલોગ બીટવિન એ ફિલોસોફર, એ જ્યુ એન્ડ એ ક્રિશ્ચિયન' યહૂદી તેમ જ ખ્રિસ્તી ધર્મનાં અમુક આડંબરી વિધિવિધાનો, રૂઢિગત જડ નિયમો, દેવળે ઊભા કરેલા સ્વર્ગનરકના ભ્રામક ખ્યાલો વગેરેની આકરી ટીકા કરે છે. તેનું સૌથી જાણીતું પુસ્તક 'યસ એન્ડ નો' છે; તેમાં તેણે સવાલો રૂપે જીવનની હકારાત્મક અને નકારાત્મક બાજુઓ રજૂ કરેલી છે અને સત્ય-શોધન માટે શંકા, પ્રશ્નો તેમ જ દલીલોને તેણે પાયાની બાબતો ગણાવી છે. આમાં કંઈક અંશે સોક્રેટિસની વિવાદ–પદ્ધતિની રજૂઆત થયેલી છે. આનાથી રૂઢિચુસ્ત ધર્મગુરુઓનો વર્ગ ઘણો નારાજ થયો. તેના સૌથી લોકપ્રિય પુસ્તક 'ઓન ધ ડિવાઇન યુનિટી એન્ડ ટ્રિનિટી'એ ધર્મગુરુઓના મોટા વર્ગનો તેની સામે ઉગ્ર ઊહાપોહ જગાડયો.

આ પુસ્તકમાં એબેલાર્ડે એક જ ઈશ્વરનાં ત્રણ સ્વરૂપ—સત્તા, શાણપણ તથા પ્રેમભાવ કલ્પ્યાં છે અને તેની વિગતવાર સમીક્ષા કરેલી છે. રૂઢિચુસ્ત ધર્મગુરુઓએ આ પુસ્તકમાં 'ત્રણ ઈશ્વરોની કલ્પના કરી લેવાનો' આક્ષેપ મૂકયો અને તેના પર ધર્મસભામાં કામ ચલાવીને તેના પુસ્તકને બાળી નાખવાની એબેલાર્ડને ફરજ પાડી. આથી ત્રાસીને એબેલાર્ડે શહેરથી દૂર એકાંત સ્થળમાં પોતાનો સાદો આશ્રમ સ્થાપ્યો. વિદ્યાર્થીઓને આની જાણ થતાં તેઓ મોટી સંખ્યામાં ત્યાં શિક્ષણ લેવા ઊમટયા. એમાંથી ત્યાં મોટી શૈક્ષણિક વસાહત ઊભી થઈ. એબેલાર્ડે પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ ત્યાં આપેલાં વ્યાખ્યાનો 'ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર' તથા 'ધર્મશાસ્ત્ર' નામે બે પુસ્તકો રૂપે પ્રસિદ્ધ થયાં. તેમાં ખ્રિસ્તી ધર્મશાસ્ત્રને તેણે બુદ્ધિની કસોટીએ કસવા જણાવ્યું તથા સોક્રેટિસ, પ્લેટો, એરિસ્ટોટલ અને નાસ્તિકવાદની વિચારસરણીને બરોબર સમજવાનું અને બળને બદલે દલીલશક્તિથી તેનું પૃથક્કરણ કરવાનું સૂચવ્યું. આથી છંછેડાયેલા ધર્મગુરુઓએ ધર્મસભા મારફત તેનાં લેખન તેમ જ શિક્ષણકાર્ય પર અનેક પ્રકારના પ્રતિબંધો મુકાવ્યા.

એબેલાર્ડ આથી ઘણો નિરાશ થયો અને તેણે પોતાનું શિક્ષણકાર્ય છોડી દઈને બ્રિટાનીના મઠનું પાદરીપદ સ્વીકાર્યું. ત્યાં ૧૧ વર્ષ ગાળ્યા બાદ તેણે પોતાનું અંતિમ પુસ્તક 'નો ધાયસેલ્ફ' લખ્યું. તેમાં તેણે ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશેલા ચમત્કારો, પાપપુણ્યના ખ્યાલો વગેરેને ધર્મવિરોધી ગણાવ્યા તથા જીવનની બીજી બાબતોની માફક ધાર્મિક બાબતને પણ બુદ્ધિની કસોટીએ કસી શકાતી હોવાનું વિધાન કર્યું. પરિણામે ધર્મગુરુઓએ ધર્મસભા મારફત તેની તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકાવી તેને કોઈ એક મઠમાં 'કેદ' રાખવાનો આદેશ આપ્યો. આવા એક મઠમાં જ ૬૩ વર્ષની વયે તેનું અવસાન થયું.

એબેસાર્ડની પ્રેમિકા હેલોઈસની વિનંતિ પ્રમાણે એબેલાર્ડને પેરેકલેટમાં દફનાવવામાં આવ્યો. હેલોઈસ ૧૧૬૪માં મૃત્યુ પામતાં તેને પણ એબેલાર્ડની કબર પાસે જ દફનાવવામાં આવી.

ફ્રાંસમાં પેરિસ પછીના બીજા મહત્ત્વના વિદ્યાકેન્દ્ર તરીકે ૧૨મી સદીમાં આર્ટ્રિસનો વિકાસ થયો હતો. ત્યાં એ સદી દરમ્યાન વિલિયમ, ગિલબર્ટ તથા જોન જાણીતા બુદ્ધિવાદી પ્રાધ્યાપકો હતા. વિલિયમે ગ્રીક તથા આરબ વિદ્વાનોના ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેણે એબેલાર્ડ તથા અન્ય વિદ્વાનોનાં ચિંતનને આધારે પોતાના તત્ત્વજ્ઞાનને વિકસાવ્યું હતું. ધર્મગુરુઓ મારફત તેનાં વિધાનોનો ભારે વિરોધ થતાં તેને

નિવૃત્તિ સ્વીકારવાની ફરજ પડી હતી. ગિલબર્ટે ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપ પર ભાર મૂકતાં તેના પર ધર્મ-અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું. પરંતુ તે પોતાની બુદ્ધિશક્તિથી બહિષ્કારની સજામાંથી બચી ગયો. જોને એબેલાર્ડ, વિલિયમ તથા ગિલબર્ટ પાસે શિક્ષણ મેળવ્યું હતું. તેણે દર્શનશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્ર વચ્ચે સમન્વય સાધવાનો પ્રયાસ કરીને ધર્મશાસ્ત્રને તર્કશુદ્ધ સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

## ધર્મક્ષેત્રે નૂતન બૌદ્ધિક વળાંક

પહેલાં કહેવાયું છે તેમ, ૧૨–૧૩મી સદીમાં યુરોપની વિદ્યાપીઠોમાં એરિસ્ટોટલ તથા અન્ય ગ્રીક ચિંતકોના ગ્રંથોનો અભ્યાસ ભાષાંતરો મારફત સુલભ બન્યો હતો. એરિસ્ટોટલના દર્શનશાસ્ત્રની સાથે તેનાં ગણિત-શાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર વગેરેનો અભ્યાસ પણ વિદ્યાપીઠોમાં થવા લાગ્યો હતો. આથી તેમાં બુદ્ધિવાદી વિચાર-પ્રવાહનું ક્ષેત્ર વિસ્તૃત બન્યું હતું. પરિણામે બુદ્ધિજીવી અને યુવાન વર્ગ ખ્રિસ્તી દેવળ તેમ જ ધર્મ-ગુરુઓ મારફત પ્રબોધાતા ધર્મસિદ્ધાંતો પ્રત્યે સાશંક બન્યો અને તેમને પડકાર ફેંકતો થયો. અરબી–ગ્રીક સાહિત્યની પ્રેરણાથી ફ્રાંસના અમુક ભાગોમાં તો નાસ્તિકવાદનો પણ ઉદય થયો. આથી પેરિસની ધર્મપરિષદે (૧૨૧૦) ગ્રીક ગ્રંથો વાંચવા પર તથા એરિસ્ટોટલના દર્શનશાસ્ત્ર સિવાયના વિષયોનાં અધ્યયન પર પ્રતિબંધ મૂક્યો. પરંતુ આનાથી ઊલટી રીતે ફ્રાંસ, ઇટાલી તથા અન્ય દેશોની વિદ્યાપીઠોમાં એરિસ્ટોટલનો અભ્યાસ ખાસ અપનાવાયો. એનો લાભ લઈને હેલ્સના ફ્રાન્સિસકન સંપ્રદાયના ધર્માચાર્ય એલેક્ઝાંડરે (૧૧૮૫-૧૨૪૫) એરિસ્ટોટલનાં ગ્રીક ચિંતન તથા ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો સમન્વય સાધવાનો પ્રયત્ન કર્યો. આવો જ પ્રયાસ ડોમિનિકન ધર્માચાર્ય આલ્બર્ટે (૧૨૦૧-૧૨૮૦) પણ કર્યો. તેણે ગ્રીક, અરબી તથા યહૂદી દર્શનશાસ્ત્રોનો આધાર લઈને ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર સાથે તેમનો મેળ બેસાડવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો. આવા કેટલાક ઝિંદાદિલ પ્રતિભાવાન દાર્શનિકોનો પરિચય કરી લઈએ.

**ટોમસ એક્વિનાસ (૧૨૨૫–૧૨૭૪) :** દર્શનશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્ર તેમ જ બુદ્ધિ અને શ્રદ્ધાનો સમન્વય કરનાર તેરમી સદીના યુરોપનો સૌથી મહત્ત્વનો દાર્શનિક ટોમસ એક્વિનાસ હતો. તેનો જન્મ ઇટાલીમાં એક્વિનોના કિલ્લામાં થયો હતો. નજીકના મોન્ટે કાસિનાના મઠમાં પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા બાદ તે ૧૪ વર્ષની વયે નેપલ્સની વિદ્યાપીઠમાં દાખલ થયો. આ વિદ્યાપીઠમાં તેણે ગ્રીક, હિબ્રૂ તથા અરબી ભાષાઓના પ્રગટ થયેલા દર્શન તથા ધર્મશાસ્ત્રને લગતા ગ્રંથોનો અભ્યાસ કર્યો. એક્વિનાસનો અધ્યાપક પીટર એરિસ્ટોટલના વિચારદર્શનનો પ્રખર હિમાયતી હતો. તેની પ્રબળ છાપ એક્વિનાસ પર પડી અને તે ૧૨૪૪માં ડોમિનિકન સંઘમાં જોડાયો. ત્યાર બાદ તેણે પેરિસ વિદ્યાપીઠમાં ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. પેરિસમાં તેને આલ્બર્ટ જેવો અધ્યાપક મળતાં (૧૨૪૫) તેનું જ્ઞાન ગહન બન્યું. ત્યાં જ પછીથી તેણે ધર્મશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રના અધ્યાપક તરીકે શિક્ષણકાર્ય કર્યું. થોડો સમય ઇટાલીનાં પોપ હસ્તકનાં રાજ્યોની વિદ્યાપીઠોમાં પણ તેણે અધ્યાપનકાર્ય કર્યું.

એક્વિનાસે ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોની દૃષ્ટિએ એરિસ્ટોટલના તત્ત્વજ્ઞાનનું પૃથક્કરણ કર્યું તથા એરિસ્ટોટલના 'પ્રાકૃતિક' સિદ્ધાંતનો ખ્રિસ્તી ધર્મના 'દૈવી' સિદ્ધાંત સાથે કોઈ મેળ નથી એવા એવેરોસ (૧૧૨૬–૧૧૯૮) અને સીગેર (૧૨૩૫–૧૨૮૪) જેવા ઐહિક માન્યતા ધરાવતા ખ્રિસ્તી પાદરીઓના મતનું ખંડન કર્યું. વળી એવેરોસની માન્યતાનો ફેલાવો કરવા પેરિસ વિદ્યાપીઠમાં બોલાવાયેલી પરિષદમાં એક્વિ-નાસ હાજર રહ્યો અને ત્યાં 'ઓન ધ યુનિટી ઓફ ધ ઇન્ટેલેક્ટ અગેન્સ્ટ ધ એવેરોઈસ્ટસ' (૧૨૭૦) નામે નિબંધ વાંચ્યો. તેમાં તેનું જ્ઞાન, વિવેચનશક્તિ તથા ધર્મ પ્રત્યેની તર્કશુદ્ધ શ્રદ્ધા વ્યક્ત થાય છે. એક્વિનાસને એક બાજુથી, એવેરોસવાદીઓ સામે તથા બીજી બાજુથી ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર અને એરિસ્ટોટલના દર્શન-

શાસ્ત્રનો સુમેળ ખવડાવવાનું અશક્ય માનનારા ધર્મગુરુઓ સામે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. તેની તબિયત પર એની ગંભીર અસર થતાં ઇટાલીના ફોસાનૌવાના મઠમાં ૪૯ વર્ષની વયે તેનું અવસાન થયું.

એકિવનાસે તેનાં પ્રાર્થના-ગીતો તથા લેખોમાં પ્લેટો, એરિસ્ટોટલ, આરબ તત્ત્વજ્ઞાનીઓ વગેરેનાં દર્શનશાસ્ત્રો તથા વિચારોનું વિવરણ કર્યું હતું. તેનો સૌથી વિખ્યાત ગ્રંથ 'સુમ્મા થિઓલોજિકા' ૨૧ ભાગોમાં લખાયેલ, છતાં અપૂર્ણ રહ્યો હતો. તેમાં તેણે સવાલ-જવાબ રૂપે ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર તથા દર્શનશાસ્ત્ર, પરસ્પર વિરોધી એવા આસ્તિકવાદ અને નાસ્તિકવાદ તથા એકમેકથી વિરોધી એવી અન્ય વિચારધારાઓની તર્કયુક્ત સમીક્ષા કરી હતી.

એકંદરે, એમ કહી શકાય કે એબેલાર્ડે બે સદી પહેલાં સ્વતંત્ર વિચારસરણીનું જે આંદોલન શરૂ કર્યું હતું, તે ટોમસ એકિવનાસે ૧૩મી સદીમાં પરિપુષ્ટ કર્યું. આમ, અંધશ્રદ્ધાના યુગના અસ્તમાં તેણે મહત્ત્વનો ફાળો આપ્યો.

**રોજર બેકન (૧૨૧૪–૧૨૯૪)** : મધ્યયુગનો સ્વતંત્ર વિચારદર્શનનો નામાંકિત અંતિમ વિદ્વાન અને વૈજ્ઞાનિક રોજર બેકન હતો. ટોમસ એકિવનાસ ડોમિનિકન સમાજનો પંડિત હતો; તો રોજર બેકન ફ્રાન્સિસી સમાજનો પંડિત હતો. તે વૈદકશાસ્ત્ર સાથે સ્નાતક બન્યો હતો. ઓક્સફર્ડ તથા પેરિસની વિદ્યાપીઠોમાં તેણે ભૌતિક વિજ્ઞાન, ઉપરાંત ગણિતશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, પ્રાકૃતિક વિજ્ઞાનો, જૂનું ટેસ્ટામેન્ટ વગેરેનો ઊંડાણથી અભ્યાસ કર્યો હતો અને આ ક્ષેત્રોમાંના પોતાના પુરોગામીઓના જ્ઞાન-વારસાનો તેણે વિસ્તાર કર્યો હતો. તે સમકાલીન વિદ્વાનો ઉપરાંત કુશળ કારીગરો પાસેથી પણ વિજ્ઞાન તથા કારીગીરી શીખવા પ્રયત્નશીલ રહ્યો હતો.

રોજર બેકન ખૂબ વાંચતો, વિચારતો અને લખતો. તેની કૃતિઓમાં 'વિશ્વકોશ' (એનસાઈક્લોપીડિયા) સૌથી જાણીતો છે. ૧૨૬૫માં ઉદારમતવાદી ક્લેમેન્ટ પાંચમો પોપ બનતાં તેણે રોજર બેકનને તેનાં લખાણોની શુદ્ધ નકલ વહેલી તકે, ખાનગી રાહે, પોતાને મોકલી આપવા જણાવ્યું. 'વિશ્વકોશ' પૂર્ણ કરતાં તેમ જ પૂરી નકલ કરતાં ઢીલ થાય તેમ લાગવાથી બેકને તેનો એક સાર તૈયાર કર્યો, જે 'મોટો સાર' નામે જાણીતો થયો. તે પોપને વાંચવા માટે મોટો પડશે તેવા ખ્યાલથી તેણે સારનો પણ સાર તૈયાર કર્યો, જે 'નાનો સાર' તરીકે ઓળખાયો. બંને સાર તેણે ૧૨૬૮ના પ્રારંભમાં પોપ ક્લેમેન્ટને રવાના કર્યા. વળી કદાચ માર્ગમાં બંને ગુમ થઈ જાય તે ભયથી બેકને 'ત્રીજો સાર' તૈયાર કરીને સંદેશવાહક મારફત પોપને મોકલ્યો; પરંતુ દુર્ભાગ્યે પોપ ક્લેમેન્ટ નવેમ્બર ૧૨૬૮માં અવસાન પામ્યો. આ સારગ્રંથો મળ્યાની કોઈ સ્વીકૃતિ કે નોંધ બેકનને મળી ન હતી. ત્યાર બાદ **ધર્મગુરુઓએ બેકનનાં લખાણો ખ્રિસ્તી ધર્મવિરુદ્ધનાં હોવાનું જાહેર કરીને તેને અમુક સમય માટે કારાગૃહમાં પણ પૂર્યો હતો.**

૮૦૦ પાનાંનો 'મોટો સાર' રોજર બેકનની મુખ્ય રચના છે. તેના સાત ભાગોમાં અજ્ઞાન અને ભૂલ તથા દર્શનશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર વચ્ચેનો સંબંધ, વિદેશી ભાષાઓનો અભ્યાસ, ગણિતશાસ્ત્રની ઉપયોગિતા, પ્રાયોગિક વિજ્ઞાન, સૂક્ષ્મદર્શક કાચ તથા નૈતિક તત્ત્વજ્ઞાનની ચર્ચા કરવામાં આવી છે. આ મહાગ્રંથના પાંચમા વિભાગ – પ્રાયોગિક વિજ્ઞાન – માં બેકને ઊડતાં યંત્રો (વિમાનો), પશુઓની સહાય વિના ચાલતાં વાહનો (મોટરગાડીઓ), હલેસાં વિના હંકારાતાં વહાણો (આગબોટો) વગેરેની કલ્પના કરેલી છે. આ જ ગ્રંથમાં તેણે બંદૂક માટે દારૂ બનાવવાનું સૂત્ર પણ આપેલું છે. આમ, તેના આ બધા ઉલ્લેખો શોધખોળોની આગાહી રૂપ હતા.

* એબેલાર્ડથી માંડી ટોમસ એકિવનાસ સુધીના ઉત્તર મધ્યયુગીન પંડિતોનાં વિચારદર્શનોનો મુખ્ય આધાર દર્શનશાસ્ત્રો તથા ધર્મશાસ્ત્રો હતાં, જ્યારે રોજર બેકને ગણિતશાસ્ત્ર અને વિજ્ઞાનને મુખ્ય આધાર રૂપ માન્યાં હતાં. જોકે, નેત્રશાસ્ત્ર અને પંચાંગ-સુધારાનાં ક્ષેત્રો સિવાય વિજ્ઞાનમાં રોજર બેકનનું ખાસ નોંધવાલાયક પ્રદાન નથી. વળી તેણે પણ અન્ય મધ્યયુગીન પંડિતોની માફક નૈતિકતા પર આધારિત ધર્મનાં

આચરણને માનવપ્રગતિ માટે અનિવાર્ય ગણાવેલ છે; જોકે તેનો ધર્મનો ખ્યાલ સાંપ્રદાયિક નહિ, પણ ઉદારમતવાદી હતો. આથી જ પોપે અને ખ્રિસ્તી દેવળે બેકનનાં પુસ્તકોના અભ્યાસની મનાઈ ફરમાવી હતી. આમ છતાં, બેકનના વિચારદર્શનની અસરના પ્રતાપે યુરોપની વિદ્યાપીઠોમાં અન્ય શાસ્ત્રો ઉપરાંત ગણિતવિદ્યા, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ખગોળવિદ્યા, વૈદકવિદ્યા, પ્રાકૃતિક વિજ્ઞાન વગેરેના અભ્યાસને વેગ મળ્યો હતો, જેણે ઐહિક તેમ જ બૌદ્ધિક ખ્યાલો (સેક્યુલર એન્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ કન્સેપ્ટ્સ)ના વિકાસમાં તથા રેનેસાંના ઉદયમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

**કવિ દાંતે** (૧૨૬૫–૧૩૨૧) : યુરોપમાં ૧૨મી–૧૩મી સદીમાં વિવિધ દેશોની ભાષાઓના વિકાસની સાથે સાહિત્યનો ખાસો વિકાસ થયો. આ સમયના સૌથી નામાંકિત અને પ્રતિનિધિ સાહિત્યકાર તેમજ કવિ તરીકે દાંતે (દુરાન્ટે આલિગીંએરો)ની ગણના થાય છે. તે ઇટાલીના ફ્લોરેન્સ શહેરનો વતની હતો. બાળવયની મુગ્ધાવસ્થામાં દાંતે બિયેટ્રિસ નામની કન્યા પ્રત્યે આકર્ષાયો. પ્રેમિકાનું અન્ય સાથે લગ્ન થયું, છતાં તેના પ્રેમમાં કોઈ ફેરફાર ન થયો. તેને ઉદ્દેશીને દાંતેએ હૃદયવેધક વેદનાયુક્ત અનેક કાવ્યો લખ્યાં અને પોતાના મહાકાવ્ય 'ધ ડિવાઈન કોમેડી'માં સ્વર્ગમાં ઊંચું સ્થાન આપી પોતાની પ્રેમિકાને તેણે અમર કરી.

ફ્લોરેન્સના રાજકીય પક્ષોના સંઘર્ષમાં દાંતેએ એક જૂથનો પક્ષ લેતાં બીજા જૂથ મારફત તે દેશ-નિકાલ (૧૩૦૨) થયો. તેની માલમિલકત જપ્ત થઈ, તેની પત્ની અને બાળકોને પરેશાન થવું પડયું, અને ૧૦ વર્ષ સુધી તેને રઝળપાટ સહેવો પડયો. આ સમય દરમ્યાન તેના મહાકાવ્ય 'ધી ડિવાઈન કોમેડી'ની રચના થઈ.

ઇટાલીને અનેક રાજ્યોમાં વિભાજિત થયેલું જોઈને દાંતેએ 'પવિત્ર રોમન સામ્રાજ્ય' એટલે કે રોમન વિશ્વરાજ્યની પુનઃપ્રતિષ્ઠાનું સ્વપ્ન સેવ્યું અને 'દ મોનાર્કિઆ' (વિશ્વરાજ્ય)ની કલ્પના કરતું કાવ્ય લખ્યું (૧૩૧૦). આ કાવ્યમાં વિશ્વમાં એક જ સર્વોપરી રાજકીય સત્તાની હિમાયત કરેલી હોઈને ખ્રિસ્તી દેવળે તેની નકલ બાળી મૂકી (૧૩૨૯) અને તે પુસ્તક પોપે પ્રતિબંધિત કરેલાં પુસ્તકોની યાદીમાં છેક ૧૮૯૭ સુધી રહ્યું.

## કળાક્ષેત્રે અભિનવ વળાંક :

યુરોપમાં વિશેષ કરીને ૧૨મી–૧૩મી સદીમાં જેવો વિકાસ શિક્ષણ અને સાહિત્યને ક્ષેત્રે થયો, તેવો વિકાસ સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર તથા સંગીતકલાને ક્ષેત્રે પણ થયો. પ્રાચીન સાર્વજનિક કાર્યો માટે નગરોમાં મધ્યસ્થ સભાસ્થાનો હતાં, જે મધ્યયુગમાં નગરખંડો બન્યાં અને 'બેસેલિકા' તરીકે ઓળખાયાં. આવાં બેસેલિકામાં થોડા ફેરફારો કરીને ખ્રિસ્તીઓએ પોતાનાં ધર્મસ્થાનો બાંધ્યાં. રોમન સામ્રાજ્યનો અસ્ત લાવનાર 'ગોથ' લોકોએ જીતેલા પ્રદેશોમાં જે સ્થાપત્યશૈલીનો વિકાસ થયો હતો તે ગોથિક શૈલી તરીકે ઓળખાઈ, જોકે ગોથ લોકોની અસલ કલા સાથે તેને કશો જ સંબંધ ન હતો.

બાઈઝેનટાઈન (રોમન) સામ્રાજ્યના અંત (ઈ. સ. ૧૪૫૩) બાદ યુરોપમાં નવાં નગરોનું નિર્માણ થયું તથા નવો ધનિક વર્ગ અસ્તિત્વમાં આવ્યો. તેમની સંપત્તિનો ઉપયોગ પણ દેવળો—મઠો વગેરે બાંધવામાં થયો. રાજાઓ, સામંતો વગેરેએ પણ તેમાં ઉદાર હાથે સહાય કરી. આ પૂર્વે, મધ્યયુગમાં લોકોની ધાર્મિક શ્રદ્ધા પણ દૃઢ હતી. તેથી પણ બાંધકામ, શિલ્પ, ચિત્ર, સંગીત, ઇત્યાદિ કલાને ઉત્તેજન મળ્યું હતું. પાદરીઓએ પ્રાચીન ગ્રીક–રોમન સાહિત્યની માફક પ્રાચીન (પશ્ચિમી) તથા પૌર્વાત્ય કલાનો વારસોય જાળવી રાખ્યો હતો; આ વારસાએ પણ મધ્યયુગમાં કલાભાવનાને જીવંત રાખી. પરિણામે ફ્રાંસ, ઈંગ્લંડ, જર્મની, સ્પેન, ઇટાલી વગેરે દેશોનાં દેવળો (૧૧૬૩–૮૨) તથા ફ્રાંસની આર્ટ્રિસ નગરીમાંનું દેવળ (૧૧૪૪–૮૦)

ગોથિક બાંધણીના ભવ્ય નમૂના ગણાય છે. આર્ટ્રિસના દેવળમાં મુખ્ય મૂર્તિ ઈશુ ખ્રિસ્ત તથા તેમની માતા મેરીની છે. તે ઉપરાંત તેમાં ૧૦,૦૦૦ માનવ, દેવ તથા સંત આકૃતિઓ કંડારવામાં આવી છે. ગોથિક બાંધણી એ મધ્યયુગી માનસની પરમ સિદ્ધિ હતી.

સ્થાપત્ય અને કોતરકામની સાથે શિલ્પ, ચિત્ર તથા સંગીતકલાનો પણ મધ્યયુગમાં વિકાસ થયો હતો. દેવળોનાં બાંધકામોને કોતરકામની સાથે શિલ્પો તથા ચિત્રોથી સુશોભિત કરવામાં આવતાં. દેવળોની દીવાલો અને છતોને ભીંતશિલ્પો તેમ જ ભીંતચિત્રોથી અલંકૃત કરવામાં આવતી; જોકે પ્રાચીન ગ્રીસ તથા પ્રાચીન રોમની માફક શિલ્પકલાનો મધ્યયુગમાં સ્વતંત્ર કલા તરીકે ભાગ્યે જ વિકાસ થયો હતો. તેનો ઉપયોગ બહુધા દેવળોના શણગાર માટે થતો. દેવળોનાં શિલ્પો તેમ જ ચિત્રોમાં ઈશુના જીવનપ્રસંગો, તેમનાં માતા, તેમના શિષ્યો, અન્ય સંતો તથા દેવદૂતોનાં શિલ્પો-ચિત્રો મુખ્ય હતાં. પશુપક્ષીઓ ઇત્યાદિનાં શિલ્પો અને ચિત્રો ધાર્મિક બાબતોના પૂરક તરીકે હતાં. ૧૩મી સદીમાં મહેલો, નગરખંડો વગેરેમાં ઐહિક શિલ્પો તથા ચિત્રો પ્રચલિત થયાં, જેમનો રેનેસાં યુગમાં વિસ્તાર થયો.

રંગબેરંગી કાચ તથા પથ્થરોના ટુકડા પરની પુરાણી ચિત્રકલા (મોસેઈક), હસ્તપ્રતો, પુસ્તકો ચીજ-વસ્તુઓ, વાસણો ઇત્યાદિ પરની ચિત્રકલા (મિનિયેચર), ભીંતચિત્રો (મ્યુરલ્સ) તથા વિવિધ પ્રકારના કાચ પરનાં ચિત્રોનો ઉત્તર મધ્યકાળમાં સારો એવો વિકાસ થયો. આવી ચિત્રકલાઓ ખાસ કરીને ઇટાલીનાં શહેરો ફ્લોરેન્સ, વેનિસ, પીસા, રોમ, જિનોવા વગેરેમાં વિશેષ વિકાસ પામી. તેમાં મેડોના તથા ઈશુનાં ચિત્રો ખાસ નોંધપાત્ર હતાં. આ શહેરો ૧૪મી–૧૫મી સદીમાં રેનેસાં યુગની કલાનાં મુખ્ય કેન્દ્રો બન્યાં.

*આમ, યુરોપમાં મધ્યયુગમાંનાં રાજકીય, આર્થિક તથા ધાર્મિક પરિવર્તનોએ અને સાહિત્યિક તથા સાંસ્કૃતિક વિકાસે રેનેસાંના ઊગમમાં ગણનાપાત્ર પ્રદાન કર્યું.

**આ રીતે ઇટાલીમાં શરૂ થયેલ 'રેનેસાં'ને મધ્યયુગનો ઇનકાર કે તિરસ્કાર કરનાર નહિ, પરંતુ તેને વિકસાવનાર તેમ જ પૂર્ણ રૂપ આપનાર પુનર્જાગૃતિનું આંદોલન કહી શકાય.**

# ૨ : પુનર્જાગૃતિ : ઇટાલીમાં પૂર્વારંભ

## [ચૌદમી–પંદરમી સદી]

સામાન્યત: રેનેસાંનો સમયગાળો ૧૪ થી ૧૬મી સદી સુધીનો, એટલે કે પેટ્રાર્ક (૧૩૦૪–૧૩૭૩)થી માઈકેલ ઍન્જેલો (૧૪૭૫–૧૫૬૪) સુધીનો, ગણાય છે. રેનેસાંના ક્રમિક તથા પદ્ધતિસરના અભ્યાસ તેમ જ તેની યોગ્ય સમજણ માટે રેનેસાં–આંદોલનનું ૧૪મી, ૧૫મી તથા ૧૬મી સદી એમ વિભાગીકરણ કરવાનું જરૂરી ગણાય. ઇટાલીનાં શહેરો ફ્લોરેન્સ, વેનિસ, મિલાન, જિનોવા, પદુઆ, પીસા, ફેરારા, સીએના, મોડેના, નેપલ્સ, રોમ વગેરે રેનેસાંનાં આંદોલનનાં મુખ્ય કેન્દ્રો હતાં. ત્યાર બાદ, આ આંદોલન યુરોપના અન્ય દેશો ફ્રાન્સ, ઈંગ્લૅંડ, સ્પેન, જર્મની ઇત્યાદિમાં ફેલાયું; જોકે ફ્લોરેન્સમાં તેનો પ્રારંભ થયો હતો અને ફ્લોરેન્સમાં તે પરાકાષ્ઠાએ પહોંચ્યું હતું.

ઇટાલીમાં રેનેસાં યુગને શક્ય બનાવનાર કવિઓ, સાહિત્યકારો, માનવવાદીઓમાં પેટ્રાર્ક અગ્રગણ્ય અને સૌપ્રથમ હતો.

### ૧૪મી સદી

**પેટ્રાર્ક** (૧૩૦૪–૭૪) : પેટ્રાર્કનો જન્મ ઇટાલીમાં ફ્લોરેન્સ શહેરમાં થયેલો. ફ્લોરેન્સના એક આંતરિક સંઘર્ષમાં તેના પિતા સંડોવાતાં તેમના કુટુંબને ફ્લોરેન્સ છોડવાની ફરજ પડી (૧૩૧૨). પિતા કરકસરિયા વેપારી તથા સિસેરો (ઈ. પૂ. ૧૦૬–૪૩)ના ચાહક હતા. આથી પોતાનો પુત્ર કાયદાશાસ્ત્ર અને વક્તૃત્વકલામાં નિષ્ણાત થાય એ હેતુથી તેમણે પેટ્રાર્કને ફ્રાન્સની બોલોગ્ના વિદ્યાપીઠમાં કાનૂનના અભ્યાસ માટે મોકલ્યો; પરંતુ પેટ્રાર્કને કાયદાશાસ્ત્રમાં રસ પડયો નહિ. તેને પ્રાચીન સાહિત્ય પ્રત્યે ખૂબ રુચિ હતી. તે વર્જિલ (Virgil) (ઈ. પૂ. ૭૦–૧૯) અને સિસેરોની રચનાઓ વાંચ્યા કરતો તથા તેમને કેન્દ્રમાં રાખીને પોતાનાં લખાણો લખતો. આથી પિતાએ રોષે ભરાઈને પેટ્રાર્ક જે ગ્રંથો વાંચતો હતો તેમને અગ્નિમાં ફેંકી દીધા. પરંતુ પેટ્રાર્કની કાકલૂદીથી પિતાએ વર્જિલની કૃતિ 'એનિડ' (Aenied) અને સિસેરોની તેવી જ કૃતિ 'રેટોરિક' ('વક્તૃત્વકલા')ને તત્કાલ અગ્નિમાંથી કાઢીને તેને પાછી સોંપી; અને તેમનું વાંચન ફુરસદના સમયે જ કરવાની ચેતવણી આપી.

પહેલાં પિતા અને પાછળથી માતાનું અવસાન થતાં પેટ્રાર્ક એવિગ્નોનમાં સ્થાયી થયો અને પોતાના જીવનકાર્યને આગળ ધપાવવા હવે મુક્ત બન્યો. તે ૧૩૨૭માં લૌરા નામની સ્ત્રીના સંપર્કમાં આવ્યો. તેના પર મુગ્ધ થયેલા પેટ્રાર્કે તેને કેન્દ્રમાં રાખી સોનેટો રચ્યાં. દાંતેનો પ્રેરણાસ્રોત બિયેટ્રિસ હતી, તો પેટ્રાર્કનો પ્રેરણાસ્રોત લૌરા હતી. દાંતેનો બિયેટ્રિસ પ્રત્યેનો પ્રેમ બહુધા આદર્શવાદી તથા પારલૌકિક હતો; જ્યારે પેટ્રાર્કનો લૌરા પ્રત્યેનો પ્રેમ મોટા ભાગે વાસ્તવિક તથા ઐહિક હતો. આમાંથી પેટ્રાર્કના ઐહિક દષ્ટિબિંદુના વિકાસને પ્રેરણા મળી હતી.

પેટ્રાર્કને કુદરતનાં તત્ત્વોમાં ખાસ રસ હતો. તે નદીકિનારા તથા પહાડો પર દિવસો ગુજારતો. તેણે પોતાનાં કાવ્યોમાં ઝરણું, છોડવા, ફૂલો વગેરેની પ્રશંસા ગાઈ છે; જોકે મધ્યયુગનાં રૂઢિગત ધાર્મિક માનસને કુદરત પ્રત્યે વિશિષ્ટ અભિરુચિ ન હતી. પ્રકૃતિ–પ્રેમ એ રેનેસાં-યુગનાં વિશિષ્ટ લક્ષણોમાંનું એક

હતું. ગોથિક શૈલીનાં દેવળો તથા મકાનોનાં બાંધકામોની કોતરણી અને ચિત્રોમાં કુદરત-પશુઓ, પક્ષીઓ, ફૂલ, છોડ વગેરેને લગતાં અનુપમ દશ્યો છે. એ રીતે પેટ્રાર્કનો વિશિષ્ટ કુદરતપ્રેમ એ મધ્યયુગી માનસ પ્રત્યેની તેની નાપસંદગીની અભિવ્યક્તિ પણ કહી શકાય.

## સાહિત્યકૃતિઓ

**રેનેસાંયુગની વિચારદષ્ટિ તથા પ્રવૃત્તિ 'અંધશ્રદ્ધાળુ' ન હતી, તેમ 'નાસ્તિક' પણ ન હતી. તે બહુધા તર્કશુદ્ધ ધાર્મિક હતી.** પેટ્રાર્ક (૧૩૦૪-૧૩૭૪)ની કૃતિ 'સીક્રેટ' આ વિધાનનું સમર્થન કરે છે. તેમાં કવિ અને સંત ઓગસ્ટિન (ઈ. સ. ૩૫૪-૪૩૦) વચ્ચેના ત્રણ કાલ્પનિક સંવાદો આપવામાં આવેલા છે. પ્રથમ સંવાદમાં સંતના ઉપદેશથી પેટ્રાર્કની ઐહિક ઇચ્છાઓ લુપ્ત થયાનું ચિત્ર છે. મનુષ્યમાં ઐહિક ઇચ્છાઓની વૃદ્ધિથી ઈશ્વરનું વિસ્મરણ થાય છે. તેના ઈલાજ તરીકે 'આત્મદર્શન'નું સૂચન કરવામાં આવેલ છે. બીજા સંવાદમાં પેટ્રાર્કની કીર્તિ માટેની ઝંખના, મહત્ત્વાકાંક્ષા, નિરાશા વગેરે જેવા દોષો ખ્રિસ્તી ધર્મના મોક્ષ વિશેના ઉમદા ખ્યાલોના આચરણથી દૂર થઈ શકતા હોવાનું વિધાન છે; જ્યારે ત્રીજા સંવાદમાં પેટ્રાર્કના લૉરા પ્રત્યેના મમતાભર્યા 'દુન્યવી' પ્રેમને ઈશ્વર પ્રત્યેના 'દૈવી' પ્રેમમાં રૂપાંતરિત કરવાનું વિવરણ છે. પેટ્રાર્કે સંત ઑગસ્ટિનના ઉપદેશનો સ્વીકાર કરવા છતાં, પોતે ઐહિક બાબતોમાં ચાલુ રાખેલ રસનું કરેલું અંતિમ વિધાન રેનેસાંયુગનું લક્ષણ કહી શકાય.

પેટ્રાર્કે ઇટાલીની રાજકીય એકતા માટે પોતાની કૃતિઓમાં દર્શાવેલા વિચારો તથા કરેલા વાસ્તવિક પ્રયાસો ઇટાલીની તે સમયની રાજકીય અને સામાજિક સ્થિતિની સુધારણા માટેના તેના ઊંડા રસના સૂચક છે. 'આફ્રિકા' તથા 'લાઇવ્ઝ ઓફ ઇલસ્ટ્રિયસ મેન' પેટ્રાર્કની ખૂબ જાણીતી કૃતિઓ છે. 'આફ્રિકા' વર્જિલકૃત 'એનિડ' પર આધારિત રચના છે, જ્યારે બીજી કૃતિમાં પ્રાચીન ગ્રીક-રોમન યુગના મહાનુભાવો, જેવા કે હોમર, લીવી, ઓવિડ, સિસેરો, વર્જિલ, સેનેકા વગેરેનાં મહાન કાર્યોનું પત્રોના સ્વરૂપમાં વિવરણ કરવામાં આવેલું છે. બંને રચનાઓમાં ઇટાલીનાં રાજ્યોના આંતરિક સંઘર્ષ તેમ જ ઇટાલીમાંના વિદેશી શાસન પ્રત્યે દુ:ખ વ્યક્ત કરવામાં આવ્યું છે. અને આ લખાણોમાં ઐહિક તેમ જ રાજકીય બાબતોમાં દરમ્યાનગીરી કરનાર પોપ તથા ખ્રિસ્તી દેવળ પ્રત્યે તેણે સખત નાપસંદગી વ્યક્ત કરેલી છે.

પેટ્રાર્ક ઇટાલીના ભૂતકાળની ભવ્ય સંસ્કૃતિની પુન:પ્રતિષ્ઠા કરવા માગતો હતો. આથી તે પ્રાચીન ગ્રીક અને રોમન સાહિત્ય તથા તેમની સંસ્કૃતિનું અધ્યયન અનિવાર્ય માનતો. પોતાની રચનાઓમાં તેણે ગ્રીક તથા લૅટિન સાહિત્ય અને સંસ્કૃતિની પણ પુન:પ્રતિષ્ઠા કરી.

*** પ્રાચીન કાળના માનવવાદનાં પ્રધાન લક્ષણો સાહિત્ય, કલા, સંગીત, પ્રકૃતિપ્રેમ વગેરેને પુનર્જીવિત કરીને પેટ્રાર્ક રેનેસાંયુગનો છડીધર બન્યો.**

**ગિયોવાની બોકેસિયો** (૧૩૧૩-૧૩૭૫) : ચૌદમી સદીનો રેનેસાં યુગનો બીજો માનવવાદી જ્યોતિર્ધર બોકેસિયો પેટ્રાર્કનો મિત્ર અને અનુયાયી હતો. તે ફ્લોરેન્સના વેપારી અને ફ્રેંચ સ્ત્રીનો પુત્ર હતો. તેનું વેપારી તરીકે ઘડતર કરવા તેના પિતાએ તેને દસ વર્ષની વયે નેપલ્સની એક શરાફી પેઢીમાં મૂકયો; પરંતુ બોકેસિયોને વેપારમાં રુચિ ન હતી. તેને સાહિત્ય અને કવિતાનો શોખ હતો. વળી, નેપલ્સમાં જ તેને ત્યાંના રાજા રોબર્ટની પુત્રી મેરિયા દ એકિવનો સાથે પ્રેમસંબંધ થયો. (પાછળથી તેણે તેનું નામ ફિયામેટ્ટા એટલે કે 'નાની જ્યોત' રાખેલું.) બોકેસિયોએ ફિયામેટ્ટાને ઉદ્દેશીને પ્રેમકથા-કાવ્યો લખ્યાં. તેનાં આ કાવ્યોમાં રેનેસાં-યુગનો **રોમાન્સ** તથા કંઈક અંશે અનૈતિક કહી શકાય તેવી મુક્ત વિચારસરણી વ્યક્ત

થયેલ છે. પાછળથી (૧૩૪૧) ફિયામેટ્ટાએ બોકેસિયોનો ત્યાગ કર્યો, તે પછી તે નેપલ્સ છોડીને ફ્લૉરેન્સમાં જઈ વસ્યો. ત્યાં તેણે ગ્રીક સાહિત્ય તથા વર્જિલ અને ઓવિડની કૃતિઓના અભ્યાસમાં મોટા ભાગનો સમય ગાળ્યો. બોકેસિયોની સૌથી વિખ્યાત કૃતિ 'ડેકામેરોન' છે. દશ દશના જૂથમાં ગોઠવાયેલ ૧૦૦ વાર્તાઓનો તે સંગ્રહ છે. તેમાં પુરાણી ઢબની વીરતાભરી કથાઓ છે; પરંતુ તેમાં સામંતશાહી, ધર્મગુરુશાહી તથા મધ્યયુગની દાંભિકતાની મજાક ઉડાવવામાં આવી છે તથા તેમના પ્રત્યે તીવ્ર કટાક્ષો કરવામાં આવેલા છે. આ કૃતિ રેનેસાં-યુગના ગદ્યની કલાત્મક ગૂંથણીનો ઉત્તમ નમૂનો ગણાયેલ છે.

* પરંતુ નૈતિક સ્ખલનો મધ્યયુગનું સામાન્ય લક્ષણ હતું તેમ માની લેવાને કારણ નથી. રેનેસાં-યુગના સાહિત્યમાં તેનું અતિશયોક્તિભર્યું ચિત્ર અપાયેલ છે એમ મોટા ભાગના વિદ્વાનો માને છે.

બોકેસિયોની પેટ્રાર્ક સાથે ૧૩૫૦માં ઓળખ થઈ જે જીવનભર ટકી રહી. તેણે ૧૩૫૦થી ૧૩૬૦ની વચ્ચે કેટલીક નોંધપાત્ર કૃતિઓ રચી, જેમાં 'ઈન ધ જિનિયોલોજી ઓફ ધ ગૉડ્ઝ'માં તેણે પુરાણકથાઓ વર્ણવી. 'ઈન ફેમસ વિમેન'માં તેણે સ્ત્રીઓની વિશેષતાઓ તથા નિર્બળતાઓનું ચિત્ર આપ્યું. 'ઈન ધ ફચુચર ઓફ ગ્રેટ મેન'માં તેણે ગ્રીક અને રોમન મહાનુભાવોની જીવનકથાઓ આલેખી. પ્રત્યેક કૃતિમાં તેણે મધ્યયુગી જીવન પર વેધક કટાક્ષો કરેલા છે.

પેટ્રાર્કની માફક બોકેસિયોએ પ્રશિષ્ટ સાહિત્ય, કલા તથા સંસ્કૃતિની શરૂ કરેલી અભ્યાસપ્રવૃત્તિ સમસ્ત રેનેસાં-યુગમાં અવિરતપણે ચાલુ રહી તથા રેનેસાં-યુગનું તે પ્રધાન લક્ષણ બની.

ફ્લૉરેન્સના સેલ્યુનાતાયે (૧૩૩૧–૧૪૦૬) લેટિન હસ્તપ્રતોનો ઊંડો અભ્યાસ કર્યો તથા સિસેરોની અમુક કૃતિઓ શોધી કાઢીને યુવાનોને રોમન તથા લેટિન સાહિત્યના અભ્યાસની પ્રેરણા આપી; તો ફ્લૉરેન્સ આવેલા બાઈઝેન્ટાઈન ગ્રીક વિદ્વાન ક્રિસોલોરેસે (૧૩૫૦–૧૪૧૫) ફ્લૉરેન્સના યુવાનોને ગ્રીક સાહિત્યમાં રસ લેતા કર્યા. ક્રિસોલોરેસના શિષ્ય લિયોનાર્દો બ્રુનીએ (૧૩૭૦–૧૪૪૪) પ્લેટો તથા એરિસ્ટોટલની કૃતિઓનાં કરેલાં ભાષાંતરોએ ગ્રીક ભાષા અને સાહિત્યના અભ્યાસને સારો એવો વેગ આપ્યો.

પોગિયો (૧૩૮૦–૧૪૫૯), વેરોના (૧૩૭૦–૧૪૬૦), ઓરિસ્પા (૧૩૭૪–૧૪૫૦) વગેરે માનવવાદીઓએ કોન્સ્ટન્ટીનોપલ તથા પૂર્વીય રોમન સામ્રાજ્યનાં અન્ય શહેરોની મુલાકાત લઈને પ્લેટો, એરિસ્ટોટલ, થુસિડાઈડ્સ, યુરિપીડીસ, ટેસીટસ, સિસેરો, પ્લિની વગેરેની કેટલીક હસ્તપ્રતો એકત્રિત કરી. માનવવાદીઓ દ્વારા ૧૫મી સદીના પૂર્વાર્ધમાં પ્રશિષ્ટ સાહિત્યકૃતિઓની શોધખોળની સાથે અવશેષીય નમૂનાઓ, શિલ્પો, સ્થાપત્યો, અભિલેખો, સિક્કાઓ વગેરેની શોધખોળ થતાં રેનેસાં પ્રવૃત્તિને એક નવો વળાંક અને વેગ મળ્યો. ઈટાલીનાં શહેરોમાં ફ્લૉરેન્સ કલાને લગતી પ્રવૃત્તિઓનું પણ મુખ્ય કેન્દ્ર બન્યું હતું.

ગિઓટો (૧૨૬૭–૧૩૩૭) મધ્યયુગી 'રહસ્યવાદી'ને બદલે 'માનવવાદી' હતો. તે નૂતન શિલ્પ–ચિત્રકલા વિકસાવી રહ્યો હતો. તેણે ફ્લૉરેન્સ, આસિસી, રોમ, પીસા, પદુઆ, વેરોના, નેપલ્સ, મિલાન વગેરેનાં દેવળોનાં જે ભવ્ય ભીંતચિત્રો દોર્યાં તેમાં મેરી, મેડોના, ઈશુ ખ્રિસ્તનો વધ, ઈશુ ખ્રિસ્તના મૃતદેહ પાસેનો વિલાપ, ઈશુ ખ્રિસ્તના જીવનપ્રસંગો, સંત ફ્રાન્સિસના જીવનપ્રસંગો, સંત ફ્રાન્સિસનાં ચાર વ્રત – ગરીબાઈ, પવિત્રતા, આજ્ઞાપાલન અને દેવત્વ–નાં દશ્યો, પયગંબર મોઝિસ, સંત જોન વગેરેનાં ભીંતચિત્રો ખૂબ જાણીતાં છે. આ ચિત્રોમાં માનવભાવો નિરૂપાયેલ હોવાથી ખ્રિસ્તી ધર્મના સંતો વાસ્તવિક લાગે છે. પેટ્રાર્કના સાહિત્યની માફક ગિયોટોની ચિત્રકલા પણ ૧૫મી સદીના રેનેસાંના ઉત્કૃષ્ટ વિકાસમાં માર્ગદર્શક બની.

# ૧૫ મી સદી

પંદરમી સદી ઇટાલીના રેનેસાં – ખાસ કરીને સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલા – ના વિકાસનો શ્રેષ્ઠ સમય હતી. તેમાંથી દૈવી બાબતો અને ચમત્કારોનું તત્ત્વ લગભગ અદૃશ્ય થયું હતું તથા તે સામાજિક વિષયોનું વાસ્તવિક નિરૂપણ કરતી થઈ હતી. વિદેશો સાથેનાં વિસ્તૃત વેપાર–વાણિજ્યમાંથી પુષ્કળ ધન કમાયેલ ધનાઢ્ય વર્ગ તથા શાસક કુટુંબોએ રેનેસાંની આ પ્રવૃત્તિને પોષી; આમાં ફ્લોરેન્સનું મેડિસી કુટુંબ અગ્રસ્થાને હતું. આથી, રેનેસાંની સાંસ્કૃતિક પ્રગતિ ધનાઢ્ય કે ઉપલા વર્ગની પણ બની હતી.

## સ્થપતિઓ

ફિલિપો બ્રુનેલેસ્કો (૧૩૭૭–૧૪૪૬), મિકેલોઝો (૧૩૯૬–૧૪૭૨) તથા બેટિસ્ટા આલ્બર્ટી (૧૪૦૫–૧૪૭૨) ૧૫મી સદીના વિખ્યાત સ્થપતિઓ હતા. બ્રુનેલેસ્કોએ રોમનાં પુરાણાં મંદિરોનાં બાંધકામનો ઊંડો અભ્યાસ કરીને ફ્લોરેન્સમાં ભવ્ય મંદિરો તથા મકાનો બાંધ્યાં. તેણે ૧૪ વર્ષની મહેનત (૧૪૨૦–૩૪) બાદ ફ્લોરેન્સના સંત મારિયાના દેવળનો ભવ્ય ઘુમ્મટ બાંધ્યો. સુંદરતામાં આ ઘુમ્મટ અજોડ ગણાય છે. તેનાં સ્તંભો, કમાનો, કોતરકામ વગેરે બેનમૂન મનાય છે. આ ઉપરાંત બ્રુનેલેસ્કોએ સુશોભિત પૂજાઘરો તેમજ રેશમના વેપારી સંઘની આર્થિક સહાયથી ફ્લોરેન્સમાં મોટી અને સુંદર હોસ્પિટલ પણ બાંધ્યાં હતાં.

મિકેલોઝોએ ફ્લોરેન્સના મેડિસી કુટુંબના શાસક કોસિમો (૧૪૨૯–૧૪૬૪) માટે એક ભવ્ય મહેલ બાંધ્યો, જેના લોખંડના તોતિંગ દરવાજા ખાસ નોંધપાત્ર છે. તેનું સ્થાપત્ય, કોતરકામ તથા ચિત્રકામ પણ પ્રશંસાપાત્ર છે.

પંદરમી સદીનો અંતિમ આગળ પડતો સ્થપતિ આલ્બર્ટી (૧૪૦૫–૧૪૭૨) હતો. તે શિલ્પી, ચિત્રકાર, ગણિતશાસ્ત્રી, ભાષાશાસ્ત્રી તથા સંગીતકાર પણ હતો. તેને પુરાણી રોમન પદ્ધતિનાં બાંધકામમાં ખૂબ રસ હતો. તેણે બાંધેલ દેવળો ઉપરાંત રુસેલાઈનો મહેલ સ્થાપત્યકલાના ઉત્તમ નમૂનારૂપ છે.

સાહિત્ય, સંસ્કૃતિ તથા કલાને ક્ષેત્રે 'પ્રાચીનતાનું પુનરુત્થાન' એ રેનેસાં-યુગનું આગવું લક્ષણ હતું.

* મધ્યયુગનું શિલ્પ–ચિત્રકામ બહુધા દૈવી, ધાર્મિક તથા ચમત્કારિક દૃશ્યો રજૂ કરનાર હતું, જ્યારે રેનેસાં–યુગનું શિલ્પ અને ચિત્રકામ મોટે ભાગે દુન્યવી અભિગમ ધરાવતું હતું. મકાનો–મહેલો–હોસ્પિટલ ઇત્યાદિમાં સામાજિક દૃષ્ટિબિંદુ પ્રત્યક્ષ થતું હતું. આથી તે સુધારાવાદી વ્યાવહારિક વિકાસ તરીકે પ્રાચીન કલાની પુનઃશોધખોળના પ્રતીકરૂપ કહેવાય.

## શિલ્પીઓ

પંદરમી સદીમાં ઇટાલીમાં કેટલાક જાણીતા શિલ્પીઓ થયા, જેમાં જેકોપો (૧૩૭૪–૧૪૩૮), લોરેન્ઝો ઘીબર્ટી (૧૩૭૮–૧૪૫૫) તથા ડોનેટેલો (૧૩૮૬–૧૪૬૬) મુખ્ય હતા. જેકોપોનાં શિલ્પોમાં 'સાત ગુણોવાળી મેરી' તથા 'આદમ અને ઈવની સ્વર્ગમાંથી હકાલપટ્ટી' જાણીતાં છે. ઘીબર્ટી ફ્લોરેન્સનો અગ્રગણ્ય શિલ્પી હતો. ફ્લોરેન્સના દેવળના સંસ્કારગૃહના ઉત્તર દિશાના કાંસાના દરવાજા બનાવવા માટે શિલ્પીઓની યોજાયેલી હરીફાઈમાં તે પ્રથમ સ્થાન પામ્યો હતો. તેણે ડોનેટેલો અને અન્ય સહાયકોની મદદથી આ કાર્ય ૫,૫૦,૦૦૦ પાઉન્ડના ખર્ચે ૨૧ વરસે (૧૪૦૩–૧૪૨૪) પૂરું કર્યું હતું. તેણે દરવાજા પર કાંસાની કુલ ૨૮ પેનલો કોતરી, જેમાં મુખ્યત્વે ઈશુના તથા મુખ્ય સંતો અને શિષ્યોના જીવન-પ્રસંગો છે. દાતાઓએ તેની આ કલા–કારીગીરીથી ખુશ થઈને તેને એ જ દેવળના કાંસાના પૂર્વદિશાના દરવાજા બનાવવાનું કાર્ય સોંપ્યું. તેણે અન્ય જાણીતા શિલ્પીઓની સહાયથી ૨૭ વરસે (૧૪૨૫–૧૪૫૨)એ

કામ પૂરું કર્યું. ઉત્તરના દરવાજામાં **નવા ટેસ્ટામેન્ટનાં** દશ્યો હતાં, તો પૂર્વના દરવાજામાં **જૂના ટેસ્ટામેન્ટનાં** દશ્યો કંડારવામાં આવ્યાં હતાં. પરંતુ આ શિલ્પોની વિશેષતા એ છે કે તેમાં મનુષ્યોની સાથે પ્રાણીઓ, વનસ્પતિઓ વગેરેનાં દશ્યો પણ અનુપમ છે. આ દશ્યોની અજોડ સુંદરતા જોઈને ૧૬મી સદીના મહાન શિલ્પી માઈકેલ ઍન્જેલોએ તેમને 'સ્વર્ગનાં દ્વાર પર જડવાલાયક દરવાજાઓ' તરીકે વર્ણવેલ છે.

**ડોનેટેલો** ૧૫મી સદીના ઇટાલીનો સૌથી મહાન શિલ્પી હતો. તેણે પોતાની શિલ્પકલાને 'ગોથિક' પદ્ધતિમાંથી મુક્ત કરીને 'કલાસિકલ' પદ્ધતિ વિકસાવી. આ માટે તેણે રોમનાં પુરાણાં સ્થાપત્યો અને શિલ્પોનો ઊંડો અભ્યાસ કર્યો. તેનાં શિલ્પો તાદશ અને ભાવવાહી છે. તેનાં શરૂઆતનાં શિલ્પોમાં ફ્લૉરેન્સમાંના દેવળનાં 'જોબ અને જેરેમિઆહ' (યહૂદી ફિરસ્તા) તથા 'સંત જ્યોર્જ' નોંધપાત્ર છે. મેડિસીના મહેલના ચોકમાંનાં તેનાં ભીંતશિલ્પો તથા અન્ય શિલ્પો પણ વિખ્યાત છે. વળી તેનું 'ડેવિડ'નું કાંસાનું બાવલું તથા લશ્કરી સેનાની 'હોલોફર્નિસનો ઘાત કરતી વીરાંગના'નું શિલ્પ ખૂબ વિખ્યાત છે. ફ્લૉરેન્સના દેવળમાં ડોનેટેલોનું સંગીત તેમ જ નૃત્ય પાર્ટીનું શિલ્પ અભ્યાસ તથા સુંદરતાની દષ્ટિએ અજોડ છે. તેનું 'ઘોડેસ્વાર ગેટામેલાટા' (રોમન સેનાની)નું કાંસાનું બાવલું પુરાણા ભવ્ય રોમન શિલ્પની બરોબરી કરે તેવું રેનેસાં-યુગનું એકમાત્ર શિલ્પ છે. આ શિલ્પમાં ડોનેટેલોએ વિચાર, ઘડતર, ગતિ તથા શક્તિની અદ્ભુત એકતા ઉપસાવી છે. આ સમયનું 'ક્રુસિફિકશન' (ઈશુના વધ)નું તેનું શિલ્પ પણ ખૂબ જ નોંધપાત્ર છે. ડોનેટેલોનું અંતિમ વિખ્યાત શિલ્પ ફ્લૉરેન્સના આગેવાન રાજપુરુષ 'નિકોલો દ' યુઝેનો'નું બાવલું છે. આ શિલ્પમાં તેણે નિકોલોની શાંત તથા ગૌરવશીલ મુખાકૃતિ ખૂબ સરસ રીતે કંડારી છે.

ઇટાલીનો સરમુખત્યાર શાસક કોસિમો ડોનેટેલોનો પ્રશંસક અને દાતા હતો. ડોનેટેલોના સૂચનથી કોસિમોએ પોતાના મહેલના બગીચામાં પ્રાચીન રોમન શિલ્પો—બાવલાં, સ્તંભો, કમાનો વગેરે—મુકાવ્યાં, જે હાલમાં પણ શિલ્પ-સ્થાપત્યના અભ્યાસ માટે મુલાકાતી કલાકારોને પ્રેરણા આપે છે.

* **૧૫મી સદીમાં ડોનેટેલોએ શિલ્પકલાને ધાર્મિકમાંથી દુન્યવી ક્ષેત્રમાં વિસ્તારી અને તેમાં મનુષ્યજીવનના વિવિધ ભાવોની અભિવ્યક્તિ કરી** (ઇટાલીના શિલ્પીઓમાં માઈકેલ ઍન્જેલો પછીનું સ્થાન ડોનેટેલોનું ગણાય છે).

## ચિત્રકારો

ઇટાલીની ૧૫મી સદીની ચિત્રકલામાં નવી ભાત પાડનાર આગેવાન ચિત્રકારોમાં મેસેસિયો (૧૪૦૬-૨૮), યુસેલો (૧૩૯૭-૧૪૭૫, ફિલિપોલિપી (૧૪૦૬-૬૯), ગોઝોલી (૧૪૨૦-૯૭), બોટીસેલી (૧૪૪૪-૧૫૧૦) ઇત્યાદિને ગણાવી શકાય. મેસેસિયો અને ૧૫મી સદીના અન્ય ચિત્રકારોની કલા ૧૪મી સદીના વિખ્યાત ચિત્રકાર ગિઓટો તથા ૧૬મી સદીના નામાંકિત ચિત્રકારો લિયોનાર્દો, રાફેલ અને ટિટિયાનની ચિત્રકલા વચ્ચેની કડી રૂપ ગણાય. મેસેસિયો અને તેના સમકાલીન ચિત્રકારોનાં ચિત્રોમાં ઊંડાણ, સજીવતા તથા પ્રકૃતિસૌંદર્ય નોંધપાત્ર રીતે આલેખાયેલ છે. પ્રકાશ અને છાયાની સહાયથી સપાટ પટ પર ઊંડાઈ, વાસ્તવિકતા અને વ્યાપકતાની અભિવ્યક્તિ એ આ કલાનું વિશિષ્ટ લક્ષણ છે. આ કલાનાં સમૂહ દશ્યો પણ ખાસ ઉલ્લેખનીય છે.

**મેસેસિયોએ** ફ્લૉરેન્સના બ્રકાંસી પૂજાઘરની દીવાલો પર દોરેલાં ચિત્રો ઘણાં વિખ્યાત છે. તેમાં તેનું 'ધ ટ્રિબ્યુટ મની' સમૂહની ચિત્રકલાનું શ્રેષ્ઠ નમૂના રૂપ ચિત્ર છે. તેમાં અનુયાયીઓની પ્રાર્થનાથી ઈશુના આદેશ પ્રમાણે સંત પીટર કર ઉઘરાવનારને કરની રકમ આપે છે. મેસેસિયોનાં અન્ય ચિત્રોમાં 'દરદીની માવજત કરતા સંત પીટર' તથા 'આદમ અને ઈવની સ્વર્ગમાંથી હકાલપટ્ટી' ખૂબ જાણીતાં છે.

દરદીઓના ચહેરા પરના આર્દ્ર ભાવો તથા આદમ અને ઈવના ચહેરા પર ઊંડા વિષાદની લાગણી હૃદય-સ્પર્શી છે.

ચિત્રકાર **યુસેલો** સપ્રમાણ અને ગતિશીલ ચિત્રો ચીતરવા માટે જાણીતો હતો. તેનાં 'રુટ ઓફ રોમેનો' નામે ચિત્રમાં યુદ્ધ, મૃત યોદ્ધાઓ, મૃત અશ્વો, શસ્ત્રો વગેરેનાં દૃશ્યો ખૂબ વાસ્તવિક છે.

પરંતુ લોકજીવનનાં વિવિધ દૃશ્યોને પોતાની ચિત્રકલામાં સર્વપ્રથમ વણી લેનાર ૧૫મી સદીનો **ફિલિપોલિપી** હતો. ફિલિપોએ તેનાં ચિત્રોમાં ફ્લોરેન્સની આસપાસનાં જંગલો તથા પર્વતોની આપેલી પાર્શ્વભૂમિકા ચિત્રોને સંપૂર્ણ વાસ્તવિકતા બક્ષે છે.

ચિત્રકાર **ગોઝોલી**નાં સંત ઓગસ્ટિનના જીવનના વિવિધ પ્રેરક પ્રસંગોનાં ચિત્રો ઉપરાંત ખાસ તો ભાવવિભોર લોકસમૂહ, પ્રકૃતિ-સૌંદર્ય વગેરેનાં દૃશ્યો હૂબહૂ છે. વળી, તેણે મેડિસીના મહેલની દીવાલ પર પર્વતો અને જંગલો વીંધીને ઈશુને વંદન કરવા આવતા ધર્મગુરુઓ અને તેમના સેવકોના દોરેલા ચિત્રમાં અદ્‌ભુત ગતિશીલતા અને સુંદરતા વ્યક્ત થયેલી છે.

**સેન્ડ્રો બોટીસેલી**ની ચિત્રકલા ૧૫મી સદીના ઈટાલીની શ્રેષ્ઠ ઐહિક કલાની પરાકાષ્ઠા સૂચવે છે. તેમાં ઇટાલીના તત્કાલીન જીવન અને વિચારની અભિવ્યક્તિ છે. લ્યુક્રેટિસ તથા વર્જિલનાં વિષયવસ્તુને આધારે વસંતઋતુ તેમ જ તેની સાથે પ્રકૃતિસૌંદર્યનાં દૃશ્યો તેમ જ મેડિસી કુટુંબના સભ્યોનાં તેણે દોરેલાં ચિત્રો તેની દુન્યવી તેમ જ કલાસિકલ ચિત્રકલાનાં ઉત્તમ ઉદાહરણો છે. નિર્વસ્ત્ર દેવી વિનસનો જન્મ, ફૂલો, દરિયો તથા અપ્સરાઓનાં દૃશ્યને લગતાં તેનાં ચિત્રો વાસ્તવિક નહિ હોવા છતાંયે ભાવોની અભિ-વ્યક્તિની દૃષ્ટિએ ખૂબ જ સુંદર છે.

* આમ, ઇટાલીની — વિશેષે કરીને ફ્લોરેન્સની — મેસેસિયોથી શરૂ થયેલી પંદરમી સદીની ચિત્રકલાનું બોટીસેલીની ચિત્રકલામાં પૂર્ણ રૂપ પ્રગટ થયું. તેમાં માનવજીવનનાં અનેક પાસાં પ્રગટ થયાં છે. વાસ્તવિકતા એ આ કલાનું મૂળભૂત લક્ષણ હતું. આમ, ફ્લોરેન્સના ૧૫મી સદીના કલાકારોએ **આધુનિક શિલ્પ**ની સાથે **આધુનિક ચિત્રકલા**નો પાયો નાખ્યો, જેનો ૧૬મી સદીના ઉત્કૃષ્ટ રેનેસાં સમયના શ્રેષ્ઠ કલાકારો મારફત ચરમ વિકાસ થયો.

## નવોદિત શાસક—નવોદિત વેપારી

**ફ્લોરેન્સનો શાસક પરિવાર : મેડિસી :** ઇટાલીનાં ૧૫મી સદીનાં સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ તથા ચિત્રકલાનો નોંધપાત્ર વિકાસ તે સમયના વિદ્વાનો, કવિઓ તથા કલાકારોને ત્યાંના આશ્રયદાતાઓ તરફથી મળેલી ખૂબ ઉદાર આર્થિક સહાયને આભારી હતો. આ આશ્રયદાતાઓ સામંતો કે ધર્મગુરુઓ ન હતા, અમીરો (મુખ્યત: ફ્લોરેન્સ)નો નવોદિત શાસક વર્ગ તથા નવોદિત વેપારી વર્ગ હતો. પંદરમી સદીના ઇટાલીનાં રાજ્યોના શાસક વર્ગમાં ફ્લોરેન્સનું મેડિસી કુટુંબ સૌથી વિખ્યાત હતું. તેના શાસકો કોસિમો (શાસનકાળ : ૧૪૨૯–૧૪૬૪) તથા તેનો પુત્ર લોરેન્ઝો (શાસનકાળ : ૧૪૬૯–૧૪૯૨) કલાકારોના આશ્રયદાતાઓ તરીકે ખૂબ નામાંકિત હતા.

મેડિસી કુટુંબનું મૂળ અનિશ્ચિત છે; પરંતુ તેના મુખ્ય પુરુષ સાલ્વેસ્ટ્રો દ' મેડિસીએ ૧૪મી સદીમાં ફ્લોરેન્સમાં વસવાટ કર્યો હોવાનું નિશ્ચિત છે. તેને ગરીબ લોકો પ્રત્યે ખાસ સહાનુભૂતિ હતી. તેની પ્રેરણાથી નીચલા થરના લોકો તથા ખેડૂતોએ ઉપલા વર્ગના લોકો તથા સામંતો સામે ૧૩૭૮માં બંડ પોકાર્યું. તે નિષ્ફળ ગયું તો પણ ત્યારથી મેડિસી કુટુંબ ફ્લોરેન્સમાં જાણીતું બન્યું. સાલ્વેસ્ટ્રોના પુત્ર ગિયોવાનીએ સમૃદ્ધ વેપાર મારફત તથા ખૂબ ધન કમાઈને કુટુંબની નામના વધારી. તેણે ફ્લોરેન્સના

મિલાન સામેના યુદ્ધ સમયે (૧૪૨૨-૨૭) સામાન્ય લોકોને બદલે ધનિકો પર કરબોજ નંખાવીને ધનિકોની ખફગી વહોરી, પરંતુ સામાન્ય લોકોની ચાહનાય મેળવી; અને એ રીતે પોતાના પુત્ર કોસિમો માટે સત્તા પ્રાપ્ત કરવાનો માર્ગ મોકળો કર્યો.

રેનેસાં સમય દરમ્યાન ફ્લોરેન્સમાં જુદાં જુદાં આગેવાન અમીર કુટુંબો વચ્ચે સત્તા-પ્રાપ્તિ માટે સતત સંઘર્ષ ચાલતો હતો. તેમાં મેડિસી કુટુંબનો કોસિમો સામાન્ય લોકોના ટેકાથી ૧૪૨૯માં ફ્લોરેન્સનો વડો બન્યો. તે શક્તિશાળી, વ્યવહારુ, ગરીબો પ્રત્યે માયાળુ તથા સાહિત્ય, કલા ઈત્યાદિનો પોષક હતો. તેણે ગરીબોને નજીવા વ્યાજે નાણાં ધીરીને તેમની ચાહના મેળવી. બીજી બાજુ તેણે હરીફ અમીર કુટું-બોની શત્રુતા વહોરી અને તેમની ખટપટથી કોસિમોને ૧૪૩૩માં પદભ્રષ્ટ તથા દેશનિકાલ થવું પડ્યું. અલ્બીઝા કુટુંબનો વડો રિનાલ્ડો મુખ્ય શાસક બન્યો, પરંતુ યુદ્ધમાં નિષ્ફળતા મળતાં સેનેટે તેને પદભ્રષ્ટ કરીને કોસિમોને પાછો બોલાવ્યો (૧૪૩૪). કોસિમોએ ફ્લોરેન્સમાં આંતરિક શાંતિ તથા વ્યવસ્થા સ્થાપીને તેની સમૃદ્ધિમાં વધારો કર્યો. તેણે મિલાન અને નેપલ્સ સાથે મૈત્રી બાંધીને ઈટાલી તથા યુરોપમાં સત્તાની સમતુલા જાળવી અને ફ્રાંસને ઈટાલીના રાજકારણથી દૂર કર્યું. તે સત્તા અને સમૃદ્ધિના જેટલો જ સાહિત્ય તથા સંસ્કૃતિનો ચાહક હતો. લેટિન ભાષાનું તેનું જ્ઞાન સારું હતું અને તે ગ્રીક, હિબ્રુ તથા અરબી ભાષાઓ પણ જાણતો હતો. તેને વિદ્વાનો, તત્ત્વજ્ઞાનીઓ તથા માનવવાદીઓનો સંગ ગમતો. પ્લેટોની કૃતિઓનું તેણે લેટિનમાં ભાષાંતર કરાવ્યું. તેણે ગ્રીસમાંથી પ્રાચીન કલાસિકલ હસ્તપ્રતો વહાણો ભરીને મંગાવેલી.

એકંદરે, કોસિમોએ ઈટાલીના ૧૫મી સદીના સાહિત્યકારો, સ્થપતિઓ, શિલ્પીઓ તથા ચિત્રકારોને ઉદાર હાથે સહાય આપીને તેમની પાસે ભવ્ય દેવળો, મકાનો તથા મહેલોનાં બાંધકામ, શિલ્પ, કોતરકામ તથા ચિત્રકામ કરાવ્યાં. એ રીતે ૧૫મી સદીના રેનેસાંના શ્રેષ્ઠ વિકાસમાં તેણે કીમતી ફાળો આપ્યો છે.

કોસિમોનો પુત્ર પીએરો (૧૪૬૪-૬૯) પણ તેના પિતાના જેવો સાહિત્ય અને કલાનો પ્રેમી હતો. પીએરોની પત્ની સુક્રેઝિયા સંસ્કારી અને વિદુષી સ્ત્રી હતી. પતિપત્નીએ શિક્ષણ, સાહિત્ય તથા કલાને ઉત્તેજન આપવાનું ચાલુ રાખ્યું. સુક્રેઝિયા પોતે કવયિત્રી પણ હતી અને ફ્લોરેન્સના સ્ત્રીસમાજ પર તેની પ્રબળ છાપ હતી. તે શ્રેષ્ઠ ગૃહિણી અને ઉત્તમ માતા હતી. તેણે પોતાના પુત્રો લોરેન્ઝો તથા ગિયુલિયાનોને માનવવાદી શિક્ષકો મારફત સારું શિક્ષણ અપાવ્યું તથા પ્લેટો, સિસેરો, પ્લુટાર્ક, કિવન્ટીલિયન (ઈ. સ. ૩૫-૯૫) વગેરેની કૃતિઓનો અભ્યાસ કરાવ્યો.

લોરેન્ઝોએ (૧૪૬૯-૯૨) પણ પોતાના પિતા તથા દાદાની વિદ્વાનો, શિલ્પીઓ, ચિત્રકારો ઈત્યાદિને આશ્રય આપવાની પ્રણાલિકા ચાલુ રાખી. તેણે નૂતન માનવવાદી પ્રવૃત્તિઓ તથા પુરાણી સાંસ્કૃતિક પ્રણાલિકાઓનો સમન્વય સાધીને રોમન સંસ્કૃતિનો વિકાસ કર્યો. તેણે ઈટાલિયન ભાષાનાં લખાણોને ઉત્તેજન આપીને સ્થાનિક સાહિત્યકારો તથા કલાકારોને પ્રોત્સાહિત કર્યા. વળી, લોરેન્ઝોએ પોતે દાંતે અને પેટ્રાર્કની પદ્ધતિએ સોનેટ-કાવ્યો લખ્યાં; તેમાં 'સંત જોન', 'સંત પોલ' તથા 'શિકાર' પરનાં તેનાં કાવ્યો વિશેષ પ્રશંસા પામ્યાં.

લોરેન્ઝો સારો આશ્રયદાતા તથા સારો સાહિત્યકાર હોવાની સાથે સબળ શાસક પણ હતો. તેણે વહીવટમાં સલાહ આપવા માટે અનુભવી તથા જ્ઞાની નાગરિકોની એક સમિતિ નિયુક્ત કરી અને જીવનભર તેમની સલાહ પ્રમાણે વહીવટ કર્યો; જો કે તેણે પોતે પણ વહીવટમાં દીર્ઘદષ્ટિ અને શાણપણ દાખવ્યાં. આથી તેના ૨૩ વર્ષના (૧૪૬૯-૯૨) શાસન દરમ્યાન એક પણ બંડ થયું નહીં તથા ફ્લોરેન્સ દરેક ક્ષેત્રે ખૂબ સમૃદ્ધ બન્યું.

લોરેન્ઝો એટલો હિંમતવાન રાજદક્ષ પુરુષ હતો કે ફ્લોરેન્સ સામે યુદ્ધે ચઢેલા નેપલ્સના રાજા પાસે એકલો જ જઈને સારી રીતભાત અને સારી વાતચીતથી તે સમાધાન સાધી આવ્યો.

લોરેન્ઝોએ પિકો ડેલ્લા મિરાન્ડોલા (૧૪૬૩–૧૪૯૪) નામના સાર્વત્રિક માન પામેલા વિદ્વાનને પણ આશ્રય આપેલો.

મિરાન્ડોલાએ બોલોગ્ના અને પેરિસની વિદ્યાપીઠોમાં અભ્યાસ કરેલો. તે તત્ત્વજ્ઞાન, સ્થાપત્ય, સાહિત્ય, અને કાવ્ય-સંગીતનો નિષ્ણાત હતો. તે અનેક ભાષાઓ જાણતો તથા તેની સ્મૃતિ ઘણી તેજ હતી. તે પ્લેટો અને એરિસ્ટોટલનાં દર્શનના સમન્વયમાં માનતો. તેને યહૂદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામના સિદ્ધાંતોમાં ઘણું સામ્ય લાગ્યું હતું. તે અંધશ્રદ્ધાનો કટ્ટર વિરોધી હતો અને ધાર્મિકતાનો પ્રખર હિમાયતી હતો. એ રીતે તે માનવનું ગૌરવ કરનાર માનવવાદીઓનો પ્રશંસક હતો. તે જ્યોતિષશાસ્ત્રનો અંધશ્રદ્ધાને ઉત્તેજન આપનાર શાસ્ત્ર તરીકે ભારે વિરોધ કરતો.

મિરાન્ડોલાએ ૨૪ વર્ષની વયે રોમ જઈને ત્યાંના ખ્રિસ્તી પંડિતો સમક્ષ ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, રહસ્યવાદ, નાસ્તિકવાદ, ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર ઈત્યાદિને લગતા ૯૦૦ મુદ્દાઓ રજૂ કરીને જાહેર વાદવિવાદ માટે તેમને પડકાર કર્યો હતો. મિરાન્ડોલાના મુદ્દાઓને કોઈએ પડકાર્યા નહિ, પરંતુ પોપે તેના અમુક મુદ્દાઓને ધર્મવિરુદ્ધના ગણાવ્યા. આથી તેને રોમમાંથી નાસી જવું પડ્યું હતું. લોરેન્ઝોએ તેને તેના મૃત્યુ સુધી આશ્રય આપ્યો હતો.

લોરેન્ઝો ૪૩ વર્ષની વયે ૧૪૯૨માં અવસાન પામ્યો. તે પોતાના સમયનો શાણો અને શ્રેષ્ઠ **સરમુખત્યાર શાસક** હતો. તેની મુત્સદ્દીગીરી, વક્તૃત્વશક્તિ તથા દલીલશક્તિ નોંધપાત્ર હતી. તેણે ફ્લોરેન્સને જ નહિ, આખા ઈટાલીને શાંતિ અને સલામતી આપી હતી.

લોરેન્ઝોએ પોતાની તથા રાજ્યની અઢળક દોલતનો ઉપયોગ લોકહિતાર્થે તેમજ ફ્લોરેન્સના સાંસ્કૃતિક ઉત્કર્ષ માટે કર્યો હતો. તેની સામાન્ય તેમ જ ગરીબ લોકો પ્રત્યેની સક્રિય હમદર્દી તથા સેવાથી લોકો તેનાં જાતીય સ્ખલનોને તથા તેણે પ્રાચીન ઈટાલીના **લોકશાહી સિદ્ધાંતોના** કરેલ ભંગને વિસરી ગયા હતા. લોરેન્ઝોના અવસાન બાદ ફ્લોરેન્સની અવનતિ થઈ તથા ઈટાલીની શાંતિ જોખમાઈ.

## ઇતર નગરરાજ્યોના શાસકો

ફ્લોરેન્સની તુલનામાં ઈટાલીનાં અન્ય નગરરાજ્યોમાં પુનર્જાગૃતિ–રેનેસાંની પ્રવૃત્તિઓ મંદ હતી, તો પણ ૧૫મી સદી દરમ્યાન મિલાન, મન્તુઓ, ફેરારા, મોડેના, અર્બિનો, અમ્બ્રિયા, વેનિસ, રોમ, નેપલ્સ વગેરે શહેરોમાં કેટલાક નોંધપાત્ર કલાકારો, શિલ્પીઓ, ચિત્રકારો તથા સાહિત્યકારો થયા.

* મિલાનના શાસકોએ આ કલાકારો અને સાહિત્યકારોને તથા જાણીતા માનવવાદીઓને રાજ્યાશ્રય આપેલ. મિલાનમાં **સ્ફોર્ઝા** શાસકોએ બંધાવેલ ૪૮૬ ફૂટ લાંબું, ૨૯૦ ફૂટ પહોળું અને ૩૫૪ ફૂટ ઊંચું દેવળ સ્થાપત્ય, શિલ્પ, કોતરકામ અને ચિત્રકલાનો ભવ્ય નમૂનો ગણાય છે. તે જ રીતે તેમણે મિલાનમાં બંધાવેલ વિશાળ દવાખાનું તેમની કીર્તિનાં જ્વલંત ઉદાહરણરૂપ છે. સ્ફોર્ઝા શાસનકાળમાં જ લિયોનાર્દો દ' વિન્સી (૧૪૫૨–૧૫૧૯) જેવાનેય રાજ્યાશ્રય અપાયો હતો. ફેપ્પા તથા એમ્બ્રોગિયો તે કાળમાં રાજ-સભાના જાણીતા ચિત્રકારો હતા.

*મન્તુઆ નગરીએ ઇટાલીના પુનર્જાગૃતિના આંદોલનમાં વિશિષ્ટ પ્રકારનું પ્રદાન કરેલું છે. તેના શાસકોએ વિદ્વાન શિક્ષક વિટોરિનોને તથા માન્ટેગ્ના (૧૪૩૧–૧૫૦૬) નામે વિખ્યાત ચિત્રકારને રાજ્યાશ્રય આપ્યો હતો. વિટોરિનોએ નવા માનવવાદી વિચારો ફેલાવવા તથા પ્રાચીન સંસ્કૃતિઓનો ઊંડો અભ્યાસ કરાવવા મન્તુઆમાં ૧૪૨૫માં શાળા સ્થાપી હતી. આ શાળામાં ગ્રીક, રોમન તથા લેટિન સાહિત્ય ઉપરાંત ખ્રિસ્તી ધર્મ, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન, વક્તૃત્વકલા, ચિત્રકલા, સંગીત, વ્યાયામ વગેરે વિષયો શીખવવામાં આવતા. શારીરિક અને માનસિક ખડતલપણું તથા શિસ્ત માટે વિદ્યાર્થીઓને ઘોડેસવારી, દોડ, તરવાની કલા, વગેરેની ખાસ તાલીમ અપાતી. ઉત્તર ઇટાલીના પ્રદેશોમાં પંદરમી સદીમાં તેની આ શાળા ખૂબ વિખ્યાત થઈ હતી. ઇટાલીના શાસકો પોતાના રાજકુમારોનેય યોગ્ય શિક્ષણ અને તાલીમ માટે આ શાળામાં મૂકતા. વિટોરિનો રાજાઓ, સામંતો તથા ધનિકોનાં છોકરા–છોકરીઓ પાસેથી સારી એવી ફી લેતો, જ્યારે ગરીબોનાં બાળકોને મફત શિક્ષણ અપાતું. સૌની સાથે સમાન વર્તાવ થતો તથા પ્રત્યેક પાસેથી શિક્ષણને લગતું સખત કામ લેવાતું. મન્તુઓના શાસકે વિટોરિનોની શાળા માટે કુદરતી સૌંદર્યવાળી જગામાં વિશાળ મકાન બાંધી આપેલું, જે ઉત્તર ઇટાલીમાં આનંદધામ તરીકે જાણીતું થયેલું.

૧૫મી સદીના નામાંકિત ચિત્રકાર માન્ટેગ્નાએ પદુઆના દેવળની ભીંતો પર ૧૪૪૮થી ૧૪૫૪ની વચ્ચે સાત પેનલોમાં ચિત્રોની હારમાળા દોરીને ચિત્રકાર તરીકેની પ્રથમ ખ્યાતિ મેળવી. તે ચિત્રોમાં ઐહિક તેમ જ દૈવી બાબતોનું મિશ્રણ છે. માન્ટેગ્નાએ ૧૪૫૬થી વેરોનાના સંત ઝેનોના દેવળની છત પર ચાર પેનલમાં દોરેલાં ચિત્રો ઉત્તર ઇટાલીમાં શ્રેષ્ઠ ધાર્મિક ચિત્રો તરીકે યાત્રાનાં ધામ બન્યાં છે. વળી, તેણે ગોન્ઝાગા શાસકોના મહેલો, દેવળો તથા પૂજાઘરોને વિવિધ ચિત્રોથી શણગાર્યાં છે. એમાં શાસકોના મહેલોમાં દોરાયેલ રાજકુટુંબના સભ્યોનાં ચિત્રો હૂબહૂ અને ખાસ જીવંત છે. મુખ્ય મહેલમાં કેનવાસ પર દોરેલાં ૮૮ ફૂટ લાંબાં આ ચિત્રોમાં જુલિયસ સીઝરની જીતનું સુરેખ અને ભવ્ય ચિત્રણ થયું છે. તેમાં જુલિયસ સીઝર, સૈનિકો, પાદરીઓ, સંગીતકારો, કેદીઓ, ગુલામો, હાથીઓ, પ્રાણીઓ, લૂંટનો માલ વગેરેનું વાસ્તવિક આલેખન છે. તેના રંગો ખૂબ ચમકદાર છે. માન્ટેગ્નાએ જીવનનાં બાકીનાં વર્ષોમાં દોરેલાં સોએક ચિત્રોમાં 'શહીદ ઈશુ', 'મેડોના', 'વિનસ', 'એપોલો', ઉપરાંત 'ઈસાબેલા' (ગિયાન ફ્રાન્સિસ્કોની પત્ની) વગેરે ખૂબ જાણીતાં છે.

**ઇસાબેલા** (૧૪૭૪–૧૫૩૯): આ સન્નારી તે સમયની સૌથી શાણી, સુંદર, વિદુષી, મુત્સદ્દી તથા માનવવાદી તરીકે ઉત્તર ઇટાલી તથા ઉત્તર યુરોપમાં પંકાઈ હતી. તેણે પોતાના પતિ તથા પુત્રની સાથે રહી રાજવહીવટ ઘણી કુશળતાપૂર્વક ચલાવ્યો હતો. આથી મન્તુઆને ઇટાલી અને યુરોપનાં રાજ્યોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું હતું.

પોપો, ધર્મગુરુઓ, શાસકો પણ ઇસાબેલાને માન આપતા. તેણે સાહિત્યકારો, કલાકારો તથા ચિત્રકારોને રાજ્યાશ્રય આપ્યો હતો. તેને પોતાને ગ્રીક તથા લેટિન ભાષાઓનું જ્ઞાન હતું. તે મૂર્તિઓ, પ્રાચીન ચીજવસ્તુઓ, હસ્તપ્રતો, સંગીતનાં સાધનો, કલાના નમૂનાઓ, ચિત્રો વગેરેની ભારે શોખીન હતી. તેણે પ્લેટો, એરિસ્ટોટલ, પ્લુટાર્ક, બર્નાર્ડ વગેરેની કૃતિઓના ભંડારો ભર્યા હતા, જે ઉત્તર ઇટાલી અને ઉત્તર યુરોપમાં ખૂબ જાણીતા બન્યા હતા.

ઈસાબેલાએ માન્ટેગ્ના, લિયોનાર્દો દ' વિન્સી (૧૪૫૨–૧૫૧૯), રોમેનો (૧૪૯૨–૧૫૪૬) વગેરેને ય આશ્રય આપેલો. વિખ્યાત ચિત્રકાર ટિટિયાને ઈસાબેલાનું ચિત્ર દોરેલું. તે જ રીતે લિયોનાર્દો દ' વિન્સીએ દોરેલું ઈસાબેલાનું ચિત્ર તેની સુંદરતા, ગંભીરતા તથા શક્તિની પ્રતીતિ કરાવે એવું છે.

ફેરારાનું ઈસ્તે રાજકુટુંબ ૧૫ મી સદીમાં જાણીતું બન્યું હતું. તેનો રાજા નિકોલો ત્રીજો (૧૩૯૩–૧૪૪૧) પણ શિક્ષણ, સાહિત્ય અને કલાનો પોષક હતો. જે રીતે ૧૫મી સદીમાં મન્તુઆમાં વિટોરિનોની શાળા વિખ્યાત થઈ હતી, તે રીતે ફેરારામાં ગુઆરિનો દ' વેરોના દ્વારા સ્થાપિત શાળા જાણીતી બની હતી. નિકોલોએ તેને રાજ્યાશ્રય આપેલો. નિકોલોનો પુત્ર લિયોનેલો (૧૪૪૧–૧૪૫૦) વેરોનાનો શિષ્ય હતો. તે ગ્રીક તથા લેટિન ભાષાનો વિદ્વાન હતો અને અચ્છો તરવૈયો તથા કસરતબાજ હતો. તેણે ફેરારામાં ક્લાસિકલ કૃતિઓનું પુસ્તકાલય વસાવ્યું તથા ફેરારા યુનિવર્સિટીમાં વિદ્વાન અધ્યાપકોની નિયુક્તિ કરી.

લિયોનેલોનો એક ભાઈ ઇર્કોલ (૧૪૭૧–૧૫૦૬) પણ પ્રાચીન ગ્રીક અને રોમન સંસ્કૃતિ તથા તેના સાહિત્યનો જાણકાર અને શોખીન હતો. તે નેપલ્સના રાજાની પુત્રી ઈલોનોરાને પરણ્યો હતો. ઈલોનોરા માન્ટેગ્ના તથા બેલિનીનાં ચિત્રોની ચાહક હતી તથા તેને ગ્રીક અને લેટિન સાહિત્યનો ભારે શોખ હતો. તેના શાસનમાં ઉત્તર ઇટાલીના ૧૫મી સદીના જાણીતા કવિ ટીટો સ્ટ્રોઝીને (૧૪૨૨–૧૫૦૫) તથા પ્રખ્યાત ચિત્રકારો તુરા અને કોસાને રાજ્યાશ્રય આપવામાં આવેલો.

* મોડેનાનો મેઝોની ટેરેકોટા પ્રકારનાં ચિત્રો બનાવનાર કલાકાર તરીકે ૧૫મી સદીમાં ઇટાલીભરમાં જાણીતો હતો. ઈશુના મૃત શરીર પર વિલાપ કરતી મેરીને લગતું તેનું ટેરેકોટા ખૂબ જ વિખ્યાત છે.

* અર્બિનોનો શાસક ડ્યુક ફેડેરિગો (૧૪૪૪–૧૪૮૨) જાણીતો માનવવાદી હતો. તે વિટોરિનોનો શિષ્ય હતો તથા ગ્રીક અને લેટિન સાહિત્યનો શોખીન હતો. યુદ્ધોના દિવસોમાં પણ તે પ્લેટો, એરિસ્ટોટલ અને અન્ય ચિંતકોનાં પુસ્તકો વાંચતો. અર્બિનોમાં શ્રેષ્ઠ પુસ્તકાલય સ્થાપવાના આશયથી તેણે ઇટાલીભરમાંથી હજારો હસ્તપ્રતો મંગાવી. તેણે તેમની નકલો કરવા ૧૪ વર્ષ સુધી ૩૦ લહિયાઓને રોક્યા. વળી, અર્બિનોમાંનો તેનો વિશાળ મહેલ (૧૪૬૮) સ્થાપત્ય, શિલ્પ તથા ચિત્રકલાનો શ્રેષ્ઠ નમૂનો ગણાય છે.

ફેડેરિગોનો પુત્ર ગુઈડો બાલ્ડો (૧૪૮૨–૧૫૦૮) પણ તેના પિતા જેવો શાણો અને સારો શાસક હતો. તે પણ વિદ્યા–કલાનો શોખીન હતો. તે ઈસાબેલાની નણંદ ઈલિઝાબેથને પરણ્યો હતો (૧૪૮૮). તે પણ ઈસાબેલા જેવી વિદુષી હતી. તેણે વિદ્વાનો અને કલાકારોને સારું એવું ઉત્તેજન આપ્યું હતું.

* અમ્બ્રિયામાં ૧૫મી સદીમાં ફ્લોર્લી (૧૪૩૮–૯૪), સિગ્નોરેલી (૧૪૫૦–૧૫૨૩) તથા પેરુગીનો (૧૪૪૬–૧૫૪૩) જેવા જાણીતા ચિત્રકારો થયા. તેમનાં ચિત્રો હાલમાં પોપની વેટિકન ચિત્રશાળાને સુશોભિત કરે છે. પેરુગીનોનાં બે ચિત્રો—'ક્રુસિફિકેશન' અને 'સંત પીટરને ચાવી સોંપતા ઈશુ' જગવિખ્યાત બન્યાં છે.

## ઇતર રાજ્યશાસકો

**વેનિસ રાજ્ય** : એડ્રિઆટિક સમુદ્રને કિનારે આવેલું આ રાજ્યનું બંદર દેશ–દેશાવરો સાથેના વેપારનું મુખ્ય કેન્દ્ર હતું. તે પૂર્વ તથા પશ્ચિમના દેશો સાથેના વેપારથી પુષ્કળ સમૃદ્ધ બન્યું હતું. ત્યાંના લોકો સુખી હતા.

પરંતુ વેનિસનું રાજ્યતંત્ર જૂથશાહી ઢબનું હતું. ઉપલા ધનિક તથા બુદ્ધિજીવી વર્ગ દ્વારા ચૂંટાયેલ સેનેટ હસ્તક રાજ્યની આખરી સત્તા હતી, જો કે તે એકંદરે સારી રીતે રાજ્ય ચલાવતી અને રાજ્યમાં અશાંતિ ભાગ્યે જ થતી. વેનિસનું લોકજીવન સ્વાવલંબી, સ્વકેન્દ્રી, આનંદમય તથા વિવિધ ઉત્સવોથી ભરપૂર હતું. રાજ્ય અને સમાજજીવન બહુધા મધ્યયુગી પ્રણાલિકા પ્રમાણે ચાલતું. આથી ૧૫મી સદીના મધ્ય ભાગ સુધી વેનિસમાં ભાગ્યે જ માનવવાદી વિચારો તથા રેનેસાંનું પ્રસરણ થયું હતું.

**રોમનું પ્રદાન :** રોમ પોપની મુખ્ય નગરી હોવાથી પંદરમી સદીના મધ્યભાગ સુધી ત્યાં રૂઢિચુસ્ત પોપો તથા રૂઢિગત ધાર્મિક વાતાવરણને લીધે રેનેસાંનો ખાસ ઊગમ થયો ન હતો, પરંતુ માનવવાદી પોપ નિકોલસ પાંચમા (૧૪૪૭–૧૪૫૫) થી ઉદાર પોપ કલિમેન્ટ સાતમાના (૧૫૨૩–૧૫૩૪) મૃત્યુ સુધી રોમમાં રેનેસાંનો ઠીક ઠીક વિકાસ થયો. આ પહેલાં માનવવાદી પોગિયો (૧૩૮૦–૧૪૫૯) પોપની નોકરીમાં હતો. તેણે પાદરીઓના રૂઢ અને અનૈતિક જીવન પર કટાક્ષ કરતી રમૂજી કથાઓ લખી. તેણે રોમનું વર્ણન કરતું સૌ પ્રથમ પુસ્તક લખ્યું. પરંતુ ધર્મગુરુઓમાં નૈતિક સ્ખલનોની ટીકા કરનાર પોગિયો પોતે જ પોતાનાં નૈતિક સ્ખલનોથી થયેલ જાતીય રોગથી ૧૪૫૯માં મૃત્યુ પામ્યો !

માનવવાદી ટોમસ પેરેન્ટુએલી નિકોલસ પાંચમા તરીકે ૧૪૪૭માં પોપ બન્યો. તેણે સારા પોપ થવાનાં, રોમ ફરી બાંધવાનાં તથા કલાસિકલ કૃતિઓ અને કલાની પુનઃસ્થાપના કરવાનાં ત્રણ મુખ્ય ધ્યેયો બરોબર પાર પાડયાં. તેણે રોમના લોકોના પ્રશ્નોનો નિકાલ કરીને તેમની ચાહના મેળવી. તેણે પડોશી રાજ્યો સાથે સારા સંબંધો બાંધ્યા; પોપના પદ અંગે પડેલા ભાગલા દૂર કર્યા. તેણે વિખ્યાત સ્થપતિઓ અને કારીગરોને રોમમાં નિમંત્રીને તેમની પાસે રોમનાં મહેલો, દેવળો, સભાગૃહો વગેરે સમરાવ્યાં કે ફરી બંધાવ્યાં. રોમના રસ્તાઓ તથા પુલો નવેસરથી બંધાવ્યા. રોમને ફુવારા અને બગીચાઓથી સુશોભિત કર્યું. તેણે પોપના વેટિકન મહેલને નવા સ્થાપત્ય, નવા કોતરકામ અને વિવિધ શિલ્પો તથા ચિત્રોથી સજાવ્યો. આ માટે તેણે વિખ્યાત સ્થપતિ અને શિલ્પી આલ્બર્ટી તથા નામાંકિત ચિત્રકાર ઍંગેલિકો (૧૪૦૦–૧૪૫૫)ને રોમમાં નિમંત્રેલ તથા તેમને બધી સગવડો પૂરી પાડેલી.

નિકોલસ રોમને ફરી વિશ્વની મુખ્ય અને સંસ્કારી નગરી બનાવવા માગતો હતો. આથી તેણે માનેટી (૧૪૦૬–૧૪૫૫) નામે માનવવાદી વિદ્વાન અને કુશળ વહીવટકર્તાની પોતાના મુખ્યમંત્રી તરીકે નિયુક્તિ કરી. માનેટી ફ્લોરેન્સના મહાન શાસક કોસિમોનો મિત્ર હતો. તે ગ્રીક અને લેટિન ભાષાનો વિદ્વાન હોવા ઉપરાંત કાબેલ વહીવટકર્તા હતો. તેના હિબ્રુ ભાષાના જ્ઞાનને લીધે તે ધાર્મિક શાસ્ત્રોમાં પણ નિષ્ણાત હતો. તેની સલાહથી નિકોલસે ઉચ્ચ ધર્માધિકારીઓનાં પદો પણ આ પ્રકારના વિદ્વાનોને અને નિષ્ણાતોને આપ્યાં. આથી રોમના વહીવટ અને વાતાવરણમાં ઘણો સુધારો થયો, તથા રેનેસાંની પ્રવૃત્તિઓને પણ સારો એવો વેગ મળ્યો.

નિકોલસ પાંચમાએ નાસ્તિક ગણાતા અને ખ્રિસ્તી ધર્મગુરુઓની સખત ટીકા કરનારા વિદ્વાન વલ્લા (૧૪૦૫–૧૪૫૭)ને પણ રાજ્યાશ્રય આપેલો. વલ્લાએ 'ઓન પ્લેઝર' નામના પોતાના પુસ્તકમાં 'સ્ટોઈક' (સંયમી)ને બદલે 'એપિક્યુરિયન' (ઉપભોગવાદી) જીવનની તરફદારી કરી. નિકોલસે વલ્લા પાસે હોમર હેરોડોટસ તથા થુસિડાઇડ્સનાં પુસ્તકોનાં ભાષાંતર કરાવ્યાં; પ્રાચીન ગ્રીક અને રોમન કૃતિઓ મોટ પ્રમાણમાં એકત્ર કરીને રોમમાં એક સરસ પુસ્તકાલય વસાવ્યું.

**સામંતશાહી માનવવાદી નેપલ્સ :** નેપલ્સનું સામાજિક તથા આર્થિક માળખું રેનેસાંના વિકાસ માટે અનુકૂળ ન હતું. તેમાં ૧૫મી સદી સુધી સામંતશાહી રાજ્યતંત્ર તથા આર્થિક રીતે મધ્યયુગી જમીનદારી પદ્ધતિ વર્ચસ ભોગવતી હતી. નવા મધ્યમ વર્ગનું ૧૫મી સદી સુધી ખાસ મહત્ત્વ ન હતું. નેપલ્સમાં શહેરો નાનાં તથા ઓછાં હતાં અને વેપારી કેન્દ્રો ઘણાં થોડાં હતાં. આમ છતાં, ૧૫મી સદીના નેપલ્સના શાસકો આલ્ફાન્ઝો ૧લો (૧૪૩૫–૧૪૫૮) તથા તેનો પુત્ર ફેરાન્ટે (૧૪૫૮–૯૪) માનવવાદના ચાહક હતા. તેઓએ વિદ્વાનો અને કલાકારોને પોતાની રાજસભામાં નિમંત્ર્યા. આલ્ફાન્ઝોના સમયમાં નેપલ્સના વિખ્યાત કિલ્લાના પ્રવેશદ્વાર પર બંધાયેલ ભવ્ય કમાન ખાસ નોંધપાત્ર છે. નિકોલસ પાંચમાની

જેમ આલ્ફાન્ઝોએ પણ લોરેન્ઝો વલ્લાને રાજ્યાશ્રય આપેલ. વલ્લાએ પોતાના પુસ્તક 'ડોનેશન ઓફ કોન્સ્ટેન્ટાઈન'માં (૧૪૪૦) પોપ, ધર્મગુરુઓ તથા ખ્રિસ્તી દેવળની નીતિરીતિની સખત ટીકા કરેલી છે તથા નેપલ્સ પરના પોપના દાવાને નકારી કાઢયો છે. ફેરાન્ટેએ બેકાડેલી (૧૩૯૪–૧૪૭૧) તથા પોન્ટેનો (૧૪૨૬–૧૫૦૩) નામે જાણીતા માનવવાદી વિદ્વાનોને રાજ્યાશ્રય આપેલો. નેપલ્સમાં સ્થાપેલ એકેડેમીમાં માનવવાદી વિચારો ફેલાવવામાં તેમનો મહત્ત્વનો ફાળો છે.

## સંત બેનિડિકટ

[ઈ. સ. ૪૮૦–૫૪૭]

મઠ સ્થાપનાના ઇતિહાસમાં બેનિડિકટનું સ્થાન મોખરે છે. એમનું જીવન કાંઈક અંશે ગૌત્તમ બુદ્ધને મળતું આવે છે. બુદ્ધની જેમ એ પણ ઘણા ઊંચા કુટુંબમાં જન્મ્યા હતા. બુદ્ધની જેમ એમણે પણ તપસ્યાનો પ્રારંભ કષ્ટ અને ઉપવાસથી જ કર્યો હતો. એમણે વર્ષો સુધી એક સાંકડી ગુફામાં ખડક સાથે સાંકળે બંધાઈને આરાધના કરી હતી. કહેવાય છે કે એક દિવસ તેમને દેવવાણી સંભળાઈ કે, "સાંકળ તોડી નાખ–પ્રભુના સેવકે તો સાંકળ સાથે બંધાવાને બદલે ઈશુના આદેશોથી બંધાવું જોઈએ." આ ઈશ્વરી આદેશને માન આપી સાંકળ તોડી નાખી (તેઓ) ગુફાની બહાર નીકળી પડયા. રસ્તામાં તેમણે રોમ અને નેપલ્સ વચ્ચે એક સૂર્યમંદિર જોયું અને લોકોને સૂર્યની મૂર્તિની પૂજા કરતા જોયા. તેમણે આગળ વધવાનું પડતું મૂકી ત્યાં જ પડાવ નાખ્યો અને લોકોને મૂર્તિપૂજા કરતા અટકાવીને ઈશુની આરાધના કરવા પ્રેર્યા. અગાધ મહેનત પછી એ લોકોને ખ્રિસ્તી ધર્મ તરફ વાળી શકયા અને તેમના હાથે જ સૂર્યમંદિરનું ખંડન કરાવ્યું.

**મઠસ્થાપના :** આ પછી તેમણે દીક્ષિત ખ્રિસ્તી સાધુઓ માટે મઠોની સ્થાપના કરી. મઠજીવન અંગેના નિયમો ઘડયા. એ નિયમો એટલા ચોક્કસ હતા કે તેમનું રાજ્યના બંધારણ જેટલું જ મહત્ત્વ અંકાતું. મઠવાસીઓ માટે લગ્ન અને સંપત્તિ વર્જ્ય હતાં. ગરીબાઈ, આજ્ઞાપાલન અને દયા તેમનામાં અત્યંત જરૂરી લેખાતાં. મઠ અંગેનાં તમામ કાર્યો તેમણે જ કરવાનાં રહેતાં. પરિણામે, તે જમાનાના તમામ મઠો સ્વાવલંબી હતા. વળી, મઠાધિપતિની પસંદગી મઠવાસીઓ જ કરતા.

બેનિડિકટાઈન મઠો તે જમાના (૬ ઠ્ઠી સદી)માં જ્ઞાન અને સંસ્કૃતિનાં ધામો ગણાતા હતા. આ સાધુઓમાંથી જ પોપ અને આર્ચબિશપોની પસંદગી થતી.

(જગત-ઇતિહાસ-દર્શન : પાઠક અને દેસાઈ)

# ૩ : પુનર્જાગૃતિ : ઇટાલીમાં ચરમ વિકાસ

## [સોળમી સદી]

ઈટાલીમાં ૧૬મી સદીમાં કેટલાક નામાંકિત સ્થપતિઓ, શિલ્પીઓ તથા ચિત્રકારો થયા, જેમણે રેનેસાંના વિકાસને ચરમ કક્ષાએ પહોંચાડયો. આમાં લિયોનાર્દો દ' વિન્સી તથા માઈકેલ ઍન્જેલો જેવા બહુવિધ પ્રતિભાસંપન્ન કલાકારો અને રાફેલ, ટિટિયાન તથા ટિન્ટોરેટો જેવા વિખ્યાત ચિત્રકારો ખાસ ઉલ્લેખનીય છે.

**લિયોનાર્દો દ' વિન્સી** (૧૪૫૨=૧૫૧૯) : લિયોનાર્દો ફ્લોરેન્સ પાસેના વિન્સી ગામનો વતની હતો. બાલ્યવયથી જ તે તીવ્ર જિજ્ઞાસા–વૃત્તિ, શોધક બુદ્ધિ, શારીરિક શક્તિ અને તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતો હતો. તેનું અવલોકન ઘણું સૂક્ષ્મ હતું. તે ચિત્રકાર ઉપરાંત શિલ્પી, ઇજનેર, વૈજ્ઞાનિક તથા વિચારક હતો. ગણિત તથા સંગીતમાં તેને ખાસ રસ હતો.

ફ્લોરેન્સની વેરોચિયોની વિખ્યાત ચિત્રશાળામાં તાલીમ લીધા બાદ તે ફ્લોરેન્સના શાસક લોરેન્ઝોની ભલામણથી ૧૪૮૨માં મિલાન ગયો. ત્યાં તે ૧૭ વર્ષ (૧૪૮૨–૯૯) રહ્યો. મિલાનના શાસક લુડોવિકોએ લિયોનાર્દોની શિલ્પી, ચિત્રકાર તથા ઇજનેર તરીકેની શક્તિઓ બરોબર પ્રમાણી અને પોતાના પિતાનું ઘોડેસ્વાર શિલ્પ બનાવવાનું કાર્ય તેને સોંપ્યું. લિયોનાર્દોએ દશ વર્ષની સતત મહેનત બાદ, તે શિલ્પનું ૨૬ ફૂટ ઊંચાઈનું 'મોડેલ' તૈયાર કર્યું હતું, જેમાં ૫૦ ટન કાંસાની જરૂર પડી હતી.

લિયોનાર્દોએ દોરેલાં ચિત્રોમાં 'ધ વર્જિન ઓફ ધ રૉક્સ' (મેરી), 'ધ લાસ્ટ સપર' (અંતિમ ભોજન), 'મોના લિસા' અને 'ઈસાબેલા' ખૂબ જાણીતાં છે. તેમાંય 'ધ લાસ્ટ સપર' અને 'મોના લિસા' તેનાં સર્વશ્રેષ્ઠ ચિત્રો ગણાય છે; વિશ્વભરમાં તે ખ્યાતનામ બની ગયાં છે. 'વર્જિન ઓફ ધ રૉક્સ'માં બાળકો, ખડક, છોડવા, ફૂલો, ઝરણાં વગેરેનાં દશ્યો ખૂબ સરસ રીતે આલેખાયેલાં છે.

મિલાન ઉપરના ફ્રાંસના વિજય (૧૪૯૯) બાદ લિયોનાર્દોએ છ વર્ષ ફ્લોરેન્સમાં ગાળ્યાં. ત્યાં તેણે તેનાં કેટલાંક જાણીતાં ચિત્રો દોર્યાં હોવા ઉપરાંત મુખ્યત્વે ત્યાંના શાસક બોર્જિયાના મુખ્ય લશ્કરી સલાહકાર અને ઇજનેર તરીકે કામગીરી બજાવી. તેણે યુદ્ધમાં ઉપયોગી થાય તેવાં અસરકારક શસ્ત્રો, દારૂગોળો, યંત્રો વગેરે બનાવવાના પ્લાન પણ તૈયાર કરી આપ્યા. ઉપરાંત, મજબૂત પુલો બનાવવાના, જંગલોમાં માર્ગો કરવાના તથા વિશેષ પાણી મેળવવા સારુ નદીના પ્રવાહ બદલવાના નકશા પણ તેણે બનાવી આપ્યા.

આ સમય દરમ્યાન લિયોનાર્દો અને માઈકેલ ઍન્જેલો ફ્લોરેન્સમાં સાથે હતા. બંને કલાકારોને ત્યાંના રાજવીએ પોપના મિલાન તથા પીસા પરના વિજયોનાં ભીંતચિત્રો તૈયાર કરવાનું સોંપ્યું. બંનેએ આ કાર્ય સારી રીતે પાર પાડ્યું; પરંતુ આવી બિનતંદુરસ્ત સ્પર્ધાને લીધે તેમની વચ્ચે ઠીક ઠીક કડવાશ જન્મી. દરમ્યાનમાં લિયોનાર્દોએ પોતાનું બીજું શ્રેષ્ઠ અને જગવિખ્યાત ચિત્ર **'મોના લિસા'** (૧૫૦૩––૦૬) દોર્યું. તે ફ્રાન્સિસ્કો ગિયોકોંડાની ત્રીજી પત્ની મેડોના ઈલિસાબેટા (ઈલિઝાબેથ) હોવાનું મનાય છે.

તેને સ્મિત કરાવવા અને તેના યોગ્ય હાવભાવ ચીતરવા લિયોનાર્દોએ ત્રણ વર્ષ સુધી મેડોનાને અવારનવાર પોતાની ચિત્રશાળામાં બોલાવેલી અને તે માટે ખાસ સંગીતકારોય રાખેલા.

લિયોનાર્દોએ આ પછીનાં દશ વર્ષો (૧૫૦૬–૧૬) મિલાન અને રોમમાં ગાળ્યાં. આ વર્ષોમાં તેણે 'વર્જિન', 'બાલ ઈશુ', 'સંત જોન' આદિ જાણીતાં ચિત્રો દોર્યાં; વિવિધ શિલ્પો અને ચિત્રોથી રાજાઓના મહેલો શણગાર્યા; નહેરોના નકશાઓ દોર્યા અને નહેરો બંધાવવાના પ્લાન આપ્યા; લશ્કરી સેનાનીઓનાં ઘોડેસ્વાર પૂતળાં બનાવ્યાં. બાદ, પોપ લિયો ૧૦માના નિમંત્રણથી લિયોનાર્દો થોડો સમય રોમમાં રહ્યો અને ત્યાં તેણે પોપના મહેલ માટે ચિત્રો દોર્યાં અને શિલ્પો બનાવ્યાં.

ફ્રાંસના રાજા ફ્રાંસિસ ૧લાના નિમંત્રણથી લિયોનાર્દો ૧૫૧૬માં ફ્રાંસ ગયો. ત્યાં તેણે પોતાના જીવનનાં બાકીનાં ત્રણ વર્ષ (૧૫૧૬–૧૫૧૯) ગાળ્યાં. ફ્રાન્સિસે તેને એમ્બોઈસમાં સુંદર મકાન આપ્યું તથા વાર્ષિક ૮૭૫૦ પાઉન્ડનો દરમાયો બાંધી આપ્યો. ફ્રાંસમાં રાજકુટુંબના મનોરંજન માટે સંગીત અને નૃત્યગૃહો, પ્રદર્શનો વગેરેનું આયોજન કર્યું; ફ્રાંસની ભેજવાળી જગાઓને હરિયાળી બનાવવા સારુ નહેરો બનાવવાની યોજના કરી.

> લિયોનાર્દો દ' વિન્સી શ્રેષ્ઠ ચિત્રકાર, પ્રથમ કોટીનો શિલ્પી અને સ્થપતિ હોવા ઉપરાંત દૃષ્ટિવાળો ઇજનેર, તર્કશુદ્ધ વૈજ્ઞાનિક, શરીરશાસ્ત્રી, તત્ત્વજ્ઞાની, લેખક, ખગોળશાસ્ત્રી, જ્યોતિષશાસ્ત્રી અને પ્રકૃતિ તથા માનવમાં ઓતપ્રોત એવો ધર્મનિષ્ઠ બહુપ્રતિભ માનવી હતો.
>
> લિયોનાર્દોએ વિવિધ વિષયો સંબંધી ૫૦૦૦ પાનાં ભરેલી ૧૨૦ હસ્તપ્રતો લખેલી છે. (તેમાંથી ૫૦ હાલમાં પ્રાપ્ય છે.)

લિયોનાર્દોનો સંપૂર્ણ ગ્રંથ 'ટ્રિટાઈઝ ઓન પેઈન્ટિંગ' છે, જે ૧૬૫૧માં પ્રકાશિત થયેલો. મિલાનમાંથી મળી આવેલી તેની એક જ હસ્તપ્રતમાં કોલસો, લાલચોક અને શાહીપેનથી દોરેલી રેખાઓ અને આકૃતિઓ છે.

લિયોનાર્દોને ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રમાં ખાસ રસ હોઈને તેણે નાની વસ્તુને મોટી જોવા માટેના કાચ (સૂક્ષ્મદર્શક યંત્ર)ની કલ્પના કરેલી. તેણે સૂર્ય ફરતો નહિ હોવાનું વિધાન કરેલું. વળી, તેને વાદળોના ગડગડાટ, ભારે વર્ષા, ધોધ, રણો, તોફાની પ્રવાહો, પવનના સુસવાટા વગેરેમાં ખૂબ રસ પડતો.

* લિયોનાર્દો કલાકાર, ઇજનેર, વૈજ્ઞાનિક તથા ભૌતિકશાસ્ત્રી હોવા છતાંયે 'ભૌતિકવાદી' ન હતો. તે 'અધ્યાત્મવાદી' હતો. તે સૃષ્ટિસર્જન પાછળ કોઈ દૈવીશક્તિ હોવાનું માનતો, જોકે તે પોતાના સમયના વહેમો અને સજાતીય સંબંધોની નબળાઈથી મુક્ત ન હતો.

**માઈકેલ ઍન્જેલો** (૧૪૭૫–૧૫૬૪) : માઈકેલ ઍન્જેલો ૧૬મી સદીનો બીજો મહાન શિલ્પી, ચિત્રકાર તથા ઇજનેર હતો. ફ્લોરેન્સના વિખ્યાત ચિત્રકાર ડોમેનિકો ઘિર્લેન્ડીઓની જાણીતી ચિત્રશાળામાં તેણે તાલીમ લીધી, તે દરમ્યાન, માત્ર ૧૫ વર્ષની વયે, પોતાનું પ્રથમ શિલ્પ – ઇટાલીના પ્રાચીન દેવનું આરસનું પૂતળું કંડાર્યું. ફ્લોરેન્સનો શાસક લોરેન્ઝો તેનાથી મુગ્ધ થયો અને તેણે માઈકેલ ઍન્જેલોને બધી જ સગવડો પૂરી પાડીને પોતાના મહેલમાં રાખ્યો. ત્યાં તેના બે વર્ષ (૧૪૯૦–૯૨)ના વસવાટ દરમ્યાન એક અચ્છા શિલ્પી તરીકેનું તેનું ઘડતર થયું.

આ અરસામાં તેણે તેનું વિખ્યાત ચિત્ર 'ધ લાસ્ટ જજમેન્ટ' દોરીને ચિત્રકાર તરીકેની નામના પણ મેળવી. આ સમયગાળામાં સેવોનારોલા નામે પાદરી 'પ્યુરિટન' સુધારા માટેની જોરદાર હિમાયત કરતાં વ્યાખ્યાનો આપતો. માઈકેલ પર તેનાં બોધવચનોની ઊંડી છાપ પડી, પરિણામે તેનાં શિલ્પો અને ચિત્રોમાં સુધારક વૃત્તિ અને ધાર્મિકતા તથા નૈતિકતાના ભાવો વિશેષ વ્યક્ત થયા.

માઈકેલ એંજેલોએ થોડા સમય માટે બોલોગ્ના તથા રોમમાં વસવાટ કર્યો. તેણે બોલોગ્નામાં સંત ડોમિનિકનો મકબરો પૂર્ણ કર્યો તથા તેની ભીંતો પર દેવદૂતોનાં સુંદર શિલ્પો કોતર્યાં. બાદ, રોમમાં તેણે પોતાનાં શ્રેષ્ઠ શિલ્પોમાંનું એક શિલ્પ 'પીએટા' કંડાર્યું, તેમાં કુંવારી મેરી મૃત ઈશુને ખોળામાં લઈને બેઠી હોવાનું દૃશ્ય છે.

માઈકેલ એંજેલો ૧૫૦૧માં ફ્લોરેન્સ પાછો ફર્યો. ત્યાંની સત્તાધારી સમિતિએ તેને મોટા આરસના ટુકડામાંથી 'ડેવિડ'નું પૂતળું બનાવવાનું કાર્ય સોંપ્યું. આશરે ત્રણ વર્ષની જહેમત બાદ તેણે વિશ્વનું એક ઉત્તમ શિલ્પ કંડાર્યું. તેમાં ડેવિડ ગોફણ અને પથ્થર લઈને ગોલિયેથ તરફ ફેંકવાની તૈયારીમાં ઊભો હોવાનું દૃશ્ય છે. માઈકેલ એંજેલોનું 'પીએટા' શિલ્પ ગંભીર ભાવોનું પ્રતીક છે, જ્યારે તેનું 'ડેવિડ' ભારે શારીરિક સામર્થ્યના ભાવો વ્યક્ત કરતું શિલ્પ છે. આ જ અરસામાં સમિતિએ તેને ૧૨ ફિરસ્તાઓનાં શિલ્પો બનાવવાની કામગીરી સોંપી, જે તેણે ૧૨ વર્ષમાં પૂરી કરી.

ફ્લોરેન્સના વસવાટ દરમ્યાન માઈકેલ એંજેલોએ 'હોલી ફેમિલી' – મેરી, ઈશુ, જોન તથા નગ્ન શિષ્યો દર્શાવતું નમૂનેદાર ચિત્ર – દોરીને પ્રથમ કોટીના શિલ્પીની સાથે સારા ચિત્રકાર તરીકે કીર્તિ પ્રાપ્ત કરી. આમ તો, નગ્ન ચિત્રો રેનેસાં-યુગની વિશિષ્ટતા ગણાય છે, પરંતુ માઈકેલ એંજેલોનાં નગ્ન ચિત્રોમાં ક્લાસિકલ કલાની સ્પષ્ટ અસર દેખાય છે.

આ પછી, પોપ જુલિયસ બીજા (૧૫૦૫–૧૩)ના નિમંત્રણથી રોમ ગયેલા માઈકેલ એંજેલોએ રોમના સિસ્ટાઈન પૂજાઘરની છત પર અદ્‌ભુત ચિત્રોની હારમાળા દોરીને રાફેલ (૧૪૮૩–૧૫૨૦)ની કોટીના શ્રેષ્ઠ ચિત્રકાર તરીકેની કીર્તિ મેળવી. આ ચિત્રસર્જન માટે જમીનથી ૬૮ ફૂટ ઊંચી અને ૬૦૦૦ કરતાં વધુ ચોરસ ફૂટમાં પથરાયેલી છત સુધી પહોંચતા મોટા વિસ્તારને આવરી લેતો માંચડો બાંધ્યો હતો. આ ભગીરથ કાર્ય પાર પાડતાં ચાર વર્ષ (૧૫૦૮–૧૨) લાગ્યાં હતાં. તેમાં તેણે ૩૯૪ આકૃતિઓ સાથે કુલ ૧૪૫ ચિત્રો દોર્યાં હતાં, જેમની લંબાઈ ૮ થી ૧૦ ફૂટ સુધીની છે. આખી છતને તેણે ચિત્રોની જુદી જુદી પેનલોમાં વહેંચી નાખી છે. મધ્યસ્થ પેનલમાં ઈશુના જન્મ, ધર્મપ્રચાર, વધ, પુનરાગમન, મુખ્ય શિષ્યો તથા પાપમુક્તિ વિષયક ચિત્રો દોરેલાં છે; જ્યારે બંને બાજુઓની પેનલોમાં ઈશ્વર દ્વારા પાણી તથા પૃથ્વીનું સર્જન, પ્રકાશ અને અંધકારનું વિભાજન, આદમ અને ઈવની ઉત્પત્તિ, મનુષ્યનું પતન, નોહાનું પતન, પ્રલય વગેરેનાં દૃશ્યો છે. છતની કમાનો અને ખૂણાઓમાં કસરતબાજો તરીકે ઓળખાતા નગ્ન પુરુષોની આકૃતિઓ છે. એક જ કલાકાર અનેક વિભિન્ન ભાવો પ્રગટ કરનારાં સંખ્યાબંધ ચિત્રો દોરી શક્યો તે મહાન સર્જનશીલતાની સિદ્ધિ રૂપ છે.

પોપ જુલિયસ બીજાના મૃત્યુ (૧૫૧૩) બાદ તેના અનુગામી પોપ લિયો ૧૦માએ (૧૫૧૩–૨૧) માઈકેલ એંજેલોને રાજ્યાશ્રય આપ્યો. તેની આર્થિક સહાયથી માઈકેલે જુલિયસ બીજાના મકબરાનું સ્થાપત્ય અને શિલ્પ પૂર્ણ કર્યું. તેનાં વિવિધ શિલ્પોમાં મોસેસ અને મેડોનાનાં શિલ્પો ખાસ નોંધપાત્ર છે. આ ગાળા દરમ્યાન લિયોની સૂચનાથી તેણે ફ્લોરેન્સના સંત લોરેન્ઝોના દેવળનું સ્થાપત્ય તૈયાર કર્યું. મેડિસી રાજાઓના મકબરાઓમાં પણ નવાં શિલ્પો ઉમેર્યાં. તેમાં 'ડે એન્ડ નાઈટ' તથા 'ડોન એન્ડ સનસેટ'નાં વિચારપ્રેરક શિલ્પો

વિશેષ પ્રશંસાપાત્ર છે. તેમાં 'ડે' પુરુષની અને 'નાઇટ' સ્ત્રીની આકૃતિ છે, જે અનુક્રમે ફ્લોરેન્સની ચડતી અને પડતીની સૂચક છે, જ્યારે 'ડોન' અને 'સનસેટ' ફ્લોરેન્સના કમનસીબ સમયનાં પ્રતીક છે.

માઇકેલ ઍન્જેલોનું અંતિમ વિખ્યાત ચિત્ર સિસ્ટાઇન પૂજાઘરની દીવાલ પર દોરેલ 'ધ લાસ્ટ જજમેન્ટ' છે. તેમાં ઈશુ તથા સંત પીટર સહિતની અનેક મોટા કદની આકૃતિઓ ચીતરવામાં આવેલી છે.

* માઇકેલ ઍન્જેલો ઉમરાવ કુટુંબનો અને પૈસાપાત્ર હોવા છતાંય ગરીબને ચાહતો. તેને પોતાનેય ગરીબીમાં જીવવાનું વધારે ગમતું. તે વિલક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવતો ચિંતક–કલાકાર હતો. પરંતુ તે મુખ્યત્વે શિલ્પી હતો. તેને વિટોરિયા કોલોના નામે સ્ત્રી સાથે ગાઢ સંબંધ હતો. તેનું ૧૫૪૭માં અવસાન થતાં તે સાવ એકલો પડી ગયો હતો. તેનું ૮૯ વર્ષનું લાંબું અપરિણીત જીવન લગભગ એકલવાયું હતું. તે પોતાની કલામાં જ ઓતપ્રોત રહેતો; પોતાનાં શિલ્પો અને ચિત્રોને પોતાનાં બાળકો કહેતો. તેણે પણ લિયોનાર્દોની માફક કલાકારોની આખી પેઢી ઊભી કરી છે.

**રાફેલ** (૧૪૮૩–૧૫૨૦) : રાફેલ ઇટાલીનો ૧૬મી સદીનો એક શ્રેષ્ઠ ચિત્રકાર તથા લિયોનાર્દો અને માઇકેલ ઍન્જેલોની કોટીનો ઉત્તમ કલાકાર હતો. રાફેલનો પિતા રાજસભાનો ચિત્રકાર હોવાથી તેને ચિત્રકલા વારસામાં મળી હતી. રાફેલમાં નવા વિચારો અને નવી વસ્તુઓ ગ્રહણ કરવાની અજબ શક્તિ હતી. ૧૧ વર્ષની વયે વડીલો ગુમાવતાં, અર્બિનોના એક ચિત્રકાર પાસે તાલીમ લીધા બાદ તે પેરુગિયાના વિખ્યાત ચિત્રકારની ચિત્રશાળામાં તાલીમ માટે દાખલ થયો હતો. ત્યાં રાફેલે ટૂંક સમયમાં એટલી સિદ્ધિ મેળવી કે તેનાં તથા તેના ગુરુનાં ચિત્રો વચ્ચે તફાવત કરવાનું મુશ્કેલ બન્યું.

લિયોનાર્દો તથા માઇકેલ ઍન્જેલો પાસેથી ચિત્રકલામાં વિશેષ નિપુણતા મેળવવાના આશયથી રાફેલ ૧૫૦૪માં ફ્લોરેન્સ ગયો. બંનેનાં ચિત્રોની ઘેરી અસર તેનાં ચિત્રો પર થઈ હતી. પોપ જુલિયસ બીજાના નિમંત્રણથી રાફેલ ૧૫૦૮માં રોમ ગયો. ત્યાં વેટિકન મહેલના અમુક ઓરડાઓને ચિત્રોથી પુન:સુશોભિત કરવાનું કાર્ય તેને સોંપવામાં આવ્યું, જે તેણે ચાર વર્ષના ગાળામાં ખૂબ નિપુણતાથી પાર પાડ્યું.

પોપ લિયો ૧૦માએ રાફેલને વેટિકન મહેલમાં બંધાયેલ નવી ગેલેરીઓ ચિત્રોથી શણગારવા જણાવતાં, રાફેલે તેમાંની એક ગેલેરીની છતને બાવન જેટલાં ચિત્રોથી સુશોભિત કરી. આ ચિત્રોમાં છેક સૃષ્ટિસર્જન તેમ જ ઈશુના જન્મથી માંડીને ઈશુના અંતિમ ન્યાય સુધીની બાઈબલની કથાને આવરી લેવામાં આવેલી છે. વળી, લિયો ૧૦માના આદેશથી રાફેલે ઈશુના મૂળ ૧૨ શિષ્યોનાં ઉપદેશો તથા કાર્યોને લગતાં રેશમી કપડાં પર દોરેલાં ૧૦ ચિત્રોની ગણના વિશ્વનાં સર્વશ્રેષ્ઠ ચિત્રોમાં થાય છે. તે દરેક ચિત્ર પાછળ આશરે ૨૦૦૦ ક્રાઉન (૨૫,૦૦૦ પાઉન્ડ)ની રકમ ખર્ચાઈ હતી. ઇતિહાસકારોના મતે, આ ચિત્રો પાછળના ખર્ચથી રાજા લિયો ૧૦માની તિજોરી ખાલી થઈ ગઈ હતી.

રાફેલનાં ચિત્રોમાં 'ન્યાય', 'હેલીઓડોરસની હકાલપટ્ટી', 'સંત પીટરની મુક્તિ', 'લિયો પહેલો તથા તથા અટિલાની મુલાકાત', 'દેવ એપોલોનો પવિત્ર પર્વત' વગેરે ચિત્રો ઉત્તમ અને ઉમદા ગણાય છે. આ ચિત્રો વિવિધ ભાવોના સમન્વયના શ્રેષ્ઠ નમૂના મનાય છે.

રાફેલે પોતાના જીવનનું અંતિમ ચિત્ર 'ઈશુનું દિવ્ય રૂપાંતર' ૧૫૧૭માં શરૂ કર્યું. તે પર્વતના મથાળે મુખ્ય શિષ્યો તથા પર્વતની તળેટીમાં એક મનુષ્ય અને તેના ગાંડા પુત્રનું ચિત્ર છે. આ મનુષ્ય ઈશુના શિષ્યો મારફત ઈશુને પોતાના ગાંડા પુત્રને સાજો કરવા માટે પ્રાર્થના કરે છે. આ સમયનું 'ઈશુનું દિવ્ય રૂપાંતર' અદ્ભુત લાગે છે. પરંતુ આ ચિત્ર પૂરું થાય તે પહેલાં રાફેલનું ૩૭ વર્ષની યુવાન વયે અવસાન થયું (ઈ. સ. ૧૫૨૦).

રાફેલનું અવસાન અતિ વિષયસેવનને લીધે થયાનું મનાય છે. તેણે પોતાના વસિયતનામા મારફત પોતાની ઉપપત્નીને ભરણપોષણ માટે પૂરતી રકમ આપીને, બાકીની રકમ અને ચીજવસ્તુઓ પોતાના શિષ્યો વચ્ચે વહેંચી દીધી.

રાફેલના સમકાલીન કલાકારોનાં કથન અનુસાર રાફેલ તે યુગનો સૌથી મહાન ચિત્રકાર હતો. તેણે સિસ્ટાઈન પૂજાઘરની છત પર દોરેલાં ચિત્રો અને મેડોનાનાં આશરે ૫૦ જેટલાં તેનાં ચિત્રો અજોડ ગણાય છે.

રાફેલે તેનાં ચિત્રોમાં નિરીશ્વરવાદ તથા ખ્રિસ્તી ધર્મનો નોંધપાત્ર સુમેળ સાધેલો છે, જે સ્ત્રીઓ તથા મેડોનાનાં ચિત્રોમાં સ્પષ્ટ જણાય છે. વળી, તેનાં ચિત્રો 'આદર્શવાદ' અને 'વ્યવહારવાદ'ના સુમેળના ઉત્કૃષ્ટ નમૂના છે. તેણે ધર્મ, તત્ત્વજ્ઞાન, સંગીત, ઇતિહાસ, યુદ્ધ વગેરે વિષયો પર દોરેલાં ચિત્રો સંઘર્ષનાં સૂચક હોવા છતાં તેમાં ક્યાંય જીવનની વિસંવાદિતા દેખાતી નથી.

**ટિટિયાન** (૧૪૭૭–૧૫૭૬) : ટિટિયાન ૧૬મી સદીમાં વેનિસની ચિત્રશાખાનું સર્વોચ્ચ સ્વરૂપ પ્રકટાવનાર મહાન ચિત્રકાર હતો. તેનાં ચિત્રો શારીરિક સૌષ્ઠવ, ચહેરાના હાવભાવ, યોગ્ય સ્વરૂપની રજૂઆત વગેરેની દૃષ્ટિએ તૈલચિત્રોના ઉત્તમ નમૂના ગણાય છે.

ટિટિયાનનાં ચિત્રોમાં વેનિસના શોખીન અને આનંદપ્રિય જીવનનું પૂરેપૂરું આલેખન છે. તે દુન્યવી ચિત્રકળામાં શ્રેષ્ઠ ઉદાહરણ મનાય છે. સિસ્ટાઈનના પૂજાઘરમાં રાફેલે દોરેલ મેડોનાના ચિત્રને બાદ કરતાં, ટિટિયાનનું 'કુમારી મેરીનું સ્વર્ગારોહણ' તૈલચિત્ર સૌથી શ્રેષ્ઠ કહેવાય છે. આ ચિત્ર ગંભીરતા, ધ્યાનનિષ્ઠા, જીવંત શક્તિ તથા પૂરેપૂરા હાવભાવનું ઉત્તમ પ્રતીક ગણાય છે.

વેનિસ પશ્ચિમનું સૌથી મોટું વેપારી કેન્દ્ર હતું. તે ખૂબ સમૃદ્ધ અને શોખીન શહેર હતું. ત્યાંનું લોકજીવન બહુધા દુન્યવી આનંદ અને જાતીય સુખથી ભરપૂર હતું. ટિટિયાન અને વેનિસના અન્ય કલાકારો સ્વાભાવિક રીતે જ પોતાનાં ચિત્રોમાં લોકરુચિને પોષનારો દુન્યવી આનંદ, ગ્રામ્ય જીવનનાં રમ્ય દશ્યો વગેરેને પ્રધાન સ્થાન આપતા. ધનિક લોકોનાં રહેઠાણોની દીવાલોને શોભાવતાં આ પ્રકારનાં ચિત્રોની ખૂબ માંગ રહેતી. આ ચિત્રોમાં ધર્મનું સ્થાન સ્વાભાવિક રીતે જ ગૌણ હતું. આ રીતે, વેનિસની કલા ફ્લોરેન્સ અને રોમની કલાથી જુદી પડતી હતી.

ટિટિયાનને પોતાના સમયના સૌથી મહાન રાજવી ચાર્લ્સ પાંચમા સાથે ઘનિષ્ટ સંબંધ હતો. તેણે ૧૬ વર્ષના ગાળામાં (૧૫૩૨–૧૫૪૮) ચાર્લ્સ પાંચમાનાં વિવિધ પ્રકારનાં બારેક જેટલાં ચિત્રો દોર્યાં હતાં. તેમાં 'રાણી ઈસાબેલા સાથે ચાર્લ્સ', 'લશ્કરી પોશાકમાં બખ્તર સાથે ચાર્લ્સ', 'મહેલની અગાશીમાં ચિંતનમાં બેઠેલ ચાર્લ્સ' વગેરે ખાસ ઉલ્લેખનીય છે. આ ચિત્રોમાં ચાર્લ્સનું આદર્શવાદી નહિ પરંતુ વાસ્તવિક ચિત્રણ છે, તે ખાસ નોંધપાત્ર છે. દા. ત. આ ચિત્રોમાં ચાર્લ્સની ખરબચડી ચામડી, અમુક સમયે નિરાશાજનક વદન, અમુક વખતની ક્રૂરતા અને અમુક સમયની માયાળુતા, સત્તાની ખુમારી અને સત્તાનો બોજ વગેરે યોગ્ય રીતે ઉપસાવવામાં આવેલ છે. ચાર્લ્સના જમાઈ અને અર્બિનોના રાજવી ફ્રાન્સિસ્કો તથા તેની પત્ની ઇલિયોનોરાનાં ટિટિયાને દોરેલાં ચિત્રો પણ ખૂબ પ્રશંસાપાત્ર છે. ત્યાર બાદ ટિટિયાને પોપ પોલ ત્રીજાના વિવિધ 'પોઝ' દોર્યા, જેમની તુલના રાફેલે દોરેલ પોપ જુલિયસ બીજાના 'પોઝ' સાથે થાય છે. બંને અંગસ્થિતિના ઉત્તમ નમૂનાઓ મનાય છે.

ટિટિયાને સ્પેનના ભાવિ રાજા ફિલિપ બીજાનાં દોરેલાં કેટલાંક ચિત્રોમાંનું એક ચિત્ર રેનેસાં-યુગનાં વ્યક્તિગત ચિત્રોમાં શ્રેષ્ઠ ગણાય છે.

ટિટિયાન કેવળ ઐહિક સુખ અને રાજારાણીઓના જ ચિત્રસર્જનમાં ડૂબી ગયો હતો એવું પણ નથી. તે ધર્મનું સ્થાન ગૌણ ગણતો હતો એવું કહેવાયું હોવા છતાં, તેણે ૧૫૨૨થી ૧૫૭૦ની વચ્ચે દોરેલાં ધાર્મિક ચિત્રો આદમથી માંડીને ઈશુ સુધીનો ખ્રિસ્તી ધર્મનો ઈતિહાસ દર્શાવે છે. એમાં ફિરસ્તાઓ અને સંતોની આકૃતિઓ ખાસ નોંધપાત્ર છે. તેમાંનું સૌથી હૃદયદ્રાવક છતાંયે વાસ્તવિક આકૃતિચિત્ર સંત લોરેન્સની શહીદીને લગતું છે. તેમાં રોમન સૈનિકો તથા ગુલામો મારફત સંતને જીવતા ભૂંજી નાંખવાનું દશ્ય રજૂ કરાયું છે.

* આમ છતાં, ટિટિયાનનો મુખ્ય રસ દુન્યવી બાબતોમાં જ હતો, તે તેણે દોરેલાં કુદરતનાં, રતિ-ક્રીડાનાં, સ્ત્રીઓનાં, નિર્વસ્ત્ર વ્યક્તિઓનાં તથા બળાત્કારનાં દશ્યો પરથી સમજાય છે. દેવી વિનસ (રતિ), દેવી ડાગેના (કુંવારી), તથા દેવ ઈરોઝ (કામદેવ) વગેરેનાં ચિત્રો પણ વાસ્તવિક જગતની ઝાંખી કરાવે છે. ટિટિયાને પોતે પોતાની જાતનાં દોરેલાં ચિત્રો ખૂબ રસપ્રદ છે. તેમાંનું અંતિમ ચિત્ર તેણે ૮૯ વર્ષની ઉંમરે દોર્યું હતું.

ટિટિયાન ચિત્રોની કમાણીમાંથી ખૂબ ધનિક બન્યો હતો અને મોટા બગીચા સહિતના સુંદર આવાસમાં મોજશોખથી રહેતો હતો. તેણે ૭૦ વર્ષ જેટલા અતિ દીર્ઘ સમય સુધી વેનિસ અને ઈટાલીના રેનેસાંના વિકાસમાં કીમતી પ્રદાન કર્યું હતું. તેણે પોતાના જીવનના અંતિમ વરસે (૯૯ની વયે) વેનિસના દેવળ માટે ઈશુ ખ્રિસ્તની દફનક્રિયાનું ચિત્ર તૈયાર કરી આપવાનું સ્વીકાર્યું હતું, જે અવસાન થતાં અપૂર્ણ રહ્યું હતું. વેનિસમાં એ વખતે ભયંકર પ્લેગ ચાલતો હોવા છતાંયે રાજ્યે યોજેલી તેની સ્મશાન-યાત્રામાં વેનિસના હજારો નાગરિકોએ ભાગ લીધો હતો.

**ટિન્ટોરેટો** (૧૫૧૮–૧૫૯૫) : વેનિસનો ૧૬મી સદીનો અન્ય મહત્ત્વનો ચિત્રકાર ટિન્ટોરેટો હતો. તે ટિટિયાનની ચિત્રકલાથી ખૂબ પ્રભાવિત હતો. તેણે શરૂઆતની તાલીમ ટિટિયાનની ચિત્રશાળામાં લીધી હતી.

ટિન્ટોરેટો રેશમ, સાટીન તથા જરીકિનખાબ પર ચિત્રો દોરતો. ૩૦ વર્ષની ઉંમરે ચિત્રકાર તરીકે તે જાણીતો બન્યો. તેનાં જાણીતાં ચિત્રોમાં 'કુમારી મેરી', 'ગુલામનો ચમત્કાર' તથા 'દારૂના દેવ' મુખ્ય છે. 'ગુલામનો ચમત્કાર' ચિત્રમાં માલિકે પરવાનગી આપવાનો ઈન્કાર કર્યા છતાં ગુલામ એલેકઝાન્ડ્રિયામાં આવેલ સંત માર્કની કબરે યાત્રા કરવા ગયો હોવાનું તથા ત્યાંથી પાછો ફરતાં તેના માલિકે લોખંડના સળિયાઓ અને ઓજારો વડે તેની આંખો ફોડાવી નાખવાના તથા તેના અવયવો ભાંગી નાખવાના કરેલ નિષ્ફળ પ્રયત્નોનું ટિન્ટોરેટોએ હૂબહૂ આલેખન કરેલું છે.

આ પછી ટિન્ટોરેટોએ 'વિશ્વની ઉત્પતિ', 'ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર', 'વિશ્વનો અંત' અને 'ઈશુનું પૃથ્વી પર પુનરાગમન' વગેરેને લગતી દંતકથાઓ દર્શાવતાં સોએક ચિત્રો દોર્યાં, જે ખાસ કરીને ઉપલા વર્ગોમાં ખૂબ પ્રશંસા પામ્યાં. આ પછી વેનિસનાં દેવળોના સંઘના પ્રમુખે ટિન્ટોરેટોને દેવળોનાં સભાગૃહોની દીવાલોને ચિત્રોથી સુશોભિત કરવાનું નિમંત્રણ આપીને તેનું બહુમાન કર્યું (૧૫૬૪); અને તેને જીવનભર વાર્ષિક સો ડયુસેટનું મહેનતાણું બાંધી આપીને તેના બદલામાં દેવળો માટે વાર્ષિક ત્રણ ચિત્રો તેની પાસેથી મેળવવાનું ઠરાવ્યું. આ પછીનાં ૧૮ વરસમાં (૧૫૬૪–૮૧) ટિન્ટોરેટોએ દેવળોની દીવાલો માટેનાં ૫૬ ચિત્રોમાં ખ્રિસ્તી સમાજ અને ખ્રિસ્તી ધર્મનો લગભગ સળંગ અને સમસ્ત ઈતિહાસ આવરી લીધો છે. આમાં ૪૦ ફૂટની દીવાલ પરની ૮૦ આકૃતિઓમાંનું ઈશુના ક્રુસિફિકેશન(વધ)ને લગતું વિશાળ ચિત્ર ટિન્ટોરેટોનું સર્વશ્રેષ્ઠ ચિત્ર ગણાય છે. યુરોપીય ચિત્રજગતમાંય આ ચિત્રનું સ્થાન માઈકેલ એંજેલોકૃત 'લાસ્ટ જજમેન્ટ'ની સમકક્ષ મનાય છે. ત્યાર બાદ ટિન્ટોરેટોએ સંત રૉકના જીવન અને સેવાકાર્યને લગતાં આઠ ચિત્રો આ હારમાળામાં ઉમેર્યાં હતાં. તેમાં અપંગો, અંધો, અનાથો વગેરેની સેવા કરતા સંત રૉકનું એક ચિત્ર વિશેષ ઉલ્લેખનીય છે.

વળી, આ દરમ્યાન તેણે વેનિસના વહીવટકર્તાના મહેલને પણ સુંદર ચિત્રોથી શણગાર્યો; ઉપરાંત, વેનિસના અન્ય ચિત્રકારોની માફક દુન્યવી ભોગવિલાસનાં દશ્યો રજૂ કરતાં ચિત્રો પણ દોર્યાં.

### વિશ્વનું સૌથી મોટું તૈલચિત્ર

ટિન્ટોરેટોએ પોતાના જીવનનું અંતિમ અને અતિ પ્રશંસાપાત્ર ચિત્ર મૃત્યુનાં ચાર વર્ષ અગાઉ (૧૫૯૦) તૈયાર કર્યું. સેનેટના સભાગૃહની એક આખી દીવાલને તેણે એક જ ચિત્રથી શણગારવાનું બીડું ઝડપ્યું. ટિન્ટોરેટોએ પોતાનાં પુત્રપુત્રીની સહાયથી કેનવાસ પર ૭૨ ફૂટ લાંબું અને ૨૩ ફૂટ ઊંચું (દીવાલના કદ જેટલું) ઈશુના 'સ્વર્ગારોહણ'નું ચિત્ર તૈયાર કર્યું. તેમાં મનુષ્યો, ફિરસ્તાઓ, પ્રાણીઓ વગેરે મળીને ૫૦૦ જેટલી આકૃતિઓ ચીતરવામાં આવી છે. કેન્દ્રમાં ઈશુ તથા મેરીને મૂકવામાં આવ્યાં છે. આ ઉપરાંત તેમાં કુદરતનાં વિવિધ દશ્યો પણ આલેખાયાં છે.

**વેરોનિસ** (૧૫૨૮–૮૮) : વેરોનિસ વેનિસની ચિત્રશાખાનો અંતિમ ગણનાપાત્ર ચિત્રકાર હતો. તેણે પણ ટિટિયાનની ચિત્રશાળામાં તાલીમ લીધેલી. તેનાં ચિત્રોમાં ૧૬મી સદીના વેનિસની સમૃદ્ધિ તથા ભવ્યતા માલૂમ પડે છે. તેણે પોતાનાં ચિત્રોમાં કીમતી પોશાકોમાં સજ્જ નરનારીઓ વિશેષ પ્રમાણમાં ચીતરેલાં છે. તે દુન્યવી બાબતો, ભવ્યતા અને રમ્યતાનો ખૂબ શોખીન હતો, તેની પ્રતીતિ તેનાં ચિત્રો— 'લેવીના ગૃહમાં ઉજાણી,' 'યુરોપા પર બળાત્કાર', 'કેથેરાઈનનાં લગ્ન' તથા વેનિસના મહેલોની છતોમાંનાં દશ્યચિત્રો—કરાવે છે.

એ જમાનાનું એક આગવું લક્ષણ—મુક્ત પ્રેમ દર્શાવતું ચિત્ર 'રતિ અને કામદેવ' છે. વળી, તેનાં વ્યક્તિચિત્રોમાં મોટે ભાગે રાજકુમારો, અમીરો, સેનેટરો, ધર્મગુરુઓ, ધનિકો મુખ્ય સ્થાન ધરાવે છે. જો કે, વેરોનિસે અન્ય ચિત્રકારોની માફક ધાર્મિક ચિત્રો પણ દોર્યાં છે, પરંતુ તેની ચિત્રકલામાં એ ચિત્રોનું સ્થાન ગૌણ છે. ખાસ નોંધપાત્ર હકીકત તો એ છે કે, તેનાં ચિત્રોમાં વર્જિન (મેરી) તથા વિનસ (રતિ)નું સમાન સ્થાન હતું.

રંગોનું સંમિશ્રણ એ વેનિસિયન કલાની આગવી વિશિષ્ટતા હતી.

# ૪ : પુનર્જાગૃતિ : ઇટાલી : રાજકીય-સામાજિક-સાંસ્કૃતિક પાસાં

## રાજકીય પાસું

પુનર્જાગૃતિમાં ઇટાલીમાં કલાના વિકાસની સાથે વિવિધ પ્રકારનું બૌદ્ધિક ઉત્થાન પણ થયું. મજબૂત રાજાશાહીના ઊગમ સાથે રાજ્યશાસ્ત્ર અને રાજ્યવહીવટને લગતા બદલાયેલા ખ્યાલો, નવા વેપારી વર્ગના ઉદય અને પ્રભાવને લીધે પરિવર્તન પામેલું આર્થિક માળખું, સમાજજીવનમાં થયેલા ગણનાપાત્ર ફેરફારો, સાહિત્ય, વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાનનો વિકાસ વગેરે ઇટાલીમાં પુનર્જાગૃતિ સમયનાં બૌદ્ધિક ઉત્થાનનાં નોંધપાત્ર લક્ષણો હતાં. ખાસ કરીને વેપારઉદ્યોગ, ચલણી નાણું તથા શહેરોના વિકાસને લીધે વિવિધ કરવેરા મારફત રાજ્યની તિજોરીમાં પુષ્કળ નાણું આવ્યું. આથી રાજાશાહી પ્રબળ બની અને તેને લીધે રાજકીય એકમોની સાથોસાથ આધુનિક ઢબની વહીવટી, લશ્કરી તથા ન્યાય પદ્ધતિ વિકાસ પામી, જે પહેલાં કરતાં ઠીક ઠીક ખર્ચાળ હતી.

રાજાઓને યુદ્ધ, વહીવટ અને મોજશોખને માટે પુષ્કળ નાણાંની જરૂર પડતી. અર્થતંત્રના થયેલા વેપારીકરણને લીધે નવી શરાફી બેંકિંગ પેઢીઓ ઉદય પામી હતી. તેમની પાસેથી રાજાઓ નાણાં ઉછીનાં લેતા. આથી આ શરાફોનો રાજ્યવ્યવસ્થા ઉપરનો પ્રભાવ વધ્યો. બીજી બાજુ, તેમણે પોતાની સલામતી તથા વેપારી હિતો ખાતર રાજાશાહીને તથા તેમના દૈવી હકના ખ્યાલને પણ ટેકો આપ્યો. વળી પોપ વિરુદ્ધના સંઘર્ષમાં સાથ આપ્યો; અને ઐહિક બાબતોમાં રાજાની સર્વોપરી સત્તાની તરફદારી કરતું સાહિત્ય પણ રચાયું. આથી એકંદરે, રાજ્ય પરની સામંતોની અસર લગભગ નાબૂદ થઈ અને પોપની અસર ઘણી ઘટી ગઈ.

* આમ, પુનર્જાગૃતિમાં મુક્ત વિચાર અને બૌદ્ધિક ઉત્થાનને અવરોધતાં બે મુખ્ય પરિબળો–સામંતશાહી અને ધર્મગુરુશાહી–નો પ્રભાવ ઓસરી જતાં, નવા પ્રકારનાં રાજકીય ચિંતનને તથા ઇતિહાસ, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના વિકાસને સારો એવો અવકાશ મળ્યો. આ વિકાસ પર આપણે દૃષ્ટિપાત કરીશું.

**ફ્રાન્સિસ્કો ગુસિયાર્ડિની** (૧૪૮૩–૧૫૪૦) : ગુસિયાર્ડિની ૧૬મી સદીનો જાણીતો રાજકીય ચિંતક અને ઇતિહાસકાર હતો. તેનો જન્મ ફ્લોરેન્સમાં ઉમરાવ કુટુંબમાં થયો હતો. તેને 'માનવવાદી' શિક્ષણ મળ્યું હતું. શરૂઆતની વકીલાત બાદ તેણે સ્પેનના રાજા ફર્ડિનાન્ડની રાજસભામાં ફ્લોરેન્સના રાજકીય પ્રતિનિધિ તરીકેની પ્રશસ્ય કામગીરી બજાવી (૧૫૧૨). આ પહેલાં તેણે ફ્લોરેન્સના જાણીતા અને રાજકીય પ્રભાવ ધરાવતા ધનિક કુટુંબ સાલવિયાટીની કન્યા મેરિયા સાથે લગ્ન કર્યું (૧૫૦૯), જે ખૂબ ફળદાયી નીવડ્યું. તેણે પોપ લિયો ૧૦મા તથા પોપ ક્લેમેન્ટ ૭માના સમયમાં આશરે ૧૯ વર્ષ (૧૫૧૫–૧૫૩૪) સુધી ઇટાલીમાં પોપ હસ્તકના પ્રદેશોમાં ગવર્નર તરીકેની કામગીરી બજાવી. આ દરમ્યાન તેને પોતાના સમયનાં ધાર્મિક અત્યાચારો, રાજકીય અન્યાયો, વહીવટી શિથિલતાઓ, રાજનીતિના પ્રવાહો વગેરેનો સારો એવો પરિચય થયો. તેનાં પુસ્તકોમાં આ બાબતોનો બરાબર પડઘો પડ્યો છે. તે પછી તેણે ફ્લોરેન્સના રાજકારણમાં ત્રણ વર્ષ સક્રિય ભાગ લીધો. ત્યારબાદ, નિવૃત્ત થઈને તે ગ્રામવિસ્તારમાં પોતાના રહેઠાણમાં જઈને રહ્યો. ત્યાં તેણે પોતાના જીવનનાં શ્રેષ્ઠ પુસ્તકો લખ્યાં. તેમાં 'ફ્લોરેન્સનો ઇતિહાસ'

૧૩૭૮થી ૧૫૦૯ સુધીનો સમયગાળો આવરે છે. એ સમયખંડને લગતી રાજકીય વિગતો, બનાવોનાં કારણોની સમીક્ષા અને વિવેચનમાં તેના સ્વતંત્ર વિચાર અને અનુભવોનું દર્શન થાય છે. પરંતુ ૧૦ ભાગોમાં લખેલ 'ઇટાલીનો ઇતિહાસ' તેની શ્રેષ્ઠ કૃતિ ગણાય છે. તેમાં ઇટાલીનો ૪૪૨ વર્ષનો ઇતિહાસ છે. તેમાં એ સમયગાળાને લગતી મુખ્ય રાજકીય તથા લશ્કરી ઘટનાઓનું ઊંડું પૃથક્કરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, આંતરિક યુદ્ધો તથા બહારનાં આક્રમણોથી ઇટાલીને થયેલ નુકસાનનું વિશદ વિવેચન પણ રજૂ થયેલું છે.

ગુસિયાર્ડિની કૅથોલિક ધર્મના મૂળ કાનૂનોમાં દઢ શ્રદ્ધા ધરાવતો હોવા છતાં સુધારક તરીકે માર્ટિન લ્યુથરનો પ્રશંસક હતો. તેણે પોતાની ખાનગી નોંધોમાં ધર્મગુરુઓની અનૈતિકતા તથા ધન-લોલુપતાની સખત ટીકા કરી હતી, અને તે ધર્મની અમુક પ્રચલિત વિધિઓને અંધશ્રદ્ધા પ્રેરનાર અને પૈસા કમાવાના સાધન તરીકે લેખતો હતો. ધર્મમાં વ્યાપેલ સડાને તે સૌથી ખરાબ અનિષ્ટ ગણતો હતો.

બીજી બાજુ, સ્વતંત્રતાની બૂમો પાડતા પરંતુ સત્તા માટે તલસતા ફ્લૉરેન્સના રાજકીય પક્ષો અને તેમના આગેવાનોની પણ ગુસિયાર્ડિનીએ કડક ટીકા કરેલી છે. તે વેપારીઓના પ્રભુત્વવાળા અલ્પજનતંત્ર (ઑલિગાર્કી)નો વિરોધી હતો, તથા લોકશાહી (ડેમોક્રસી)માં પણ તેને શ્રદ્ધા ન હતી. 'લોકોના શાસન'ને તે 'ગૂંચવણો અને ભૂલોનું શાસન' કહેતો. પોતાના સમયની વેરવિખેર સ્થિતિ જોતાં તે ઇટાલી માટે ઉદાર રાજાશાહીની તરફદારી કરતો.

**નિકોલો મેકિયાવેલી** (૧૪૬૯–૧૫૨૭) : ઇટાલીના રેનેસાં સમયનો બીજો જાણીતો ઇતિહાસકાર, રાજકીય ચિંતક, મુત્સદ્દી અને તત્ત્વજ્ઞાની નિકોલો મેકિયાવેલી હતો. તેનો જન્મ ફ્લૉરેન્સના સામાન્ય અમીર કુટુંબમાં થયો હતો. તેણે કાયદા અને લૅટિન ભાષાનો અભ્યાસ કરેલો. ગ્રીકભાષાનું તેનું જ્ઞાન મર્યાદિત હતું. પરંતુ તેને લિવી અને અન્ય પ્રાચીન રોમન લેખકોની કૃતિઓમાં ખાસ રસ હતો. તેને 'પુનર્જાગૃતિ' દરમ્યાનની કલામાં નહિ, રાજકારણમાં વિશેષ રુચિ હતી. ફ્લૉરેન્સમાંની દસ સભ્યોની બનેલી યુદ્ધ-સમિતિના મંત્રી તરીકે તેની નિયુક્તિ થઈ ત્યારે તે ૨૯ વર્ષનો હતો. આ પદ પર ૩૪ વર્ષ સુધી રહીને તેણે રાજકીય ક્ષેત્રે ફ્લૉરેન્સની પ્રશસ્ય સેવા બજાવી.

ત્યાર બાદ, ફ્રાંસના રાજા લુઈ ૧૨ માની રાજસભામાં ફ્લૉરેન્સના પ્રતિનિધિ તરીકેની તેની કામગીરી સારી રીતે સફળ થઈ અને લુઈ ૧૨ માને તે ફ્લૉરેન્સ તરફી બનાવી શક્યો. ફ્લૉરેન્સના પ્રતિનિધિ તરીકે મેકિયાવેલીએ અર્બિનોના શાસક બોર્જિયા સાથે કરેલી સફળ સમજાવટને પરિણામે તેને ફ્લૉરેન્સ અને ઇટાલીમાં પ્રથમ કક્ષાના મુત્સદ્દીનું સ્થાન પ્રાપ્ત થયું.

લાંબાં વરસોના અનુભવે મેકિયાવેલીને ખાત્રી થઈ કે રાજાઓ અને રાજ્યો નૈતિક સિદ્ધાંતોની ઉપેક્ષા કરીને ઉપયોગિતા તથા સ્વ-હિતના ખ્યાલોથી જ દોરવાય છે; રાજ્ય તેમ જ રાજકારણમાં ધર્મને પણ સ્થાન નથી; રાજ્યશાસન સંપૂર્ણ રીતે દુન્યવી બાબત છે. વળી, રાજ્યના રક્ષણ માટે ભાડૂતી લશ્કર વિશ્વાસપાત્ર ગણાય નહિ. તેને માટે ખડતલ અને તાલીમ પામેલા ખેડૂતો તેમ જ નાગરિકોનું બનેલું **કાયમી રાષ્ટ્રીય લશ્કર** અનિવાર્ય ગણાય. મેકિયાવેલીનું સમગ્ર રાજકીય દર્શન તેનાં વિખ્યાત પુસ્તકો 'ડિસ્કોર્સિસ' (સંભાષણો) તથા 'ધ પ્રિન્સ' (શાસક)માં વ્યક્ત થયેલ છે.

મેકિયાવેલીએ કાયમી રાષ્ટ્રીય સૈન્યના રજૂ કરેલા વિચારને ફ્લૉરેન્સના સત્તાવાળાઓએ ઠીક ઠીક આનાકાની બાદ સ્વીકાર્યો. અને તેમણે મેકિયાવેલીને આવાં સૈન્યની રચના કરવા પણ જણાવ્યું. મેકિયાવેલીએ આ દિશાનો પ્રથમ સફળ પ્રયોગ પીસા પર જ આક્રમણ કરીને તેને તાબે કરવામાં કર્યો (૧૫૦૮). આ પછી તેણે સ્વિટ્ઝર્લૅન્ડના સમવાયતંત્રના સંયુક્ત લશ્કરની પ્રશસ્ય કામગીરી નિહાળી. મેકિયાવેલીને ઇટાલી માટે આ પ્રકારના સમવાયતંત્ર અને સંયુક્ત લશ્કરની અનિવાર્યતા સમજાઈ.

મેકિયાવેલીના આ રાષ્ટ્રીય સૈન્યની આકરી કસોટી થઈ (૧૫૧૨). ફ્રાંસના રાજા ચાર્લ્સને ઇટાલીમાંથી હાંકી કાઢવાના સંયુક્ત પ્રયાસમાં સામેલ થવાનો ફ્લોરેન્સે ઇનકાર કરતાં પોપ જુલિયસ બીજાએ 'પવિત્ર સંઘનાં લશ્કરો'ને ફ્લોરેન્સમાંથી ગણતંત્ર નાબૂદ કરીને મેડિસીનું રાજાશાહી શાસન પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો, ત્યારે મેકિયાવેલીનું રાષ્ટ્રીય સૈન્ય 'પવિત્ર સંઘનાં લશ્કરો' સામે પરાજય પામ્યું. ફ્લોરેન્સમાં ગણતંત્રને સ્થાને ફરી મેડિસીનું રાજાશાહી શાસન સ્થાપિત થયું. મેકિયાવેલીએ હોદ્દો ગુમાવ્યો અને તેની કીર્તિને ઝાંખપ લાગી.

ફ્લોરેન્સમાં ગણતંત્ર ફરી સ્થાપવાના કાવતરામાં મેકિયાવેલી ભાગ લેતો હતો તેવા આક્ષેપસર તેની ધરપકડ થઈ અને તેની સતામણી કરવામાં આવી. પરંતુ પુરાવા નહિ મળતાં તેને છોડી મૂકવામાં આવ્યો. અપમાનિત થયેલ મેકિયાવેલી પોતાની પત્ની અને ચાર બાળકો સાથે ગ્રામવિસ્તારના પોતાના મકાનમાં રહેવા જતો રહ્યો. ત્યાં પોતાના જીવનનાં અંતિમ ૧૫ વર્ષો તેણે મુખ્યતઃ ગ્રંથલેખનમાં ગાળ્યાં.

મેકિયાવેલીએ સર્વપ્રથમ 'ડિસ્કોર્સિસ ઓન ધ ફર્સ્ટ ટેન બૂક્સ ઓફ લિવી' નામે મહાગ્રંથ (૧૦ ભાગ) લખવાનું શરૂ કર્યું. નિર્ધારિત ૧૦ પુસ્તકોમાંથી તે ત્રણ જ પુસ્તકો પૂરાં કરી શક્યો હતો (૧૫૧૩). તેમાં તેના રાજકીય વિચારો અને અનુભવોનો નિચોડ અપાયેલ છે. પ્રાચીન ગ્રીસ અને રોમના ઉત્તમ સાહિત્યની માફક પ્રાચીન ગ્રીસ અને રોમના વહીવટી તંત્રના શ્રેષ્ઠ સિદ્ધાંતોને પુનર્જીવિત કરીને ઇટાલીના વર્તમાન રાજકારણમાં તેમનો અમલ કરવા આ પુસ્તકોમાં મેકિયાવેલીએ જણાવ્યું છે. આ પછી ફ્લોરેન્સના મેડિસી રાજાને સમજાય અને ઉપયોગી થાય તે હેતુથી પોતાનાં ત્રણ પુસ્તકોના સાર રૂપે 'ડિસ્કોર્સિસ' (સંભાષણ) ગ્રંથ તૈયાર કર્યો. પરંતુ તે ગ્રંથ મેડિસી રાજાને મોકલાય તે પહેલાં રાજાનું અવસાન થયું (૧૫૧૬). આથી મેકિયાવેલીએ આ હસ્તપ્રત ભેટ તરીકે અર્બિનોના શાસક લોરેન્ઝોને મોકલી, પરંતુ તેની સ્વીકૃતિ મળી નહિ. અને એ હસ્તપ્રતની ચોરીછૂપીથી નકલો થતી રહી ! છેવટે મેકિયાવેલીના મૃત્યુનાં પાંચ વર્ષ બાદ તે ગ્રંથ છપાયો (૧૫૩૨). તે ખૂબ જ લોકપ્રિય થયો અને તેની ઘણી આવૃત્તિઓ પણ થઈ.

મેકિયાવેલીએ ૧૫૧૩થી ૧૫૨૫ની વચ્ચે 'યુદ્ધની કલા' (૭ ભાગ), 'મેન્ડ્રેગોલા' નામે નાટક, 'ફ્લોરેન્સનો ઇતિહાસ' (આઠ ભાગ) તથા 'પ્રિન્સ' નામે પુસ્તકો લખ્યાં. 'યુદ્ધની કલા' પુસ્તકમાં મેકિયાવેલીએ રાજા માટે પાયદળ અને હયદળના બનેલા ખડતલ અને શિસ્તબદ્ધ રાષ્ટ્રીય સૈન્યની અનિવાર્યતાની ચર્ચા કરેલી છે તથા લશ્કરી તંત્રના નિયમો પણ દર્શાવેલ છે તેમ જ સૈન્યને સુસજ્જ રાખવા યુદ્ધને આવશ્યક ગણાવ્યું છે. આ ગ્રંથોમાં તેણે ભાડૂતી સૈન્યને રાષ્ટ્રની શરમ કહેલ છે તથા લશ્કરી જુસ્સો ગુમાવેલ પ્રજાનો નાશ અવશ્યંભાવી હોવાનું વિધાન કરેલું છે. 'મેન્ડ્રેગોલા' નાટકમાં ઇટાલીના પ્રચલિત સમાજની અનૈતિકતાને નૈતિક રૂપે રજૂ કરવામાં આવી છે.

મેકિયાવેલીએ આઠ ભાગોમાં લખેલ 'ફ્લોરેન્સનો (રાજકીય) ઇતિહાસ'માં લોરેન્ઝોના અવસાન (૧૪૯૨) સુધીનો ફ્લોરેન્સનો વૃત્તાંત આપ્યો છે તથા પોપની સંસ્થાને ઇટાલીની રાજકીય એકતાને અવરોધનાર એક મુખ્ય પરિબળ તરીકે ગણાવેલ છે. પોતાની સત્તા તથા પ્રભાવ ટકાવવા પોપોએ ઇટાલીનાં રાજ્યોમાં વિખવાદ જગાવવામાં તથા તેમને અલગ અલગ રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોવાનું મેકિયાવેલીએ આ પુસ્તકમાં વિધાન કરેલું છે, જો કે આ વિધાન બધા પોપો માટે સાચું ન હતું.

મેકિયાવેલીનું સૌથી જાણીતું અને વિવાદાસ્પદ પુસ્તક 'ધ પ્રિન્સ' છે. તેમાં તેનું પરિપક્વ રાજકીય ચિંતન રજૂ થયેલું છે. ખાસ કરીને તેમાં રાજ્યશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રને લગતા તેના વિચારો રજૂ થયા છે. મેકિયાવેલી રાજ્યને માનવજીવનનું કેન્દ્રીય અંગ માને છે તથા વ્યક્તિને રાજ્ય સમક્ષ ગૌણ ગણે છે. તે

'અલ્પજનતંત્ર' (ઓલિગાર્કી)ને 'અપૂર્ણ' તથા 'ગણતંત્ર'ને નિર્બળ કહે છે તથા રાજ્યના રક્ષણ અને વિકાસ માટે સમર્થ શાસક (રાજાશાહી)ને અનિવાર્ય માને છે.

* એ યાદ રાખવું ઘટે કે અનેક વિવેચકોના મતે 'પ્રિન્સ'માં રજૂ થયેલી મેકિયાવેલીની રાજકીય વિચારસરણી ઇટાલીનાં રાજ્યોની તત્કાલીન અરાજક અને સંઘર્ષમય સ્થિતિમાંથી ઉદ્ભવેલી હોઈને તેમાં બૌદ્ધિકતા કરતાં સંવેદનશીલતાનું તત્ત્વ વિશેષ છે.

જોકે મેકિયાવેલી મનુષ્યમાત્રને સ્વભાવથી દુષ્ટ, છેતરપિંડી કરનાર, ટંટાખોર, ક્રૂર અને લાલચુ માને છે આથી, તેના મતે, તેને સુધારવા રાજ્ય અને કાનૂનોની જરૂર છે તેમજ રાજ્ય-હસ્તક પર્યાપ્ત સત્તા પણ આવશ્યક છે.

મેકિયાવેલીના મંતવ્ય પ્રમાણે દુષ્ટ મનુષ્યને શિસ્તમાં રાખવા માટે કાનૂન અને ધર્મ એ મોટામાં મોટાં પરિબળો છે. ધર્મ સારા નાગરિકો ઘડી શકે છે, પરંતુ ખ્રિસ્તી દેવળ અને પોપની સંસ્થાએ લોકોને પરલોક અને પાપનો ભય દર્શાવીને નિર્બળ બનાવ્યા હોવાનું મેકિયાવેલી માને છે. અલબત્ત, રાજ્યનાં હિતો આગળ તે નૈતિકતા–અનૈતિકતા, ન્યાય–અન્યાય, દયા–ક્રૂરતા વગેરેના ખ્યાલોને તદ્દન ગૌણ ગણે છે. પ્રજાના અસ્તિત્વ તથા તેની મુક્તિ માટે કોઈ પણ પ્રકારની હિંસા તથા અનૈતિકતાને પણ મેકિયાવેલી વાજબી ઠરાવે છે. તે જ રીતે, રાજ્યના સંરક્ષણ માટે આચરવામાં આવેલ દગા–ફટકા, અપરાધો તેમ જ ક્રૂર કાર્યોને મેકિયાવેલી 'યશપ્રદ' ગણી આવકારે છે.

રાજ્યનો વિસ્તાર કરવાની નીતિને પણ મેકિયાવેલી જરૂરી ગણે છે. વિસ્તાર વગર રાજ્યનો નાશ થાય છે. આ માટે યુદ્ધ અનિવાર્ય છે એવી તેની દલીલ છે. વળી, કાયમી શાંતિ લોકોમાં નિષ્ક્રિયતા અને નિર્બળતા લાવે છે. યુદ્ધ એ 'રાષ્ટ્રીય ટૉનિક' છે, જે મનુષ્યમાં શિસ્ત, શક્તિ તથા એકતા પ્રેરે છે. દેશના હિત માટે વિદેશો સાથે લુચ્ચાઈભરી મુત્સદ્દીગીરી પણ આવશ્યક છે. દેશનું હિત જોખમમાં હોય તો, સુલેહ કર્યા પછીય, તેને માન આપવાની જરૂર નથી. અસરકારક મુત્સદ્દીગીરીના અમલ માટે દેશ પાસે વિશાળ અને શિસ્તબદ્ધ રાષ્ટ્રીય સૈન્ય હોવાનું તે અનિવાર્ય લેખે છે.

* જોકે મેકિયાવેલી અંતે સ્વીકારે છે કે શાસકે લોકોનો પ્રેમ સંપાદન કરવા લોકહિતનાં કાર્યો કરવાં જરૂરી છે. તેણે વિદ્યા, કલા અને સાહિત્યને ઉત્તેજન આપવું જોઈએ તથા તેણે વિવિધ સંઘો અને તેમના આગેવાનોને વિશ્વાસમાં લેવા જોઈએ. શાસકે યાદ રાખવું ઘટે કે પ્રેમ એ કાયમી છે, જ્યારે ક્રૂરતા એ અપવાદરૂપ છે.

## સામાજિક–સાંસ્કૃતિક પાસું

પુનર્જાગૃતિના સમયમાં કલા–સ્થાપત્ય અને સાહિત્યના વિકાસની સાથે સમાજજીવનમાં પણ મહત્ત્વનાં પરિવર્તનો થયાં. ધનદોલતમાં થયેલી વૃદ્ધિ, અવારનવાર રાજકીય ઊથલપાથલો તથા વિવિધ ક્ષેત્રોમાંની બૌદ્ધિક પ્રગતિએ પણ સામાજિક–સાંસ્કૃતિક પરિવર્તનોમાં નોંધપાત્ર ભાગ ભજવ્યો. વળી, ગ્રીક અને લૅટિન કૃતિઓનાં ખેડાણે તથા માનવવાદી વિચારસરણીએ પ્રાચીન ઇટાલિયન સાંસ્કૃતિક ખ્યાલો અને પુરાણી સામાજિક સંસ્થાઓને બદલવામાં ગણનાપાત્ર હિસ્સો આપ્યો. વધેલી સમૃદ્ધિએ સામાજિક પ્રગતિની સાથે સાથે સામાજિક વિકૃતિઓ વધારવામાં પણ ભાગ ભજવ્યો છે. પરિણામે સ્ત્રીઓની સ્થિતિ, નૈતિક ખ્યાલો, જાહેર જીવનનાં ધોરણો, રીતભાત, આનંદ–પ્રમોદના પ્રકારોમાં મહત્ત્વના ફેરફારો થયા છે.

મધ્યયુગમાં સ્ત્રીનું સ્થાન સામાન્યત: ગૃહ પૂરતું મર્યાદિત હતું. તેના પ્રત્યેનો કઠોર વર્તાવ પણ અસામાન્ય ન હતો. આમ છતાં, ઘરમાં ગૃહિણી અને માતા તરીકે તેનું સ્થાન નિશ્ચિત રીતે સ્વીકારાયું હતું.

પુનર્જાગૃતિના સમયમાં અન્ય ખ્યાલોની માફક સ્ત્રીઓ વિશેના ખ્યાલો પણ બદલાયા હતા. રાજકુટુંબ અને ઉપલા વર્ગની સ્ત્રીઓ પુરુષોની સાથે શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણ લેતી થઈ. વિટોરિનો તથા વેરોના જેવા વિખ્યાત ગુરુઓના માર્ગદર્શન તળે ઈલિઝાબેથ ગોન્ઝાગા, ઇસાબેલા તથા બિયેટ્રિસ અને અન્ય સ્ત્રીઓએ ગ્રીક તથા લેટિન સાહિત્યના ઊંડા અભ્યાસ મારફત માનવવાદી વિચારો કેળવીને રાજકારણ તેમ જ સમાજજીવનમાં અગ્રભાગ ભજવ્યો હતો. ઉપરાંત, અનેક સ્ત્રીઓ પોતાની વિદ્યાબુદ્ધિ કે શૌર્યશક્તિથી જાણીતી બની હતી. તેમાં વિટોરિયા કોલોના (૧૪૯૦–૧૫૪૭) અગ્રસ્થાને હતી. તે ગ્રીક અને લેટિન સાહિત્યમાં નિપુણ હતી તથા ઇટાલિયન ભાષામાં તે પ્રશિષ્ટ ગદ્ય–પદ્યની લેખિકા હતી. તેણે શેષ જીવન ધાર્મિક–સુધારક પ્રવૃત્તિઓમાં ગાળ્યું હતું. માઈકેલ ઍંજેલો તેની વિદ્યાશક્તિ અને ધાર્મિક વૃત્તિથી ખૂબ પ્રભાવિત થયેલો, તેની કલા–પ્રવૃત્તિમાં સુદ્ધાં પ્રેરણા પામેલો.

તે સમયની બીજી અપ્રતિમ વીરતાના પ્રતીક તરીકે ફોર્લિના ઠાકોરની પત્ની કેથેરિન સ્ફોર્ઝાનું દૃષ્ટાંત આપી શકાય. બંડખોરોને હાથે પતિની હત્યા થઈ ત્યારે તેણે બંડખોરોને પરાજિત કરીને રાજગાદી સાચવી રાખી હતી. એવી રીતે મિલાનના રાજા ફ્રાન્સિસ્કો સ્ફોર્ઝાની ગેરહાજરીમાં તેની રાણી બિયાન્કા મેરિયા ઉત્તમ વહીવટકર્તા સિદ્ધ થઈ હતી.

જોકે, પુનર્જાગૃતિના સમયની ઉપલા વર્ગની કેટલીક અન્ય સ્ત્રીઓ રાજકારણ અને જાહેર જીવનમાં ભાગ લેતી થઈ હતી, તો પણ તેઓ ગૃહિણી તથા માતા તરીકેની ફરજો બજાવવામાં પૂરેપૂરી સજાગ હતી. તેમણે પોતાનાં સ્ત્રીત્વ તથા ધર્મપરાયણતા જાળવી રાખેલ. આનું સચોટ આલેખન લિયો આલ્બર્ટીકૃત 'ઑન ધ ફેમિલી' નામે ચાર ભાગમાં લખાયેલ ગ્રંથ (૧૪૩૪)માં મળે છે.

* રેનેસાં–યુગની ઉપલા વર્ગની અનેક સ્ત્રીઓએ પોતાનાં શારીરિક સુંદરતા, બુદ્ધિપ્રતિભા, શિષ્ટ રીતભાત તથા ભભકાદાર પોશાકથી ચિત્રકારો અને શિલ્પીઓને એટલા બધા પ્રભાવિત કર્યા છે કે તેમણે તેમને નજર સમક્ષ રાખીને મેડોના તથા વિનસનાં સેંકડો ચિત્રો દોર્યાં છે અને શિલ્પો કંડાર્યાં છે. તેમને નિર્વસ્ત્ર ચીતરવાનું કે કંડારવાનું પણ સામાન્ય બન્યું છે. સાહિત્યકારોએ પણ પોતાની કૃતિઓમાં તેમને મુખ્ય પાત્ર બનાવીને અમર કરી છે.

આ બધું છતાં, મધ્યયુગની માફક આ યુગમાં પણ સાધારણ વર્ગોની સ્ત્રીઓની સ્થિતિ શૈક્ષણિક, આર્થિક તથા અન્ય રીતે પછાત હોવાનું જણાય છે. વસ્તુતઃ, પુનર્જાગૃતિ એ ધનદોલત તથા સુખ-ચેનનો યુગ હતો. વેપારી વર્ગે વેપારવાણિજ્ય મારફત અને ધર્મગુરુઓએ મનસ્વી કરવેરા તથા ફરજિયાત દાન દ્વારા પુષ્કળ દોલત એકઠી કરી હતી. આ સમયની કલાઓ અને સંસ્કારિતા આવાં ધનથી જ પોષાઈ હતી; એટલે સ્વાભાવિક રીતે જ આ યુગનાં નૈતિક ધોરણો નીચાં ગયાં હતાં. વળી, આ સમયની અસ્થિર રાજકીય પરિસ્થિતિએ પણ નૈતિક ધોરણોને કથળાવવામાં ભાગ ભજવ્યો હતો.

* એકંદરે, રેનેસાંની દુન્યવી વિચારસરણીએ લોકો પરનો કૅથોલિક સંપ્રદાય તથા ખ્રિસ્તી દેવળનો પ્રભાવ ઘણો ઓછો કર્યો હતો. સમાજમાં પ્રચલિત સ્વર્ગ અને નરકનો ખ્યાલ પણ અદૃશ્ય કર્યો હતો. ખાસ કરીને ઉપલા થરના લોકો પરલોક અને નરકમાંની શિક્ષાની પરવા કર્યા વગર મોજીલા બની અનૈતિક કહી શકાય તેવા જીવન તરફ વળ્યા હતા. ધર્મગુરુઓની ટીકા કરતા ઘણા ખરા માનવવાદીઓ પણ આમાંથી મુક્ત ન હતા. તેઓ સજાતીય ઉપરાંત વિજાતીય સંભોગ આચરતા. વળી, રેનેસાં-સમાજમાં લગ્ન પહેલાંના જાતીય સંબંધોથી જન્મેલાં બાળકોની સંખ્યા પણ ઠીક ઠીક પ્રમાણમાં હતી. લગ્ન બહારના જાતીય સંબંધોને રોકનારાં પરિબળો નબળાં પડ્યાં હતાં. પતિ પોતાનાં ગેરકાનૂની બાળકોને તેમનાં કાયદેસરનાં બાળકો સાથે ઉછેરવા માટે પોતાની પત્નીને સમજાવી શકતો. આવાં બાળકોની

હયાતી ખાસ સામાજિક ગેરલાયકાત ગણાતી નહિ અને સમાજ તેમને નિભાવી લેતો. સમય જતાં તેમને રાજકીય તથા સામાજિક હકો પણ મળતા.

અંતે, આવા સ્વૈરસમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચું લાવવાનો હેતુ ખણ માર્યો ગયો હતો. પરિણામે, ધંધાદારી વેશ્યાપ્રથા પણ ભયંકર હદે ફાલી હતી. રોમમાં ૧૪૯૦માં ૯૦,૦૦૦ની વસ્તીમાં નોંધાયેલ વેશ્યાઓની સંખ્યા લગભગ ૬૮૦૦ હતી; વેનિસમાં ૧૫૦૯માં આશરે ૩,૦૦,૦૦૦ની લોકસંખ્યામાં ૧૧,૬૫૪ નોંધાયેલ વેશ્યાઓ હતી. જાણીતી વારાંગનાઓ તથા વેશ્યાઓના મુખ્ય ગ્રાહકોમાં વેપારીઓ, ધર્મગુરુઓ, સાહિત્યકારો, કલાકારો તથા માનવવાદીઓ સુદ્ધાં હતા.

અલબત્ત, વારાંગનાનો અલગ વર્ગ હતો. અમુક વારાંગનાઓ તો સાહિત્ય, કવિતા, સંગીત, ચર્ચા વગેરેમાં નિષ્ણાત હતી. તેમનાં સંસ્કાર અને રીતભાત આકર્ષક હતાં. તેઓ પોતાના વિશાળ આવાસોમાં રહેતી અને શહેરના બુદ્ધિજીવી તેમ જ ઉચ્ચ વર્ગને બહુધા પોતાની બુદ્ધિ તેમ જ સંગીતકલા દ્વારા મનોરંજન પૂરું પાડતી. આમાં ફ્રેસ્ટિના, ઈમ્પેરિયા, તુલિયા વગેરે ખૂબ વિખ્યાત હતી. ફ્રેસ્ટિના મૃત્યુ પામતાં રોમના લોકોએ શોક પાળ્યો હતો અને માઈકેલ એંજેલોએ તેના પર સોનેટ લખ્યું હતું. ઈમ્પેરિયા અવસાન પામતાં (૧૫૧૧) તેને માન સાથે દેવળમાં દાટવામાં આવી હતી. વિખ્યાત ચિત્રકાર રાફેલ ઈમ્પેરિયાને પોતાની આરાધ્યમૂર્તિ માનતો. તુલિયાને ઇટાલીનાં રાજ્યો–રોમ, ફ્લોરેન્સ, ફેરારા, વેનિસ, નેપલ્સ વગેરેમાં મહારાણી જેટલું માન મળતું. તેણે લખેલ પુસ્તક 'ઓન ધ ઈન્ફિનિટી ઓફ પરફેક્ટ લવ' ઇટાલીનો લગભગ પ્રત્યેક બુદ્ધિજીવી વાંચતો.

રેનેસાં-યુગમાં કન્યાની લગ્નવયની મર્યાદા સામાન્યત: ૧૨ થી ૧૭ વર્ષની હતી. સારો દહેજ આપ્યા વગર સારા કુટુંબમાં કન્યાનાં લગ્ન લગભગ અશક્ય હતાં. પરિણીત પુરુષોના ગેરકાયદેસર જાતીય સંબંધો સામાન્ય હતા, જ્યારે પરિણીત સ્ત્રીઓમાં તે અપવાદરૂપ હતા. આ બધું છતાં, પુનર્જાગૃતિ સમયનું લગ્નજીવન તથા કુટુંબજીવન સુખી હોવાના સાહિત્યિક પુરાવા મળે છે.

ધનિકતા એ સામાજિક સ્થાનની માપદંડ હતી. પોપ, વરિષ્ઠ ધર્મગુરુઓ તથા વરિષ્ઠ અધિકારીઓમાં લાંચરુશ્વત લેવાનું અને ગેરકાનૂની નાણાં એકત્રિત કરવાનું પ્રમાણ વ્યાપક હતું. ધીરધાર કરનાર ખ્રિસ્તીઓ યહૂદીઓના જેટલો જ વ્યાજનો દર ઊંચો રાખતા; આથી યહૂદીઓની માફક તેમની પ્રત્યે પણ લોકોમાં તિરસ્કારની લાગણી પ્રવર્તતી હતી. ધનિકોને તથા વ્યાજખોર ખ્રિસ્તીઓ અને યહૂદીઓને લૂંટી લેવાના તથા તેમની હત્યા કરવાના બનાવો અવારનવાર બનતા. ચોરી અને લૂંટફાટ પણ અપવાદ રૂપ ન હતાં. રાત્રે બહાર નીકળતાં પુરુષ તેમજ સ્ત્રીની સલામતી જોખમમાં હતી.

આ યુગના શાસકો કલા અને સાહિત્યના પોષણની સાથે ક્રૂરતા તથા અધમતાને પણ પોષતા. પરાજિત રાજ્યની સ્ત્રીઓને અપમાનિત કરીને ગુલામો તરીકે ખ્રિસ્તીઓને વેચી દેવામાં આવતી. ન્યાય ખર્ચાળ હતો, ગુનાઓનું પ્રમાણ વધારે હતું. અપરાધી મનાતા મનુષ્યની અતિ ક્રૂર રીતે ત્રાસદાયક રિબામણી થતી.

* રેનેસાં સમયના ઇટાલીના સામાજિક જીવનમાં એક બાજુ, ઉપર્યુક્ત અનૈતિકતા તથા ક્રૂરતા હતી; તો બીજી બાજુ, દાન, પુણ્ય તથા સામાજિક સેવાનાં કાર્યો કરતી અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ પણ હતી. ઇટાલીના લગભગ પ્રત્યેક શહેરમાં, ખાસ કરીને રોમ, ફ્લોરેન્સ, વેનિસ તથા નેપલ્સમાં, દવાખાનાંઓ, ચેપી રોગોની હોસ્પિટલ, ભિક્ષુકગૃહો, અપંગો માટેનાં માવજતગૃહો, દેવળો તથા ધનિક વ્યક્તિઓ મારફત ચલાવાતાં મફત ભોજનગૃહો, નિરાશ્રિતગૃહો, અતિથિગૃહો, વ્યવસાય છોડેલી વેશ્યાઓનાં આશ્રયગૃહો

મુદ્રાં હતાં. આ ઉપરાંત, અન્ય જાહેર સંસ્થાઓ પણ હતી. એકલા ફ્લૉરેન્સમાં ઈ. સ. ૧૫૦૦માં આવી ૭૩ સંસ્થાઓ કાર્ય કરતી. વેનિસની એક જાહેર સેવાસંસ્થામાં ટિટિયાન વગેરે સભ્યો હતા. આવી સંસ્થાઓ ગરીબ કન્યાઓનાં લગ્ન કરાવી આપતી. (રોમમાં ૧૫૧૯માં સ્થપાયેલી આવી એક જાહેર ભ્રાતૃ સેવાસંસ્થા હજુ અવિરતપણે પોતાનું કાર્ય કરે છે.)

પુનર્જાગૃતિ સમયનું ઇટાલી સુઘડ રીતભાત, જાહેર આરોગ્ય, આકર્ષક પોષાક, શિષ્ટ વાતચીત, સરસ રાંધણકલા તથા વિવિધ પ્રકારના આનંદપ્રમોદ માટે જાણીતું હતું. ફ્લૉરેન્સ આ બાબતમાં મોખરે હતું. તે જાહેર આરોગ્ય અને જાહેર સ્નાનગૃહો માટે ખાસ આગ્રહી હતું. ઇટાલીમાં ૧૧મી સદીમાં છરી-કાંટા તથા ચમચાથી ખાવાનો રિવાજ દાખલ થયો હતો. સામાન્ય વર્ગ કાંસાનાં છરી-કાંટા વાપરતો, જ્યારે ધનિક વર્ગ ચાંદીનાં છરી-કાંટા વાપરતો. ઉપલા વર્ગનું ભોજન જાતજાતના મસાલા તથા તેજાનાથી ભરપૂર રહેતું. પીણાં તરીકે દારૂનો ઉપયોગ છૂટથી થતો. શહેરો તથા ગામડાંમાં નૃત્ય તથા સંગીત આનંદપ્રમોદનાં મુખ્ય સાધનો હતાં. પુરુષો તથા સ્ત્રીઓ છૂટથી નાચતાં અને ગાતાં.

બૌદ્ધિક પરિસંવાદ કે ચર્ચા ઇટાલીના રેનેસાંયુગનું વિશિષ્ટ લક્ષણ હતું. શિષ્ટતા, સ્પષ્ટતા, તથા બુદ્ધિમત્તાથી ચર્ચા કરવી એ રેનેસાં સમયની પ્રશસ્ય કલા ગણાતી. ફ્લૉરેન્સ, રોમ, 'વેનિસ, અર્બિનો વગેરેની રાજસભામાં તથા ધનિકો અને બુદ્ધિજીવીઓના આવાસોમાં પરિસંવાદો ગોઠવાતા. ચર્ચાનું સ્તર સામાન્યતઃ ઊંચું રહેતું તથા જાણીતા કવિઓ અને સાહિત્યકારોનાં લખાણોમાંથી અવતરણો ટાંકવામાં આવતાં. સ્ત્રીઓ પણ આવા સંવાદોમાં ભાગ લેતી.

રેનેસાં-યુગમાં શિકાર, તરવાની હરીફાઈઓ, તહેવારોની ઉજવણી, મહેફિલો, પ્રદર્શનો, મલ્લ અને આખલા વચ્ચેનાં યુદ્ધો રોજિંદા સર્વસામાન્ય કાર્યક્રમો હતાં. સુખાંત નાટકો, નાચ-ગાન-સંગીત, બાગાયત, પ્રકૃતિનાં રમ્ય દશ્યોનું દર્શન વગેરે રેનેસાં-યુગના ઇટાલીના આનંદપ્રમોદના મુખ્ય પ્રકારો હતાં.

# ૫ : પુનર્જાગૃતિ : વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને શોધખોળ

પુનર્જાગૃતિના સમયમાં કલા અને સાહિત્ય જેટલો વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો વિકાસ થયો ન હતો, તો પણ આ યુગમાં વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે ઠીકઠીક પ્રગતિ સધાઈ હતી. આ સમયમાં પ્રાચીન ગ્રીક તથા લેટિન વિદ્યાઓના અધ્યયનને લીધે વિજ્ઞાન તેમ જ તત્ત્વજ્ઞાનનો પ્રારંભ થયો હોવાની માન્યતા યોગ્ય નથી. કારણ કે મધ્યયુગમાં રોજર બેકન જેવા નામાંકિત વિજ્ઞાનીઓ અને ટૉમસ એકિવનાસ જેવા પ્રખર તત્ત્વજ્ઞાનીઓ થયા હતા. અલબત્ત, એ યુગમાં વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે વિશેષ વિકાસની આડે આવનાર મુખ્ય પરિબળોમાં ધાર્મિક વહેમો, ભૂત-પ્રેત-ડાકણ-દુષ્ટાત્માઓના અસ્તિત્વની માન્યતા તથા ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રને લગતા ખોટા ખ્યાલો, ખ્રિસ્તી દેવળ તથા કેથોલિક સંપ્રદાયની રૂઢ ધાર્મિક માન્યતાઓનો પ્રભાવ અને માનવવાદીઓના મર્યાદિત તથા સંકુચિત વિચારો વગેરેનો સમાવેશ કરી શકાય.

રેનેસાં-યુગમાં પણ આ પ્રભાવ ઠીક ઠીક પ્રમાણમાં ટકી રહ્યો હતો. આ પરંપરા સામેની જેહાદનો અગ્રણી હતો પોપ ઈનોસન્ટ ત્રીજો (૧૪૮૪–૧૪૯૨). તેણે આવી માન્યતા પર પ્રતિબંધ મૂકતું એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. જાદુ, મંત્ર તથા ડાકણની માન્યતા અને તેમાં સંડોવાયેલી કામગીરીને રાજ્યો દ્વારા અપરાધ તરીકે જાહેર કરવામાં આવી; અને તે માટે **ધર્મઅદાલતો** દ્વારા કડક સજાની જોગવાઈ કરવામાં આવી; આ કારણસર અથવા તે બહાને કેટલાંયને રિબાવવામાં આવ્યાં; ‘ડાકણ’ મનાતી વ્યક્તિઓને જીવતી સળગાવી દેવામાં આવી. આવા વાતાવરણમાં વિજ્ઞાનનો ઝડપી વિકાસ શક્ય ન હતો.

બીજી બાજુ, આવી માન્યતાઓ ભ્રામક તથા કાલ્પનિક હોવા વિષે બૌદ્ધિક સમજણ આપતાં પુસ્તકો પણ લખાયાં. લિયોનાર્દો દ' વિન્સી (૧૪૫૨–૧૫૧૯)એ પોતાનાં ચિત્રો, શિલ્પો તથા પુસ્તકોમાં વિજ્ઞાન તથા યંત્રો પર આધારિત આધુનિક હુન્નર–ઉદ્યોગો વિશેની સૂઝ બતાવી હતી તથા તે વિશે આગાહીઓ કરી હતી. કોપરનિકસે (૧૪૭૩–૧૫૪૩) પણ પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાનું ક્રાંતિકારી વિધાન કર્યું હતું. પરંતુ એકંદરે, રેનેસાં-યુગમાં, ઔષધશાસ્ત્ર અને તબીબીવિદ્યા બાદ કરતાં, અન્ય ક્ષેત્રે વિકાસ ઘણો મંદ હતો.

## તબીબીવિદ્યા

**એમ્બ્રોઇસ પેરે (૧૫૧૭–૧૫૯૦):** તબીબીવિદ્યાના ક્ષેત્રે નજર નાખીએ તો આ યુગમાં પ્રભાવશાળી તબીબોમાં એમ્બ્રોઇસનું નામ મોખરે હતું. તે ગરીબ કુટુંબમાં જન્મ્યો હતો અને આત્મબળે આગળ વધ્યો હતો. તેણે પેરિસની જાણીતી હૉસ્પિટલમાં ત્રણ વર્ષ સુધી તાલીમ લીધી હતી. શરૂઆતમાં તો દર્દીઓના ઘામાં ગરમ તેલ રેડીને તેમના ઘા રૂઝવવાની પરંપરાને તે અનુસર્યો. પરંતુ તેની વિપરીત અસર જોતાં તેણે પોતે જુદાં જુદાં દ્રવ્યોમાંથી બનાવેલ ખાસ લેપથી ઘા રૂઝવવાનો અખતરો કર્યો. તે ખૂબ અસરકારક નીવડતાં, એક સારા તબીબ તરીકે તેની નામના બંધાઈ. તેણે સારવાર તથા વાઢકાપને લગતાં કેટલાંક નવાં સાધનો પણ શોધી કાઢ્યાં, જે રેનેસાં-યુગમાં અને પછીથી સારી રીતે પ્રચલિત થયાં. તેણે તબીબીશાસ્ત્ર પર લખેલાં પુસ્તકો દર્દોના પ્રકાર અને તેમના ઇલાજો વર્ણવે છે.

**પેરેસેલ્સસ** (૧૪૯૩–૧૫૪૧) : આત્મબળે આગળ વધેલો આ યુગનો બીજો તબીબ પેરેસેલ્સસ હતો. તેણે ફેરારા વિદ્યાપીઠમાંથી તબીબીવિદ્યાની ઉપાધિ મેળવી હતી (૧૫૧૫). ઇટાલીનાં રાજ્યોનો તેણે વ્યાપક પ્રવાસ ખેડયો હતો અને જુદા જુદા વર્ગોના લોકોમાં થતાં દર્દોનો તેણે જાતે અભ્યાસ કર્યો હતો. ખાસ કરીને ખાણીઆને થતાં દર્દો અંગેનો તેનો જાતઅભ્યાસ ઘણો નોંધપાત્ર અને ઉપયોગી હતો. પેરેસેલ્સસ લેટિન ભાષા જાણતો ન હતો. તેથી એ ભાષામાં લખાયેલાં તબીબીશાસ્ત્રને લગતાં આધારભૂત પુસ્તકોના અભ્યાસથી વંચિત રહ્યો હતો. એટલું જ નહિ, તબીબીવિદ્યાના નામાંકિત નિષ્ણાત ગેલન (ઈ. સ. ૧૩૮–૨૦૧)ની કૃતિઓને પણ તે તિરસ્કારતો અને માત્ર પોતાનાં અવલોકનો તથા અનુભવોને આધારે જ દર્દીઓની માવજત કરતો. બાસેલની વિદ્યાપીઠમાં તબીબીવિદ્યાના પ્રાધ્યાપક તરીકે તેની નિમણૂક થઈ હતી (૧૫૨૭). પરંતુ ગેલન અને અન્ય તબીબોનાં પુસ્તકોને જાહેરમાં બાળતાં તેને બાસેલ છોડવું પડયું (૧૫૨૮) અને રઝળપાટ કરવી પડી.

એકંદરે, **રસાયણશાસ્ત્ર** અને **ઔષધશાસ્ત્ર**ને લગતી તેની કેટલીક શોધખોળો તેની પછીની પેઢીને ઉપયોગી નીવડી છે. દા. ત. તબીબીવિદ્યાની એક અલગ શાખા તરીકે શરૂ થયેલ **વનસ્પતિશાસ્ત્ર** (બોટની) તથા પ્રાણીશાસ્ત્ર (ઝુઓલોજી)નો ઠીક ઠીક વિકાસ થયો.

આ ઉપરાંત, રેનેસાં સમયમાં એરિસ્ટોટલનો એક તત્ત્વજ્ઞાની ઉપરાંત વૈજ્ઞાનિક અને વનસ્પતિશાસ્ત્રી તરીકે અભ્યાસ થયો અને તે માટે પદુઆ, ફેરારા તથા બોલોગ્નાની વિદ્યાપીઠોમાં અલગ વિદ્યાશાખા શરૂ કરવામાં આવી. વેરોલીના વતની ફ્રાકસ્ટોરો (૧૪૮૩–૧૫૫૩)એ એરિસ્ટોટલનો પ્રકૃતિવાદી તરીકે ઊંડો અભ્યાસ કર્યો અને તેને આધારે પોતાનાં ચિંતન તથા અનુભવ દ્વારા કેટલાંક દર્દોની અને વિવિધ વનસ્પતિ દ્વારા થતા ઇલાજોની પોતાનાં પુસ્તકોમાં ચર્ચા કરી. તેણે 'ચાંદી'ના દર્દ પર એક કાવ્ય લખ્યું (૧૫૨૧) અને પહેલી વાર 'સિફિલિસ' શબ્દ પ્રયોજ્યો. તેણે બળિયા, અછબડા જેવા ચેપી રોગોનો ફેલાવો તથા ઇલાજોની પણ વિવેચના કરેલી છે. ફ્રાકસ્ટોરોનું ભૂગોળનું જ્ઞાન પણ નોંધપાત્ર હતું. 'ધ્રુવ' (પોલ) શબ્દ પ્રયોજનાર તે પ્રથમ વિદ્વાન હતો.

ઇટાલીનાં રાજ્યોમાં કેળવાયેલ અને ડિગ્રીધારી ડૉક્ટરોની સામે થોડાક ઊંટવૈદો પણ હતા. પરંતુ વૈદ્યકીય ધંધામાં રાજ્ય દ્વારા બરોબર નિયમન થતું હતું. ડિગ્રી વગર વૈદ્યકીય ધંધો કરનારાઓનો દંડ થતો. આ સમયમાં **પ્લાસ્ટિક સર્જરી** પણ પ્રચલિત હતી.

ઇટાલીના પ્રત્યેક રાજ્યમાં દવાખાનાની સારી સગવડ હતી. માર્ટિન લ્યુથર તેની ઇટાલીની મુલાકાત વખતે (૧૫૧૧) ત્યાંની अनैतिक રીતભાતોથી આઘાત પામ્યો હતો; પરંતુ તેનાં દવાખાનાંઓમાંની વ્યવસ્થા તથા સુઘડતાથી પ્રભાવિત થયો હતો. તેના કથન મુજબ, સારી રીતે બંધાયેલ મોટાં દવાખાનાંઓમાં દર્દીઓને નિષ્ણાત દાક્તરો દ્વારા સારવાર અપાતી હતી. તેમને માટે સ્વચ્છ બિછાનાં હતાં. તેમને સ્વચ્છ વાસણોમાં સારો ખોરાક અપાતો. નર્સો તેમની સારી શુશ્રૂષા કરતી. આ દાક્તરો ઈ. સ. પૂર્વે ૪૫૦થી ઈ. સ. ૨૦૦ના ગાળાના વિશ્વવિખ્યાત હિપોક્રિટસ, ગેલન અને સોરેનસે સ્થાપેલા તબીબીશાસ્ત્રના આદર્શો અને નિયમો પ્રમાણે કાર્ય કરતા હતા. (અલબત્ત, વર્તમાન સમયની માફક ખાનગી તબીબો તે સમયે પણ વધારે ફી લેતા હોવાની કડવી ફરિયાદ પેટ્રાર્કે કરેલી છે.)

રેનેસાં-યુગમાં વૈદકશાસ્ત્રની સાથે માનવ શરીરરચનાશાસ્ત્ર (એનેટોમી)નો પણ સારો એવો વિકાસ થયો હતો. પદુઆની વિદ્યાપીઠમાં એનેટોમીની ખાસ શાખા હતી અને ત્યાં મૃતદેહનાં અંગોની વાઢકાપ તથા તેમનું અધ્યયન વૈજ્ઞાનિક ઢબે થતું. પાછળથી ઇટાલીની અન્ય વિદ્યાપીઠોમાં પણ આ શાસ્ત્રનો અભ્યાસ ચાલુ થયો હતો. સોળમી સદીના ઇટાલીમાં માનવ શરીરરચનાશાસ્ત્રના સર્વપ્રથમ અભ્યાસી તબીબ વેસાલિયસે

(૧૫૧૪—૧૫૬૪) માનવશરીરની રચનાને લગતા, સાત ભાગમાં લખેલ, ગ્રંથના પ્રકાશન (૧૫૪૩)થી આધુનિક એનેટોમીનો પાયો નંખાયો હતો. તેના આ ગ્રંથમાં સુરેખ આકૃતિઓ મારફત શરીરના પ્રત્યેક અંગની રચના તથા તેની ઉપયોગિતા સમજાવવામાં આવી છે. આ પછીના નિષ્ણાતોમાં ફેલોપિયસ તથા ફેબ્રિસિયસનાં નામો પણ જાણીતાં છે. એ જમાનામાં પણ તબીબો રાજકુટુંબમાં તથા ઉપલા વર્ગમાં માનભર્યું સ્થાન ભોગવતા હતા.

## વિજ્ઞાનવિદ્યા

**નિકોલસ કોપરનિકસ** (૧૪૭૩—૧૫૪૩) : આ યુગમાં વિજ્ઞાનને લગતી અન્ય મહત્ત્વની શોધોમાં કોપરનિકસની શોધ કહી શકાય. તેની પહેલાં સેંકડો વર્ષોથી એમ મનાતું કે પૃથ્વી સ્થિર છે અને સૂર્ય તથા અન્ય ગ્રહો તેની આસપાસ વર્તુળાકારે ફરે છે. એરિસ્ટોટલના સિદ્ધાંતને આધારે સૂર્યની આ કહેવાતી વર્તુળાકાર ગતિનું એલેક્ઝાન્ડ્રિયાના વતની ક્લોડિયસ ટોલેમી (બીજી સદી)એ ૧૩ ભાગોમાં લખેલ ગ્રંથમાં વિસ્તારથી વર્ણન કર્યું હતું. બાઈબલ અને અન્ય ધર્મપુસ્તકોમાં પણ આવું વિવરણ જોવા મળે છે તથા ઇટાલી અને યુરોપનાં અન્ય રાજ્યોની શાળાઓમાં પણ આવી ભૂલભરેલી માન્યતાનું શિક્ષણ ૧૬મી સદી સુધી ચાલુ રહ્યું હતું.

કોપરનિકસે પદુઆ તથા બોલોગ્નાની વિદ્યાપીઠોમાં અભ્યાસ કર્યો હતો. દેવળમાં સેવા આપતો હોવા છતાં તેણે વિજ્ઞાનનું પોતાનું અધ્યયન ચાલુ રાખ્યું હતું. ખગોળશાસ્ત્રના અભ્યાસ બાદ તેને ખ્રિસ્તી શાળામાં શીખવાતી પ્રાચીન માન્યતા ખોટી લાગી અને પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોવાની પાયથાગોરાસે રજૂ કરેલી પદ્ધતિ સાચી લાગી. કોપરનિકસે ૧૫૪૩માં પ્રકાશિત કરેલ પુસ્તક 'ઓન ધ રેવોલ્યુશન્સ ઓફ સેલેશિયલ બોડીઝ' (આકાશી પદાર્થોનાં પરિભ્રમણો)માં તેણે પૃથ્વી પોતાની ધરી પર વર્તુળાકારે સૂર્યની આસપાસ ફરતી હોવાનું વિધાન કર્યું; વળી તેણે અન્ય ગ્રહો પણ સૂર્યની આસપાસ ફરતા હોવાનું આ પુસ્તકમાં જણાવ્યું. આમ, કોપરનિકસે પ્રચલિત માન્યતાનું ખંડન કર્યું. પણ તેણે પુરાણા ખ્યાલને સંપૂર્ણ રીતે નાબૂદ કર્યો ન હતો. એકંદરે કોપરનિકસે ખગોળશાસ્ત્રને લગતી પ્રાચીન અવૈજ્ઞાનિક માન્યતાના પાયા હચમચાવી નાખ્યા અને નવી વિચારદષ્ટિનો માર્ગ ખુલ્લો કર્યો એ નિશ્ચિત છે.

## મુદ્રણકલા

રેનસાં-યુગમાં વિજ્ઞાનને લગતી અન્ય મહત્ત્વની શોધ મુદ્રણાલયની હતી. ઇટાલી તથા યુરોપમાં બારમી સદીમાં કાગળ મળતો થયો હતો. તેનાથી મુદ્રણકલાને ઉત્તેજન મળ્યું હતું. ગેટનબર્ગે ટાઈપ-બીબાંની શોધ કરી અને તેણે ૧૪૦૫માં યુરોપમાં મુદ્રણકલાનો પ્રારંભ કર્યો. ઇટાલીમાં ૧૪૫૬માં પ્રથમ મુદ્રણાલય સ્થપાયું, ત્યાર બાદ ઇંગ્લેંડ, ફ્રાંસ વગેરે યુરોપીય દેશોમાં ઈ. સ. ૧૫૦૦ સુધીમાં તો આશરે ૫૦ મુદ્રણાલયો સ્થપાયાં. આ મુદ્રણાલયોમાંથી સેંકડોની સંખ્યામાં પુસ્તકો પ્રસિદ્ધ થતાં જ્ઞાનનો ફેલાવો થયો, નવી વિચારસરણીને વેગ મળ્યો અને જૂની માન્યતાઓનું ખંડન થયું. બાઇબલ સર્વપ્રથમ છપાઈને પ્રસિદ્ધ થતાં લોકોમાં તેનો બહોળો ફેલાવો થયો. તેના નામે આચરવામાં આવતી કેથોલિક સંપ્રદાયની તથા પોપની ધર્મ-વિરુદ્ધની કેટલીક નીતિરીતિઓ ખુલ્લી પડી અને ખ્રિસ્તી દેવળ તથા પોપની પ્રતિભા ઘટી.

## તત્ત્વજ્ઞાન

પુનરુજાગૃતિના સમયમાં તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે મધ્યયુગમાં પ્રચલિત થયેલ એરિસ્ટોટલના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ આગળ વધ્યો અને પ્લેટોના તત્ત્વજ્ઞાનનું તેમ જ પ્લેટો અને એરિસ્ટોટલનાં તત્ત્વજ્ઞાનનું તુલનાત્મક અધ્યયન પણ આ સમયમાં વિસ્તાર પામ્યું. ઇટાલીનાં રાજ્યોની વિદ્યાપીઠોમાં પ્રાચીન ગ્રીક તથા રોમન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવવામાં આવતો. મોટાભાગના માનવવાદીઓ બહુધા પ્લેટોના તત્ત્વજ્ઞાનના

હિમાયતી હતા; જ્યારે કેટલાક એરિસ્ટોટલના તત્ત્વજ્ઞાનની તરફેણ કરતા. પ્લેટો અને એરિસ્ટોટલ વચ્ચેનો બૌદ્ધિક સંઘર્ષ એ રેનેસાં-યુગનાં તત્ત્વજ્ઞાનનું મુખ્ય લક્ષણ હતું.

પ્લેટોવાદ મુજબ ઈશ્વર એ વિશ્વનો આત્મા છે તથા તે વિશ્વને નિયંત્રિત કરનાર સર્વોચ્ચ શક્તિ છે. તેની ચેતનામાંથી ભૌતિક જગત ઉદ્ભવે છે અને માનવ આત્માઓ પણ સર્જાય છે. દેહ નાશવંત છે પણ આત્મા અમર છે. આ જ સિદ્ધાંતને આધારે હેગેલે પછીથી પોતાનું તત્ત્વજ્ઞાન વિકસાવ્યું. રેનેસાંના સમયમાં રોમ, નેપલ્સ વગેરે રાજ્યોમાં પ્લેટોવાદની આ ફિલસૂફી પ્રચલિત હતી તથા વિદ્યાપીઠોમાં તે શીખવાતી. મધ્યયુગમાં સંત ઑગસ્ટિન, ટૉમસ એક્વિનાસ, રોજર બેકન વગેરે તેના પુરસ્કર્તા હતા, જ્યારે રેનેસાં-યુગમાં ફ્લૉરેન્સના શાસક કોસિમોએ વિદ્વાનોની પ્લેટોનિક સંસ્થા સ્થાપીને તેને ઉત્તેજન આપ્યું. ફ્લૉરેન્સના ગ્રીક વિદ્વાન ફિસિનો (૧૪૩૩–૧૪૯૯)એ એરિસ્ટોટલની નહિ પરંતુ પ્લેટોની ફિલસૂફી પ્રમાણે પૃથક્કરણ કરવાનું સૂચવ્યું. તેના શિષ્યોએ પ્લેટોના તત્ત્વજ્ઞાનના આધારે ખ્રિસ્તી ધર્મનું અર્થઘટન કરવાની હિમાયત કરી. લોરેન્ઝો વલ્લા (૧૪૦૭–૧૪૫૬) પણ પ્લેટોવાદનો પુરસ્કર્તા હતો, અને તેણે પોતાનાં પુસ્તકોમાં તેનું સમર્થન કર્યું.

જોકે રેનેસાં-યુગમાં પ્લેટોના તત્ત્વજ્ઞાનનું આવું આકર્ષણ હોવા છતાં, નવા પ્રવાહ રૂપે એરિસ્ટોટલની વિચારસરણી પર આધારિત તત્ત્વજ્ઞાન વિશેષ પ્રચલિત થયું. એરિસ્ટોટલની રજૂઆત પ્રમાણે દરેક મનુષ્યનો આત્મા સમાન છે અને તેનું વિભાજન થઈ શકે નહિ. પરંતુ આત્માની અમરતાનો ખ્યાલ અયોગ્ય છે તથા ભૌતિક પદાર્થોના દ્વન્દ્વમાંથી ચેતનાશક્તિ સર્જાય છે.

પાછળથી આમાંથી ભૌતિકવાદનો સિદ્ધાંત ફલિત થયો હોવાનું કહી શકાય. સ્વાભાવિક રીતે જ, 'પરલોક' તથા 'આત્માની અમરતા'ની વિરુદ્ધનું આ તત્ત્વજ્ઞાન પોપ તથા ખ્રિસ્તી દેવળને રુચ્યું નહિ. તેનાથી પરંપરાગત ધાર્મિક ખ્યાલોને ફટકો પડશે તથા પોપ અને દેવળનું પ્રભુત્વ ઘટશે, એવો ભય જાગ્યો; પરંતુ રેનેસાં-યુગની મુક્ત વિચારસરણી માટે આ દર્શન ફલદાયી હતું.

**પીએટ્રો પોમ્પોનાઝી (૧૪૬૨–૧૫૨૫)** : રેનેસાં-યુગનો એરિસ્ટોટલના તત્ત્વજ્ઞાનનો સૌથી જાણીતો સમર્થક પોમ્પોનાઝી મન્તુઆમાં અમીર કુટુંબમાં જન્મ્યો હતો. તેણે પદુઆની વિદ્યાપીઠમાં તબીબીશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો હતો તથા ત્યાં તે વિષયના અધ્યાપક તરીકે કામગીરી બજાવી હતી. તે પછી પોતાના અંતિમ કાળ સુધી તેણે બોલોગ્ના વિદ્યાપીઠમાં તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. તે બહુધા એરિસ્ટોટલની ફિલસૂફી પર વ્યાખ્યાન આપતો. તેનાં મોટા ભાગનાં પ્રવચનો ધાર્મિક પરંપરાની ટીકા રૂપ હતાં. આથી પોપ લિયો ૧૦માએ ૧૫૧૩માં એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને આવા વ્યાખ્યાનકારોને તિરસ્કૃત તથા સજાપાત્ર જાહેર કર્યા. આની પરવા કર્યા વગર પોમ્પોનાઝીએ પોતાનું શિક્ષણકાર્ય ચાલુ રાખ્યું અને એરિસ્ટોટલના જીવનદર્શનનું પૃથક્કરણ કરતું પુસ્તક પ્રસિદ્ધ કર્યું (૧૫૧૬). આ પુસ્તકના ઉપસંહારમાં તેણે જણાવ્યું કે 'ખ્રિસ્તી' તરીકે આપણે મનુષ્યના આત્માની અમરતામાં માનવું પડે, પરંતુ 'તત્ત્વજ્ઞાની' તરીકે તેમાં માની શકાય નહિ. પોમ્પોનાઝીના આ પુસ્તક પર રૂઢિચુસ્ત ધર્મગુરુઓ ભારે કોપાયમાન થયા અને તેમણે વેનિસના શાસકના આદેશથી આ પુસ્તકની નકલોની જાહેરમાં હોળી કરી. અંતે પોપના આદેશથી પોમ્પોનાઝીએ લખી આપ્યું કે "એક ખ્રિસ્તી તરીકે તે દેવળના બધા આદેશોને સ્વીકારતો હતો". આથી તેના પર અન્ય પગલાં લેવાયાં નહિ. ત્યાર બાદ પોપ લિયોના આદેશથી ઑગૅસ્ટિનોએ પોમ્પોનાઝીના વિચારોનું ખંડન કરતું એક પુસ્તક લખ્યું. આ પુસ્તકનો રૂઢિચુસ્ત ખ્રિસ્તી વર્તુળ પર સારો પ્રભાવ પડ્યો. આમ છતાં, પોમ્પોનાઝીની પ્રતિભામાં કોઈ ફરક પડ્યો નહિ. બલ્કે, બોલોગ્નાના સત્તાવાળાઓએ તેની સેવાની મુદત વધારીને તેને પગાર-વધારો આપ્યો.

પોમ્પોનાઝીએ પોતાનાં અન્ય પુસ્તકોમાં પણ ધર્મમાં પ્રવેશેલી 'અલૌકિક' બાબતોને વાસ્તવિક માનવાનો ઇનકાર કરેલો છે. મંત્ર તથા જપથી દર્દો મટતાં હોવાની પ્રચલિત માન્યતાને તેણે મૂર્ખાઈભરી ગણાવી છે. આ ગ્રંથોમાંય તે નોંધે છે કે 'ખ્રિસ્તી તરીકે' દેવદૂતો, આત્માઓ અને પ્રેતોનો તે સ્વીકાર કરે છે; પણ 'ફિલસૂફ તરીકે' તેમનો ઇનકાર કરે છે. આમ છતાં, અમુક જાતના છોડ અને અમુક પ્રકારના પથ્થર દર્દો મટાડવામાં ઉપયોગી હોવાનું તે સ્વીકારે છે. દૈવી 'ચમત્કારો'માં પણ તેને શ્રદ્ધા નથી. તેના મંતવ્ય પ્રમાણે જે બાબત લોકો સમજી શકતા નથી તેને તેઓ ઈશ્વરીય કે આત્માની શક્તિને આભારી હોવાનું માને છે. બીજી બાજુ, ખગોળશાસ્ત્રમાં અવકાશી પદાર્થો તથા તેમનાં પરિભ્રમણની માનવજીવન પર ભારે અસર થતી હોવાનું પોમ્પોનાઝી સ્વીકારે છે. ઉપરાંત ધર્મગ્રંથોમાં તથા સાહિત્યમાં દંતકથાઓ તેમ જ પૌરાણિક કથાઓને અપાયેલ સ્થાનને તે મનુષ્યની દુષ્ટતાને નિયંત્રિત કરવા માટે વાજબી ઠરાવે છે.

ખેર, આ બધા પ્રકારના વાદવિવાદ અને તેમની સામેના ધર્મગુરુઓના અવારનવારના આક્ષેપોએ તેની તબિયત પર વિપરીત અસર કરી. તેને ગંભીર માંદગી ભોગવવી પડી, જેને પરિણામે સાત દિવસના ઉપવાસના અંતે તેનું અવસાન થયું.

* પોમ્પોનાઝીએ ધાર્મિક માન્યતાઓ સામે રજૂ કરેલી 'સંશયવાદ'ની ફિલસૂફીએ તર્કબદ્ધ વિચારસરણી તથા ધર્મસુધારણાની ચળવળના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

## ભૌગોલિક શોધખોળો

રેનેસાં-યુગમાં કેટલાક ભૌગોલિક પ્રવાસો થયા. તેને અંગેની શોધખોળોની ઘેરી અસર રેનેસાં સમયની અર્થવ્યવસ્થા, સંસ્કૃતિ તથા રાજ્યપદ્ધતિ પર પડી. અલબત્ત, પંદરમી સદી પહેલાં પણ ઇટાલી તથા યુરોપનાં અન્ય રાજ્યોનો પૂર્વીય પ્રદેશો સાથેનો વેપાર ચાલુ હતો.

**પોલો પરિવાર**–ખ્યાતનામ માર્કો પોલો, તેના પિતા નિકોલો પોલો તથા કાકા મેફિયો પોલો (૧૨૫૪–૧૩૨૪)એ પૂર્વીય પ્રદેશોની પુષ્કળ સમૃદ્ધિનો યુરોપને પરિચય કરાવ્યો હતો. આ પછી પણ વેનિસ બંદરેથી ઇટાલીના તેમ જ યુરોપના વેપારીઓનો કોન્સ્ટેન્ટિનોપલના સ્થળ તેમ જ જળમાર્ગ મારફત પૂર્વીય પ્રદેશો સાથેનો ધીકતો વેપાર ચાલુ રહ્યો હતો. આ દરમ્યાન (૧૩૦૦–૧૪૦૦) તૈયાર થયેલા નકશા પણ આ પ્રવૃત્તિમાં ખૂબ સહાયરૂપ નીવડયા હતા. આથી વેનિસ ખૂબ સમૃદ્ધ બન્યું હતું તથા ત્યાં રેનેસાંની પ્રવૃત્તિને ભારે વેગ મળ્યો હતો. તુર્કોએ ૧૪૫૩માં કોન્સ્ટેન્ટિનોપલ જીતી લેતાં તેના પરનું ખ્રિસ્તી આધિપત્ય દૂર થયું તથા તુર્કોએ તે વેપારી માર્ગ યુરોપિયનો માટે બંધ કરી દેતાં, યુરોપનો પૂર્વીય દેશો સાથેનો વેપાર ખોરવાયો. પરંતુ યુરોપને પૂર્વના દેશોના તેજાના તથા અન્ય વસ્તુઓ વગર ચાલે તેમ ન હતું. આથી તેના સાહસિકોને પૂર્વ તરફનો નવો જળમાર્ગ શોધવાની ફરજ પડી. બાર્થોલોમેવ ડાયસ ૧૪૮૬માં કેપ ઓફ ગુડ હોપ સુધી પહોંચ્યો, પરંતુ ત્યાંથી આગળ જઈ શકયો નહિ. તે જ માર્ગે ૧૪૯૭માં વાસ્કો ડી ગામા સૂરતના એક ખલાસીની સહાયથી આગળ વધીને ૧૪૯૮માં દક્ષિણ ભારતના કાલિકટ બંદરે પહોંચ્યો. આ પછી પૂર્વના પ્રદેશો સાથેના યુરોપના વેપારમાં મોટો વેગ આવ્યો, જેણે સોળમી સદીના રેનેસાંના વિકાસમાં ગણનાપાત્ર હિસ્સો આપ્યો.

**ક્રિસ્ટોફર કોલમ્બસ** (૧૪૪૬–૧૫૦૬) : કોલમ્બસે ૧૪૯૨માં અમેરિકન પ્રદેશની કરેલી શોધને રેનેસાં-યુગની ક્રાંતિકારી શોધ કહી શકાય. ભારત શોધવાના ઇરાદાથી તેણે ઓગસ્ટ ૧૪૯૨માં ત્રણ વહાણો અને ૯૦ ખલાસીઓ સાથે એટલાંટિક મહાસાગરનો પ્રવાસ ખેડયો. આશરે ત્રણ માસના પ્રવાસ બાદ

તેણે અમેરિકાના કિનારા પાસેના કેટલાક ટાપુઓ શોધી કાઢ્યા. જો કે તે તથા તેના સાથીદારો ભારત શોધ્યો હોવાના ભ્રમમાં હતા. આમ છતાં અમેરિકન પ્રદેશોની શોધ પણ દૂરગામી પરિણામો લાવનારી નીવડી.

કોલંબસે ૧૭ વહાણો તથા કેટલાક ખલાસીઓ સાથે ૧૪૯૩થી ૧૪૯૬ની વચ્ચે બીજી ત્રણ સફરો કરી. તેમાં તેણે ક્યુબા, પેરુ, બ્રાઝિલ વગેરે સહિત દક્ષિણ અમેરિકાના ઘણા પ્રદેશો શોધી કાઢ્યા તથા સ્પેનના રાજાના ગવર્નર તરીકે ત્યાંનો વહીવટ શરૂ કર્યો. પરંતુ આ પ્રદેશોના મૂળ વતનીઓ સાથે તેણે દુર્વ્યવહાર કર્યાની ફરિયાદ થતાં, સ્પેનના રાજા ફર્ડિનાન્ડ તથા રાણી ઈસાબેલાના આદેશથી તેને સ્વદેશ પાછો બોલાવી લેવામાં આવ્યો. તેને આક્ષેપોમાંથી મુક્તિ મળી, પરંતુ તેણે ગવર્નરપદ ગુમાવ્યું. કોલમ્બસે ફરી ૧૫૦૨થી ૧૫૦૪ની વચ્ચે અમેરિકાની સફર કરી અને મધ્ય અમેરિકા (ઉત્તર-દક્ષિણ અમેરિકા વચ્ચેનો પ્રદેશ) શોધી કાઢ્યો. સ્વદેશ પાછા ફરતાં વિવિધ આક્ષેપોસર તેને અપમાનિત કરવામાં આવ્યો તથા તેનો માન-મરતબો ખૂંચવી લેવામાં આવ્યો, આથી ભારે નિરાશામાં તેનું ૧૫૦૬માં અવસાન થયું.

કોલમ્બસ તથા વાસ્કો ડી ગામાની સફરોએ સાહસિકોને આવી સફરો કરવા પ્રેર્યા, જેથી ૧૫૩૦ સુધીમાં અમેરિકા, આફ્રિકા તથા પૂર્વના ઘણા નવા પ્રદેશો શોધાયા. દા. ત. ફર્ડિનાન્ડ મેગેલેને પેસિફિક મહાસાગરનો પ્રવાસ ખેડ્યો અને ફિલિપાઈન્સ ટાપુઓ શોધી કાઢ્યા (૧૫૨૧). પરંતુ ત્યાંના સ્થાનિક સંઘર્ષમાં તે માર્યો ગયો. તેના એક વહાણે **પહેલી વાર પૃથ્વીની આસપાસની મુસાફરી** કરી. આને પરિણામે લોકોને પૃથ્વીના કદનો ઠીક ઠીક ખ્યાલ આવ્યો તથા અમેરિકા એક ટાપુ નહિ પરંતુ મોટો ખંડ હોવાનું જણાયું.

કોલમ્બસ અને તેના અનુગામીઓની મેકિસકો, પેરુ તથા અન્ય અમેરિકન પ્રદેશોની શોધોને પરિણામે યુરોપના વેપારીઓને પુષ્કળ સોના સહિત કીમતી ધાતુઓ અને અન્ય મૂલ્યવાન ચીજો પ્રાપ્ત થઈ તથા રેનેસાં-યુગની સમૃદ્ધિમાં ભારે વધારો થયો. વળી આનાથી **અમેરિકન અને અન્ય પ્રદેશોમાં યુરોપીય સંસ્થાનવાદ તથા સામ્રાજ્યવાદનો પાયો નંખાયો.**

* વાસ્કો ડી ગામાની સફરો અને ભારતમાં ફિરંગી મથકોની સ્થાપના (૧૫૦૧–૧૫૦૨)ને કારણે ભારત તથા અન્ય પૂર્વના દેશો સાથેના યુરોપીય વેપારનો ઇજારો ફિરંગીઓ હસ્તક આવ્યો. આરબોના હાથમાંથી આ ઇજારો ખૂંચવાઈ ગયો. વળી વર્ષોથી પૂર્વના દેશો સાથે તેજાના અને અન્ય કીમતી ચીજોના વેપારની લગભગ ઇજારાશાહી ભોગવતા વેનિસ તથા જિનેવાના વેપારીઓને પણ મોટો ધક્કો લાગ્યો અને તેથી ઇટાલીના વેપારી વર્ગની ઔદ્યોગિક અને વ્યાપારી સર્વોપરિતા નષ્ટ થઈ, જેની પ્રતિકૂળ અસર તેની સાંસ્કૃતિક સર્વોપરિતા પર પણ પડી.

પૂર્વના દેશો તથા અમેરિકન પ્રદેશોમાંથી યુરોપમાં વહેતા નાણાંના પ્રવાહે ચલણી નાણાંમાં ભારે વધારો કર્યો, વેપારી વર્ગને ખૂબ સમૃદ્ધ બનાવ્યો. પરિણામે રાજસત્તા પરના તેના પ્રભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો.

વળી પેરુ, બોલિવિયા તથા મેકિસકોની ખાણોમાંથી સ્પેનને પુષ્કળ સોનું, ચાંદી અને અન્ય કીમતી ધાતુઓની પ્રાપ્તિ થઈ. પરિણામે ૧૬મી સદીમાં સ્પેન સર્વોપરી સત્તાધારી બન્યું. ઇટાલીનો રાજકીય પ્રભાવ ઓસર્યો તથા યુરોપના શાસન અને સમાજનું વેપારીકરણ થતાં યુરોપીય સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો પાયો નંખાયો.

**આમ, 'રેનેસાં-યુગ'ને પ્રથમ ઇટાલીનાં વ્યાપારશાહી અને સંસ્થાનવાદનો તથા પછીથી યુરોપનાં વ્યાપારશાહી અને સંસ્થાનવાદનો પ્રારંભકાળ કહી શકાય.**

# ૬ : પુનર્જાગૃતિ : યુરોપમાં—

ઈટાલી સિવાયનાં યુરોપનાં અન્ય રાજ્યોમાં પુનર્જાગૃતિનું થયેલું પ્રસરણ એ બહુધા ઈટાલીની અસરરૂપ હતું. જર્મની, ઈંગ્લૅંડ, ફ્રાંસ તથા યુરોપનાં અન્ય રાજ્યોમાં ચિત્રકલા, શિલ્પ, સ્થાપત્ય તથા સાહિત્યનો ૧૫મી-૧૬મી સદી દરમ્યાન થયેલ વિકાસ એ મોટે ભાગે ઈટાલીના આ પ્રકારના વિકાસની ફલશ્રુતિ કહી શકાય. ૧૧મી-૧૬મી સદીમાં યુરોપના પૂર્વીય પ્રદેશો સાથે વધેલા વેપારથી તેનાં ઘણાંખરાં રાજ્યો ખૂબ સમૃદ્ધ બન્યાં હતાં. નવાં શહેરો વિકાસ પામ્યાં હતાં તથા નવી શિક્ષણસંસ્થાઓ સ્થપાઈ હતી. જર્મની, ફ્રાંસ, ઈંગ્લૅંડ વગેરે દેશોના વિદ્યાર્થીઓ ઈટાલીની પદુઆ, પવિયા, બોલોગ્ના વગેરે વિદ્યાપીઠોમાં અભ્યાસ કરવા જતા અને ત્યાંથી નવા વિચારો સાથે સ્વદેશ પાછા ફરતા. આથી યુરોપને શાસન, સંસ્કૃતિ, સમાજ અને સાહિત્યને લગતા પ્રાચીન ખ્યાલો બદલવામાં ઘણી પ્રેરણા મળી. પરંતુ ઈટાલીના જેવી અને જેટલી ઘનિષ્ઠ અને વિસ્તૃત રેનેસાંની પ્રવૃત્તિઓ યુરોપના અન્ય કોઈ રાજ્યમાં થઈ ન હતી. છતાં એકંદરે, માનવવાદી, રાષ્ટ્રીય તથા ઐહિક વિચારસરણીને વેગ મળ્યો હતો. જે પ્રદેશોમાં ખાસ પ્રસરણ થવા પામ્યું હતું તેમનું થોડુંક વિગતે અવલોકન કરીશું.

## જર્મની ચિત્ર-શિલ્પ-સ્થાપત્ય

જર્મનીમાં ૧૫મી–૧૬મી સદીના ચિત્રકારોમાં નુરેમ્બર્ગના વતની ડ્યુરર (૧૪૭૧–૧૫૨૮) તથા બાસેલના વતની હાન્સ હોલ્બિન (૧૪૯૭–૧૫૪૩) ખૂબ જાણીતા હતા. તેમણે પ્રાચીન પરંપરાગત 'ગોથિક' શૈલીનો ત્યાગ કરીને પોતાની કલામાં નવી રેનેસાં પદ્ધતિ અપનાવી હતી, અને ધાર્મિક માન્યતાઓનાં ચિત્રણને બદલે રેનેસાંની ઐહિક બાબતોના ચિત્રણને વિશેષ સ્થાન આપ્યું હતું.

ડ્યુરર વેનિસની મુલાકાત વખતે દુન્યવી ભાવો વ્યક્ત કરતાં બેલિનીનાં ચિત્રોથી ખૂબ પ્રભાવિત થયેલો. તેની અસર તેનાં ઈશુ, મેરી, સંત ક્રિસ્ટોફર વગેરે ચિત્રોમાં દેખાય છે. લાકડા તથા તાંબા પરનાં નકશીકામ એ ડ્યુરરની ચિત્રકલાની વિશિષ્ટતા હતી. તેનાં સંત જોનનાં દૈવી દર્શનને લગતાં આ શૈલીનાં લાકડા પરની નકશીવાળાં ૧૬ ચિત્રો વિખ્યાત બન્યાં છે; તે જ રીતે તાંબા પરની નકશીવાળાં તેનાં 'એપોલો' 'હર્ક્યુલસ' વગેરે ચિત્રો પણ ખૂબ જાણીતાં છે.

હાન્સ હોલ્બિનને તેના પિતા તરફથી ચિત્રકલા વારસામાં મળી હતી. તે પણ વેનિસની શૈલીનાં ચિત્રોથી ખૂબ પ્રભાવિત થયેલો. ઈરેસમસ તથા લ્યુથરના સંપર્ક અને પ્રભાવને લીધે હોલ્બિનની સુધારક ભાવનાને વેગ મળેલો. વળી, બેસલ આ સમયે ધર્મસુધારણાની પ્રવૃત્તિનું એક મુખ્ય કેન્દ્ર હતું. હોલ્બિને ઈરેસમસના વિખ્યાત પુસ્તક 'પ્રેઈઝ ઓફ ફોલી' ('મૂર્ખતાની પ્રશંસા')નાં ચિત્રો દોરીને પ્રચલિત સમાજ પરની તેની કટાક્ષ વૃત્તિ-શક્તિ પ્રગટ કરી; તો લ્યુથરકૃત બાઈબલની આવૃત્તિનાં મુખપૃષ્ઠ પરનાં ચિત્રો દોરીને તેણે રૂઢિચુસ્ત ધાર્મિક માન્યતાઓ પરના લ્યુથરના પ્રહારોને વધારે અસરકારક બનાવ્યા. હોલ્બિને ઈરેસમસ, ટોમસ મૂર, ઈંગ્લૅંડના રાજવીઓ, ધર્મગુરુઓ, અમીરો, ધનિકો વગેરેનાં દોરેલાં ચિત્રો દુન્યવી કલાનો ચરમ વિકાસ દર્શાવે છે. તેનું સૌથી વિખ્યાત ચિત્ર 'ક્રાઈસ્ટ ઈન ધ ટોમ્બ' છે. તેમાં તેણે પાશવી દુન્યવી સત્તા મારફત ઈશુની ઘોર રિબામણી અને તેના મૃત્યુનું દશ્ય અંકિત કર્યું છે.

ઈટાલિયન કલાકારોની માફક હોલ્બિનની ચિત્રકલા પણ રેનેસાં-યુગના ઉપલા વર્ગ માટેની જ પ્રવૃત્તિ હોવાની પ્રતીતિ કરાવે છે.

વિટેનબર્ગના વતની લુકાસ ક્રેનાક (૧૪૭૨–૧૫૫૩) પણ ૧૫મી–૧૬મી સદીનો જર્મનીનો જાણીતો ચિત્રકાર હતો. તે લ્યુથરનો સાથીદાર હોવાથી તેના પર ધર્મસુધારણાની ભાવનાની પૂરી અસર હતી. તેનું સૌથી વિખ્યાત ચિત્ર 'ફ્લાઈટ ઈન ટુ ઈજિપ્ત' (ઈશુના કુટુંબનું ઈજિપ્ત પ્રતિ પ્રયાણ) છે. તેમાં માનવીય ભાવો અને કુદરતી દશ્યોનું થયેલું આલેખન ખૂબ જ નોંધપાત્ર છે. નેધરલેન્ડસનો વતની પીટર બ્રુધેલ (૧૫૨૮–૧૫૬૯) પોતાના સમયનો વિશિષ્ટ પ્રકારનો કલાકાર હતો. તેણે ઉપલા વર્ગોનાં ચિત્રોને બદલે ખેડૂતો, ગ્રામ્યમેળા, યાત્રાનાં સ્થળો, ભિક્ષુકો, સામાન્ય પ્રજાજનો વગેરેનાં ચિત્રો દોર્યાં. તેનાં બે ચિત્રો 'બ્લાઈન્ડ બેગર્સ' (અંધ ભિખારીઓ) તથા 'મેસેકર ઓફ ધ ઈનોસન્ટ્સ' (સ્પેનના સૈનિકો દ્વારા નિર્દોષ નાગરિકો અને બાળકોની કતલ) ખૂબ જાણીતાં છે.

જર્મનીનાં આ સમયનાં શિલ્પોમાં વિશ્ચર પરિવારના પીટર ૧લા (૧૪૬૦–૧૫૨૯)એ સંત સેબાલ્ડસની નુરેમ્બર્ગમાં તૈયાર કરેલી ધાતુની કબર (૧૫૦૭–૧૯) તથા કોલિને બનાવેલો ઓગ્સબર્ગના ટાઉનહોલ સામેનો ફુવારો (૧૫૯૩) વિશ્વવિખ્યાત છે.

ફ્રાંસ પર ઈટાલીની ચિત્રકલાની કોઈ તત્કાલ નોંધપાત્ર અસર થઈ નહિ, પરંતુ ફ્રાંસના રાજાઓ અમીરો, ધર્મગુરુઓ તથા ધનિકો ઈટાલીનાં ભવ્ય બાંધકામો અને શિલ્પોથી ખૂબ પ્રભાવિત થયા. પરિણામે ફ્રાંસમાં ૧૫મી–૧૬મી સદીમાં ભવ્ય બાંધકામો થયાં તથા શિલ્પો કંડારાયાં. ઈટાલીની ચઢાઈ (૧૪૯૪–૯૫) વખતે ફ્રાંસનો રાજા ચાર્લ્સ ૮મો ઈટાલીનાં ભવ્ય બાંધકામો અને મોજીલા જીવનથી ભારે પ્રભાવિત થયો. આથી તેણે ફ્રાંસમાં આવાં બાંધકામો શરૂ કરાવ્યાં. લિયોનાર્દો દ વિન્સી રાજાના નિમંત્રણથી ફ્રાંસ આવ્યો, પરંતુ તે તેનાં ચિત્રો તેમ જ શિલ્પો પૂરાં કરે તે પહેલાં જ ફ્રાંસમાં તેનું અવસાન થયું (૧૫૧૯).

ફ્રાંસનો રાજા ફ્રાંસિસ ૧લો સ્થાપત્ય અને શિલ્પકલાનો શોખીન હતો. તેણે જાણીતા શિલ્પીઓને રાજ્યાશ્રય આપેલો. સેલિનીનાં શિલ્પો, ખાસ કરીને 'જલપરી', 'લુઈ ૧૨મો અને તેની રાણીની કબર' વગેરે જાણીતાં છે. પિલોને (૧૫૩૧–૯૦) રાજા હેનરી બીજાની તૈયાર કરેલ કબર ઈટાલિયન પદ્ધતિનાં બાંધકામ અને શિલ્પનો ઉત્તમ નમૂનો ગણાય છે.

૧૫મી-૧૬મી સદીમાં યુરોપનાં અન્ય રાજ્યોમાં નવતર કલા, શિક્ષણ, સાહિત્ય તથા માનવવાદી વિચારોનું પ્રસરણ ઈટાલીના પ્રમાણમાં ઓછું ગણાય. પરંતુ તેના નવા પ્રભાવક ચીલા શરૂ થઈ ચૂકયા હતા.

* એ વાત તો સ્પષ્ટ છે કે યુરોપભરમાં માનવવાદનાં પ્રસરણે પોપ, ખ્રિસ્તી દેવળ, ધર્મગુરુઓ તથા રૂઢ ધાર્મિક અને સામાજિક માન્યતાઓનું મહત્ત્વ ઘટાડયું તથા રાજા, રાજ્ય, રાષ્ટ્રવાદ, સમાજ અને ધર્મ વિશેના નવા ખ્યાલોના ફેલાવાને વેગ આપ્યો હતો; તેમાંથી આધુનિક સંસ્કૃતિનું ઘડતર વેગીલું બન્યું હતું.


થોડીક વિગતે આ પ્રક્રિયાની ઝાંખી કરીશું.

## જર્મની : માનવવાદનો પ્રભાવ

ઈટાલીની પદુઆ વિદ્યાપીઠમાં શિક્ષણ લેનાર અને જર્મનીની હાઈડલબર્ગ વિદ્યાપીઠમાં અધ્યાપન કાર્ય કરનાર પીટર લ્યુડર (૧૪૧૫–૧૪૭૪) જર્મનીનો પહેલો માનવવાદી વિચારક હતો. તેણે ખ્રિસ્તી દેવળની અયોગ્ય અને અધાર્મિક કહી શકાય તેવી નીતિરીતિઓ સામે પ્રથમ અવાજ ઉઠાવ્યો. અનૈતિક




લૂઈ ૧૪ મો (શહીદ)




સુધારણા યુગનું કઠોર કટાક્ષ ચિત્ર



વાર્તાલાપ કરતું ફ્રેંચ દંપતી
(ચિત્રકામ)




બગીચામાં બેઠેલાં પ્રેમીઓ
(૧૫મી સદીનું કોતરકામ)




જુડાસનું ચુંબન
સ્પેનિશ કલાકાર ફ્રાન્સિસ્કો સાલઝિલો

★


Bulla contra errores
Martini Lutheri
& sequacium.

ધર્મગુરુ બુલની માર્ટિન લ્યુથરના બહિષ્કારની પત્રિકાનું
આવરણ ચિત્ર (૧૫૨૦)



BIBLIA

The Bible/that
is, the holy Scripture of the
Olde and New Testament, faith-
fully and truly translated out
of Douche and Latyn
in to Englishe.

M.D.XXXV.

S.Paul.II. Tessa.III.
Praie for vs, that the worde of God maie
haue fre passage, and be glorified. &c.

S.Paul Col. III.
Let the worde of Christ dwell in you plen
teously in all wysdome &c.

Josue I.
Let not the boke of this lawe departe
out of thy mouth, but exercyse thyselfe
therin daye and nighte &c.

These are the lawes that thou shalt laye before them

Go youre waye in to all the worlde, & preach the Gospel

બાઈબલનું અંગ્રેજીમાં કવરડેલ કૃત બાઈબલનો સર્વ પ્રથમ
અનુવાદ (૧૫૩૫) આવરણ ચિત્ર

અને નાસ્તિક હોવાના પોતાના પરના આક્ષેપોનો તેણે જોરદાર રદિયો આપ્યો. કોંરાડ કેલ્ટસ (૧૪૫૯—૧૫૦૯) જર્મનીનો બીજો જાણીતો માનવવાદી કવિ અને દાર્શનિક હતો. તેણે ઈટાલીમાં અભ્યાસ કર્યો હતો. તે વિયેના યુનિવર્સિટીમાં ઇતિહાસ તથા દર્શનશાસ્ત્રના અધ્યાપક તરીકે પંકાયો હતો. મનુષ્યની મુકિત અને સ્વતંત્ર વિચારશકિત પર નિયંત્રણો મૂકનાર ખ્રિસ્તી દેવળ સામેની તેની જેહાદથી તે જાણીતો બન્યો હતો.

જર્મન સમ્રાટ મેકિસમિલિયન (૧૪૯૩—૧૫૧૮) માનવવાદનો પુરસ્કર્તા હતો. તેણે પ્યુટિન્જર (૧૪૬૫—૧૫૪૭) તથા વિલિબાલ્ડ (૧૪૭૦—૧૫૨૮) જેવા નામાંકિત માનવવાદીઓને રાજયાશ્રય આપેલો. પ્યુટિન્જરે અનેક પ્રાચીન હસ્તપ્રતો, વસ્તુઓ અને સિક્કાઓ એકત્ર કરીને પ્રાચીન સંસ્કૃતિનું ગૌરવ વધારેલું. તેની પાસે પશ્ચિમી રોમન સામ્રાજ્યના પુરાણા લશ્કરી તથા વ્યાપારી માર્ગોના નકશાઓ હતા. વિલિબાલ્ડ પણ મેકિસમિલિયનનો ખાસ માનીતો હતો. તેય પ્રાચીનતાનો પૂજારી હતો. તેણે ગ્રીક કૃતિઓનું ભાષાંતર કરીને તથા રાજ્યશાસન, ઇતિહાસ અને પ્રાચીન સાહિત્ય પર પુસ્તકો લખીને જર્મનીમાં માનવ-વાદના વિકાસમાં કીમતી ફાળો આપ્યો હતો. વધુમાં તે માર્ટિન લ્યુથરનો સાથીદાર હતો. તેણે પત્રિકાઓ અને લેખો દ્વારા લ્યુથરના વિરોધીઓ પર આકરા પ્રહારો કરીને સુધારક વિચારોના ફેલાવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો હતો. આ ઉપરાંત, જર્મનીના ઓગ્સબર્ગ શહેરના જેકોબ ફુગર તથા વેલ્સરનાં કુટુંબો યુરોપનાં અગ્રગણ્ય ધનિક કુટુંબો ગણાતાં. તેઓ માનવવાદની પ્રવૃત્તિઓને છૂટે હાથે પોષતાં.

જોન વિંફેલિંગ (૧૪૫૦—૧૫૨૮), સેબાસ્ટિયન બ્રાન્ટ (૧૪૫૭—૧૫૨૧) તથા જોન જીલર (૧૪૪૫—૧૫૧૦) જર્મનીના સ્ટ્રેસબર્ગ શહેરના મહાન માનવવાદીઓ હતા. ત્રણે મિત્રો હતા. તેમણે પોપની નાણાં એકત્ર કરવાની અયોગ્ય નીતિની અને ધર્મગુરુઓનાં અનૈતિક આચરણની ભારે ટીકા કરી છે. બ્રાન્ટે 'શિપ ઓફ ફૂલ્સ' નામની પોતાની કવિતામાં ધર્મગુરુઓની અનૈતિકતા પર સારો પ્રકાશ પાડયો હતો. વોન હટ્ટને (૧૪૮૮—૧૫૨૩) પોપના ફતવાઓ તથા દેવળના આદેશપત્રોનો જાહેરમાં વિરોધ કર્યો હતો. તે જર્મનીનો પ્રથમ કક્ષાનો માનવવાદી, કવિ અને દેશભકત હતો. હાઈડલબર્ગના વતની જોન રુશિલને (૧૪૫૫—૧૫૨૨) પોપ, ધર્મગુરુઓ, પ્રાચીન પદ્ધતિના અધ્યાપકો તથા મધ્યયુગી અમીરો પર કટાક્ષ કરતા લેખો લખીને જર્મનીના માનવવાદી સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો કર્યો હતો. આવો જ ઉમેરો જર્મનીના દેવેન્તેર શાળાના માનવતાવાદી લેખકોએ પણ કર્યો હતો.

આમ, જર્મનીના માનવવાદી અધ્યાપકોએ પોતાનાં વ્યાખ્યાનો અને લેખો મારફત પ્રાચીન ધર્મપદ્ધતિ તથા સમાજવ્યવસ્થા સામે આકરા પ્રહારો કરીને યુરોપમાં નૂતન અને સ્વતંત્ર વિચારસરણી વિકસાવવામાં કીમતી ફાળો આપ્યો હતો.

## ફ્રાંસ : માનવવાદ

ફ્રાંસના રાજા ચાર્લ્સ ૮માની ઇટાલી પરની ચઢાઈ (૧૪૯૪—૯૫) બાદ પરસ્પર અવરજવર વધવાથી ફ્રાંસમાં રેનેસાં તથા માનવવાદનું પ્રસરણ વધ્યું. ફ્લોરેન્સ, વેનિસ વગેરે સ્થળોએથી ગ્રીક સાહિત્ય તથા માનવવાદના અભ્યાસ સાથે ફ્રાંસ પાછા ફરેલા ફ્રેંચ અધ્યાપકોએ ફ્રાંસમાં માનવવાદના ખ્યાલો ફેલાવ્યા. ઈટાલીના જાણીતા માનવવાદીઓએ પણ ફ્રાંસની અવારનવાર મુલાકાત લઈને ઉદાર વિચારસરણી ફેલાવવામાં પોતાનો હિસ્સો આપ્યો. બુદે (૧૪૬૭—૧૫૪૦) ફ્રાંસનો સૌથી જાણીતો માનવવાદી હતો. તેણે માનવવાદના આધાર રૂપ ગ્રીક સાહિત્ય તથા રોમન કાનૂનશાસ્ત્રનો ખૂબ ઊંડાણથી અભ્યાસ કર્યો. લૂઈ ૧૨માના એલચી તરીકે તેણે વેનિસ તથા રોમમાં સેવાઓ આપી. આનાથી પણ તેના માનવવાદી વિચારોને વિશેષ પોષણ મળ્યું. તેણે લખેલાં પુસ્તકોએ ફ્રાંસમાં માનવવાદના નવા વિચારો ફેલાવવામાં કીમતી ફાળો આપ્યો.

નેધરલેન્ડનો ઈરેસમસ (૧૪૬૬–૧૫૩૬) તેના સમયનો સૌથી વધુ નામાંકિત માનવવાદી હતો. તે યુગમાં ચિંતક અને નિર્ભય સુધારક તરીકેની લ્યુથર સિવાય ઈરેસમસ જેટલી કીર્તિ ભાગ્યે જ કોઈએ પ્રાપ્ત કરેલી. (એની અત્યંત પ્રેરણાદાયી કારકિર્દીનું આલેખન ખંડ ૨માં વિગતે આપ્યું હોઈને અહીં માત્ર ઉલ્લેખ કરી આગળ ચાલીએ છીએ.)

યુરોપમાં વધુ વ્યાપક અને પ્રભાવક માનવવાદનું પુરસ્કર્તા ઈંગ્લેંડ હતું. તેની મહાન પ્રતિભાઓ જોઈ લઈશું.

## ઈંગ્લેંડ : માનવવાદી પ્રતિભાઓ

ઈંગ્લેંડના માનવવાદીઓમાં **જોન કોલેટ** (૧૪૬૭–૧૫૧૯)નું નામ પ્રથમ યાદ આવે એવું છે. તેણે ઓકસફર્ડ વિદ્યાપીઠમાં અનુસ્નાતક ડિગ્રી લીધા પછી, ઈટાલીમાં ગ્રીક સાહિત્ય અને કાયદાનો અભ્યાસ કર્યો. ઓકસફર્ડ પાછા ફર્યા બાદ તેણે સરળ ભાષામાં લોકોને બાઈબલનો ઉપદેશ સમજાવતાં વ્યાખ્યાનો આપ્યાં. તેમાં તેણે પાંડિત્ય અને રહસ્યવાદને બાકાત રાખ્યાં. આથી લોકો બાઈબલને નવી રીતે સમજતા થયા. પરિણામે, તેમની રૂઢિચુસ્તતા ઓછી થઈ અને રેનેસાંની પ્રવૃત્તિને ઈંગ્લેંડમાં વેગ મળ્યો. કોલેટે પિતા તરફથી વારસામાં મળેલી મોટી રકમ રેનેસાં ઢબની શાળા શરૂ કરવામાં વાપરી. આનાથી ઈંગ્લેંડમાં ગ્રીક સાહિત્ય અને માનવવાદી શિક્ષણને ઉત્તેજન મળ્યું અને 'ઓકસફર્ડ સુધારકો' તરીકે જાણીતા થયેલા માનવવાદીઓનો વિકાસ થયો. રાજા હેન્રી આઠમાએ (૧૫૦૯–૧૫૪૭) કોલેટ અને અન્ય માનવવાદીઓને ઉત્તેજન આપતાં ઈંગ્લેંડમાં માનવવાદનું વિશેષ પ્રસરણ થયું.

**સર ટોમસ મૂર** (૧૪૭૮–૧૫૩૫) : ઈંગ્લેંડના ૧૫મી–૧૬મી સદીના માનવવાદીઓમાં ટોમસ મૂરનું નામ ખાસ ઉલ્લેખનીય છે. મૂરની લખેલ 'યુટોપિયા : લેન્ડ ઓફ નો-વ્હેર' (સુખદ કાલ્પનિક સ્વર્ગભૂમિ) રેનેસાં-યુગની એક શ્રેષ્ઠ સાહિત્યિક કૃતિ ગણાય છે (૧૫૧૬). મૂર મોતે ઈરેસમસ અને તેના વિચારોથી ઘણો પ્રભાવિત થયો હતો, જેની છાપ તેના જીવન તેમ જ પુસ્તકોમાં દેખાય છે. વળી, 'યુટોપિયા' ગ્રંથ વાંચતાં સંત ઓગસ્ટિનકૃત 'સિટી ઓફ ગૉડ' (પ્રભુનું નગર)ની પૂરી અસર માલૂમ પડે છે. ઉપરાંત, પ્લેટોલિખિત 'રિપબ્લિક'માંથી પણ મૂરને યુટોપિયાના લેખન માટે પ્રેરણા મળી હોવાનું મનાય છે. વાસ્તવમાં મૂર અને ઈરેસમસ વચ્ચે નિકટ સંબંધ બંધાયો હતો (૧૪૯૯થી). બંને પરંપરાગત જડ માનવજીવન, સમાજશાસનવ્યવસ્થા, ધાર્મિક માન્યતાઓ, આડંબર તથા પંડિતાઈના વિરોધી હતા અને બંને કટાક્ષમય શૈલીમાં તેમની કડક ટીકા કરતા. પરિણામે મૂરે આ બધાંથી મુક્ત એવી એક 'સુખદ સ્વર્ગભૂમિ'ની કલ્પના કરી, જેમાં રેનેસાં સમયની પ્રચલિત પરિસ્થિતિ તથા હોવી જોઈતી આદર્શ સ્થિતિનું તેણે વિવરણ કરેલું છે.

'યુટોપિયા'માં મૂરે ઈંગ્લેંડના સમાજ અને તેની સરકારની ઊણપોની ટીકા કરેલી છે. તેણે ચોરી માટે ફાંસીની સજાને ઘણી ક્રૂર ગણાવી છે તથા ઈંગ્લેંડ અને ફ્રાંસ વચ્ચે અવારનવાર થતાં યુદ્ધો પ્રત્યે સખત અણગમો વ્યક્ત કરેલો છે. મૂરે આ પુસ્તકના બીજા ભાગમાં એક 'આદર્શ મનોરાજ્ય'ની કલ્પના કરેલી છે.

યુટોપિયામાં વ્યક્ત કરાયેલ શાસનવ્યવસ્થા, સમાજજીવન તથા અર્થતંત્રને લગતા વિચારો છેક વીસમી સદી સુધી યુરોપ માટે માર્ગદર્શક રહ્યા. અને વર્તમાન સમયમાં પણ આયોજિત અર્થશાસ્ત્ર તથા 'કલ્યાણકારી રાજ્ય' (વેલ્ફેર સ્ટેટ) માટે તે એટલા જ માર્ગદર્શક કહી શકાય એવા છે.

ટોમસ મૂર રાજા હેન્રી આઠમાનો પ્રીતિપાત્ર હતો. રાજાએ તેને પોતાના પ્રતિનિધિ તરીકે દેશ-વિદેશમાં અગત્યની કામગીરી સોંપેલી, જે તેણે સારી રીતે પાર પાડેલી. વળી તે બ્રિટિશ સંસદનો સભ્ય હતો.

# સર ટોમસ મૂરનું 'આદર્શ મનોરાજ્ય'

સર ટોમસ મૂરના 'આદર્શ મનોરાજ્ય'માં બગીચા સહિતનાં હવા-ઉજાસવાળાં સુંદર મકાનો છે તથા પહોળા ધોરી માર્ગો છે. તેમાં પુરવઠાની ઉત્તમ વ્યવસ્થા છે. બજારો મોટાં અને સ્વચ્છ છે. તેમાં વાસી ચીજવસ્તુઓનો નાશ કરવામાં આવે છે તથા જાહેર આરોગ્યની પૂરતી સંભાળ લેવાય છે. તેમાં સગવડસાધનોવાળાં દવાખાનાં છે, જેમાં દર્દીઓની બરાબર સારવાર થાય છે. વળી યુદ્ધો વસતીથી દૂર થતાં હોઈને વસતી કે પાકને નુકશાન કરાતું નથી તથા લૂંટફાટ કરાતી નથી. તેમાં **ધર્મ**નું એક શુદ્ધ સ્વરૂપ માન્ય હોવા છતાં જુદી ધાર્મિક માન્યતા ધરાવનારને પરેશાન કરવામાં આવતાં નથી. તેમાં મુક્ત રીતે ચર્ચા કરવાની છૂટ છે અને તેમાંથી **સત્ય** તથા **ધર્મ**ને લગતા સિદ્ધાંતો તારવવામાં આવે છે.

શહેરનું બધું ઉત્પાદન મોટા સામાન્ય કોઠારમાં એકત્ર કરાય છે અને તેમાંથી પ્રત્યેકને જરૂરિયાત પ્રમાણે અપાય છે. મિલકતને લગતા ઝઘડા, છેતરપિંડી, ચોરી વગેરેને 'યુટોપિયા'માં સ્થાન નથી. અનાજ સહિત ચીજવસ્તુઓનો પુષ્કળ જથ્થો એકઠો કરાય છે, જેથી દુષ્કાળ કે નબળા વર્ષનો સવાલ જ ન રહે. બધા સખત શ્રમ કરે છે તથા પુરુષ અને સ્ત્રીને સમાન ગણવામાં આવે છે. એકપત્નીત્વનો જ સ્વીકાર કરવામાં આવ્યો છે અને છૂટાછેડા ખાસ કારણોસર જ અપાય છે.

ન્યાયતંત્રમાં વકીલનું અસ્તિત્વ નથી. કાયદાનો ભંગ કરનારને સમાજના ગુલામ તરીકે હલકામાં હલકું કામ કરવું પડે છે. પરંતુ તેની સજાની મુદત પૂરી થતાં તેને મૂળ સ્થાને મૂકવામાં આવે છે. ગંભીર અપરાધ કરનારને મૃત્યુદંડની સજા થાય છે.

રાજાને સમાજનાં એકમો મારફત જીવનભર ચૂંટવામાં આવે છે. તેનું મુખ્ય કર્તવ્ય પ્રજાની સુખાકારી અને તંદુરસ્તી જાળવવાનું છે. તેણે નાનાંમોટાં સૌ પ્રજાજનો માટે શિક્ષણની વ્યવસ્થા કરવાની છે. તેણે ધંધાદારી શિક્ષણ માટે ખાસ જોગવાઈ કરવાની છે; વિજ્ઞાનને ઉત્તેજન આપવાનું છે તથા જ્યોતિષશાસ્ત્ર, ભવિષ્ય-વાણી તેમ જ વહેમોની ઉપેક્ષા કરવાની છે. દેશનું કે સમાજનું હિત ન જોખમાતું હોય ત્યાં સુધી તેણે યુદ્ધને નિવારવાનું રહે છે.

નાસ્તિક તથા આત્માની અમરતાનો ઇનકાર કરનાર સિવાયના તમામ પ્રત્યે રાજા સહિષ્ણુતા દાખવે છે અને પ્રત્યેકને ઇચ્છા મુજબ ધર્મ પાળવાની છૂટ આપે છે. ધર્મને નામે થતા ઝઘડાને શાસક સખત હાથે દાબી દે છે.

ધર્મગુરુઓ શારીરિક શ્રમનાં તથા સમાજસેવાનાં કાર્યો કરે તે શરતે જ તેમને મઠ બાંધવાની છૂટ છે; અને તેમને પરિણીત જીવન જીવવાની પણ છૂટ છે. આત્મહત્યા એ ભીરુતાની તેમ જ સમસ્યાઓમાંથી ભાગવાની વૃત્તિની સૂચક છે, માટે 'આદર્શ મનોરાજ્ય'માં તેની મનાઈ છે. આમ છતાં અસાધ્ય રોગથી પીડાતા અને જેમની બચવાની આશા ન હોય તેવા દર્દીને આત્મહત્યાની છૂટ છે.

❋ 'યુટોપિયા'માં ધનિકો મારફત ગરીબોના થતા શોષણની સખત ટીકા કરવામાં આવી છે તથા એની નાબૂદી માટે સામૂહિક અર્થશાસ્ત્રનો ખ્યાલ રજૂ કરવામાં આવેલો છે.

તેમાં તે રાજ્યતંત્ર, સમાજ, ધર્મ તથા અર્થવ્યવસ્થાને લગતા પોતાના ઉદાર અને પ્રગતિશીલ વિચારો વ્યક્ત કરતો. 'માનવવાદી' તરીકે 'નાસ્તિકો' સિવાય સર્વ પ્રત્યે તે ઉદાર હતો. તે પોતે ચુસ્ત કૅથોલિક હતો, અને પોપના પદ તથા દેવળને ખ્રિસ્તી ધર્મની આધારશિલા માનતો. આથી તે પ્રૉટેસ્ટન્ટ ધર્મસુધારણાનો પુરસ્કર્તા ન હતો અને ઇંગ્લૅંડમાં તેને દબાવી દેવાના મતનો હતો, જો કે તે દેવળની 'આંતરિક' સુધારણાનો આગ્રહી હતો. તે રાજ્યની સ્વાયત્તતામાં માનતો હોવા છતાંય પોપને ખ્રિસ્તી જગતનો સર્વોપરી વડો માનતો. આથી રાજ્યે ધાર્મિક બાબતો પૂરતું પોપનું સર્વોપરીપદ સ્વીકારવું જોઈએ તેવા મંતવ્યનો તે હતો. આને પરિણામે હેન્રી આઠમા સાથે તેને સંઘર્ષ થયો, અને છેવટે તેને શહીદી વહોરવી પડી.

## શહાદત

હેન્રી આઠમાનું લગ્ન ખ્રિસ્તી કાનૂન તથા નૈતિકતા વિરુદ્ધનું હોઈને પોપે તેને સંમતિ આપવાનો ઈન્કાર કર્યો. આથી વળતાં પગલાં તરીકે હેન્રીએ ઈંગ્લેંડનાં તમામ દેવળો પરથી પોપનું વર્ચસ નાબૂદ કરતો આદેશ પ્રસિદ્ધ કર્યો તથા ઈંગ્લેંડના દેવળને સ્વાયત્ત જાહેર કર્યું. વળી હેન્રીએ તમામ અધિકારીઓ અને આગેવાનોને આ બાબતમાં રાજાને વફાદાર રહેવાના સોગંદ લેવાનો આદેશ આપ્યો. મૂરે આવા સોગંદ લેવાનો ઇનકાર કરતાં તેને લંડનના ટાવરમાં પૂરવામાં આવ્યો (એપ્રિલ, ૧૫૩૫). તેની પત્ની, પુત્રી તથા મિત્ર વર્તુળનાં સૌએ મૂરને આવા સોગંદ લેવા સમજાવવા પ્રયત્નો કર્યા પણ તે નિષ્ફળ ગયા. છેવટે જુલાઈ ૧૫૩૫માં તેનો વધ કરવામાં આવ્યો. ધર્મને ખાતર ટોમસ મૂરે શહીદી પસંદ કરી.

ઈરેસમસ અને અન્ય બૌદ્ધિકોને આ ઘટનાથી સખત આઘાત લાગ્યો. યુરોપના રાજાઓએ પણ હેન્રીના આ કૃત્ય પ્રત્યે સખત નારાજી વ્યક્ત કરી. પોપ પોલ ત્રીજાએ હેન્રી તથા ઇંગ્લૅંડને ખ્રિસ્તી સમાજમાંથી બહિષ્કૃત કરતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું : તેમની સાથેના તમામ સંબંધો કાપી નાખવા આદેશ આપ્યો. પરંતુ યુરોપના અન્ય રાજાઓએ તેનો અમલ ન કરતાં તે આદેશ નિષ્ફળ ગયો. **આમાંથી યુરોપમાં સાર્વભૌમ રાષ્ટ્રીય રાજાશાહીના ઊગમને બળ મળ્યું.**

ઈરેસમસે પોતાના એક પત્રમાં ટોમસ મૂરને પોતાના સમયના સૌથી વિનમ્ર, સુખી, આનંદી તથા દાનશીલ મનુષ્ય અને શાણા સલાહકાર, બુદ્ધિશાળી વક્તા, વફાદાર પતિ તથા પ્રેમાળ પિતા તરીકે વર્ણવ્યો છે.

**વિલિયમ શેક્સપિયર** (૧૫૬૪–૧૬૧૬) : શેક્સપિયર ઇંગ્લૅંડનો રેનેસાં-યુગનો બીજો અને અંતિમ નામાંકિત માનવવાદી તથા સાહિત્યકાર હતો. પિતાની નબળી આર્થિક સ્થિતિને લીધે તે પ્રાથમિક શિક્ષણથી આગળ અભ્યાસ કરી શક્યો નહિ અને તેને કમાણી માટે પોતાનું જન્મસ્થાન સ્ટ્રૅટફૉર્ડ છોડી લંડનમાં વસવાની ફરજ પડી (૧૫૮૭). આ પછીના બે દાયકા (૧૫૯૨–૧૬૧૬) તેની સાહિત્યિક પ્રવૃત્તિથી ભરચક હતા. આ દરમ્યાન તેણે કેટલાંક 'સુખાંત' (કૉમેડિઝ) તથા કેટલાંક 'દુ:ખાંત' (ટ્રૅજેડિઝ) નાટકો લખ્યાં. સુખાંત નાટકોમાં 'ધ ટેમ્પેસ્ટ' (વાવાઝોડું) તથા દુ:ખાંત નાટકોમાં 'હેમલેટ', 'ઓથેલો' તથા 'મેકબેથ' વિશ્વવિખ્યાત છે. સુખાંત કરતાં દુ:ખાંત નાટકોમાં માનવસ્વભાવનું હૂબહૂ નિરૂપણ કરવાની શેક્સપિયરની

નિપુણતા વધારે સારી રીતે ખીલેલી છે. તેણે પોતાનાં નાટકોમાં આલેખેલ રાજાઓ, ધર્મગુરુઓ, વેપારીઓ, સામાન્ય લોકો, સ્ત્રી-પાત્રો વગેરે રેનેસાં-યુગનાં માનવ આવેગો, સામાજિક પરંપરાઓ તથા ધાર્મિક નીતિ-રીતિઓનાં દ્યોતક છે. આ પાત્રો મારફત ઈરેસમસ તથા ટોમસ મૂરની માફક શેકસપિયરે પોતાના યુગની નિર્બળતાઓની કટાક્ષમય શૈલીમાં ટીકા પણ કરેલી છે.

શેકસપિયરે પોતાનાં નાટકો સ્થાનિક ભાષામાં લખેલાં હોવાથી તે વધારે અસરકારક બન્યાં. વળી તેણે પોતાનાં નાટકોના વિષય તરીકે પ્રાચીન કે પૌરાણિક પ્રસંગો લેવાને બદલે સ્થાનિક તેમ જ પ્રચલિત વિષયો પસંદ કર્યા. આથી તેનાં નાટકોમાં રેનેસાં-યુગના માનવજીવનની વિશિષ્ટતાઓ તથા નિર્બળતાઓનું વાસ્તવિક અને સ્પષ્ટ ચિત્ર જોવા મળે છે. વળી તેણે લખેલાં ઐતિહાસિક નાટકો (૧૫૯૨થી ૧૫૯૯) રાણી ઈલિઝાબેથના સમયના અંગ્રેજોના રાષ્ટ્રવાદને પણ બરોબર વ્યક્ત કરે છે. સ્પેનના મહાન નૌકાકાફલાના પરાજય (૧૫૮૮) પછી પ્રત્યેક અંગ્રેજ રાષ્ટ્રીય ભાવનાથી થનગનતો હતો, જેનું યોગ્ય નિરૂપણ શેકસપિયરનાં ઐતિહાસિક નાટકોમાં થયેલું છે.

માનવસ્વભાવ તેમ જ આવેગનાં ચિત્રણમાં ખાસ કરીને સ્ત્રીપાત્રો – બિએટ્રીસ, પોર્શિયા, લેડી મેકબેથ, જુલિયા, રોઝાલિન્ડ વગેરે પાત્રો – નાં આલેખનમાં શેકસપિયર અનન્ય છે. રેનેસાં-યુગની મુક્ત જીવન જીવતી તથા પોતાનો આગવો પ્રભાવ સ્થાપિત કરતી સ્ત્રીઓના ઉત્તમ નમૂના રૂપ આ પાત્રો કહી શકાય. વળી શેકસપિયરે તેનાં દુખાંત નાટકોમાં આલેખેલ પુરુષ પાત્રો હેમલેટ, ઓથેલો, રાજા લિયર તથા મેકબેથ– માનવ-ઊર્મિઓની અનિશ્ચિતતા, શંકાશીલતા તથા વિસંવાદિતાનાં ઉદાહરણો છે. તે જ રીતે યહૂદી શાયલોક વ્યાજખોર વ્યાપારીનો સચોટ નમૂનો છે.

અલબત્ત, શેકસપિયર માનવ-ક્ષતિઓના નિવારણ માટે દૈવી ઉપાયમાં માને છે. પોતાનાં દુષ્ટ પાત્રોને તે રીતની દૈવી સજા કરાવે છે. રેનેસાં-યુગનું આ એક ખાસ લક્ષણ હતું. વિશેષમાં દઢ મનોબળને અભાવે, ફરજનું ભાન છતાં, વેર લેવાની આનાકાની કરતો હેમલેટ, પોતાની પત્નીની વફાદારી અંગે શંકા થવાથી ગાંડપણની સ્થિતિમાં જીવતો ઓથેલો, અતિશય મહત્ત્વાકાંક્ષાથી પીડાતો રાજા મેકબેથ વગેરે પણ રેનેસાં સમયનાં નમૂના રૂપ દષ્ટાંતો છે. શેકસપિયરનાં નાટકોમાં અવારનવાર દેખા દેતાં ભૂત–આત્મા ઇત્યાદિનું આલેખન પણ રેનેસાં–યુગની લાક્ષણિકતા હતું. શેકસપિયરની કૃતિઓમાં રજૂ થયેલાં સોનેટ–કાવ્યો શેકસપિયરને રેનેસાં–યુગના સાહિત્યકારોમાં આગવું સ્થાન અપાવે છે અને તે રેનેસાં સમયની ઉત્કૃષ્ટ રાષ્ટ્રીય ભાવનાનાં પ્રતીક છે.

# ૭ઃ પુનર્જાગૃતિ ઃ સમાપન

રેનેસાં-યુગનાં મૂલ્યાંકન તથા મહત્ત્વ વિષે મતમતાંતર છે. અમુક વિચારકો તેને મધ્યયુગની જડતામાંથી માનવને મુક્ત કરનાર યુગપ્રવર્તક **સુધારક** આંદોલન કહે છે; તો અન્ય તેને નીચલા થરના લોકોનું શોષણ કરનાર **મૂડીવાદી** આંદોલનનો આરંભ કરનારા યુગ તરીકે માને છે. બંને પ્રકારનાં મંતવ્યોમાં અંશતઃ સત્ય છે. યુરોપમાં સામાન્યતઃ તથા ઇટાલીમાં વિશેષતઃ ૧૪થી ૧૬મી સદી સુધી પ્રાચીન ગ્રીસ અને રોમની ચિત્ર, શિલ્પ તથા સ્થાપત્યકલા અને સાહિત્યિક કૃતિઓ તથા અન્ય કલાસિકલ રચનાઓનું ઊંડું અધ્યયન થયું. તેને પરિણામે યુરોપની ભવ્ય પ્રાચીન સંસ્કૃતિનું પુનરુત્થાન થયું, જે કલા તેમ જ સાહિત્યના વિવિધ સ્વરૂપે 'રેનેસાં' તરીકે આવિષ્કાર પામ્યું.

* ખાસ નોંધપાત્ર એ છે કે, પ્રાચીન ગ્રીસ તથા રોમની સંસ્કૃતિ પણ બહુધા ઉપલા વર્ગ પૂરતી મર્યાદિત હતી અને તે નીચલા થરના લોકોને ભાગ્યે જ સ્પર્શી હતી. આથી તેના પરિપાકરૂપે ઉદ્‌ભવેલી **રેનેસાં-યુગની સંસ્કૃતિ સ્વાભાવિક રીતે** જ **ઉપલા વર્ગ પૂરતી સીમિત રહી અને સામાન્ય વર્ગના લોકોને તે** ભાગ્યે જ **સ્પર્શી**. વળી, રેનેસાં મુખ્યતઃ શહેરો પૂરતું મર્યાદિત આંદોલન હતું, જો કે ગ્રામ પ્રદેશોના ઉપલા સમાજોમાં તે પ્રતિબિંબિત થયું હતું ખરું.

રેનેસાં-યુગનાં ભવ્ય ચિત્રો, શિલ્પો તથા સ્થાપત્યો સંબંધમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે એ થોડા કાબેલ મનુષ્યો દ્વારા અનેક ભોળા મનુષ્યોનું આર્થિક શોષણ હતું. દા. ત. ફ્લોરેન્સ, વેનિસ, રોમ, મિલાન, નેપલ્સ વગેરેનાં અનુપમ ચિત્રો તથા ભવ્ય શિલ્પો અને બાંધકામો ગરીબો પાસેથી એકત્ર કરાયેલ અનેક પ્રકારના કરવેરામાંથી સેંકડો મજૂરોના પરસેવે ઉદ્‌ભવ્યાં હતાં. પોપે રોમમાં બંધાવેલ ભવ્ય મહેલો તેમ જ દેવળો અને અજોડ ચિત્રો તેમ જ શિલ્પોથી શણગારેલી તેમની દીવાલો તથા છતો સામાન્ય જનતા (ખ્રિસ્તી લોકો) પાસેથી મોટે ભાગે ગેરકાનૂની અને બહુધા અનૈતિક કહી શકાય તેવા કરવેરા તેમ જ કરામતો મારફત એકઠાં કરાયેલ નાણાંમાંથી તૈયાર થયેલ હતાં. ફ્લોરેન્સ, વેનિસ તથા ઇટાલીનાં અન્ય રાજ્યોના શાસકોએ બંધાવેલ ભવ્ય મહેલોને માટે પણ આમ જ કહી શકાય.

* રેનેસાંની કલા શ્રીમંતોની શ્રીમંતાઈના એક પ્રકારનો આવિષ્કાર હતી. તેણે કલાકારને કારીગરથી અલગ કર્યો અને કલાકારને રાજવીઓ તથા શ્રીમંતો પર આધાર રાખતો કર્યો. વળી, આ યુગની સ્થાપત્ય કલાએ મૃતઃપ્રાય થયેલી પ્રાચીન સંસ્કૃતિ તથા વિદેશી તત્ત્વોવાળી શિલ્પ તેમ જ સ્થાપત્યશૈલીનો આશરો લઈને, સ્થાનિક શિલ્પ અને સ્થાપત્યશૈલીની સંપૂર્ણ ઉપેક્ષા કરી હતી. પરિણામે, સ્થાનિક કલાનો વિકાસ રૂંધાયો અને નવી સ્થાપત્ય-શૈલી યોગ્ય સ્વરૂપમાં વિકસી શકી નહિ. ગોથિક શૈલીનાં બાંધકામો સાથે ગ્રેકો-રોમન શૈલીનાં બાંધકામોનું મિશ્રણ થતાં તેમની વાસ્તવિકતા તેમ જ સુંદરતા પર વિપરીત અસર થઈ.

'કલાસિકલ' સ્થાપત્ય અને શિલ્પ કલાસિકલ સંસ્કૃતિનો આવિષ્કાર હતાં. આવી કલાસિકલ સભ્યતાનો રેનેસાં-યુગમાં અભાવ હતો, માટે જ માઇકલ એંજેલો, ડોનેટેલો વગેરે પોતાની કલામાં કલાસિકલ બની શક્યા નહિ. તેથી પણ **રેનેસાં-યુગની સ્થાપત્ય-શિલ્પકલા આત્મા વગરના દેહ જેવી બની રહી.**

અલબત્ત, રેનેસાં-યુગની ચિત્રકલા પોતાના સમયનાં માનવભાવો, પ્રાકૃતિક દશ્યો તથા રંગોનાં મિશ્રણ દર્શાવવામાં અજોડ કહી શકાય તેવી છે. તેની ટેકનિકલ નિપુણતા પણ ખાસ નોંધપાત્ર છે. રાફેલ અને ટિટિયાનનાં ચિત્રો આ કલાનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. વળી રેનેસાં-યુગે અન્ય કલાઓની માફક ચિત્રકલાનું પણ દુન્યવીકરણ કર્યું, તે તેની વિશિષ્ટતા કહી શકાય.

આમ છતાં, આ યુગની ચિત્રકલાની મુખ્ય ઊણપ તેણે જાતીય વૃત્તિ, સંભોગ ભાવના, શારીરિક હાવભાવ તથા નગ્નતાની વધારે પડતી કરેલી અભિવ્યક્તિ કહી શકાય. તેનાં ધાર્મિક ચિત્રોમાં પણ જાતીયતાની છાંટ દેખાય છે; તથા તેમાં આધ્યાત્મિક ભાવો કરતાં ઐહિક ભાવો વિશેષ માલૂમ પડે છે. 'ક્રુસિફિકેશન'નાં દશ્યોમાં પણ આ ભાવ વ્યક્ત થયેલ છે. આનું મુખ્ય કારણ એ છે કે પ્રાચીન ગ્રીસ તેમ જ રોમની ચિત્ર તેમજ અન્ય કલાઓ પર તો ગ્રીક તત્ત્વજ્ઞાનના સ્ટોઇક (સંયમી) આદર્શોનું નિયંત્રણ હતું, પરંતુ આવું કોઈ નિયંત્રણ રેનેસાં-યુગમાં ન હતું. પરિણામે રેનેસાંનો સમય ઉપલા વર્ગ માટે શ્રીમંતાઈ અને મોજીલાપણાનો યુગ બની રહ્યો હતો, જેમાં મુક્ત લાગણીઓ તથા જાતીયતાના આવિષ્કારને પૂરતો અવકાશ હતો. આથી જ રેનેસાં-યુગની ચિત્રકલા તેમ જ અન્ય કલાઓ, થોડાક અપવાદો બાદ કરતાં, પ્રાચીન ગ્રીસની ઉમદા કલાની તોલે આવી શકી નહિ; તેની પૂર્ણતા તથા ભવ્યતાની કક્ષાએ પહોંચી શકી નહિ.

*

રેનેસાંના સમયમાં શકવર્તી ભૌગોલિક પ્રવાસોને પરિણામે નવા જલમાર્ગો તથા નવા દેશોની શોધ થઈ. આથી ઇટાલીનાં તેમ જ યુરોપનાં અન્ય રાજ્યોના પૂર્વીય દેશો તેમ જ અમેરિકાના પ્રદેશો સાથેના વેપારમાં ભારે વૃદ્ધિ થઈ. નવાં શહેરો વિકાસ પામ્યાં અને વેપારી વર્ગ ખૂબ જ સમૃદ્ધ બન્યો. વળી આ વેપારબુદ્ધિથી યુરોપના પૂર્વીય દેશો તથા અમેરિકાના પ્રદેશોના લોકોનું ભારે આર્થિક શોષણ થયું; એને પરિણામે ઇટાલી તેમ જ યુરોપનાં અન્ય રાજ્યોનો વેપારી વર્ગ ખૂબ સંપત્તિશીલ બન્યો. તેણે પરોક્ષ રીતે સંસ્થાનવાદ તથા સામ્રાજ્યવાદને પણ પોષ્યા.

આ સમૃદ્ધ વેપારી વર્ગે સમાજ તથા શાસન પરથી સામંતશાહીનું વર્ચસ્ નાબૂદ કરીને પોતાનું વર્ચસ્ સ્થાપ્યું. તેણે પુરાણાં પ્રજાકીય સંગઠનોનો નાશ કરીને શાસન પર પૂંજીપતિઓના સંઘોનું પ્રભુત્વ સ્થાપ્યું. સાથોસાથ તેણે આપખુદ શાસકો તથા લશ્કરી સરમુખત્યારોનાં શાસનને પણ ઉત્તેજન આપ્યું. અલબત્ત, આમાંથી રાષ્ટ્રીય કક્ષાની રાજાશાહીનો ઉદ્ભવ થયો, જેણે રેનેસાંની વિવિધ પ્રવૃત્તિઓને પોષવા ઉપરાંત ઇટાલીને અંધાધૂંધી તેમ જ બિનસલામતીની સ્થિતિમાંથી બચાવ્યું.

બીજી બાજુ, આમાંથી જ સાર્વભૌમત્વ માટે ઇટાલીનાં રાજ્યો વચ્ચે આંતરિક સંઘર્ષો તથા તેનાં ફ્રાંસ અને અન્ય રાજ્યો વચ્ચેનાં યુદ્ધો પણ ઉગ્ર બન્યાં. પરિણામે થોડી અસ્થિરતાની પરિસ્થિતિ સર્જાઈ. તેમાંથી છેવટે, રાષ્ટ્રીય રાજાશાહી જન્મી, વિકસી અને સ્થિરતા તથા સલામતી સ્થાપી શકાઈ. આથી રાજકીય દૃષ્ટિએ વિચારતાં લોકશાહી (ડેમોક્રસી) કે અલ્પજનશાહી (ઓલિગાર્કી)નાં શાસનો કરતાં ફ્લોરેન્સમાં કોસિમો તથા તેના પૌત્ર લોરેન્ઝોનું રાજાશાહી શાસન અનેક રીતે કલ્યાણકારી જણાયું.

આ રાજાશાહીએ રેનેસાં-યુગની કલા તેમ જ સાહિત્યની પ્રવૃત્તિઓને પૂરેપૂરી પોષી અને પોતાના સમયના નામાંકિત કલાકારો તેમ જ વિદ્વાનોને ઉદાર આર્થિક સહાય આપી. અલબત્ત, શાસકો તથા કલાકારોનાં નૈતિક સ્ખલનો તે સમયની બૌદ્ધિક મુક્તિ અને આર્થિક સમૃદ્ધિ માટે ચૂકવેલી કીમત કહી શકાય.

*

રેનેસાં-યુગમાં ઉદય પામેલ નવા સમૃદ્ધ વેપારી વર્ગે સામંતશાહી શાસનવ્યવસ્થાના આણેલ અંતની સાથે સામંતશાહી અર્થવ્યવસ્થાને પણ તોડી તથા તેને સ્થાને આધુનિક ઢબની નવી મૂડીવાદી અર્થવ્યવસ્થા સર્જી તથા અર્વાચીન પદ્ધતિની શરાફી તેમ જ બેંકિંગ વ્યવસ્થા વિકસાવી. પરંતુ આ પૂંજીવાદી અર્થતંત્રે વિકસાવેલ વેપારવાદે વર્ગભેદ અને નીચલા થરના લોકોના આર્થિક શોષણને વ્યાપક બનાવ્યું. આ વેપારવાદે સ્થાપેલ વસાહતોમાંથી સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ ફાલ્યા.

વળી, રેનેસાં-યુગની આર્થિક સમૃદ્ધિએ તે સમયની કલા તેમ જ સાહિત્યની પ્રવૃત્તિઓને પોષી. તેણે લોકોના સામાજિક તથા ધાર્મિક દૃષ્ટિકોણ બદલવામાં ઘણો મોટો ફાળો આપ્યો, બલ્કે પ્રચલિત રૂઢિચુસ્ત સામાજિક અને ધાર્મિક માન્યતાઓને મોટો આઘાત આપ્યો અને તે સમયના વહેમો, ચમત્કારો વગેરે ઓછા કરવામાં પોતાનો નોંધપાત્ર હિસ્સો આપ્યો. ઉપરાંત, તેણે વ્યક્તિ, સમાજ અને રાજ્ય પરનું પોપો તેમ જ ખ્રિસ્તી દેવળનું વર્ચસ્ ઘણું શિથિલ કર્યું. તેમના પરના ધર્મના અંકુશને રદ કરીને વ્યક્તિ, સમાજ અને રાજ્યને વધારે દુન્યવી (સેક્યુલર) બનાવ્યાં. ઘીબર્ટી, ડોનેટેલો, લિયોનાર્દો, માઈકેલ એંજેલો, રાફેલ, ટિટિયાન, ટિન્ટોરેટો, વેરોનિસ વગેરેની ચિત્ર, શિલ્પ તથા સ્થાપત્યકલાએ અને પેટ્રાર્ક, બોકેસિયો, ઈરેસમસ, ટોમસ મૂર, મેકિયાવેલી, શેક્સપિયર વગેરેની સાહિત્યિક કૃતિઓએ સામાજિક જડતા તથા ધાર્મિક અંધશ્રદ્ધા પર કુઠારાઘાત કરીને નવી અને સ્વતંત્ર વિચારશક્તિને ઉત્તેજિત કરી અને રૂઢિવાદ સામે નવો દૃષ્ટિકોણ તથા શુદ્ધ તર્કવાદ વિકસાવ્યો. આનાથી મધ્યયુગી વિચારસરણી વિલીન થઈ અને આધુનિક વિચારસરણીનો ઊગમ થયો.

રેનેસાં-યુગનું મોટામાં મોટું પ્રદાન માનવવાદના ક્ષેત્રે છે. આ સમયના મોટા ભાગના કલાકારો તથા સાહિત્યકારો માનવવાદીઓ હતા. તેમણે માનવતા, વૈચારિક ઉદારતા, સહિષ્ણુતાને પોતાની કૃતિઓની આધારશિલા બનાવી. પરિણામે, રેનેસાંની મૂડીવાદી બાંધણીમાં પણ માનવવાદનું મૂલ્ય સ્થાપિત થયું. રેનેસાંએ એક નવી હવા ઊભી કરી. આનું પ્રસરણ આરંભે ઈટાલીમાંથી ૧૫મી-૧૬મી સદીમાં ફ્રાંસ, ઇંગ્લેંડ, જર્મની, ફ્લેન્ડર્સ, સ્પેન વગેરેમાં થયું; ત્યાં 'માનવવાદ'નો વિકાસ લગભગ પૂર્ણ કક્ષાએ થયો.

ઈટાલીમાં ૧૪મી સદીમાં ઉદ્ભવેલી અને ૧૫મી–૧૬મી સદીમાં વિકસેલી નવી સંસ્કૃતિ, કલાભાવના, વૈજ્ઞાનિક દૃષ્ટિ તથા સાહિત્યિક પ્રવૃત્તિઓ યુરોપનાં અન્ય રાજ્યોમાં પણ વ્યાપક પ્રમાણમાં ફેલાઈ અને તેમને આધુનિકતા પ્રતિ લઈ જવામાં, તેમનામાં રાષ્ટ્રીય દૃષ્ટિકોણ વિકસાવવામાં તથા મુક્ત અને 'માનવવાદી' વિચારો પ્રેરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. અલબત્ત આ પ્રકારના મુક્ત ખ્યાલોએ નૈતિકતા તથા ધાર્મિકતાનાં બંધનો ઢીલાં કરીને ઐહિક તથા દુન્યવી ભાવોને ઉત્તેજન આપ્યું.

આમ, બિનસાંપ્રદાયિકતાની સાથે જાતીય વિકૃતિ પણ પોષાઈ.

જો કે, ઘણા ચિંતકો આ પ્રકારની સારી–નરસી પરિણતિને 'इतिहास'ની 'अनिवार्यता' લેખી સાંત્વન લે છે.

*

સામાન્યત: રેનેસાં વિશે એવું કહેવાય છે કે તેણે મધ્યયુગનો અંત લાવીને અર્વાચીન યુગની ઉષા પ્રગટાવી. પરંતુ દરેક ક્ષેત્ર માટે આ વિધાન સાચું નથી. રાજકીય તથા સામાજિક ક્ષેત્રોમાં તો રેનેસાંના સમયમાં પણ બહુધા મધ્યયુગીન કહી શકાય તેવું વાતાવરણ હતું. આપખુદ રાજાશાહી અને મધ્યયુગી સમાજવ્યવસ્થા લગભગ ચાલુ હતી. અલબત્ત તેણે આર્થિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક ક્ષેત્રોમાં અર્વાચીન કહી શકાય તેવા ફેરફારો કર્યા. પરંતુ તેને મધ્યયુગનો અંત લાવનાર આંદોલન

કહેવું ઉચિત નથી. વાસ્તવમાં તેને મધ્યયુગને આગળ લઈ જઈને તેમાં અર્વાચીન યુગના ઉત્થાનને અનુરૂપ રૂપાંતર કરનાર આંદોલન કહેવું જોઈએ.

બીજી બાજુ, રેનેસાંને નાસ્તિક આંદોલન ગણનારું મંતવ્ય તો તદ્દન ગેરસમજૂતીભર્યું અને અઘટિત છે. તે આંદોલન મહદંશે 'ધર્મશ્રદ્ધાળુ' રહ્યું હતું. મોટા ભાગના કલાકારો તથા સાહિત્યકારો ચુસ્ત ખ્રિસ્તીઓ હતા અને ઈશુના અનુયાયીઓ હતા. તેમની કલાકૃતિઓ અને રચનાઓમાં પણ આની પૂરી અભિવ્યક્તિ થયેલી છે. અલબત્ત, 'ન્યૂ ટેસ્ટામેન્ટ' (બાઈબલ)નાં કથનો, ઈશુના ઉપદેશ તથા સંતોનાં વચનામૃતોનું સત્તા, સંપત્તિ અને સ્વાર્થ ખાતર ખોટું અર્થઘટન કરનાર પોપો તથા ધર્મગુરુઓ પ્રત્યે તેમને રોષ હતો. તેમણે ખ્રિસ્તી ધર્મમાં વિકૃતિઓ લાવનાર તથા અંધશ્રદ્ધા તેમ જ વહેમોને પોષનાર પોપો સામે આકરા પ્રહારો અને કટાક્ષો કરેલા છે.

આ રીતે, રેનેસાંના આંદોલનને 'ધર્મસુધારણા'નો પાયો નાખનાર અને તેને પ્રેરણા તથા માર્ગદર્શન આપનાર આંદોલન કહી શકાય.



હેન્રી ૮મો (૧૫૦૯–૧૫૪૭)
[હાન્સ હોલ્બેન]



પાઓલો વેરોનિસ
(કેલિઆરી ગેબ્રીએલ) (૧૫૯૮–૧૬૨૩)
[સ્વ-રેખાંકન]




માર્ટિન લુથર (૧૪૮૩–૧૫૪૬)
[લુકાસ ક્રેનાક]



જૉન કાલ્વિન (૧૫૦૯–૧૫૬૪)
[રેને બોયવિન]



ઈસાબેલા (૧૪૭૪–૧૫૩૯)
[લિયોનાર્દો દ' વિન્સી]




માર્ટિન લ્યૂથર-પૂર્વે અને પછી

(૧) ઇશ્વરની પ્રાપ્તિ માટે દેવળ સંસ્થાનું માતબર અનિવાર્ય તંત્ર


(૨) મનુષ્યે પંડે જ સીડી ચઢવાની છે.

# ખંડ-૨

# ધર્મસુધારણા




પાંચ સંશોધકોનાં ભ્રમણ વિસ્તારો


યુરોપ (આશરે ઇ.સ.૧૫૦૦)
પવિત્ર રોમન સામ્રાજ્યની હદ
રશિયન સામ્રાજ્ય
ફિનલેન્ડ
સ્ટોકહોમ
નોવાગોર્ડ
મોસ્કો
સમારા
ક્રિમિયાના ખાનાત
બાલ્ટિક સમુદ્ર
ડેન્માર્ક
બર્લિન
કીવ
બોહેમિયા
બુડાપેસ્ટ
હંગેરી
ફ્રેન્કફર્ટ
પેરિસ
ફ્રાન્સ
બોર્ડો
મિલાન
ફ્લોરેન્સ
રોમ
નેપલ્સ
પાલેર્મો
મેડ્રિડ
સ્પેન
કોર્ડોવા
બાર્સેલોના
બુખારેસ્ટ
સોફિયા
કોન્સ્ટેન્ટિનોપલ
અંગોરા
કાળો સમુદ્ર
પર્શિયન
સાયપ્રસ
દમાસ્કસ
ફેઝ સલ્તનત
અલ્જિયર્સ સામ્રાજ્ય
ટ્યૂનિસ
મ ધ્ય સ મુ દ્ર

# ૧ : ધર્મસુધારણા : નવો ઉઘાડ

## પ્રાક્-કથન

યુરોપની સેંકડો વર્ષ પુરાણી ધાર્મિક માન્યતા તથા પ્રચલિત શ્રદ્ધાને હચમચાવી નાખનાર આંદોલનને ધર્મસુધારણાનું નામ અપાયું છે. ધર્મસુધારણાના આ આંદોલનના ઊગમ માટે અનેક પરિબળો જવાબદાર હોવા છતાં મુખ્યત્વે તે પુનર્જાગૃતિ (રેનેસાં)ના આંદોલને સર્જેલ નવા વાતાવરણમાંથી ઉદ્ભવ્યું હતું, એમ એકંદરે કહી શકાય. એ રીતે પુનર્જાગૃતિના સમયની મુક્ત અને માનવવાદી વિચારસરણી તેની પાયાની બાબત ગણાય. વિશેષમાં મધ્યયુગ તથા પુનર્-જાગૃતિ યુગના કેટલાક ખ્રિસ્તી સંપ્રદાયો અને સંતોએ ધર્મ અને દેવળની આંતરિક શુદ્ધિ તથા સુધારણા માટે પ્રયાસો કરીને, તથા તે માટે કેટલાકે પોતાની જાતનું બલિદાન આપીને, ધર્મસુધારણાને પ્રેરકબળ પૂરું પાડયું હતું. આવા સંતોમાં બર્નાર્ડ, ફ્રાંસિસ, ડોમિનિક, વિકિલફ તથા હસ મુખ્ય છે. તેમાંય, ઈરેસમસનાં વેધક અને વાસ્તવદર્શી લખાણોને ધર્મસુધારણાનો પ્રબળ સ્રોત કહી શકાય.

આપણે આગળ જોઈ ગયા તેમ, તેરમી સદીના અંત સુધીમાં યુરોપમાં કેટલાંક નવાં નગરો વિકાસ પામ્યાં; નવા ઉદ્યોગો સ્થપાયા તથા પૂર્વના દેશો સાથેના યુરોપના દરિયાઈ વેપારમાં ધરખમ વધારો થયો. આથી, યુરોપનો વેપારી વર્ગ ખૂબ સમૃદ્ધ બન્યો હતો. પરિણામે સામંતશાહી અર્થવ્યવસ્થા નબળી પડી અને તેને સ્થાને આધુનિક ઢબની મૂડીવાદી અર્થવ્યવસ્થા સ્થપાવી શરૂ થઈ હતી, જેણે નૂતન શિક્ષણ તથા સંસ્કારને ઉત્તેજન આપ્યું. ૧૨મી-૧૩મી સદીમાં ઇટાલી, ફ્રાંસ, ઈંગ્લેંડ, જર્મની વગેરે દેશોમાં કેટલીક જાણીતી વિદ્યાપીઠો સ્થપાઈ હતી. તેમાં ધર્મશાસ્ત્રો ઉપરાંત દર્શનશાસ્ત્ર અને ભૌતિકવિદ્યાઓનો અભ્યાસ શરૂ થયો હતો. આ બધાં થકી લોકોની મધ્યયુગી વિચારસરણી તેમજ ધાર્મિક માન્યતાઓમાં મહત્ત્વનાં પરિવર્તન થયાં હતાં. પરિણામે, ખ્રિસ્તી ધર્મના અમુક સંસ્કારો, વિધિ-નિષેધો વગેરેમાં લોકોને પ્રથમ શંકા જાગી. ત્યારબાદ તેઓ ટીકા કરતા થયા અને અંતે તેમને પડકાર કરતા થયા હતા. પરંતુ આ પ્રક્રિયાનો આરંભ ૧૧મી સદીમાં થઈ ચૂકયો હતો. દક્ષિણ ફ્રાંસના તુલાઉસ શહેરના કેટલાક નાગરિકોએ ચમત્કારો તથા 'બેપ્ટિઝમ' (ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશ માટેની સંસ્કારવિધિ) જેવા ખ્રિસ્તી-સંસ્કારોની યોગ્યતા વિશે પહેલવહેલો પડકાર ફેંકયો. તેમના બાર જેટલા આગેવાનોને જીવતા સળગાવી મૂકવામાં આવ્યા. પરંતુ તેથી આંદોલન મંદ પડવાને બદલે વિસ્તૃત બન્યું; બલ્કે એ તંતુ આગળ વધ્યો.

વિદ્યાપીઠોની સ્થાપનાથી શિક્ષણનો ફેલાવો થતાં ગ્રીક, લેટિન તથા હિબ્રુ ઉપરાંત પ્રાદેશિક ભાષાઓનો અભ્યાસ પણ વ્યાપક બન્યો; અને બાઇબલ તથા ધર્મશાસ્ત્રોનાં પ્રાદેશિક ભાષાઓમાં ભાષાન્તર થયાં. આથી બાઇબલનાં વિધાનોનો પોતાની રીતે અર્થઘટન કરવાનો ધર્માચાર્યોનો ઇજારો તૂટયો; લોકો સાચી હકીકત સમજતા થયા; અને ધર્માચાર્યોએ કરેલ મોટા ભાગનાં અર્થઘટન સ્વાર્થમય તથા પોકળ હતાં, એમ લોકો સમજતા થયા. પરિણામે, પ્રચલિત ધાર્મિક પરંપરાઓ અને માન્યતાઓમાંથી લોકોની શ્રદ્ધા ડગવા લાગી. દા. ત. ફ્રાંસના એક ધનાઢ્ય વેપારી વાલ્ડોએ બાઇબલનું ફ્રેંચ ભાષામાં ભાષાંતર (૧૧૩૦) કરાવીને તેનું વાંચન કર્યું. તે પછી તેને ખ્રિસ્તી ધર્મગુરુઓનાં મોટા ભાગનાં કથનો સ્વેચ્છાચારી, અનૈતિક તથા બાઇબલનાં મૂળ વિધાનોથી વિરુદ્ધનાં લાગ્યાં. તેણે પોતાની મિલકત સામાન્ય લોકોમાં વહેંચી દઈને ગરીબી

સ્વીકારીને, સંયમી અને સાદું જીવન અપનાવ્યું તથા તે પ્રકારે જીવન જીવવા તેણે અન્યને અનુરોધ કર્યો. ત્યારબાદ વાલ્ડોના અનુયાયીઓએ પોપની ઇચ્છા વિરુદ્ધ જઈને વાલ્ડોના મતનો પ્રચાર ચાલુ રાખ્યો. આથી તેમાંના કેટલાકને જીવતા સળગાવી દેવામાં આવ્યા.

## સુધારક સંતો અને સંપ્રદાયો

ખ્રિસ્તી ધર્મમાં પ્રવેશેલ વિકૃતિઓ તેમ જ ધર્મગુરુઓનાં વૈભવ-વિલાસ અને અનૈતિક આચરણ સામે ૧૨મી-૧૩મી સદીમાં થયેલા કેટલાક સંતો તથા સંપ્રદાયોએ જેહાદ જગાવી, જેનાથી ધર્મસુધારણાના ઊગમને વિશેષ બળ મળ્યું. સંત બર્નાર્ડે (૧૦૯૦–૧૧૫૩) ધર્મગુરુઓ તેમ જ મઠાધિપતિઓના વિલાસી અને અનૈતિક જીવનની ટીકા કરીને આત્મશુદ્ધિનું આંદોલન ઉપાડ્યું, જે ૧૩મી સદીમાં વ્યાપક બન્યું. તેણે સ્થાપેલ મઠોએ ખ્રિસ્તી ધર્મસમાજના તેમ જ ધર્માચાર્યોના નીતિમત્તાના ધોરણને ઊંચું લાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. બીજા એક સંત ફ્રાંસિસે (૧૧૮૨–૧૨૨૬) પોતાના પવિત્ર અને સેવામય જીવનથી ખ્રિસ્તી દેવળની આંતરિક શુદ્ધિ તથા પોપો તેમ જ ધર્મગુરુઓની વ્યક્તિગત શુદ્ધિ પર નોંધપાત્ર પ્રભાવ પાડયો. રોગી અને દીનદુખિયાંની સેવા એ તેનો જીવનમંત્ર હતો. આ સમયના ત્રીજા સંત ડોમિનિકે (૧૧૭૦–૧૨૨૧) પોપના પ્રતિનિધિઓ તથા ધર્માચાર્યોને તેમના વૈભવી અને વિલાસી જીવન માટે કડક ઠપકો આપ્યો તથા તેમને ગરીબો અને દુ:ખી લોકોની સેવા કરવાનો અનુરોધ કર્યો. આગળ જતાં 'ફ્રાંસિસી' અને 'ડોમિનિકન' પંથ ઊભા થયા, જે સુધારક પંથો તરીકે જાણીતા બન્યા. તેમાં રોજર બેકન તથા ટોમસ એક્વિનાસ જેવા પ્રખર વિદ્વાનો થયા, જેમની કામગીરીથી ધર્મસુધારણાના ઊગમની ભૂમિકા તૈયાર થઈ.

ખ્રિસ્તી દેવળની કેટલીક વિધિઓ, ધર્માચાર્યોનાં અનૈતિક આચરણ, ઉપપત્નીપ્રથા, 'ક્ષમાપત્રો', ચમત્કારો ઇત્યાદિ અનિષ્ટોનો વિરોધ કરનારા કેટલાક અન્ય પંથો ૧૨મી–૧૩મી સદીમાં યુરોપના દેશોમાં અસ્તિત્વમાં આવ્યા. તેમાં 'કૅથારી' (પવિત્ર) તથા 'આલ્બેજેન્સ' (આલ્બી નગરના વતનીઓ) નામના પંથો વધારે જાણીતા હતા. કેથારી પંથના પાદરીઓ કાળા ઝભ્ભા પહેરતા તથા બ્રહ્મચર્ય અને ગરીબાઈનું વ્રત લેતા. તેઓ ધર્માચાર્યોના અનૈતિક જાતીય સંબંધોના તથા તેમની મારફત એકત્ર કરાતી અઢળક દોલતના ઉગ્ર ટીકાકાર હતા. આલ્બેજેન્સ પંથમાં પણ લગભગ આ જ પ્રકારના પાદરીઓ હતા. તેઓ મૂર્તિપૂજાનાય વિરોધી હતા. ફ્રાંસનાં તુલાઉસ, રેઈમ્સ વગેરે નગરોમાં આ પંથો વિશેષ પ્રચલિત થયા. તુલાઉસનો ઠાકોર રેમંડ પણ તેનો ટેકેદાર હતો. આથી પોપ ઇનોસન્ટ ત્રીજાના આદેશ મુજબ આવા 'નાસ્તિક' લોકો સામે કામ ચલાવવા ધર્મઅદાલત (ઇન્કિવઝિશન)ની સ્થાપના કરવામાં આવી. 'રાજદ્રોહ' કરતાં 'ધર્મદ્રોહ' વિશેષ ગંભીર પ્રકારનો ગુનો તેમ જ મહાપાતક હોવાનું જણાવીને તે માટે કડકમાં કડક સજા કરવાનું તેણે જાહેર કર્યું. તે અનુસાર, રેમંડના તુલાઉસ નગરને ઘેરો ઘાલવામાં આવ્યો. તેનાં હજારો પુરુષો, સ્ત્રીઓ તથા બાળકોની કતલ કરવામાં આવી અને રેમંડને પદભ્રષ્ટ કરીને જેલમાં પૂરવામાં આવ્યો.

'ધર્મદ્રોહ'ની સાથે 'રાજદ્રોહ' ફેલાવાનો રાજાઓને ભય લાગતાં તેમણે પોપની ધર્મઅદાલતની ક્રૂર કાર્યવાહીને સાથ આપ્યો. પરિણામે વાલ્ડેન્સ, કેથારી તથા આલ્બેજેન્સ સંપ્રદાયના સેંકડો પાદરીઓને સુદ્ધાં જીવતા બાળી મૂકવામાં આવ્યા. પરંતુ આમાંથી જ પ્રેરણા પામીને ઇંગ્લૅંડમાં જોન વિક્લિફ (૧૩૨૦–૧૩૮૪) તથા જર્મનીમાં જોન હસ (૧૩૬૯–૧૪૧૫)ના કહેવાતા નાસ્તિકવાદનો ઉદ્ભવ થયો, જેનાથી ધર્મસુધારણા આંદોલનને ભારે વેગ મળ્યો. આ ક્ષેત્રે આપણે પહેલાં ઇંગ્લૅંડમાં ચાલેલા આંદોલન તરફ દૃષ્ટિપાત કરી લઈએ.

## ઇંગ્લેંડ

૧૩મી-૧૪મી સદી દરમ્યાન ઇંગ્લેંડના ખ્રિસ્તી દેવળમાં ભારે સડો પ્રવેશ્યો હતો. ત્યાંનાં દેવળોના ધર્મગુરુઓએ પણ દાન, કરવેરા, ગેરકાનૂની લાગા, પુષ્કળ જમીનની માલિકી વગેરે મારફત અઢળક દોલત એકઠી કરી હતી, અને તેઓ વૈભવ-વિલાસમય જીવન જીવતા હતા. વળી, આ ધનની સહાયથી તેઓ ઇંગ્લેંડની સંસદના ઉપલા ગૃહમાં ચૂંટાતા હતા. તે સમયે ઉપલા ગૃહની સત્તા વિશેષ હોઈને રાજ્યસત્તા તેમ જ સમાજજીવન બન્ને પર તેમણે પોતાનું પ્રભુત્વ જમાવ્યું હતું.

વિશેષમાં, ઇંગ્લેંડનાં દેવળોનું ઘણું નાણું તે સમયે ફ્રાંસમાં આવેલ પોપના વડા-મથક એવિગ્નોન (પોપ-પદના ભાગલા પડયા હોઈને રોમ ઉપરાંત સ્થપાયેલ બીજું મથક)માં ઘસડાઈ જતું હતું. ઇંગ્લેંડ અને ફ્રાંસ ૧૯મી સદી સુધી એકમેકનાં કટ્ટર શત્રુઓ હતાં. આથી ઇંગ્લેંડના બુદ્ધિજીવી તથા સમજુ લોકોને ઇંગ્લેંડનું નાણું આ રીતે ફ્રાંસમાં ઘસડાઈ જાય તે ખૂંચતું હતું. પરિણામે, ઇંગ્લેંડમાં ૧૪મી સદીના પ્રારંભમાં દેવળ વિરુદ્ધની એક સંસ્થા સ્થપાઈ, જેણે એવિગ્નોન (ફ્રાંસ)માં નાણાં મોકલનારા ઇંગ્લેંડના દેવળ વિરુદ્ધ જેહાદ જગાવી. આ સંસ્થાના અનુરોધથી ઇંગ્લેંડના શાસક એડવર્ડ ત્રીજાએ પોપને અપાતી ખંડણી બંધ કરી (૧૩૩૩). વળી, તેણે સામંતોની અંગત જમીન પરનો પોપનો અંકુશ રદ કરતો ધારો પસાર કર્યો (૧૩૫૧). તેણે દુન્યવી બાબતોને લગતા દાવા પોપની અદાલતમાં લઈ જવાની પણ મનાઈ ફરમાવી, અને એમ કરનાર માટે દેશનિકાલની સજાની જોગવાઈ કરી.

### પ્રોટેસ્ટંટ સુધારકો

**જોન વિકિલફ (૧૩૩૦-૧૩૮૪) :** યોર્કશાયરમાં જન્મેલ વિકિલફે ઓકસફર્ડ વિદ્યાપીઠમાં ધર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને પછીથી ત્યાં જ ધર્મશાસ્ત્રના અધ્યાપક તરીકે તેની નિયુક્તિ થઈ હતી. તે પ્રખર બુદ્ધિપ્રતિભા ધરાવતો હતો તથા ગંભીર અભ્યાસી હતો. તેણે ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર તથા તર્કશાસ્ત્ર પર વિદ્વત્તાપૂર્ણ પુસ્તકો લખ્યાં હતાં. તેણે 'મનુષ્યના ભાવિની પૂર્વનિશ્ચિતતા' નામક રજૂ કરેલ સિદ્ધાંત પાછળથી પ્રોટેસ્ટંટ ધર્મ સુધારણાનો પાયાનો સિદ્ધાંત બન્યો.

વિકિલફના આ સિદ્ધાંત પ્રમાણે સમસ્ત વિશ્વ તેમ જ માનવજાતનો નિયંતા ઈશ્વર છે. મનુષ્યનાં પુણ્યમય કે પાપમય કાર્યો પ્રમાણે તેનું ભાવિ નિશ્ચિત થયેલું હોય છે. તેનાં પુણ્યયુક્ત કાર્યો બદલ તેને દૈવી પુરસ્કાર (સ્વર્ગ) મળે છે અને તેનાં પાપમય કાર્યો માટે તેને દૈવી શિક્ષા (નરક) ભોગવવી પડે છે. મનુષ્યનાં પાપો માફ થઈ શકતાં નથી, અને તે માફ કરવાની કોઈને સત્તા નથી. વળી, પાપોને પુણ્યમાં પલટી શકાતાં નથી તથા ઈશ્વર-ભક્તિ માટે મનુષ્યને કોઈ માધ્યમની જરૂર નથી. દરેક મનુષ્ય પવિત્ર અને શુદ્ધ જીવન જીવીને ઈશ્વરનો સીધો સાક્ષાત્કાર પામી શકે છે.

ધાર્મિક સંસ્થાઓ(દેવળ) તથા ધર્માચાર્યો મિલકત એકઠી કરે તે પાપ છે. મોજશોખ તથા વૈભવવિલાસ મનુષ્યને ઈશ્વરમય જીવન તેમ જ ઈશુના ઉપદેશથી વિમુખ કરે છે. સાદાઈ તથા મિલકતની મર્યાદા તે ધર્મ અને શુદ્ધિનો પાયો છે; તેનું પાલન કરવાનું ધર્મગુરુઓ તેમ જ તમામ ધાર્મિક લોકો માટે અનિવાર્ય છે. વિકિલફે પોપ, ધર્માચાર્યો તથા દેવળની સત્તાનાં પાપમય તેમ જ પાખંડી આચરણોને ખુલ્લાં પાડયાં. આથી પાપીઓને માફી આપવાના પોપના અધિકારને પડકાર થયો. (એમાંથી જ આગળ જતાં 'માફીપત્રો' વિરુદ્ધની માર્ટિન લ્યુથરની ચળવળને મોટું બળ મળ્યું હતું.)

વિકિલફે આગળ વધીને જાહેર કર્યું કે ધર્મશાસ્ત્રના નિયમ મુજબ ધર્મસત્તા તથા રાજસત્તા પાસે ખાનગી મિલકત હોવી જોઈએ નહિ. તેમની મિલકત લોકો પાસેથી આવેલી હોય છે, એટલે તેમણે તેને લોકોના

કલ્યાણ માટે જ વાપરવાની હોય. જે ધર્મસત્તા કે રાજસત્તા ખાનગી મિલકત એકઠી કરે છે, તેને લોકો પર સત્તા ભોગવવાનો અધિકાર રહેતો નથી, કારણ કે તે ધર્મ અને ઈશ્વરના કાનૂનની વિરુદ્ધ વર્તે છે. વિકિલફના કથન પ્રમાણે મિલકતની વ્યક્તિગત માલિકી એ આદમે આચરેલા પાપનું પરિણામ છે. મિલકત પર સામૂહિક માલિકી હોવાનું વિકિલફ અનિવાર્ય લેખે છે. (આમાં ભાવિ સમાજવાદના સિદ્ધાંતનો નિર્દેશ મળતો હોવાનું કહી શકાય.)

વિકિલફનાં આવાં વિધાનો સામે ઇંગ્લેંડ તથા યુરોપના ધર્માચાર્યો રોષે ભરાયા. તેમણે તેને ધર્મસભામાં હાજર થવાનો આદેશ આપ્યો (૧૩૭૭). વિકિલફ ગૌન્ટના સશસ્ત્ર સૈનિકો સાથે ધર્મસભામાં હાજર થયો. આથી ધર્મગુરુઓ તેનો જાન લેવાની કાર્યવાહી આગળ ચલાવી શકયા નહિ. પરંતુ પોપ ગ્રેગરી ૧૧માએ ઇંગ્લેંડના આર્કબિશપ તથા બિશપને વિકિલફની ધરપકડ કરવાનો આદેશ આપ્યો. પરંતુ ગૌન્ટ ઉપરાંત ઇંગ્લેંડના રાજા તથા પાર્લામેન્ટના મોટા ભાગના સભ્યો અને લોકો વિકિલફને ટેકો આપતા હોવાથી પોપના આદેશનો પણ અમલ થઈ શક્યો નહિ. વળી, આ સમયે ફ્રાંસ ઇંગ્લેંડ પર આક્રમણ કરવાની તૈયારી કરતું હતું. તેથી ઇંગ્લેંડને યુદ્ધ માટે નાણાંની વિશેષ જરૂર હતી. વિકિલફે જાહેર કર્યું કે રાજ્યસત્તા દેશ તથા લોકોનાં હિત માટે દેવળ તેમ જ ધર્માચાર્યોની ખાનગી મિલકત જપ્ત કરી શકે છે; એટલું જ નહિ, મિલકત આપવાનો ઇન્કાર કરનાર ધર્મગુરુ પર કામ ચલાવી તેની મિલકત ફરજિયાત કબજે લઈ શકે છે. વિશેષમાં વિકિલફે એમ પણ કહ્યું કે ઇંગ્લેંડના દેવળે પોપ સાથેનો સંબંધ કાપી નાખીને 'સ્વાયત્ત' બનવું જોઈએ. (હેન્રી ૮માએ આશરે સો વર્ષ પછી અમલમાં મૂકેલ આ મંતવ્ય ભાવિની આગાહી રૂપ હતું). વિકિલફ 'રાષ્ટ્રવીર' તરીકે બિરદાવાયો. ઇંગ્લેંડમાં પોપ વિરુદ્ધ આંદોલનને લગભગ સાર્વત્રિક ટેકો મળ્યો.

વિકિલફનાં આવાં કડક વિધાનોથી ગુસ્સે ભરાયેલ ઇંગ્લેંડના આર્કબિશપ તથા બિશપે ઓક્સફર્ડ વિદ્યાપીઠના કુલપતિને વિકિલફને અધ્યાપકપદેથી દૂર કરીને, તેની ધરપકડ કરીને, પોતાને હવાલે કરવાનો આદેશ આપ્યો. પરંતુ "વિદ્યાપીઠ એક સ્વાયત્ત સંસ્થા હોઈને ધર્માધિપતિના આવા કોઈ આદેશનું પાલન કરવા બંધાયેલ નથી" તેવો કડક પ્રત્યુત્તર આર્કબિશપને કુલપતિ તરફથી અપાયો. આ પછી આર્કબિશપે વિકિલફ પર કામ ચલાવવા માટે ઇંગ્લેંડના ધર્માચાર્યોની એક ધર્મસભા યોજી (માર્ચ, ૧૩૭૮). વિકિલફ નીડરપણે આ ધર્મસભામાં હાજર થયો. પરંતુ તેની સામેની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં ઇંગ્લેંડની રાજમાતા તરફથી આર્કબિશપને વિકિલફ પર કામ નહિ ચલાવવાને લગતો સૂચનાપત્ર મળ્યો. વિશેષમાં ધર્મસભાના ખંડમાં લોકોનાં ટોળાં ધસી આવ્યાં. ઇંગ્લેંડના લોકો ધર્મઅદાલતની અન્યાયી કાર્યવાહી કોઈ પણ સંજોગોમાં બરદાસ્ત કરશે નહિ, તેવા તેમણે પોકારો કર્યા. પરિણામે, આર્કબિશપને ધર્મસભા વિખેરી નાખવાની ફરજ પડી.

આ અરસામાં શક્તિશાળી પોપ ગ્રેગરી ૧૧માનું અવસાન થયું (માર્ચ, ૧૩૭૭) અને થોડા જ મહિનામાં પોપપદના ભાગલા પડયા (એક પોપ ઇટાલીના રોમમાં તથા બીજો પોપ ફ્રાન્સના એવિગ્નોન નગરમાં). આથીય પોપ અને દેવળની સત્તા નિર્બળ બની. વિકિલફને પોતાના વિચારો છૂટથી વ્યકત કરવાની તક મળી; અને આમાંથી ધર્મસુધારણાના આંદોલનને ઇંગ્લેંડમાં સારું એવું જોમ મળ્યું.

ધર્મઅદાલતની કાર્યવાહીમાંથી વિજયી છુટકારા બાદ વિકિલફ ખ્રિસ્તી દેવળ તથા ખ્રિસ્તી ધર્માચાર્યોની ટીકામાં વધારે ઉગ્ર બન્યો. તેણે ભ્રષ્ટાચારી ધર્મગુરુઓને સખત શબ્દોમાં વખોડયા તેમજ સાધુઓના અમુક મઠોને 'દુષ્ટો, અધર્મીઓ અને ચોરોના અખાડા' તરીકે વર્ણવ્યા. વળી, ઈશુ તેમ જ તેના ચુસ્ત અનુયાયી સંતોને નામે 'માફીપત્રો' વેચનાર ધર્મગુરુઓને તેણે લોકો સાથે છેતરપિંડી કરનારા કહ્યા, અને આવા પાખંડીઓ પર અદાલતમાં કામ ચલાવીને તેમને સખત શિક્ષા કરવાનો અનુરોધ કર્યો. વળી, દેવળને તમામ

મિલકત અને સત્તાથી વિમુખ કરી દેવાનું તેમ જ તેના ધર્માધિકારીઓને દાન-ભિક્ષા પર નભવાની ફરજ પાડવાનું સૂચવ્યું. તેઓ જાતે અને સ્વેચ્છાએ આમ ન કરે તો રાજ્યે તે માટે તેમને ફરજ પાડવી જોઈએ. આમ, કરવામાં રાજ્યે પોપના શાપનો ભય રાખવાની જરૂર નથી, કારણ કે ઈશ્વરના શાપ સિવાય અન્ય કોઈનો શાપ કદી ફળદાયી થતો નથી.

* ટૂંકમાં, વિક્લિફના મતે, રાજાએ દુન્યવી બાબતોમાં પોતાની સત્તાને સર્વોપરી માનીને દેવળ તથા ધર્માધિકારીઓને પોતાને અધીન રાખવા જોઈએ. ધર્મમાં પેઠેલ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનો આ જ સારો માર્ગ કહી શકાય.

વળી, 'દારૂ અને રોટીને લગતા સંસ્કાર' (લોહી તથા શરીરમાં પરિવર્તન કરવાના ઈશુના કહેવાતા ચમત્કારભર્યા સંસ્કાર)નો પણ વિક્લિફે વિરોધ કરીને તેને તિરસ્કારપાત્ર ઠેરવ્યો. તે સંસ્કાર ખ્રિસ્તી ધર્મનો પાયાનો સંસ્કાર મનાતો હોઈને, તેની સામે વિરોધનો વંટોળ ઊભો થયો. આથી જોન ગૌન્ટે અને વિક્લિફના અન્ય હિતેચ્છુઓએ વિક્લિફને જાહેરમાં એનો વિરોધ નહિ કરવાની સલાહ આપી. પરંતુ તેમાં તેમને નિષ્ફળતા મળી.

દરમિયાન ઇંગ્લૅંડના રાજા રિચાર્ડ સામે **લોકબળવો** (૧૩૮૧) થતાં, અને બળવાખોરોને હાથે આર્કબિશપની હત્યા થતાં, પરિસ્થિતિ વધારે વણસી. રિચાર્ડને પોતાનું સ્થાન બચાવવા પાદરીઓની સહાય લેવી પડી; અને તેમને ખુશ કરવા તેણે વિક્લિફને પોતાનાં ઉચ્ચારણો જાહેરમાં નહિ કરવાનો આદેશ આપ્યો. પરંતુ વિક્લિફે તેનો ઇન્કાર કરતાં રિચાર્ડે તેને ઓક્સફર્ડ વિદ્યાપીઠમાંથી બરતરફ કરાવ્યો. તે પછી વિક્લિફ પોતાના ગામડે જઈને રહ્યો. ત્યાં તેણે અનેક ગ્રંથો લખ્યા. સાથોસાથ, બાઇબલનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું, જે ઇંગ્લૅંડના ધર્મસુધારણાના આંદોલનમાં તેનું મોટું પ્રદાન બન્યું. વળી, આ સમય દરમ્યાન પણ વિક્લિફે પત્રિકાઓ મારફત દેવળની વિકૃતિઓ સામેની પોતાની ઝુંબેશ ચાલુ રાખતાં પોપે તેને જવાબ આપવા રોમ બોલાવ્યો. પરંતુ આ વખતે જ વિક્લિફ પર પક્ષઘાતનો હુમલો થતાં તે અવસાન પામ્યો (૧૩૮૪). ત્રણેક દાયકા પછી 'ધર્મસભા'ના આદેશથી કબરમાંથી તેનાં હાડકાં ખોદી કાઢવામાં આવ્યાં (૧૪૧૫) અને તેનાં તમામ પ્રાપ્ય લખાણો તથા પુસ્તકો બાળી મૂકવામાં આવ્યાં. પરંતુ, એ પછીય, ધર્મક્ષેત્રે પ્રવેશેલા સડા સામેની ઝુંબેશ તો વ્યાપક બની ચાલતી જ રહી.

**લોલાર્ડો** : 'લોલાર્ડો' તરીકે જાણીતા થયેલા વિક્લિફના અનુયાયીઓએ ધર્મસુધારણાનું તેનું કાર્ય ચાલુ રાખ્યું. ખાસ કરીને તેમણે ઇંગ્લૅંડના **શ્રમજીવીઓ અને ખેડૂતોમાં** વિક્લિફના વિચારો ફેલાવ્યા. તેઓ ધર્મગુરુઓની ચારિત્ર્યભ્રષ્ટતા, મૃતાત્મા માટેની પ્રાર્થનાને બહાને તેનાં સગાંઓ પાસેથી નાણાં પડાવવાની તેમની તરકીબો, કહેવાતી ધાર્મિક ક્રિયાઓ દ્વારા વ્યક્તિના દેહમાંથી વળગાડ કાઢનારી દંભી વિધિઓ, મૂર્તિપૂજા, 'દારૂ અને રોટીનું ઈશુના લોહી અને શરીરમાં કહેવાતું પરિવર્તન' વગેરેની આકરી ટીકા કરતા રહ્યા; અને દેવળ તથા ધર્મગુરુઓને બાકાત રાખીને બાઇબલનાં પઠન અને સાદી પ્રાર્થના મારફત ઈશ્વરનું સીધું અનુસંધાન કરવા લોકોને સમજાવતા રહ્યા. તેઓ યુદ્ધ તેમ જ વિલાસી જીવનનો પણ ભારે વિરોધ કરતા.

બીજી બાજુ, રાજા રિચાર્ડ સામેના મધ્યમ તથા શ્રમજીવી વર્ગના બળવામાં (૧૩૮૧), રાજા અને ધર્મગુરુઓની સાથે ઉપલા વર્ગના લોકોને પણ ઘણું સહન કરવું પડ્યું હતું. વળી, આ બળવાની ઉશ્કેરણીમાં લોલાર્ડોનો પણ ફાળો હતો. આથી રાજા અને ધર્મગુરુઓની સાથે ઉપલા વર્ગના લોકો પણ લોલાર્ડોની વિરુદ્ધ થઈ ગયા. આ તકનો લાભ લઈને ધર્માચાર્યોએ લોલાર્ડોને નાસ્તિક તરીકે જીવતા સળગાવી મૂકવાની સજા કરવા રાજાને અપીલ કરી. પરંતુ પોતાની સામે ફરી બળવો થાય એ ભયથી

રાજા એટલી હદે જવા તૈયાર ન થયો. આમ છતાં, તેણે આગેવાન લોલાર્ડોને દંડયા અને તેમાંના કેટલાકને કારાવાસ આપ્યો. સર જોન ઓલ્ડકેસલ મહાન રાજભક્ત અને રાષ્ટ્રભક્ત હતો, રાજા હેન્રી પાંચમાનો મિત્ર હતો; તેમ છતાં લોલાર્ડોનો ટેકેદાર હોવાને કારણે ધર્માચાર્યોએ તેનેય કેદ કર્યો (૧૪૧૩). તે ત્યાંથી નાસી ગયો. ત્રણ વર્ષ જંગલમાં રખડયા બાદ તે પકડાયો. તેને ફાંસી થઈ અને તેના શબને બાળી મૂકવામાં આવ્યું (૧૪૧૭).

આ પછી લોલાર્ડો વેરવિખેર થઈ ગયા, તો પણ હેન્રી ૮માએ ઇંગ્લૅંડના દેવળને રોમથી તદ્દન અલગ કર્યું અને ઇંગ્લૅંડનાં દેવળ તેમ જ ધર્માચાર્યોને રાજ્યને અધીન બનાવ્યાં. તેમાં લોલાર્ડોનો ફાળો ઘણો મોટો હતો.

## જર્મની

### પોપ વિ. રાજા : સર્વોપરિતાનો સંઘર્ષ

યુરોપમાં ધર્મસુધારણાના ઉદ્ભવ માટે અનુકૂળ સંજોગો ઉપરાંત અન્ય અનેક પરિબળો જવાબદાર હતાં. તેમાં પોપપદ અને રાજાપદ વચ્ચે સર્વોપરિતા માટેનો સંઘર્ષ મુખ્ય પરિબળ ગણાય.

જર્મનીનાં ઘણાંખરાં રાજ્યો—બોહેમિયા, બવેરિયા, સેક્સની, ઑસ્ટ્રિયા વગેરે—માં ઠાકોરો, સામંતો કે લશ્કરી વડાઓનાં શાસન હતાં. તેમનું એક શિથિલ સમવાયતંત્ર હતું, જેનો વડો 'સમ્રાટ' કહેવાતો. સમવાયતંત્રના સંચાલન માટે ઠાકોરો, સામંતો અને ધર્મગુરુઓના તથા ધનિક લોકોના પ્રતિનિધિઓની બનેલી રાષ્ટ્રીય સભા હતી, જે સમ્રાટની ચૂંટણી કરતી. આવી રીતે ચૂંટાએલ બવેરિયા રાજ્યના રાજા લૂઈએ 'સમ્રાટનો ઇલકાબ' ધારણ કર્યો (૧૩૨૨). પરંતુ પોપે સંમતિ ન આપી; અને લૂઈને બહિષ્કૃત જાહેર કર્યો; તથા યુરોપના રાજાઓ અને ખ્રિસ્તીઓને લૂઈ સાથેનો તમામ વ્યવહાર બંધ કરી દેવા પોપે આદેશ આપ્યો. પરંતુ જર્મનીના મોટા ભાગના ઠાકોરો તથા લોકો પોપની વિરુદ્ધ હોવાથી આ આદેશની ખાસ કોઈ અસર થઈ નહિ. વિશેષમાં પોપ અને દેવળે એકઠી કરેલી અઢળક દોલતના વિરોધી ફ્રાંસિસી સાધુઓએ પણ પોપનાં આ પગલાંનો વિરોધ કરીને લૂઈને ટેકો આપ્યો. પોપ અને ધર્માચાર્યોની ગેરરીતિઓ સામે સખત અણગમો ધરાવનાર પેરિસ યુનિવર્સિટીના અધ્યાપકોએ પણ પોપ વિરુદ્ધની જેહાદમાં લૂઈને સાથ આપ્યો.

આ પ્રકારના વ્યાપક ટેકાથી ઉત્સાહિત થઈને ઇટાલી પર કબજો મેળવવાની લાલસા સેવતા લૂઈએ લશ્કર સાથે ઇટાલીમાં પ્રવેશ કર્યો (૧૩૨૭). પોપપદમાં ભંગાણ પડતાં રોમ છોડીને એવિગ્નોન (ફ્રાંસ)માં ગમન કરી ગયેલા પોપથી નારાજ થયેલા રોમના લોકોએય લૂઈને આવકાર્યો. તેણે રોમમાં પોપના વેટિકન મહેલમાં ધર્મગુરુઓ તથા લોકોની સભા યોજીને તેમની સંમતિથી પોતાને 'સમ્રાટ' તરીકે જાહેર કર્યો. આથી પોપ જોન ૨૨માએ તેને બહિષ્કૃત જાહેર કર્યો. તેના જવાબમાં રાજા લૂઈએ, ઉમરાવો અને ધર્મગુરુઓની સંમતિથી, પોપ જોનને પદભ્રષ્ટ કરીને રોમના ધર્માચાર્ય પીટરને નવા પોપ નિકોલસ પાંચમા તરીકે જાહેર કર્યો (૧૩૨૮).

દરમ્યાન લૂઈએ રોમમાંના પોતાના લશ્કરના નિભાવ માટે રોમના લોકો પર કર નાખ્યો હતો. આથી કરીને તથા ધર્મગુરુઓ પર ત્રાસ વર્તાવનારા પીટરને પોપ તરીકે જાહેર કરતાં, લોકોએ લૂઈ સામે બળવાની તૈયારી કરી. લૂઈએ પરિસ્થિતિ પારખી જઈને રોમમાંથી વિદાય લીધી. રોમમાં ફરી એવિગ્નોનના પોપનું વર્ચસ્ સ્થપાયું. પોપ પીટરને એવિગ્નોનમાં જીવનભર કેદ રાખવામાં આવ્યો. આમ, પોપ અને રાજા વચ્ચેના સંઘર્ષમાં પોપનો કામચલાઉ વિજય થયો. પરંતુ પોપની રાજ્ય તથા સમાજ પરની પકડ તદ્દન ઢીલી થઈ ગઈ અને ભવિષ્યમાં પોપ સામેનાં બંડોને ભારે ઉત્તેજન મળ્યું.

પોપ જોન ૨૨માના અવસાન બાદ બેનિડિક્ટ ૧૨મો તથા તે પછી ક્લેમેન્ટ ૬ઠ્ઠો પોપ તરીકે નિયુક્ત થયો. ક્લેમેન્ટ એક શક્તિશાળી પોપ હતો. પોતાને અધીન રહે એ શરતે પોપ ક્લેમેન્ટે બોહેમિયાના રાજાના પુત્ર ચાર્લ્સ ૪થાનો 'જર્મન સમ્રાટ' તરીકે સ્વીકાર કર્યો. બવેરિયાનો રાજા લૂઈ આનો બદલો લે તે પહેલાં જ શિકાર ખેલતાં તેનું અવસાન થયું (૧૩૪૭). ચાર્લ્સ ૪થાએ પોતાનું સ્થાન મજબૂત કરવા જર્મનીનાં રાજ્યોને વિશેષ આંતરિક સ્વાયત્તતા આપી. આથી, નાનાં રાજ્યોએ ઠીક ઠીક પ્રગતિ સાધી; ઉપરાંત ધર્મસુધારણાના આંદોલનને પણ વિશેષ પ્રસરવાનો અવકાશ મળ્યો. ખાસ કરીને સેક્સનીના ઠાકોરે લ્યુથરને પ્રબળ રાજ્યાશ્રય આપીને જર્મનીમાં ધર્મસુધારણાનાં આંદોલનો ફેલાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

૧૪મી-૧૫મી સદીના રહસ્યવાદીઓએ પણ ધર્મસુધારણાના ઉત્થાનમાં મહત્ત્વનું પ્રદાન કર્યું.

**રહસ્યવાદી મેઈસ્ટર એક્હાર્ટ** (૧૨૬૦–૧૩૨૭) : પશ્ચિમ જર્મનીના કોલોન નગરમાં જન્મેલો એક્હાર્ટ ધર્મશાસ્ત્ર તથા દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસી હતો. તે સર્વેશ્વરવાદની તરફેણ કરતો. તે દેવળની જાહોજલાલી અને પ્રચલિત વિધિઓનો વિરોધી હતો. તેણે ધર્મશાસ્ત્ર તથા દર્શનશાસ્ત્ર પર લખેલાં પુસ્તકોનાં લેટિન ઉપરાંત યુરોપની ઘણીખરી ભાષાઓમાં ભાષાંતર થયાં, જેમના વાંચનથી લોકોમાં ધર્મ વિશેની સાચી સમજ કેળવાઈ. તેથી પોપ અને દેવળનો પ્રભાવ ઓછો થયો. એક્હાર્ટના મતે— સમસ્ત બ્રહ્માંડ ઈશ્વરમય છે. વળી, તેણે ઈશ્વરની કલ્પના કોઈ સર્વેસર્વા વ્યક્તિ તરીકે નહિ, પરંતુ વિશ્વમાં સર્વત્ર વ્યાપી રહેલી સર્વોચ્ચ, નિર્ગુણ અને નિરાકાર દૈવી શક્તિ તરીકે કરેલી છે.

**એક્હાર્ટ કહેતો કે પ્રત્યેક મનુષ્યમાં ઈશ્વરનો અંશ રહેલો છે. તેના દ્વારા તે સીધેસીધો ઈશ્વરની સમીપ જઈ શકે છે. મનુષ્યને ઈશ્વરમય બનવા માટે સતત ભક્તિ અને જાગૃતિની જરૂર છે. તેમાં તેને કોઈ બહારના માધ્યમની જરૂર નથી.**

એક્હાર્ટના મંતવ્ય પ્રમાણે મનુષ્ય જેમ જેમ દુન્યવી બાબતોનો મોહ છોડતો જાય છે, તેમ તેમ તે ઈશ્વરમય બનતો જાય છે. 'સ્વર્ગ' તથા 'નરક' એ માત્ર કલ્પના છે; તે મનની સ્થિતિ છે. ઈશ્વરથી વિમુખતા એ નરક છે અને તેની સાથેની એકરૂપતા એ સ્વર્ગ છે.

એક્હાર્ટનાં આવાં વિધાનોમાં કોલોગ્નેના વડા ધર્મગુરુને નાસ્તિકવાદની ગંધ આવી. આથી તેણે એક્હાર્ટને ધર્મઅદાલત સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો (૧૩૨૬). એક્હાર્ટે પોતે ચુસ્ત ખ્રિસ્તી હોવાનું ભારપૂર્વક જણાવ્યું. આમ છતાં, વડા ધર્મગુરુએ તેને બહિષ્કૃત જાહેર કર્યો. આ સામે એક્હાર્ટે પોપ જોન ૨૨માને અપીલ કરી. પરંતુ તે દરમ્યાન એક્હાર્ટનું મૃત્યુ થયું (૧૩૨૭). આથી તે જીવતાં સળગાવી દેવાની શિક્ષામાંથી બચી ગયો. એક્હાર્ટના ડોમિનિકન શિષ્યોમાંના સુઓ તથા ટોલરે એક્હાર્ટના ઉપદેશનો પ્રચાર ચાલુ રાખ્યો, જેણે જર્મનીમાં ધર્મસુધારણાના ઉત્થાનમાં કીમતી ફાળો આપ્યો.

ચૌદમી સદીમાં જર્મનીમાં ધર્મસુધારણાનો મજબૂત પાયો નાખનારાં રાજ્યોમાં બોહેમિયા અગ્રસ્થાને હતું. ૧૪મી સદીના તેના શાસકો કુશળ અને સમજુ વહીવટકર્તા હતા. ચાર્લ્સ ૪થાએ બોહેમિયાને જર્મનીનું એક અગ્રગણ્ય તથા સમૃદ્ધ રાજ્ય બનાવ્યું અને રાજધાની પ્રાગને યુરોપના એક સુંદર શહેરમાં પલટી નાખ્યું. તેણે ઉદ્યોગધંધા તથા વેપારવાણિજ્યને ઉત્તેજન આપ્યું અને ખેડૂતોને જમીનદારોના ત્રાસમાંથી બચાવ્યા. તેણે પ્રાગમાં યુનિવર્સિટી સ્થાપી (૧૩૪૭); ઈટાલી તથા ફ્રાંસના આધુનિક શિક્ષણને બોહેમિયામાં દાખલ કર્યું; અને 'માનવવાદીઓ'ને રાજ્યાશ્રય આપ્યો.

ચાર્લ્સ ૪ થાનાં આવાં પગલાંથી બોહેમિયામાં નૂતન વિચારોનો ફેલાવો થયો; અને ધર્મસુધારણાનાં પરિબળોને સારું એવું ઉત્તેજન મળ્યું.

**શહીદ જોન હસ** (૧૩૬૯–૧૪૧૫) : હસ બોહેમિયાનો વતની હતો. તે ૧૩૯૦માં પ્રાગ (ઝેકોસ્લોવાકિયા)-માં આવ્યો. ત્યાં દેવળના ધર્માચાર્યોના સંપર્કમાં આવતાં તેમનાં વૈભવવિલાસ તથા અનૈતિક સ્ખલનો પ્રત્યે તેને ભારે અણગમો થયો. તેણે ૧૩૯૬માં એમ. એ.ની પદવી મેળવીને પ્રાગની યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે કાર્ય શરૂ કર્યું. પોતાની તેજસ્વિતાથી તે ૧૪૦૧માં યુનિવર્સિટીમાં માનવવિદ્યાઓનો વડો બન્યો અને ને જ વર્ષમાં તે પાદરી બન્યો. તેમ છતાં ધર્માચાર્યોનો તે સતત ટીકાકાર રહ્યો. રાજા વેન્સેસ્લાસે હસની 'રાજભક્તિ' અને 'રાષ્ટ્રભક્તિ' જોઈને તેને પોતે નવા સ્થાપેલા બેથલેહેમ દેવળનો વડો બનાવ્યો (૧૪૦૨).

જોન હસે આ પછી પોતાનાં વક્તવ્યોમાં ખ્રિસ્તી દેવળ તથા ધર્મગુરુઓના ભ્રષ્ટાચાર પર આકરા પ્રહારો કર્યા. તે વિકિલફના વિચારોથી ઘણો પ્રભાવિત હતો અને પ્રાગ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં વિકિલફના સુધારક ખ્યાલો ફેલાવવામાં તેનો સૌથી મોટો ફાળો હતો. તેના વિરોધમાં ધર્મગુરુઓએ વિકિલફના ધર્મવિરોધી કહેવાતા ૪૫ ઉતારાઓ પ્રાગ વિદ્યાપીઠને મોકલીને વિદ્યાર્થીઓને તે શીખવવાની મનાઈ કરવા સૂચવ્યું. હસ અને તેના સાથીદારોએ આ સૂચનનો અમલ કરવાનો ઇનકાર કર્યો. પરંતુ હસની તેજસ્વિતા પરત્વે ઈર્ષ્યા અને પુરાણી ધાર્મિક માન્યતામાં શ્રદ્ધા ધરાવતા અધ્યાપકોની બહુમતીએ ધર્મગુરુઓના સૂચનને માન્ય કર્યું. આથી વિદ્યાપીઠમાં વિકિલફના સુધારક ખ્યાલોના શિક્ષણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. હસ તથા તેના સાથીદારોએ આ પ્રતિબંધનો ભંગ કરતાં, પ્રાગના આર્કબિશપે તેમને બહિષ્કૃત જાહેર કર્યા (૧૪૦૯).

દરમ્યાન પોપને નેપલ્સના રાજા સામેના 'ધર્મયુદ્ધ' (ક્રુઝેડ) માટે નાણાંની જરૂર પડી. આથી તેણે 'માફીપત્રો'નું વેચાણ શરૂ કરાવ્યું. જર્મનીનાં અન્ય રાજ્યોની માફક બોહેમિયામાં પણ પોપના એજન્ટો 'માફીપત્રો' વેચવા આવ્યા. હસ અને તેના સાથીદારોએ જાહેરમાં તેમનો વિરોધ કર્યો. હસે મૃત્યુ પછીના પરલોકના ખ્યાલને ભ્રામક કહ્યો અને પોપની નાણાં ઉઘરાવવાની આ રીતને અધાર્મિક, બિનખ્રિસ્તી તથા ઈશુના ઉપદેશ વિરુદ્ધની કહીને વખોડી કાઢી. બોહેમિયાના લોકોએ હસને ટેકો આપ્યો અને પોપના એજન્ટોની ભારે ઠેકડી ઉડાડી. પરિણામે, પોપ સાથેના સંબંધો ન બગડે તે માટે રાજાએ 'માફીપત્રો'ના વેચાણ સામેના કોઈ પણ જાહેર વક્તવ્ય કે આંદોલન પર પ્રતિબંધ મૂક્યો. તેનો ભંગ કરનાર ત્રણ યુવાનોનો રાજાના આદેશથી શિરચ્છેદ કરવામાં આવ્યો. રાજા વેન્સેસ્લાસે પરિસ્થિતિ વધુ વણસતી અટકાવવા હસને થોડો સમય પ્રાગ છોડી જવાની સલાહ આપી (૧૪૧૧). તે અનુસાર હસ બે વર્ષ સુધી ગામડામાં એકાન્તવાસમાં રહ્યો.

આ દરમ્યાન હસે લેટિન તથા ઝેક ભાષામાં પોતાનાં મુખ્ય પુસ્તકો લખ્યાં. તેમાંનાં ઘણાંખરાં વિકિલફની વિચારસરણીથી પ્રેરિત હતાં. આ પુસ્તકોમાં તેણે પરંપરાગત કબૂલાતો, રૂઢ ધાર્મિક વિધિઓ, મૂર્તિપૂજા, ધાર્મિક હોદ્દા વેચવાની તથા ખરીદવાની પ્રચલિત પદ્ધતિ, ખ્રિસ્તી બનાવવાના અને ખ્રિસ્તી તરીકે સ્વીકાર કરવાના સંસ્કાર, ઈશુના બલિદાન તથા તેમના પુનરાગમનની વિધિ, લગ્ન તેમ જ દફનક્રિયા માટે નાણાં લેવાની રીત વગેરેની ખૂબ કડક ટીકા કરી. તેણે જાહેર કર્યું કે–

* ખ્રિસ્તી દેવળના અધિષ્ઠાતા પોપ નહિ, પરંતુ ઈશુ ગણાવા જોઈએ; તથા ખ્રિસ્તી ધર્મના માર્ગદર્શક તરીકે પોપ નહિ, પરંતુ બાઇબલનાં કથનો હોવાં ઘટે. અનૈતિકતા આચરનાર પોપ સામે બંડ કરવું તે ઈશુના આદેશનું પાલન કરવા બરોબર છે.

જોન હસનાં આવાં ઉચ્ચારણોથી પોપ તથા ધર્માચાર્યો ઊકળી ઊઠયા અને હસને ધર્મઅદાલતમાં હાજર થવાનો આદેશ આપ્યો. હસે તેનો ઇનકાર કર્યો. પરંતુ બોહેમિયાની શાંતિ માટે ધર્માચાર્યો અને હસ વચ્ચે સમાધાન કરાવવા આતુર બોહેમિયાના રાજાએ હસને સલામતીની ખાતરી આપતાં તે ધર્મસભામાં હાજર થયો (૧૪૧૪). ત્યાં સવાલજવાબની આપ-લે પછી તેને કેદમાં પૂરવામાં આવ્યો. રાજાએ આ સામે વાંધો લેતાં તેને જવાબ મળ્યો કે ધર્મઅદાલત રાજાની બાંહેધરી પાળવા બંધાયેલી નથી; ધાર્મિક બાબતોના નિર્ણયો લેવા માટે ધર્મઅદાલત સ્વતંત્ર છે. ધર્મઅદાલતે હસને સાત માસની કારાવાસની સજા કરી. તેમાંથી છૂટયા પછી તેને ફરીથી ધર્મસભામાં હાજર કરાતાં તેણે કહ્યું કે ધર્મશાસ્ત્રની વિરુદ્ધ હોય તેવું પોતાનું ઉચ્ચારણ તેમ જ લખાણ તે પાછું ખેંચી લેવા તૈયાર હતો; પરંતુ જેમાં ધર્મશાસ્ત્રની સંમતિનો પ્રશ્ન ન હોય તેવાં પોપનાં વિધાનો કે લખાણો સામેની પોતાની 'ટીકા' પાછી ખેંચવા તેણે સાફ ઇનકાર કર્યો. આથી રાજાએ પોતાની 'ખાતરી' પાછી ખેંચી લીધી. હસને વિચાર કરવા માટે ખાસ્સો સમય આપ્યો; પણ તે પોતાના નિર્ણયમાંથી ડગ્યો નહિ. છેવટે, જુલાઈ, ૧૪૧૫માં હસને જીવતો સળગાવી દેવામાં આવ્યો. તેના સાથીદાર જેરોમને પણ ધર્મ અદાલતે આ જ કારણસર જીવતો સળગાવી દીધો (મે, ૧૪૧૬).

હસની હત્યા સામે બોહેમિયામાં પ્રબળ રાષ્ટ્રીય આંદોલન શરૂ થયું. બોહેમિયાની રાષ્ટ્રીય સભાએ ધર્મઅદાલતને ૫૦૦ આગેવાન ઝેક ઉમરાવોની સહીથી એક કડક આવેદનપત્ર મોકલ્યું (સપ્ટેમ્બર, ૧૪૧૫). તેમાં હસનો 'ધર્મનિષ્ઠ' અને 'પવિત્ર ખ્રિસ્તી' તરીકે ઉલ્લેખ કરીને, તેની હત્યાને બોહેમિયાના રાષ્ટ્રીય અપમાન તરીકે લેખવામાં આવી તથા ધર્મઅદાલતના ઘાતકી વર્તન સામે લોહીના અંતિમ બુંદ સુધી લડી લેવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો.

વિશેષમાં બોહેમિયાની રાષ્ટ્રીય સભાએ ધર્મશાસ્ત્રોની વિરુદ્ધ હોય તેવા પોપના કોઈ પણ આદેશને અમલમાં મૂકવાનો ઇનકાર કરતો ઠરાવ પસાર કર્યો. પ્રાગની યુનિવર્સિટીએ પણ હસને શહીદ તરીકે જાહેર કર્યો. નિવેદન પર સહીઓ કરનાર ઉમરાવોને ધર્મઅદાલત સમક્ષ હાજર થવા અપાયેલ આદેશની અવગણના કરવામાં આવી. ધર્મસભાએ પ્રાગ યુનિવર્સિટીને બહિષ્કૃત જાહેર કરી, તોપણ ત્યાં અધ્યયન તથા અધ્યાપન યથાવત્ ચાલુ રહ્યાં.

હસની શહીદી બાદ રાણી સોફિયાના નેતૃત્વ હેઠળ પ્રાગ યુનિવર્સિટીના અધ્યાપકો તથા બોહેમિયાના ઉમરાવોએ એક મંડળ રચીને ખ્રિસ્તી ધર્મના ચાર પાયાના સિદ્ધાંતો રજૂ કર્યા :

**ખ્રિસ્તી ધર્મના ચાર પાયાના સિદ્ધાંતો**

**(બંડખોર મુદ્દાઓ)**

(૧) ઈશુ ખ્રિસ્તની શહીદીને લગતી સંસ્કારવિધિ દારૂ તથા રોટી વડે ન કરવી;

(૨) ધાર્મિકતાના ઇજારાપત્રોનાં વેચાણ અને ખરીદીની પ્રથાને અનિષ્ટ ગણીને તેમ કરનારને સખત શિક્ષા કરવી;

(૩) કોઈ પણ માધ્યમ વગર ઈશુના ઉપદેશનો ખ્રિસ્તીઓમાં સીધો પ્રચાર કરવો;

(૪) ધર્મગુરુઓ તેમ જ પાદરીઓએ એકઠી કરેલી મિલકતોનો અંત આણવો.

આ ચાર સિદ્ધાંતો 'પ્રાગનાં ધર્મસૂત્રો' તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. વિશેષમાં આ મંડળની ઉદ્દામ લઘુમતીએ અવશેષોની પૂજા, મૃતાત્માનો ન્યાય તોળવા માટે પરલોકની કલ્પના, મૃતાત્મા પાછળની ખર્ચાળ ધાર્મિક વિધિઓ વગેરે નાબૂદ કરવાનો આગ્રહ રાખ્યો.

* હસના અનુયાયીઓના આ બંડખોર મુદ્દાઓમાં લ્યુથરે સૂચવેલાં ધર્મસુધારણાનાં બધાં જ મુખ્ય તત્ત્વોનો સમાવેશ થઈ જતો હતો. આ જોતાં, બોહેમિયાના આ બળવાએ લ્યુથરે પોકારેલ બળવાની સમુચિત પીઠિકા તૈયાર કરી આપી હોવાનું કહી શકાય.

બોહેમિયાના રાજવંશી સિગિસમન્ડ આ ચાર ધર્મસૂત્રોનો સ્વીકાર કરે તે શરતે બોહેમિયાના ઉમરાવોએ તેનો રાજા તરીકે સ્વીકાર કરવાનું કબૂલ્યું. આથી ઊલટું, સિગિસમન્ડે ઉમરાવો તથા લોકોને બોહેમિયાના દેવળની સત્તા માન્ય કરવાનું જણાવ્યું. પરિણામે રાજા અને પ્રજા વચ્ચે આંતરવિગ્રહ થયો. ઝાઝકા નામના લશ્કરી અફસરે બળવાખોરોની આગેવાની લઈને સિગિસમન્ડના સૈન્યને પરાજય આપ્યો.

**આ પછી ઝાઝકાની સરદારી નીચે બળવાખોરોએ બોહેમિયા, મોરેવિયા તથા સાયલેસિયાના રૂઢિગત મઠોનો નાશ કરીને ત્યાંના પાદરીઓની કતલ કરી, લોકોને 'ચાર ધર્મસૂત્રો' સ્વીકારવાની ફરજ પાડવામાં આવી અને તેમનો અસ્વીકાર કરનારની હત્યા કરવામાં આવી!**

બોહેમિયામાં આશરે ૧૬ વર્ષ સુધી (૧૪૨૦–૩૬) આંતરવિગ્રહની આગ ચાલુ રહી. આ દરમ્યાન બોહેમિયાનો વહીવટ રાજાને બદલે એક સમિતિએ ચલાવ્યો.

આ જ અરસામાં બોહેમિયાના એક અન્ય શહેર ટેબોરિમાં પણ હસના અનુયાયીઓએ મંડળ રચીને રૂઢિગત દેવળ સામે બંડ પોકાર્યું. આ રીતે વિક્લિફ તથા હસનાં સુધારક વિચારો તેમ જ આંદોલનોએ ધર્મસુધારણાના ઉત્થાનમાં સૌથી વધુ પ્રદાન કર્યું હોવાનું કહી શકાય.

**ડેસિડેરિયસ ઈરેસમસ** (૧૪૬૬–૧૫૩૬) : 'રેનેસાં' ખંડમાં આપણે જેનો માત્ર ઉલ્લેખ કર્યો હતો તે મહામાનવવાદી ઈરેસમસનો ધર્મસુધારણા ક્ષેત્રનો ફાળો અહીં જોઈશું. તે રોટર્ડામ (નેધરલેંડ)માં જન્મેલો. તેણે બાલ્યવયમાં માતપિતા ગુમાવ્યાં હતાં. તેના વાલીઓએ માતપિતાની મિલકત પચાવી પાડીને, ઈરેસમસ તથા તેના ભાઈને પાદરીપદ સ્વીકારવાની ફરજ પાડી. પરંતુ તેના ધર્મગુરુની સંમતિથી ઈરેસમસ પેરિસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી શક્યો. ત્યાં તેણે ગ્રીક અને લેટિન ભાષાનું મોટા ભાગનું સાહિત્ય વાંચ્યું તથા પ્લેટો, યુરિપિડિસ, ઝેનો, એપિક્યુરસ, સિસેરો, સેનેકા વગેરેના ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો. તેને ઈશુ ખ્રિસ્તના વિચારો તેમજ આ ગ્રીક અને રોમન ચિંતકોના વિચારોમાં ઘણું સામ્ય દેખાયું. ઈરેસમસનું સમગ્ર વિચારદર્શન એના આધારે ઘડાયું.

હેન્રી ૮મા (૧૫૦૯–૪૭)ના નિમંત્રણથી ઈરેસમસ ઇંગ્લેંડ ગયો અને ત્યાં પાંચ વર્ષ રહ્યો. ઇંગ્લેંડના તેના વસવાટ દરમ્યાન તે ટોમસ મૂર જેવા વિદ્વાનના સંપર્કમાં આવ્યો અને ત્યાં તેણે તેનું વિશ્વવિખ્યાત પુસ્તક 'ઇન ધ પ્રેઈઝ ઓફ ફોલી' (મૂર્ખતાની પ્રશંસામાં) લખ્યું (૧૫૧૧). તેના જીવનકાળ દરમ્યાન પુસ્તકની ૪૦ આવૃત્તિઓ થઈ તથા ૧૨ ઉપરાંત ભાષાઓમાં તેનું ભાષાંતર થયું. ઈરેસમસે પુસ્તકમાં આલેખેલ મોરિયાનું પાત્ર માત્ર મૂર્ખતાનું નહિ, પરંતુ વિસંવાદિતા, અજ્ઞાન તથા અંધશ્રદ્ધાનું પણ પ્રતીક છે. ધર્મગુરુઓમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળતી જાતીય લોલુપતાને પુરુષોની સ્વભાવગત જાતીય વાસનાના એક ભાગ રૂપ ગણાવીને ઈરેસમસે તેના પર તીવ્ર કટાક્ષો કર્યા છે.

ઈરેસમસે તેનાં પુસ્તકોમાં ચમત્કારો, વહેમો, મધ્યલોકમાં આત્માના વસવાટનો સમય, તેનાં સગાંવહાલાંઓએ ખરીદેલ 'માફીપત્રો'ની સંખ્યા પર આધારિત હોવાની માન્યતા, ધાર્મિક વિધિઓ મારફત


'પાપમુક્તિ' અને 'સ્વર્ગ' વગેરે પ્રત્યે વેધક કટાક્ષો કરેલા છે. પોપો, ધર્માચાર્યો, મઠપતિઓ, ધર્મગુરુઓ, પાદરીઓ વગેરેએ ગેરરીતિથી એકત્ર કરેલ મિલકતની તેણે ભારે હાંસી ઉડાવી છે. ધર્મગુરુઓ તથા પાદરી વર્ગ તરફથી લોકો પાસેથી ધાર્મિક કર તરીકે ઉઘરાવવામાં આવતો આવકનો દશમો ભાગ, પરંપરાગત હક તરીકે એકઠા કરાતા વેરા, ડાકણનું મારણ કરવા એકત્ર કરાતાં નાણાં વગેરેની પણ તેણે વ્યંગ-કટાક્ષયુક્ત શૈલીમાં કડક આલોચના કરી છે. પોપો મારફત અપાતા ધાર્મિકતાના ઇજારાપત્રોનું વેચાણ, ધાર્મિક કર્મકાંડી-સંસ્કાર દ્વારા પાપ-વિમોચનની વિધિ, વિરોધીઓને 'નાસ્તિક' જાહેર કરી તેમને બહિષ્કૃત કરવાની નીતિ, યુદ્ધોને ઉત્તેજન આપવાની પ્રવૃત્તિ, વૈભવવિલાસ, અતિશય મિલકતનું એકત્રીકરણ, વારસો પ્રાપ્ત કરવાની ઝંખના વગેરે જેવાં દૂષણોને કારણે પોપે 'ફિરસ્તા કે ઈશુના ધાર્મિક પ્રતિનિધિ' કહેવડાવવાનો પોતાનો હક ગુમાવી દીધો હોવાનું તેણે નોંધ્યું છે. ઈરેસમસ પૂછે છે કે આવી 'પોપશાહી' તથા આવો 'ચર્ચવાદ' સાર્વત્રિક મૂર્ખતા અને લોકોની જડતા વગર કઈ રીતે નભી શકે?

ઈરેસમસે તેના બીજા જાણીતા પુસ્તક 'કોલોકિવઝ' (સંવાદો)માં મૃત પોપ જુલિયસ બીજા અને સંત પીટર વચ્ચેના કાલ્પનિક સંવાદમાં પોપપદ તથા દેવળની વિકૃતિઓ પર ખૂબ જ વિચારોત્તેજક અને સચોટ પ્રકાશ પાડ્યો છે. દા. ત. પોપ જુલિયસનો સ્વર્ગમાં પ્રવેશ અટકાવવા સંત પીટરે સ્વર્ગનાં દ્વાર બંધ કર્યાં અને પોપની અનેક વિનંતીઓ છતાં તે ખોલ્યાં નહિ! બૌદ્ધિક વર્ગમાં આ પુસ્તકની પ્રબળ છાપ પડી. આ પુસ્તકમાં ઈરેસમસે લખેલા બીજા સંવાદોમાં વડા ધર્માધિકારીઓ, મઠપતિઓ તથા ધર્મગુરુઓના વ્યભિચારો અને અવૈધ જાતીય સંબંધોની ખુલ્લી ટીકા કરવામાં આવી છે. આથી સભ્ય સમાજમાં હલચલ મચી ગઈ. પરિણામે સમ્રાટ ચાર્લ્સ પાંચમાએ એના આ પુસ્તક પર પ્રતિબંધ મૂક્યો; તેમ છતાં બાઇબલ પછીનું સૌથી વધારે વેચાણ ઈરેસમસની આ કૃતિ(કોલોકિવઝ)નું હતું.


ઈરેસમસે તેનું અંતિમ વિખ્યાત પુસ્તક 'બાઇબલની સટીક આવૃત્તિ' રૂપે પ્રગટ કર્યું. તેમાં તેણે ઈશુએ પ્રબોધેલ ધર્મ તથા દેવળ મારફત પ્રબોધાતા 'ધર્મ' વચ્ચે ખૂબ જ મોટો તફાવત હોવાનું જણાવ્યું. પોપ તેમ જ ધર્માચાર્યો ઈશુનાં બોધવચનો વિરુદ્ધ વર્તતા હોવાનું પણ તેણે અનેક પ્રકારનાં દૃષ્ટાંતો આપીને સિદ્ધ કર્યું. આ પુસ્તક સૌથી વધારે લોકપ્રિય થયું. ઈરેસમસના જીવન દરમ્યાન જ આ પુસ્તકની ૬૯ આવૃત્તિઓ પ્રકાશિત થઈ. પોપ લિયો ૧૦માએ બાઇબલની આ આવૃત્તિને સંમતિ આપી, જ્યારે ટ્રેન્ટ (નોટિંગહામ)ની ધર્મસભાએ તેને બહિષ્કૃત જાહેર કરી!

ઈરેસમસના અન્ય કેટલાક વિચારો પણ નોંધપાત્ર છે. તે કોઈ પણ યુદ્ધને ઈશુના ઉપદેશ વિરુદ્ધનું, બિન-ખ્રિસ્તી તથા અધાર્મિક ગણતો. પોપ જુલિયસની યુદ્ધ નીતિને તે વખોડતો. બીજી બાજુ, પોપ લિયો ૧૦માની શાંતિપ્રિય નીતિને તે આવકારતો. વળી, શાંતિપ્રિય પોપની લવાદીથી યુદ્ધને નિવારી શકાય તેમ પણ તે માનતો. યુદ્ધખોરી માટે 'રાષ્ટ્રવાદ'ને જવાબદાર ગણીને તેને શાપરૂપ ગણતો. માનવજાતિના કલ્યાણ માટે તે 'વિશ્વરાજ્ય'ને અનિવાર્ય માનતો.

આમ છતાં, એ વસ્તુ નોંધવી જોઈએ કે ઈરેસમસ ધર્મસુધારણાનો પ્રખર હિમાયતી હોવાની સાથે ચુસ્ત ખ્રિસ્તી હતો, અને તે પોપના પદની તથા ખ્રિસ્તી દેવળની આવશ્યકતા સ્વીકારતો હતો. પરંતુ તેણે પ્લેટો, સિસેરો તથા અન્ય ચિંતકોનાં ચિંતનને 'નાસ્તિક' કહેનારા ધર્મગુરુઓનાં મંતવ્યોનું પુરાવા સાથે ખંડન કર્યું હતું, તથા આવા ('નાસ્તિક') વિચારકોનાં દર્શન અને ઈશુના ઉપદેશનાં ઘણાં તત્ત્વો એકમેકનાં વિરોધી નહિ પરંતુ પૂરક હોવાનું પ્રતિપાદિત કર્યું હતું. આમ, કહેવાતા નાસ્તિકવાદ તથા શ્રદ્ધાળુ આસ્તિકવાદ વચ્ચે સમન્વય સાધીને ઈરેસમસે ધર્મસુધારણાના ઉત્થાનમાં એક મોટું પરિમાણ ઉમેર્યું હતું.



તોતિંગ દરવાજા માટેનાં યંત્રો



જલ-ચક્રી વાળી દળવાની ઘંટી

# બે પ્રખર સુધારકો

ઈરેસમસ (૧૪૬૯–૧૫૩૬) તથા લ્યુથર (૧૪૮૩–૧૫૪૬) લગભગ સમકાલીન હતા. બંને પ્રખર સુધારકો હતા. પરંતુ બંનેની સુધારક તરીકેની દૃષ્ટિમાં મોટો તફાવત હતો. ઈરેસમસ સમાધાનયુક્ત મધ્યમમાર્ગી વ્યવહાર તથા લખાણો દ્વારા સુધારા કરવામાં માનતો હતો; જ્યારે લ્યુથર ઉગ્ર આંદોલન અને સક્રિયતાનો પુરસ્કર્તા હતો. આમ છતાં, ઈરેસમસ લ્યુથરના સુધારક વિચારોનો પ્રશંસક હતો. તેની સામે કોઈ પણ પ્રકારની દંડનીતિ અખત્યાર થાય તેની તે વિરુદ્ધ હતો.

લ્યુથરને પણ ઈરેસમસ પ્રત્યે આદર હતો. તે કહેતો કે ઈરેસમસે 'મૂર્ખતાની પ્રશંસા' ગ્રંથમાં જે વિચારો દર્શાવ્યા હતા, તેમનો તે અમલ કરી રહ્યો હતો. આમ છતાં, આંદોલન આગળ વધતાં લ્યુથર હિંસાત્મક સામૂહિક બંડમાં આગળ ધપતો રહ્યો, અને ઈરેસમસ એવા આંદોલન પ્રત્યે તદ્દન તટસ્થ બનતો ગયો. આથી, બંને વચ્ચેનું અંતર વધ્યું. તો પણ ઈરેસમસે પોતાનાં વેધક અને કટાક્ષમય લખાણો દ્વારા ધર્મ-સુધારણાના આંદોલનનાં પરિબળોને બળ આપવાનું ચાલુ રાખ્યું, ત્યારે લ્યુથરે તેનો ઋણસ્વીકાર કર્યો હતો.

ઈરેસમસને ધર્મસુધારણા સિવાયની અન્ય કોઈ બાબતમાં ભાગ્યે જ રસ હતો. તે વિજ્ઞાન, કલા, ચિત્ર, સંગીત, શિલ્પ, પ્રકૃતિનાં દૃશ્યો, ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર વગેરેની ઠેકડી ઉડાડતો હતો. ખાસ તો, તે જ્યારે રોમમાં હતો (૧૫૦૯) ત્યારે માઈકેલ ઍન્જેલો તથા રાફેલ રોમના દેવળની છતો અને દીવાલોને ભવ્ય શિલ્પો તથા ચિત્રોથી સુશોભિત કરી રહ્યા હતા. પરંતુ ઈરેસમસે તેમનામાં કશો રસ દાખવ્યો ન હતો, કેમકે તેની માન્યતા હતી કે આવાં શિલ્પો અને ચિત્રો મનુષ્યની જાતીયતા અને ઐહિકતા ઉત્તેજીને તેની ધાર્મિક ભાવનામાં અવરોધ રૂપ બને છે.

# ૨ : જર્મની : ધર્મસુધારણાનો વિસ્તરતો પ્રભાવ

આપણે આગળ જોઈ ગયા છીએ તેમ, રાષ્ટ્રીય રાજાશાહીની સ્થાપના પછી ધર્મસત્તા (પોપ) અને રાજસત્તા (રાજા) વચ્ચેનો સર્વોપરિતા માટેનો સંઘર્ષ વધારે તીવ્ર તથા વ્યાપક બન્યો હતો. વિશેષમાં, પોપપદના ભાગલા પડતાં (૧૩૭૮–૧૪૧૫), રોમ (ઇટાલી) અને એવિગ્નોન (ફ્રાંસ)માં બે સમાંતર પોપોની સત્તા સ્થપાતાં, પોપપદ તેમ જ દેવળની સત્તા નિર્બળ બની હતી. આથી ઇંગ્લૅંડ, જર્મની વગેરે દેશોમાં રાષ્ટ્રીય દેવળની સ્થાપના થઈ હતી. તેના ધર્માચાર્યોની નિયુક્તિ રાજા મારફત થતાં તેઓ પોપને બદલે રાજાને જવાબદાર બન્યા હતા. પોપ તરફથી ઉઘરાવાતા ધાર્મિક કરો, લાગા, દંડ વગેરેથી જર્મન સામંતો અને ઠાકોરો પણ ખૂબ નાખુશ હતા. તેમને પોપ તેમ જ રોમન ચર્ચ (સંસ્થા) વિરુદ્ધના આંદોલનમાં રસ હતો. આથી જ માર્ટિન લ્યુથરે 'માફીપત્રો'ના વેચાણ સામે જ્યારે જેહાદ જગાવી, ત્યારે તેને પોપવિરોધી જર્મનીનાં બહુમતી રાજ્યોનો ટેકો તથા આશ્રય મળ્યો. વળી, છેવટે તો, જર્મન સમ્રાટનેય પોપના આધિપત્યમાંથી મુક્ત થવામાં અને સર્વોપરી પદ મેળવવામાં રસ હોવાથી તેણે આંદોલન સામે ખાસ કોઈ પગલાં લીધાં નહિ. આમ, જર્મનીમાં ધર્મ સુધારણા-આંદોલનની પ્રક્રિયાને રાજકીય કારણોસર વેગ મળ્યો.

આ ઉપરાંત યુરોપનાં અન્ય રાજ્યોની માફક જર્મનીમાં પણ ઘણીખરી જમીન ધર્મગુરુઓ તેમ જ સામંતોના હસ્તક હતી. તેઓ ખેડૂતોનું ભારે શોષણ કરતા. આથી તેમની સામે ખેડૂતોના સશસ્ત્ર બળવા થયા. દા. ત. ઈ. સ. ૧૪૭૬માં વર્સ્નાના ખેડૂતોએ હાન્સ બોહમ નામના ખેડૂતની આગેવાની નીચે બળવો પોકાર્યો. હાન્સે જાહેર કર્યું કે પોપો, સમ્રાટો, ધર્મગુરુઓ તથા સામંતોની સમાજને જરૂર નથી. કોઈ ઊંચ કે નીચ નથી; મનુષ્ય બધા સમાન છે; માટે પ્રત્યેકને જમીન, જંગલ, ગોચર, પાણી વગેરેનો સમાન રીતે ઉપયોગ કરવાનો અધિકાર છે. અલબત્ત, ધર્મગુરુઓના સૈનિકોએ હાન્સને ગોળીથી ઠાર કર્યો તથા અન્ય ખેડૂત આગેવાનોની હત્યા કરી. આથી બળવો તત્કાલ પૂરતો શમી ગયો. પરંતુ ઈ. સ. ૧૪૯૧માં કેમ્પટનના ખેડૂતોએ ત્યાંના ધર્મગુરુઓ તથા સામંતો સામે બંડ પોકાર્યું. ઘણાખરા બંડખોર ખેડૂતોની ક્રૂર રીતે હત્યા થતાં આ બળવો પણ દબાઈ ગયો. આ પછી વળી ઈ. સ. ૧૫૦૨માં સ્પેયરના બિશપ સામે લગભગ ૭૦૦૦ ખેડૂતોએ બંડ પોકાર્યું. તેમણે જમીનની માલિકીમાં હિસ્સો માગ્યો અને ઉશ્કેરાઈને પાદરીઓ તથા સામંતોની હત્યા કરી. સામેથી ધર્મગુરુઓ તેમ જ સામંતોના સૈનિકોએ ઘણાખરા બળવાખોરોની હત્યા કરતાં તે બંડ પણ શમી ગયું. ત્યાં તો, ઈ. સ. ૧૫૧૭માં સ્ટિરિયા તથા કારિન્થિયામાં આશરે ૯૦,૦૦૦ ખેડૂતોનો પ્રચંડ બળવો થયો. તેમાં ખેડૂતબંડખોરો ઉપરાંત સામંતોનીય મોટા પાયા પર હત્યા થઈ. જર્મન સમ્રાટ મેક્સિમિલિયને મહામુસીબતે બળવાને દાબી દીધો.

આમ, ચાર દાયકાઓમાં સામંતો તથા મોટા જમીનદાર ધર્મગુરુઓ સામે ઉપરાઉપરી અને વધતી જતી સંખ્યામાં ખેડૂત-બંડોએ જર્મનીના સુધારણા આંદોલનને જબરજસ્ત પ્રેરણા આપી હતી.

એક બાજુ, ગ્રામ પ્રદેશોમાં આવું ચિત્ર ઊપસ્યું હતું તો બીજી બાજુ જર્મનીનાં શહેરોનો ચહેરો પણ બદલાઈ રહ્યો હતો. સ્ટ્રૅસ્બર્ગ, હમ્બર્ગ, ઑગ્સબર્ગ, નુરેમ્બર્ગ, વિયેના, સ્પેયર, વર્મ્સ, મેઈન્ઝ, કોલોગ્ને

વગેરે સ્વ-શાસિત શહેરો હતાં. તેઓ માત્ર સમ્રાટને જ જવાબદાર હતાં, અને તેઓ 'રાષ્ટ્રીય સભા'માં પણ પોતાના પ્રતિનિધિઓ મોકલતાં હતાં. આ શહેરો ઉદ્યોગ-ધંધા તથા વેપાર-વાણિજ્યનાં ધીકતાં કેન્દ્રો હતાં; શિલ્પ, સ્થાપત્યકલા અને સાહિત્યનાં પોષક હતાં. નુરેમ્બર્ગ તો સોના, ચાંદી, ધાતુઓ વગેરેનાં વાસણો, વસ્તુઓ તેમ જ મૂર્તિઓ બનાવવાનું યુરોપનું સૌથી મોટું કેન્દ્ર હતું. ત્યાં માનવવાદીઓ અને કલાકારોને ખાસ ઉત્તેજન મળતું. નુરેમ્બર્ગનો સૌથી વિખ્યાત વેપારી વિલિબાલ્ડ પર્ખીએટ જાણીતો માનવવાદી હતો. ઈરેસમસ તેને 'જર્મનીની મુખ્ય કીર્તિગાથા' તરીકે બિરદાવતો. આ અરસામાં સમ્રાટ મેકિસમિલિયનના ઇટાલીના વેનિસ રાજ્ય સાથેના યુદ્ધને કારણે ઇટાલી સાથેના વેપારમાં ઉત્તર જર્મનીને રૂકાવટ થઈ હતી. આથી ત્યાંનાં શહેરોએ યુરોપના ઉત્તરના પ્રદેશો તરફનો વેપાર વધાર્યો. પરિણામે, ઉત્તર જર્મનીનાં શહેરો ૧૫મી–૧૬મી સદીમાં નવા વિચારોનાં મુખ્ય વાહક બન્યાં. આથી જ ઉત્તર જર્મનીમાં પોપ અને સમ્રાટ સામેના મોરચામાં લ્યુથરને રક્ષણ મળ્યું હતું, જ્યારે દક્ષિણ જર્મની બહુધા કેથોલિક રહ્યું હતું.

## અન્ય માનવવાદીઓનું અર્પણ

જર્મનીમાં ધર્મસુધારણાના ઉદ્‌ભવમાં મહત્ત્વનો હિસ્સો આપનારા ૧૫મી–૧૬મી સદીના અન્ય ઉલ્લેખનીય માનવવાદીઓની કામગીરી જોઈ લઈશું.

**એગ્રીકોલા** (૧૪૪૩–૧૪૮૫) : ડચ પાદરીના પુત્ર એગ્રીકોલાએ સાત વર્ષ સુધી ઇટાલીમાં ગ્રીક તથા લેટિન સાહિત્યનો અભ્યાસ કર્યા બાદ, હાઈડેલબર્ગ અને વર્મ્સની વિદ્યાપીઠોમાં અધ્યાપન કાર્ય કર્યું હતું. તેણે વિદ્વાન, સાદા, પ્રામાણિક અને પવિત્ર માનવવાદી તરીકે નામના મેળવી હતી. લેટિનના લેખક તરીકે તેની ગણના સિસેરો સાથે થતી હતી.

**વિમ્ફેલિંગ** (૧૪૫૦–૧૫૨૮) : વિમ્ફેલિંગ લેટિન ભાષાનો પ્રખર વિદ્વાન હતો. તેણે શાળાઓ તથા શિક્ષણસંસ્થાઓ સ્થાપીને જ્ઞાન તેમ જ નવી વિચારસરણી ફેલાવવામાં કીમતી ફાળો આપ્યો. તેણે નૈતિકતા અને ચારિત્ર્ય પર ખાસ ભાર મૂક્યો. તેના વિચારોના અનુસંધાનમાં એક પાદરીએ લખ્યું હતું કે મઠોનાં બાંધકામને બદલે હવે મઠોના નાશના દિવસો આવી રહ્યા છે.

**કેલ્ટેસ** (૧૪૫૯–૧૫૦૮) : કેલ્ટસ પુરાણા સાહિત્યનો તથા પૌરાણિકતાનો પ્રચારક હતો. તેણે મેઈન્ઝમાં ૧૪૯૧માં સ્થાપેલ સાહિત્યિક સંસ્થામાં ધર્મશાસ્ત્રીઓ, તત્ત્વજ્ઞાનીઓ, ઈતિહાસવિદો, વૈજ્ઞાનિકો, તબીબો, ન્યાયાધીશો, કવિઓ તથા માનવવાદીઓ હાજરી આપતા અને તેમાં જર્મનીની પ્રચલિત ધાર્મિક તેમ જ અન્ય પરિસ્થિતિ પર ચર્ચાઓ થતી.

**રુશલિન** (૧૪૫૫–૧૫૨૨) : રુશલિન તેના સમયનો સૌથી જાણીતો માનવવાદી હતો. તેણે ઇટાલી તથા યુરોપના અન્ય દેશોની વિદ્યાપીઠોમાં ગ્રીક, હિબ્રૂ અને લેટિન ભાષાનું ઊંડું જ્ઞાન મેળવ્યું હતું તથા તેમનાં પૌરાણિક સાહિત્યનું ખાસ અધ્યયન કર્યું હતું. તેના લેટિન ભાષાના શબ્દકોશની અનેક આવૃત્તિઓ થઈ હતી. તેણે તૈયાર કરેલ હિબ્રૂ ભાષાના શબ્દકોશે 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ' (જૂના બાઈબલ)ના અભ્યાસને સરળ બનાવીને પ્રોટેસ્ટંટ પંથ પર પ્રબળ છાપ પાડી હતી. તે પોપની અમુક નીતિરીતિઓ તથા દેવળના વિધિનિષેધોનો ઉગ્ર ટીકાકાર હતો.

ફેફેર્કોન નામના રૂઢિચુસ્ત પાદરીએ 'મિરર ઓફ ધ જ્યુસ' નામે પુસ્તકમાં યહૂદીઓ તથા રુશલિનની કડક ટીકા કરી, જેનો સજ્જડ જવાબ રુશલિને 'આઈ–ગ્લાસ' નામે પુસ્તકમાં આપ્યો. આથી રૂઢિચુસ્ત ધર્મગુરુઓના દબાણથી જર્મન સમ્રાટ મેકિસમિલિયને (૧૪૯૩–૧૫૧૯) રુશલિનના પુસ્તક પર પ્રતિબંધ

મૂક્યો. પરંતુ પોપ લિયો ૧૦માના આદેશથી તે પ્રતિબંધ ઉઠાવી લેવાયો. પરિણામે વધુ રોષે ભરાયેલ ધર્મગુરુઓએ રુશલિન ઉપર ધર્મદ્રોહી અને નાસ્તિક તરીકે કામ ચલાવવા માગણી કરી. આથી રુશલિન તથા તેના વિરોધીઓ વચ્ચેના સંઘર્ષમાં વધારો થયો. તેમાં ઈરેસમસ, પર્ખીએટ, બિશપ ફીશર,. હટ્ટન, લ્યુથર વગેરેએ રુશલિનને સબળ ટેકો આપ્યો; જ્યારે રુશલિનના વિરોધીઓએ તેના પર ઘણા ગલીચ અને અસભ્ય પત્રો લખ્યા. પરંતુ આ પછી રુશલિનના હિતેચ્છુઓએ કારાવાસ તથા મોતની સજામાંથી બચવા માટે રુશલિનને એકાંતવાસમાં જતા રહેવાનું સૂચન કર્યું. તેનો સ્વીકાર કરીને તે ગામડે જતો રહ્યો. તે પછી ટૂંક સમયમાં જ તેનું અવસાન થયું (૧૫૨૨).

**સેબાસ્ટિયન બ્રાન્ટ** (૧૪૫૭–૧૫૨૧) : બ્રાન્ટે તેની કાવ્યકૃતિઓથી ધર્મસુધારણાની પ્રક્રિયાને સારું એવું પ્રોત્સાહન આપ્યું. તેની કૃતિ 'શિપ ઓફ ફૂલ્સ'માં વહેમી માન્યતાઓ તથા પ્રચલિત ધર્મવિધિઓ માટે ધર્મગુરુઓને 'સંસારનું અને ધર્મનું વહાણ ચલાવનારા મૂર્ખલોકો' તરીકે ઓળખાવ્યા છે.

**ચિત્રકાર ડ્યુરર** (૧૪૭૧–૧૫૨૮) : જર્મનીમાં ધર્મસુધારણાના ઊગમમાં આર્થિક પરિબળો જેટલો જ મહત્ત્વનો ફાળો જાણીતા માનવવાદી ચિત્રકાર ડ્યુરરનો હતો. ખંડ ૧માં આપણે તેના પ્રદાન અંગે વિવરણ કર્યું છે. અહીં વિશેષ નોંધ રૂપે થોડુંક ઉમેરી લઈએ. ધર્મસુધારણાના ક્ષેત્રે ડ્યુરર લ્યુથરનો ભારે પ્રશંસક હતો. લ્યુથરની ધરપકડ અને હત્યા થવાની ખોટી માહિતી મળતાં (૧૫૨૧) તેણે લખ્યું હતું : "ખ્રિસ્તી સત્યને માટે બિનખ્રિસ્તી પોપ સામેની લડતમાં લ્યુથરે 'શહીદી' વહોરી. પરંતુ પોપનું આ હત્યાકૃત્ય ઈશુએ પ્રબોધેલ મુક્તિ વિરુદ્ધનું કહેવાય. ખ્રિસ્તી સ્વતંત્રતા સામેની આ 'ક્રૂરતા' કહી શકાય. ઈશુ પછીના આ બીજા ફિરસ્તા માટે પ્રાર્થના કરવી જોઈએ."

**ઉલરીચ હટ્ટન** (૧૪૮૮–૧૫૨૩) : હટ્ટને પોપ, ધર્માચાર્યો તથા દેવળની ગેરરીતિઓ પર વેધક કટાક્ષો કરતું 'એલિજીસ' નામે લાંબું કાવ્ય લખ્યું, જે ખૂબ લોકપ્રિય થયું. મેઈન્ઝના યુવાન અને પવિત્ર આર્ક-બિશપ આલ્બ્રેક્ટની આર્થિક સહાય મળતાં, તે પોતાના કાર્યમાં વધારે સક્રિય બન્યો. તેણે ઈટાલી તથા જર્મનીનાં રાજ્યોનો પ્રવાસ કરીને પોતાના વિચારો દર્શાવતાં વ્યાખ્યાનો આપ્યાં. હટ્ટન ઈરેસમસ સાથેની મુલાકાતમાં તેની વિદ્વત્તા અને બુદ્ધિમત્તાથી ખૂબ પ્રભાવિત થયો હતો. તેણે પોતે સંપાદિત કરેલી વલ્લાની કવિતાકૃતિ 'ડોનેશન ઓફ કોન્સ્ટેન્ટાઈન' (કોન્સ્ટેન્ટાઈનનું દાન) પોપ લિયો ૧૦માને ભેટ આપી હતી (૧૫૧૭). તેમાં લિયો પહેલાંના મોટાભાગના પોપોને જુલમી, દંભી તથા ધર્મને નામે પ્રજાને લૂંટનારા તરીકે ઓળખાવેલ હોઈને તેના વાંચનથી પોપો તરફના લોકોના રોષમાં વધારો થયો હતો.

જર્મનીમાં માર્ટિન લ્યુથરે શરૂ કરેલ ધર્મસુધારણાના આંદોલન માટે ઉપર જણાવેલાં પરિબળોએ ભૂમિકા તૈયાર કરી હતી. ઉપરાંત નાસ્તિકવાદી એપિક્યુરિયન વિચારકો અને 'ઈશ્વર તેમ જ મનુષ્ય વચ્ચે માધ્યમની જરૂર નથી' એવું માનનાર રહસ્યવાદી ચિંતકોનો પણ આ ભૂમિકા તૈયાર કરવામાં ફાળો હતો. દેહના મૃત્યુ સાથે આત્માનું અસ્તિત્વ પણ નાશ પામતું હોવાથી મૃત્યુ પછીની તમામ ધાર્મિક વિધિઓ સાવ નિરર્થક હોવાનું 'નાસ્તિક' વિચારકો માનતા; અને તેથી પોપ અને દેવળના મહત્ત્વનો તેઓ સ્પષ્ટ ઈનકાર કરતા; તો 'રહસ્યવાદીઓ' મનુષ્ય અને ઈશ્વર વચ્ચે પોપ કે દેવળના માધ્યમનો અસ્વીકાર કરતા. તેઓ ધર્મસંસ્કારો કે વિધિઓને બદલે આંતરિક શુદ્ધિને જ મહત્ત્વની ગણતા. સામાન્ય લોકો અને ધર્મગુરુ વચ્ચે કશો જ ભેદ નથી એમ તેઓ માનતા અને પ્રચાર કરતા. **લોકો એટલે સુધી કહેતા થઈ ગયા હતા કે જે રીતે જર્મનીએ પાંચમી સદીમાં રોમન સામ્રાજ્ય તોડેલું તે રીતે ૧૬મી સદીમાં જર્મની પોપની સત્તા તોડશે.**

# ધુરંધર સુધારક માર્ટિન લ્યુથર (૧૪૮૩-૧૫૪૬)

માર્ટિન લ્યુથર ગરીબ અને ધાર્મિક ખેડૂત કુટુંબમાં જન્મ્યો હતો. તેણે ૧૪ વર્ષની ઉંમર સુધી મેન્સ-ફેલ્ડની શાળામાં વાંચન, લેખન, ગણિત, વ્યાકરણ, તર્કશાસ્ત્ર, વક્તૃત્વકલા, સંગીત તથા લેટિન ભાષાનું શિક્ષણ મેળવ્યું. તે પછી એક વર્ષ તેણે મેગ્ડેબર્ગની કેથેડ્રલ (ધાર્મિક) શાળામાં અભ્યાસ કર્યો. ત્યાં તેણે દુન્યવી વિષયો ઉપરાંત ધર્મશાસ્ત્ર તથા દર્શનશાસ્ત્રનું શિક્ષણ મેળવ્યું. મેગ્ડેબર્ગ આર્કબિશપનું મુખ્ય મથક હોવાથી લ્યુથરના ધાર્મિક સંસ્કારો પણ દૃઢ થયા હતા. ત્યાર બાદ લ્યુથરે ઇસેનેકની જાણીતી શિક્ષણસંસ્થામાં ત્રણ વર્ષ સુધી ધર્મશાસ્ત્ર અને લેટિનનું ઉચ્ચ શિક્ષણ લીધું. ત્યાંના દેવળમાં એક મુખ્ય અધિકારી તરીકે કામ કરતા લ્યુથરના પિતામહના ધાર્મિક તથા પવિત્ર જીવનની લ્યુથર પર પ્રબળ છાપ પડી. તે પછી લ્યુથર તે સમયની જર્મનીની વિખ્યાત ઈર્ફર્ટ યુનિવર્સિટીમાં દાખલ થયો. ત્યાં રૂઢિગત ધાર્મિક વાતાવરણ હોવા છતાં, તેણે એરિસ્ટોટલ, ગ્રીક દર્શનશાસ્ત્ર તથા લેટિન પ્રશિષ્ટ સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો. આ અભ્યાસે તેની સ્વતંત્ર વિચારશક્તિ વિકસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. લ્યુથર વ્યાકરણ, વક્તૃત્વકલા, તર્કશાસ્ત્ર, ગણિત, સંગીત, ભૂમિતિ તથા ખગોળશાસ્ત્ર એમ સાત વિદ્યાઓનો અભ્યાસ કરીને ગ્રૅજ્યુએટ બન્યો. ત્યાર બાદ તેણે એમ. એ.ની પદવી પ્રાપ્ત કરી. અભ્યાસનાં છેલ્લાં વરસો દરમિયાન તે માનવવાદી વિચારોથી પ્રભાવિત થયો હતો. પરંતુ તેણે કર્મઠ જીવનનો આરંભ સંસારી બનવાને બદલે સૌથી પવિત્ર મનાતા ઓગસ્ટાઈન મઠમાં દાખલ થઈને કર્યો (જુલાઈ, ૧૫૦૫). તેના આ નિર્ણય પાછળનું એક સબળ કારણ એ મનાય છે કે, ૧૫૦૨ માં જ્યારે તે તલવારથી ઘવાયો હતો ત્યારે તબીબી સારવારથી નહિ પણ ઈશુ તથા મેરીની સતત પ્રાર્થનાથી પ્રાપ્ત થયેલ શક્તિથી તેનો ઘા રુઝાયો હતો. વળી, છેક છેલ્લે, ૧૫૦૫માં ભયંકર તોફાન દરમ્યાન તેની નજીકમાં વીજળી પડતાં, જ્યારે તેને મૃત્યુ સમીપ દેખાયું હતું ત્યારે તેણે ઈશુને પ્રાર્થના કરીને પ્રતિજ્ઞા કરી હતી કે આ આફતમાંથી બચીશ તો હું પાદરી બનીશ.

લ્યુથર ભારે તેજસ્વિતા, કડક શિસ્તપાલન તથા પવિત્રતાના જોરે ત્રણ જ વર્ષમાં પાદરીમાંથી ધર્મગુરુ બન્યો અને વિટેનબર્ગ યુનિવર્સિટીમાં ધર્મશાસ્ત્રના અધ્યાપક તરીકે નિયુક્ત થયો (૧૫૦૮). આ દરમ્યાન વિશ્વ-માનવતાના પ્રખર ઉપાસક તરીકે ઓળખાતા વિદ્વાન ગેબ્રિયેલના ગ્રંથોના વાંચનથી તે ખૂબ પ્રભાવિત થયો. ઈશુ અને ધર્મમાં તેની શ્રદ્ધા ઘણી દૃઢ થઈ.

પાદરીઓનાં ઝઘડતાં બે જૂથોને એક કરવાના ખ્યાલથી તેણે ૧૫૧૦માં રોમની મુલાકાત લીધી; પરંતુ ત્યાંનું દૂષિત વાતાવરણ જોઈને તે વ્યથિત થયો. તેણે ૧૫૧૨માં કોલોગ્નેની મુલાકાત લીધી. ત્યાંની સંસ્કારિતાથી તે ખુશ થયો.

બીજી બાજુ, પોપ દ્વારા રજૂ થતા 'પાપમુક્તિ' તથા 'મોક્ષ'ના ખ્યાલોથી લ્યુથર મૂંઝવણ અનુભવતો હતો. તેવામાં તેના વડા ધર્મગુરુ સ્ટોપીઝે તેને ઉદ્બોધન કર્યું કે ઈશુના ગુણોને અનુસરવાથી મનુષ્યનાં પાપ નષ્ટ થાય છે. તે માટે અન્ય કોઈ વિધિ કે માધ્યમની જરૂર નથી. તે માટે આંતરિક પવિત્રતા પૂરતી છે. સ્ટોપીઝના આ ઉદ્બોધને લ્યુથરમાં એક **નવી ધર્મશ્રદ્ધા** પ્રેરી તથા તેની **નવી ધાર્મિક વિચારસરણી**ની ભૂમિકા બાંધી આપી.

આ પછી તેણે રૂઢિગત ધાર્મિક માન્યતા અને વિધિઓ સામે અવાજ ઉઠાવવા માંડ્યો. 'માફીપત્રો'ની પ્રસિદ્ધિ તથા તેમનું વેચાણ લ્યુથર માટે બળવાનું નિમિત્ત બન્યું.

અલબત્ત, 'માફીપત્રો' પ્રસિદ્ધ કરવાની પ્રથા છેક મધ્યયુગથી ચાલુ હતી પરંતુ તેમને અમુક સંજોગોમાં જ બહાર પાડી શકાતાં તથા વેચી શકાતાં — જેમ કે, પાપોના પ્રાયશ્ચિત માટે અથવા ભૂલોની ક્ષમાયાચના માટે. વળી તેમાંથી થતી આવકનો ઉપયોગ પણ અમુક રીતે જ કરી શકાતો—જેમ કે, દવાખાનાં

કે મફત ભોજનાલયો સ્થાપવામાં. પૈસા એકત્ર કરવા કે વૈભવ માણવા માટે 'માફીપત્રો' બહાર પાડી શકાતાં નહિ. વળી, ભવિષ્યનાં પાપોના નિવારણ માટે પણ તે પ્રસિદ્ધ થઈ શકતાં નહિ. તે થઈ ગયેલાં પાપોના પ્રાયશ્ચિત્તરૂપે જ બહાર પાડી શકાતાં.

આ નિયમોનો વરસો થયાં ભંગ થતો રહ્યો હતો; અને તેની સામે વિરોધો અને આંદોલનો થતાં રહ્યાં હતાં. છેવટે, ૧૫૧૭માં પોપ લિયો ૧૦મા મારફત બહાર પડાયેલ માફીપત્રોમાં તથા તેમની વેચાણ પદ્ધતિમાં આ નિયમનો સ્પષ્ટ ભંગ થયેલો જોઈને તેની સામે પ્રબળ વિરોધ ઊઠયો અને તેનું નેતૃત્વ લ્યુથરે લીધું.

*

આંદોલનના પ્રથમ પગલા તરીકે માર્ટિન લ્યુથરે ખ્રિસ્તી ધર્મના મુખ્ય સિદ્ધાંતો મનાતા ૯૫ મુદ્દાઓ-વાળું એક જાહેરનામું વેટનબર્ગના મુખ્ય દેવળની દીવાલ પર ચોંટાડ્યું અને તે માટે જાહેરમાં વાદવિવાદ કરવાનો પડકાર ફેંકયો (૧૫૧૭).

માર્ટિન લ્યુથરે તેના આ મુદ્દાઓમાં જણાવ્યું હતું કે ઈશુમાં અને ધર્મમાંની પૂરી શ્રદ્ધા જ મનુષ્યને પાપમાંથી બચાવે છે. તે માટે તેને કોઈ માફીપત્ર, વિધિ કે એજન્સીની જરૂર નથી. આ માટે હૃદય-પૂર્વકનું પ્રાયશ્ચિત્ત પૂરતું છે. વળી, ભવિષ્યમાં કરાનારાં પાપ માટે કોઈ માફી હોઈ શકે નહિ; પોપને પાપની માફી આપવાનો આવો કોઈ અધિકાર નથી, તે તો માત્ર ઈશુ જ આપી શકે. ઉપરાંત, લ્યુથરે મધ્યયુગી ધર્મગુરુશાહીના ભ્રષ્ટાચારો તથા ધર્મમાં પ્રવેશેલ વેપારશાહી સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

લ્યુથરે વધુમાં '૯૫ દરખાસ્તો'નું જર્મન ભાષામાં ભાષાંતર કરીને તેની પ્રતો જર્મનીનાં જુદાં જુદાં શહેરોમાં વહેંચી. પરિણામે જર્મનીના પ્રદેશોમાં પોપ અને રોમન કેથોલિક દેવળ સામેનો રોષ વ્યાપક બન્યો. ડોમિનિકન ધર્મગુરુ જોન ટેટઝાલે ગુસ્સે થઈને લ્યુથરની ૯૫ દરખાસ્તોના જવાબ રૂપે ૧૦૬ દરખાસ્તો પ્રસિદ્ધ કરી (૧૫૧૮) અને જાહેર કર્યું કે નાસ્તિકને અપાતી મૃત્યુદંડની સજા લ્યુથરને કરવામાં આવશે. ધર્મગુરુ ગેબ્રિયલે લ્યુથરને સમજાવવા પ્રયાસ કર્યો. તે નિષ્ફળ જતાં રોમની વડી ધર્મસમિતિએ લ્યુથર પર કામ ચલાવવાનો ધર્મઅદાલતને આદેશ આપ્યો. તેની સામે જર્મનીનાં મોટાભાગનાં રાજ્યોના અન્ય ઉમરાવોએ લ્યુથરને સાથ આપ્યો. આથી પોપનો આદેશ છતાં જર્મન સમ્રાટ મેકિસમિલિયન લ્યુથર સામે કોઈ શિક્ષાત્મક પગલું લઈ શકયો નહિ.

બીજો મુખ્ય મુદ્દો હતો ધર્મશાસ્ત્રના અર્થઘટન સંબંધી. તે બાબતમાં પોપને સર્વોપરી માનવાના દાવાનો લ્યુથરે અસ્વીકાર કર્યો. લ્યુથરે ઈશુ, બાઇબલ તથા ધર્મશાસ્ત્રનાં કથનો સિવાય કોઈને પણ સર્વોપરી સત્તા માનવાનો સાફ ઇન્કાર કર્યો. આથી ધર્મઅદાલતે લ્યુથર સામેની કાર્યવાહી આગળ ચલાવી. લ્યુથર સેકસની જતો રહ્યો. પોપ તથા દેવળ સામેના આંદોલનને તેણે ઉગ્ર બનાવ્યું.

આ પછી ઇંગોલસ્ટડ યુનિવર્સિટીના ધર્મશાસ્ત્રના વિખ્યાત અધ્યાપક અને પોપના ચુસ્ત ટેકેદાર જોન એક તથા લ્યુથર વચ્ચે લિપઝિગમાં જાહેર વિવાદ થયો. સેંકડો શ્રોતાજનોની હાજરીમાં લ્યુથરે પોપ ખ્રિસ્તી ધર્મસમાજ તથા દેવળના એકમાત્ર વડા હોવાની જોન એકની દલીલોનું ધર્મશાસ્ત્રોનાં અવતરણોને આધારે ખંડન કર્યું અને માત્ર ઈશુ જ અંતિમ નિર્ણાયક અને માર્ગદર્શક હોવાનું, બાઇબલનાં કથનોને આધારે, સિદ્ધ કર્યું. વળી તેણે પોપના પદને પણ દૈવી નહિ, પરંતુ માનવસર્જિત ગણાવ્યું. આથી જોન એકે લ્યુથરના વિચારોને હસના જેવા 'નાસ્તિક' હોવાનું ઠરાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. લ્યુથરે છેવટે જણાવ્યું કે જ્યાં સુધી પોપ તેમ જ ધર્મસમિતિના આદેશો ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોની વિરુદ્ધ ન હોય ત્યાં સુધી જ તે સ્વીકાર્ય ગણાય; ઈશુ, બાઇબલ તેમ જ ધર્મશાસ્ત્રોનાં કથનોની વિરુદ્ધ હોય તો તે અસ્વીકાર્ય ગણાય.

લ્યુથર તથા જૉન એક વચ્ચેના આ જાહેર વિવાદે ધર્મસુધારણાના આંદોલનને સારું એવું બળ આપ્યું. આમાંથી પોપ અને લ્યુથર વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર બન્યો. જર્મન રાજ્યોનો ખ્રિસ્તી સમાજ બે સ્પષ્ટ ભાગોમાં વહેંચાઈ ગયો : (૧) પોપ તરફી, અને (૨) લ્યુથર તરફી. તેમાંથી ખ્રિસ્તી ધર્મમાં કૅથોલિક તથા પ્રોટેસ્ટંટ એવા બે મુખ્ય સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા.

આ આંદોલનની શરૂઆતમાં ઈરેસમસ સહિતના મોટા ભાગના માનવવાદીઓ લ્યુથરને પક્ષે હતા. પરંતુ લ્યુથરે ધર્મમય જીવન માટે માત્ર શ્રદ્ધાનું 'અતિમૂલ્યન' કરતાં અને સત્કાર્યોનું 'અલ્પમૂલ્યન' દર્શાવતાં ઈરેસમસ સહિતના ઘણા ખરા માનવવાદીઓ લ્યુથરથી વિમુખ થઈ ગયા.

આ પછી પણ લ્યુથરને જર્મનીના મોટા ભાગના ઠાકોરો તથા યુવાન રાષ્ટ્રવાદીઓનો પ્રબળ ટેકો મળતો રહ્યો; તેથી આંદોલન વ્યાપક બન્યું. વધુમાં, લ્યુથરના ચુસ્ત ટેકેદાર ઉલ્રીચ વૉન હટ્ટને ધર્મશાસ્ત્રોને આધારે એક સંપાદિત પુસ્તક પ્રસિદ્ધ કર્યું (૧૫૨૦). તેમાં તેણે લ્યુથરનાં મુદ્દાઓ તેમ જ વિધાનો ધર્મશાસ્ત્રના સિદ્ધાંતો મુજબનાં હોવાનું તથા પોપ અને ધર્મસમિતિની કરણીઓ તેમ જ આદેશો ધર્મશાસ્ત્રના નિયમો વિરુદ્ધનાં હોવાનું પુરવાર કર્યું. આ પુસ્તક ખૂબ લોકપ્રિય થતાં લ્યુથરના આંદોલનને વ્યાપક ટેકો મળ્યો. આથી રોષે ભરાયેલા પોપે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું (જૂન, ૧૫૨૦). તેમાં લ્યુથરને તેનાં ધર્મ વિરુદ્ધનાં કથનો ૬૦ દિવસમાં પાછાં ખેંચી લેવાની અને તેમ ન કરે તો તેને બહિષ્કૃત જાહેર કરીને ધર્મસત્તા કે રાજ્યસત્તા દ્વારા તેના પર કામ ચલાવવાની ચેતવણી આપવામાં આવી. આના જવાબમાં લ્યુથરે જર્મન સમ્રાટ, ઠાકોરો તથા લોકોને ઉદ્દેશીને ત્રણ ઐતિહાસિક પત્રિકાઓ પ્રસિદ્ધ કરી. ધર્મસુધારણાના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ બની રહેનારી આ પત્રિકાના મુદ્દાઓ જોઈ લઈએ.

**પહેલી પત્રિકા :** 'ધાર્મિક સત્તા' 'દુન્યવી સત્તા' કરતાં ચડિયાતી હોવાની અને ધર્મશાસ્ત્રોનું આખરી અર્થઘટન કરવાની તથા ધર્મસભા બોલાવવાની સત્તા માત્ર પોપની હોવાની, પોપ અને તેના ટેકેદારોએ કરેલી, દલીલોનું આ પત્રિકામાં ખંડન કરાયું હતું. ઉપરાંત, પોપ અને ધર્મગુરુઓએ એકત્ર કરેલી મિલકત, ધાર્મિક લાગા, ધાર્મિક કરવેરા, દેવળની વહીવટી ખામીઓ, નાણાં લઈને ધાર્મિક હોદ્દાઓ વેચવાની પ્રથા, રોમની ધર્મસમિતિનું સ્થાનિક દેવળો પરનું વર્ચસ્, બહિષ્કૃત કરવાની પદ્ધતિ વગેરેની ઉગ્ર ટીકા કરીને તે નાબૂદ કરવાનું જણાવાયું હતું. ભિક્ષુકપ્રથા, યાત્રાની પદ્ધતિઓ ઈત્યાદિમાં પણ ફેરફાર કરવાનું તેમાં સૂચવાયું હતું.

**બીજી પત્રિકા :** 'દેવળનું બેબિલોનિયન બંધન' લેટિન ભાષામાં લખાયેલી હતી (ઑગસ્ટ, ૧૫૨૦). તે વિશેષ કરીને વિદ્વાનો તથા તજ્જ્ઞો માટે હતી. આ પત્રિકામાં સાત પ્રચલિત ખ્રિસ્તી સંસ્કારોમાંથી ફક્ત બે જ (૧) ઈશુનું 'છેલ્લું ભોજન' અને બેપ્ટિઝમની વિધિ તથા (૨) પ્રાયશ્ચિત્ત 'ધર્મસંમત' હોવાનું જણાવવામાં આવ્યું હતું. બાકીનાનો ધર્મશાસ્ત્રોમાં ઉલ્લેખ નહિ હોવાથી તે નિરર્થક હોવાનું કહેવામાં આવ્યું હતું. ઈશુની પ્રેરણાથી સ્થપાયેલ ખ્રિસ્તી દેવળ છેલ્લાં ૧૦૦૦ વર્ષથી ટોચના પોપ આધિપત્ય હેઠળ બંધન તથા યાતનાઓ ભોગવી રહ્યું હતું, માટે તેમાંથી તેને મુક્ત કરવાની જરૂરિયાત પર આ પત્રિકામાં ભાર મૂકવામાં આવ્યો હતો.

**ત્રીજી પત્રિકા :** 'ખ્રિસ્તીમુક્તિનું આલેખન' (નવેમ્બર ૧૫૨૦) પોપ લિયો ૧૦માને ઉદ્દેશીને લખાયેલી હતી. તેમાં પ્રાક્કથન તરીકે કહેવામાં આવ્યું હતું કે સાચી મુક્તિ માટે કોઈ વિધિ કે માધ્યમની આવશ્યકતા નથી. એટલું જ નહિ, તેને માટે અન્ય કોઈ સત્કાર્યો કરવાની ય જરૂર નથી. ઈશુમાંની માત્ર સંપૂર્ણ શ્રદ્ધાથી જ મનુષ્ય મોક્ષ મેળવી શકે છે.

લ્યુથરની ઉપર્યુક્ત ત્રણ પત્રિકાની પ્રસિદ્ધિ સામે પોપે આ તમામ વિધાનો તથા પત્રિકાઓ પાછાં ખેંચી લેવાનું જણાવતો આદેશપત્ર બહાર પાડયો (૧૦–૧૨–૧૫૨૦), જેને લ્યુથરે આવા અન્ય પ્રકારના સાહિત્યની સાથે વિટેનબર્ગના દરવાજે જાહેરમાં બાળી મૂકયો ! આથી પોપે લ્યુથરને 'બહિષ્કૃત' કરતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. જર્મન સમવાયતંત્રનો ચૂંટાયેલ સમ્રાટ ચાર્લ્સ પાંચમો, ધાર્મિક પ્રણાલિકા મુજબ, પોપના જાહેરનામાનો અમલ કરવા અને લ્યુથર પર કામ ચલાવવા બંધાયેલ હતો. પરંતુ પ્રત્યેક જર્મન રાજ્ય આંતરિક રીતે **સંપૂર્ણ સ્વાયત્ત** હતું, આથી સેકસનીના ઉમરાવ ફ્રેડરિકે પોતાના રાજ્યમાં લ્યુથર વિરુદ્ધની કોઈ કાર્યવાહી કરવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો; એટલું જ નહિ, તેણે લ્યુથરને સંપૂર્ણ ટેકો આપ્યો. વળી, જર્મનીના મોટા ભાગના ઉમરાવો તથા લોકોએ પણ લ્યુથરની રાષ્ટ્રીય ભાવનાને બિરદાવીને તેની સામે કામ ચલાવવાનો વિરોધ કર્યો.

વિશેષમાં લ્યુથરના ખાસ પ્રશંસક ઉલ્રીચ વોન હટ્નને પોપ તેમ જ ધર્મગુરુઓની જલદ ટીકા કરતી પત્રિકા પ્રસિદ્ધ કરી. આથી પોપતરફી તત્ત્વોએ તેનો જાન લેવાના પ્રયાસો શરૂ કર્યા. તેને એક શુભેચ્છક ઉમરાવના કિલ્લામાં થોડો સમય આશરો લેવો પડયો. પરંતુ હટ્નનો જુસ્સો જરાયે નરમ પડયો નહિ; બલ્કે તેણે પોપ અને ધર્માચાર્યોની ગેરરીતિઓ પર અતિ ઉગ્ર પ્રહારો કરતી બીજી પત્રિકા પ્રસિદ્ધ કરી (ડિસેમ્બર, ૧૫૨૦). તેમાં તેણે જર્મન સમ્રાટ, ઉમરાવો તથા શહેરીઓને લ્યુથરને પક્ષે ખડા રહીને, દેશ-ભક્તિ દાખવીને, જર્મનીમાંથી પોપની સત્તાને ફગાવી દેવા અપીલ કરી. આ પત્રિકાના પ્રકાશનથી જર્મની તથા રોમમાં હલચલ મચી ગઈ અને પોપ-તરફીઓએ લ્યુથર અને હટ્ન પર તાત્કાલિક કામ ચલાવીને તેમને કડક સજા કરવાની માગણી કરી.

*

બીજી બાજુ, જર્મનીની 'રાષ્ટ્રીય સભા'ની બેઠકમાંય પોપના પ્રતિનિધિ અલિન્ડરે લ્યુથર પર કામ ચલાવવા અને તેને નાસ્તિક ગણીને તેનાં બધાં પુસ્તકો બાળી મૂકવાની માગણી કરી. પરંતુ, જર્મનીનાં મોટા ભાગનાં રાજ્યોના ઉમરાવોએ પોતાનાં રાજ્યોમાં બળવા થાય તેવા ભયથી લ્યુથર સામે આવું કોઈ પગલું ભરવાનો ઇન્કાર કર્યો. દરમ્યાન ૨૦૦ સશસ્ત્ર યુવાનોના રક્ષણ નીચે લ્યુથર પોતે 'રાષ્ટ્રીય સભા'માં હાજર થયો.

પોતાનાં પુસ્તકો નાસ્તિક હોવા સંબંધિના આક્ષેપના જવાબમાં લ્યુથરે રાષ્ટ્રીય સભાને જણાવ્યું કે તેનાં પુસ્તકોમાંનાં અમુક ખ્રિસ્તી દેવળમાં પેઠેલ વિકૃતિઓ તથા પોપ અને ધર્મગુરુઓની ગેરરીતિઓની ટીકા કરનારાં છે; અમુક પોતાના વિરોધીઓના આક્ષેપોના પ્રત્યુત્તર રૂપ છે; તથા બાકીનાં ધર્મશાસ્ત્રોનાં કથનોની સમજણ આપનારાં છે. છેલ્લે ઉમેર્યું કે, **જ્યાં સુધી આ પુસ્તકો ધર્મશાસ્ત્રોનાં કથનોની વિરુદ્ધ હોવાનું સાબિત ન થાય, ત્યાં સુધી તે તેમાંનો એક પણ શબ્દ પાછો ખેંચવા તૈયાર નથી.**

આ પછી, અલિન્ડરે લ્યુથરને 'બહિષ્કૃત' તરીકે જાહેર કરવા રાષ્ટ્રીય સભા અને સમ્રાટને અપીલ કરી (૧૫૨૧). સમ્રાટ ચાર્લ્સ પાંચમો રૂઢિચુસ્ત હોવા છતાં, જર્મનીમાં રાષ્ટ્રીય બળવો થાય તે ભયથી લ્યુથર પર કામ ચલાવવા નાખુશ હોવાથી, તેણે લ્યુથરને સેકસની પાછા ફરવાનો આદેશ આપ્યો. લ્યુથર સશસ્ત્ર ઠાકોરોની સેના સાથે સેકસની પાછો ફર્યો. ત્યાર બાદ, રૂઢિચુસ્ત લઘુમતિની હાજરીમાં અલિન્ડરે સભા પાસે લ્યુથરને 'બહિષ્કૃત' તરીકે સજા કરતો ઠરાવ પસાર કરાવ્યો, જે 'વર્મ્સનું જાહેરનામું' તરીકે જાણીતો બન્યો. વાસ્તવમાં, એને પરિણામે જર્મનીમાં ક્રાન્તિ ફાટી નીકળી અને છેવટે તેના ઘણાખરા પ્રદેશોમાંથી પોપ અને રોમન દેવળની સત્તા નાબૂદ થઈ ગઈ.

બીજી બાજુ, ધર્મસભાના ઠરાવથી ચેતી જઈને વોર્ટબર્ગના કિલ્લામાં ૧૦ માસ સુધી (મે, ૧૫૨૧થી ફેબ્રુઆરી, ૧૫૨૨) લ્યુથરને સલામત રીતે રાખવામાં આવ્યો. આ દરમ્યાન, ખૂબ જ અસરકારક પુરવાર થયેલી બે કૃતિઓ તેણે પ્રસિદ્ધ કરી : એક 'પાદરી-જીવન અથવા મઠ-જીવનની પ્રતિજ્ઞાઓ'. તેમાં તેણે ઈશુ અને ધર્મમાં પૂરી શ્રદ્ધા ધરાવનાર કોઈ પણ શ્રદ્ધાળુ ખ્રિસ્તી મોક્ષ મેળવી શકે છે; તે માટે પાદરી કે મઠ-જીવનની આવશ્યકતા નથી, તેવું પ્રતિપાદિત કર્યું. વળી, પાદરીઓમાં ઉપપત્નીઓ રાખવાની બદીને અનુલક્ષીને તેણે આ પુસ્તિકામાં પાદરીઓને લગ્નજીવન જીવવાની છૂટ આપવાનો અનુરોધ કર્યો. બીજી, કૃતિ તે 'ખ્રિસ્તી બાઈબલ' (ન્યૂ ટેસ્ટામેન્ટ)નું જર્મન ભાષામાં ભાષાંતર. આ પુસ્તક ખૂબ લોકપ્રિય થયું અને તેણે પોપ તેમ જ દેવળ સામે રાષ્ટ્રીય બળવો જગાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

હવે, પોપ સામેના રાષ્ટ્રીય બળવાનું મુખ્ય કેન્દ્ર વિટેનબર્ગ બન્યું. ત્યાંના રહીશ અને લ્યુથરના સાથીદાર પાદરી કાર્લ સ્ટડે (મૃત્યુ ૧૫૪૧) પોતે લગ્નજીવન અપનાવ્યું; ધર્મગુરુના પોશાકને બદલે સામાન્ય માણસનો પોશાક ધારણ કર્યો; છતાં ધર્મગુરુ તરીકેનું ધર્મ-જીવન તેમ જ ઉપદેશ–કથન ચાલુ રાખ્યું. લ્યુથરના બીજા જાણીતા સાથીદાર ગેબ્રિયલે પણ તેમ જ કર્યું તથા અમુક ઑગસ્ટિન પંથી ધર્મગુરુઓએ પણ કાર્લ સ્ટડ અને ગેબ્રિયલનાં દૃષ્ટાંતને અનુસરીને લગ્નજીવન સ્વીકાર્યું. તેમણે પોતાનાં દેવળોમાંથી અમુક પ્રણાલિકાગત સંસ્કારો રદ કર્યા, તથા મૂર્તિઓ–ચિત્રો વગેરે પણ દૂર કર્યાં. તેઓએ ધાર્મિક વેરા રદ કરીને, ગૃહ–ઉદ્યોગો શરૂ કરીને, પોતાની આજીવિકા મેળવવાનું શરૂ કર્યું. બીજી બાજુ, કાર્લ સ્ટડે વિટેનબર્ગની ધર્મસમિતિમાં એક ઠરાવ પસાર કરાવ્યો (જાન્યુઆરી, ૧૫૨૨). તે અનુસાર વિટેનબર્ગની પ્રત્યેક ધર્મસંસ્થાએ પોતાની આવકનો અમુક હિસ્સો ધર્મસમિતિના ગરીબોના ફંડમાં આપવાનું ઠરાવ્યું.

માર્ટિન લ્યુથર લેખો, પ્રવચનો વગેરે મારફત આંદોલન ઉગ્ર બનાવતો રહ્યો. પરિણામે તે જર્મનીના ઉત્તર-દક્ષિણના પ્રદેશોમાં પણ પ્રસર્યું. આંદોલનની અસર નીચે ઘણા પાદરીઓએ મઠ-જીવન છોડીને તથા સાંસારિક-જીવન અપનાવીને લ્યુથરના વિચારોનો ખુલ્લી રીતે પ્રચાર કર્યો. પરિણામે, વર્મ્સની ધર્મસભાનો લ્યુથરને 'બહિષ્કૃત' ગણવાનો તથા તેને સજા કરવાનો ઠરાવ નિરર્થક સાબિત થયો. ઊલટું, આવેશમાં આવેલા લ્યુથરવાદીઓ દ્વારા પોપ-તરફી ધર્માચાર્યો, મઠપતિઓ અને સામંતો પર હુમલા શરૂ થયા. ઈર્ફર્ટમાં પોપ-તરફી સાધુસમાજ સામે મોટું બંડ થયું, જેમાં ત્યાંનો આર્કબિશપ મૃત્યુ પામ્યો.

*

ધર્મસુધારણાના આંદોલનના એક ફાંટા રૂપે જર્મનીમાં ફરીથી **ખેડૂતોનો બળવો** થયો (૧૫૨૫). આ અગાઉ (૧૪૭૬–૧૫૧૭) થયેલ ખેડૂતોનાં બંડોથી ધર્મસુધારણાના આંદોલનને બળ મળ્યું હતું; તો હવે ધર્મસુધારણાના આંદોલનથી ખેડૂતોના બળવાને પ્રોત્સાહન મળ્યું. આકરા અને અન્યાયી કરવેરા વસૂલ કરનારા, જંગલો તથા ગોચરની માલિકી ધરાવીને ખેડૂતોનું ભારે શોષણ કરનારા અને તેનો વિરોધ કરનારા ખેડૂતોનો સૈનિકો મારફત પશુઓની જેમ શિકાર કરાવનારા ધર્માચાર્યો તથા જમીનદારોનાં કારનામાં સામેનું આ આંદોલન ઉગ્ર બન્યું. કેટલાક ધર્મગુરુઓ તથા સામંતોનાં રહેઠાણ બાળી મૂકવામાં આવ્યાં; કેટલાકની હત્યા કરવામાં આવી. સામે પક્ષે, ધર્મગુરુઓ, જમીનદારો તથા સમ્રાટનાં સંયુક્ત લશ્કરોએ આશરે ૨૦,૦૦૦ જેટલા ખેડૂતોની કતલ કરી. પરંતુ બળવો શમ્યો નહિ.

માર્ટિન લ્યુથરે આ બળવાની શરૂઆતમાં ખેડૂતો પ્રત્યે હમદર્દી દર્શાવી. ખેડૂતોની ૧૨ માગણીઓને ટેકો આપીને તેમનું દમન તથા શોષણ કરવા બદલ ધર્મગુરુઓ અને અમીરોને ઠપકો આપ્યો. પરંતુ ટોમસ મન્ઝરની નેતાગીરી નીચે ખેડૂતોને પક્ષે પણ હિંસાખોરી બેફામ બની. કેટલાયે મઠો તથા કિલ્લાઓનો નાશ કરવામાં આવ્યો; ધર્મગુરુઓ તેમ જ સામંતોની કતલ કરવામાં આવી, અને લૂંટ-ખૂનામરકી વ્યાપક

બની. આ ઘટનાઓથી લ્યુથરને ભય પેદા થયો કે પોતાના આંદોલનની તરફદારી કરનારા ધર્મગુરુઓ અને સામંતોનો પોતે સાથ ગુમાવશે, અને ચોતરફ અંધાધૂંધી વ્યાપી જશે. તેથી તેણે ખેડૂત બળવાખોરોને ખૂનામરકી અને લૂંટના રસ્તેથી પાછા વળવા હાકલ કરી. એની ઉપેક્ષા થતાં તેણે બળવાને સખત હાથે દાબી દેવા માટે સત્તાવાળાઓને અપીલ કરતી બીજી પત્રિકા બહાર પાડી. પરિણામે, ખેડૂતોમાં લ્યુથરની પ્રતિષ્ઠા હલકી પડી અને ત્રાસવાદી સૈનિક દળો માટે ખેડૂતો પર ત્રાસ ગુજારવાનું સરળ બન્યું. આથી ખેડૂતોના બળવાની ધર્મસુધારણાના આંદોલન પર ઘેરી અને વિપરીત અસર પડી.

આ પછી બળવાખોર ખેડૂત વર્તુળોમાં લ્યુથર ઘણો અપ્રિય થયો. તે પાંચ વર્ષ સુધી (૧૫૨૫–૧૫૩૦) વિટેનબર્ગની બહાર ભાગ્યે જ જઈ શક્યો. આમ, **ખેડૂતોના બળવાએ ધાર્મિક દૃષ્ટિએ જર્મનીને બે ભાગમાં વહેંચી નાખ્યું.** આ દરમ્યાન લ્યુથરે કોઈ પણ ધર્મવિધિમાં નહિ માનનાર કેથેરાઈન વોન બોરા નામની સાધ્વી સાથે લગ્ન કર્યું (૧૫૨૫). આથી રૂઢિચુસ્ત સમાજમાં તે વધારે અળખામણો થયો.

*લ્યુથરે આંદોલનની વ્યાપકતા ટકાવવા તથા પોતાની ઝાંખી પડેલી પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરવા માટે એક નવી જાહેરાત કરી. તેમાં તેણે જણાવ્યું કે—

> રાજસત્તા પણ ધર્મસત્તાની માફક ઈશ્વરનિર્મિત હોવાથી તે પવિત્ર છે, એટલે પોતાના રાજ્યમાંનાં દેવળો પર તેની પૂરી સત્તા હોવી જોઈએ અને આવાં દેવળો પરથી પોપની સત્તા નાબૂદ થવી ઘટે તથા દેવળો જે તે રાજાના વડાને અધીન હોવાં જોઈએ. દેવળોના ધર્માચાર્યોને નિયુક્ત કરવાની તેમ જ તેમનો વહીવટ કરવાની આખરી સત્તા પણ રાજ્યહસ્તક હોવી જોઈએ અને દેશનાં તમામ દેવળો પરથી રોમની સત્તા નાબૂદ કરીને તેમને **રાષ્ટ્રીય** બનાવવાં જોઈએ.

લ્યુથરની આ જાહેરાત એક રીતે **'ક્રાન્તિકારી'** કહેવાઈ, કારણ કે ધાર્મિક બાબતોમાં દેવળની સત્તા ચડિયાતી મનાતી તથા તેમાં દરમ્યાનગીરી કરવાનો રાજસત્તાને ભાગ્યે જ હક હતો.

જર્મનીના મોટા ભાગના ઠાકોરો લ્યુથરની આ રજૂઆતથી ખુશ થયા અને તેઓએ પોતાનાં રાજ્યોમાં તેનો અમલ પણ કર્યો. સેક્સની, પ્રશિયા, બ્રાન્ડેનબર્ગ, શ્લેશવિગ, હોલસ્ટીન, મેન્સફેલ્ડ વગેરેમાં આવાં રાષ્ટ્રીય દેવળો અસ્તિત્વમાં આવ્યાં. તેમના ધર્માચાર્યો રાજ્ય દ્વારા નિયુક્ત થવા લાગ્યા તથા દેવળના વહીવટને લગતી આખરી સત્તા રાજ્યહસ્તક આવી. આ દેવળોમાં એક-બે સિવાયના કોઈ સંસ્કારો થતા નહિ. તેમાં મૂર્તિઓ, ચિત્રો વગેરે રાખવામાં આવતાં નહિ. તેમાં સાદગી અને પવિત્રતાને મહત્ત્વ અપાતું. પરંતુ તેથી લ્યુથરવાદીઓમાં જ મોટો વિવાદ જાગ્યો. તેમાંથી પ્રોટેસ્ટંટ સંપ્રદાયમાં પેટા પંથો ઊભા થયા, જેમાં રૂઢિચુસ્ત તથા ઉદ્દામ વિચારસરણી ધરાવનાર મુખ્ય હતા.

લ્યુથરના સાથીદાર અને પ્રશંસક, વિટેનબર્ગ યુનિવર્સિટીમાં ધર્મશાસ્ત્રના વિખ્યાત પ્રાધ્યાપક, મેલાન્કથોને (મૃત્યુ ૧૫૬૦) ઉપર્યુક્ત બંને વિચારસરણીનો સુમેળ સાધતું પુસ્તક 'થિઓલોજિકલ કોમન પ્લેસીસ' (ધર્મને લગતા સામાન્ય સ્તરો) લખ્યું. તેમાં મેલાન્કથોને લ્યુથરની ફિલસૂફીની ચર્ચા કરવા ઉપરાંત શ્રદ્ધા, ઈચ્છાશક્તિ, બુદ્ધિમતા, મુક્ત વિચારસરણી વગેરેની સદષ્ટાંત વિગતવાર વિવેચના કરી છે અને આ બધા ખ્યાલો એકમેકના પૂરક હોવાનું તેણે પ્રતિપાદન કર્યું છે. તેનું આ પુસ્તક ખૂબ લોકપ્રિય થયું. મેલાન્કથોને આ ગ્રંથમાં લ્યુથરની તથા ઈરેસમસની વિચારસણીનો પણ સમન્વય સાધવાનો પ્રયાસ કર્યો છે: **"શ્રદ્ધાની સાથે સત્કાર્યો આવશ્યક છે. શ્રદ્ધા એ સત્કાર્યોનો પાયો છે."**

*

'લ્યુથરવાદ' જર્મની ઉપરાંત સ્કેન્ડેનેવિયન દેશો – ડેન્માર્ક, સ્વીડન તથા નોર્વે – અને યુરોપના અન્ય દેશોમાં પણ ફેલાયો. દેશનાં દેવળો રાજ્યને અધીન હોવાં જોઈએ તેવી લ્યુથરની રજૂઆતે માત્ર જર્મનીનાં

જ નહિ, પરંતુ યુરોપના અન્ય દેશોનાં રાજ્યોને પણ પોતાના પ્રદેશોમાંનાં દેવળો પર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરવાની તક પૂરી પાડી. આનાથી દેવળોનો વહીવટ લૌકિક (સેક્યુલર) બન્યો.

સોળમી સદીના ડેન્માર્કના રાજાઓ આ બાબતમાં દૃષ્ટાંતરૂપ બન્યા. ડેન્માર્કનો રાજા ક્રિશ્ચિયન બીજો (૧૫૧૩–૨૩) માનવવાદીઓ તથા લ્યુથર અને ઈરેસમસનો પ્રશંસક હતો. તેને સામાન્ય લોકો તેમ જ ખેડૂતો પ્રત્યે ખાસ હમદર્દી હતી. તે ડેન્માર્કમાં માનવવાદી વિચારો ફેલાવવાના હેતુથી વિટેનબર્ગ યુનિ-વર્સિટીના વિખ્યાત માનવવાદી અધ્યાપકોને અવારનવાર વ્યાખ્યાનો માટે બોલાવતો. ડેન્માર્કમાંથી પોપની સત્તા નાબૂદ કરવાના આશયથી તેણે ખાસ આદેશપત્ર પ્રસિદ્ધ કરીને ડેન્માર્કનાં તમામ દેવળોને રાજ્યને અધીન બનાવ્યાં. તેણે ધર્મગુરુઓ તથા ઉમરાવો સહિતના તમામ વર્ગના લોકોને રાજ્યનાં કાનૂન અને અદાલતને અધીન બનાવ્યા. વળી, રાજા ક્રિશ્ચિયને પોતાના રાજ્યમાંથી ખેતગુલામી નાબૂદ કરતો ધારો પસાર કર્યો. તેણે ધર્મગુરુઓ તેમ જ ઉમરાવોનો ખેડૂતો પાસેથી વધારાના કર ઉઘરાવવાનો તથા સામંતોનો પ્રજા પાસેથી નાણાં ઉઘરાવવાનો હક નાબૂદ કર્યો. તેણે ડેન્માર્કની ખેતીની પેદાશને કોપનહેગન તથા ડેન્માર્કનાં અન્ય શહેરોમાં જ વેચવાનો આદેશ આપ્યો.

રાજા ક્રિશ્ચિયનના આવાં વિચારો તથા પગલાંથી ધર્મગુરુઓ અને ઉમરાવો રોષે ભરાયા. તેમણે રાષ્ટ્રીય સભામાં પોતાની બહુમતીથી ક્રિશ્ચિયનને પદભ્રષ્ટ કરીને તેના એક સગા ફ્રેડરિકને ડેન્માર્કના રાજા તરીકે ચૂંટયો. ક્રિશ્ચિયન સહકુટુંબ નેધરલેંડ જતો રહ્યો. ત્યાં રહીને તેણે લ્યુથરવાદી તથા માનવવાદી વિચારોની ઝુંબેશ ચાલુ રાખી. નવો રાજા ફ્રેડરિક પણ (૧૫૨૩–૩૩) માનવવાદી તથા પોપવિરોધી હતો. વળી, લ્યુથરવાદી ધર્મગુરુ ટોસેન (૧૪૯૪–૧૫૬૧) તેનો ખાસ સલાહકાર હતો. તેની સલાહથી રાજાએ ડેન્માર્કમાં 'રાષ્ટ્રીય દેવળ'ની સ્થાપના કરી અને ટોસેનને તેનો વડો બનાવ્યો. આથી ડેન્માર્કમાં લ્યુથરવાદનો વાયરો સારો એવો ફેલાયો. ફ્રેડરિકનું ૧૫૩૩માં અવસાન થતાં ડેન્માર્કમાં થોડો સમય આંતર્‌વિગ્રહની સ્થિતિ રહી, પરંતુ ૧૫૩૬માં ક્રિશ્ચિયન ત્રીજાને સમ્રાટ તરીકે ચૂંટવામાં આવ્યો. તે દૃઢનિશ્ચયી શાસક હતો. તેણે રાષ્ટ્રીય દેવળનો વિસ્તાર કર્યો અને લ્યુથરવાદને મજબૂત ટેકો આપ્યો. આથી તેના શાસનને અંતે (૧૫૩૬–૧૫૫૯) ડેન્માર્કમાંથી પોપની સત્તા લગભગ નાબૂદ થઈ અને ડેન્માર્ક લ્યુથરવાદનો ગઢ બન્યું.

નોર્વે અને સ્વિડન ૧૬મી સદીમાં ડેન્માર્કને અધીન હતાં. આથી તે પ્રદેશોમાં પણ લ્યુથરવાદનો ફેલાવો કરવાનું ડેન્માર્કના શાસકો માટે સરળ બન્યું. ડેન્માર્કનાં દેવળોની માફક નોર્વે તથા સ્વિડનનાં દેવળોને પણ 'રાષ્ટ્રીય દેવળ' બનાવવામાં આવ્યાં. નોર્વેના મુખ્ય શહેર બર્ગેનના બિશપે રાજાનો આદેશ માનવાનો ઇનકાર કરતાં તેને 'દેશદ્રોહી' તરીકે ફાંસી આપવામાં આવી. તે સમયે ફિન્લેન્ડ સ્વિડનના તાબામાં હોવાથી ત્યાં પણ લ્યુથરવાદ ફેલાયો.


વળી, પ્રશિયાનો ડ્યુક આલ્બર્ટ લ્યુથરવાદી બનવાથી ત્યાં પણ લ્યુથરવાદનું પ્રસરણ થયું. પ્રશિયાની ઉત્તરના જર્મન પ્રદેશો, પોલેન્ડ, બોહેમિયા, હંગેરી વગેરેમાં ઉમરાવો જમીન, મિલકત તથા સત્તાની માલિકી સંબંધમાં ધર્મગુરુઓને પોતાના હરીફ માનતા. એટલે તેમની સત્તા ઘટે તેમાં ત્યાંના ઉમરાવોને રસ હતો. આથી તેમણે પણ ધર્મગુરુઓ વિરુદ્ધના સંઘર્ષમાં લ્યુથરને ટેકો આપ્યો. આ પ્રદેશોના ઠાકોરો, રાજાઓ પણ મોટે ભાગે ઉમરાવોની સહાયથી શાસકો તરીકે ચૂંટાતા; તેથી તેમણે પણ પોપ અને કેથોલિક ધર્માચાર્યો વિરુદ્ધ લ્યુથરને સાથ આપ્યો. આથી આ આખા પ્રદેશમાં લ્યુથરવાદના ફેલાવાને સારો એવો વેગ મળ્યો.

* પરંતુ આનાથી સામાન્ય વર્ગ તેમ જ ખેડૂતોની સ્થિતિમાં કોઈ ફરક પડયો નહિ. વળી, ખેડૂતોના બળવા વિરુદ્ધના લ્યુથરના વલણે પણ તેમની પરિસ્થિતિને જેમની તેમ રાખવામાં અગ્રભાગ ભજવ્યો હતો. પોલેન્ડના ખેડૂત વર્ગે લ્યુથરવાદની તરફેણ નહિ કરતાં, ત્યાં લ્યુથરવાદનું પ્રસરણ પ્રમાણમાં મર્યાદિત રહ્યું.

લ્યુથરવાદના એક ફાંટા રૂપે ખ્રિસ્તી વિધિઓ તેમ જ સંસ્કારો વિરુદ્ધનો એક પંથ 'સેક્રામેન્ટેરિયન' આ સમય દરમ્યાન વિકાસ પામ્યો, તેનો સંક્ષિપ્ત નિર્દેશ અત્રે જરૂરી છે. આ પંથના અનુયાયીઓનો વહેમો અને વિધિઓ પ્રત્યેનો વિરોધ ઘણો ઉગ્ર હતો. 'અધર્મી ધર્મગુરુઓ'ને હસ્તે ઈશુએ છેલ્લું ભોજન સ્વીકાર્યું હોવાનો આ પંથવાદીઓ ઇનકાર કરતા. તેઓ મૂર્તિપૂજા, ઉપવાસ, યાત્રાઓ, લાંબી વિધિવાળી પ્રાર્થનાઓ, સંતોની યાદમાં સતત મીણબત્તી જલતી રાખવાની વિધિ વગેરેના વિરોધી હતા. તેઓ 'માફીપત્રો'ને પાખંડ કહેતા તથા પોપ અને ધર્મગુરુઓને અનાચારનાં પ્રતીક માનતા !

આવી માન્યતા ધરાવનારાઓમાં શિક્ષિત તથા વેપારી વર્ગના લોકો વિશેષ હતા. મિડલબર્ગનો વેપારી સંઘ આમાં વધારે સક્રિય હતો. તેણે પ્રસિદ્ધ કરેલી બાઈબલની કથાઓનું યોગ્ય અર્થઘટન કરતી પત્રિકા ખૂબ લોકપ્રિય બની હતી. આમ, પ્રચલિત ધર્મસંસ્કારોનો જડમૂળથી વિરોધ કરનારો, આ પંથ 'ઉગ્રતાવાદી લ્યુથરવાદી' કહેવાયો. તેનો વિરોધ પણ ઉગ્રપણે થયો. હેગના ઉગ્રતાવાદી વિલિયમ નેફ્રેયસને કારાવાસ આપવામાં આવ્યો અને વોર્ડનના પિસ્ટોરિયસને જીવતો સળગાવી દેવામાં આવ્યો (૧૫૨૫). એટલું જ નહિ, હેગની વેન્ડેલમોએટ નામની સ્ત્રીને પણ જીવતી જલાવી દેવામાં આવી (૧૫૨૭). તેની 'શહીદી' સંબંધે રચાયેલાં લોકગીતો આજે પણ હેગમાં ખૂબ લોકપ્રિય છે.

* આ ઉગ્રતાવાદીઓની ખાસિયત એ હતી કે તેઓ ઈશુમાં શ્રદ્ધા, અધ્યાત્મવાદ, સાથોસાથ સત્કાર્યો વગેરેને મહત્ત્વ આપતા હતા. અર્થાત્ તેઓ લ્યુથરના 'પૂર્વનિર્મિત ભાવિ'ના સિદ્ધાંત સાથે તેમ જ માનવજીવનની સુધારણા અને તેના વિકાસમાં 'સત્કાર્યો' ગૌણ છે તેવી લ્યુથરની રજૂઆત સાથે સંમત થતા નહિ.




કોપરનિકસની નક્ષત્ર પદ્ધતિ

# ૩ : ઉલરીચ ઝ્વિન્ગ્લી અને અનાબેપ્ટિસ્ટ આંદોલનકારો

## ઉલરીચ ઝ્વિન્ગ્લી (૧૪૮૪–૧૫૩૧)

લ્યુથરવાદ વા પ્રોટેસ્ટંટ પંથ જર્મનીના પ્રદેશોમાંથી યુરોપનાં અન્ય રાજ્યોમાં ફેલાયો. સ્વિટ્ઝર્લેન્ડમાં લ્યુથરવાદનો મુખ્ય પ્રણેતા ઉલરીચ ઝ્વિન્ગ્લી હતો. સ્વિટ્ઝર્લેન્ડ સૈદ્ધાંતિક રીતે જર્મનીને અધીન હતું, પરંતુ વાસ્તવમાં તે સ્વતંત્ર હતું. ઝ્વિન્ગ્લી લોકશાહી વાતાવરણમાં ઊછર્યો હતો. તેના પિતા સ્વિટ્ઝર્લેન્ડના પ્રજાસત્તાકમાં એક અધિકારી હતા. તેથી ઝ્વિન્ગ્લીને નાની વયથી જ પ્રજાતંત્ર અને ઐહિક બાબતોમાં રસ હતો. લ્યુથર કરતાં તે ઊલટા સ્વભાવનો હતો. લ્યુથરને દુન્યવી સ્વાધીનતામાં રસ ન હતો, જ્યારે ઝ્વિન્ગ્લી દુન્યવી સ્વાધીનતાને ધાર્મિક સુધારણા તેમ જ ધાર્મિક સ્વાતંત્ર્ય માટે અનિવાર્ય માનતો. ઉચ્ચ શિક્ષણ દરમ્યાન માનવવાદી અધ્યાપકોની વિચારસરણીથી તે ઘણો પ્રભાવિત થયો હતો. એમ. એ.નું શિક્ષણ પૂરું થતાં તેને પાદરીપદ મળ્યું હતું.

ઝ્વિન્ગ્લીએ માનવવાદી દષ્ટિએ ધર્મશાસ્ત્રોનું અને સાથેસાથે પુરાણા ગ્રીક તેમ જ રોમન સાહિત્યનું પણ ઊંડું અધ્યયન કર્યું. આમાંથી તેનો જે વિચારપિંડ બંધાયો હતો તે એક બાજુ ઈશુના ઉપદેશ તથા બાઈબલનાં કથનો પર આધારિત હતો; તો બીજી બાજુ, પુરાણા ગ્રીક તેમ જ રોમન ચિંતકોના વિચારોની પણ તેના પર પ્રબળ છાપ પડી હતી. આથી તેણે બંને વિચારસરણીઓ વચ્ચે મેળ બેસાડવા પ્રયત્ન કર્યો. વળી, લોકશાહી ભાવનામાં ઊછરેલો તે રાષ્ટ્રભક્ત હતો. તેથી વિદેશીઓ સાથે જોડાણ કરવાનો તથા તેમની પાસેથી આર્થિક સહાય મેળવવાનો વિરોધી હતો.

ઝ્વિન્ગ્લીએ ૧૫૧૬ થી સ્વિટ્ઝર્લેન્ડનાં કેથોલિક દેવળો સામે પદ્ધતિસરની ઝુંબેશ શરૂ કરી. ઈનસિડેલ શહેરના દેવળમાં મેરીની મૂર્તિની પૂજા માટે હજારો યાત્રાળુઓ આવતા. તેના પ્રતાપે ત્યાંના દેવળના ધર્માધિકારીઓ મોટા પૂંજીપતિ બન્યા હતા, સાથોસાથ અનાચારી પણ. ઝ્વિન્ગ્લીએ તેમની સામે જેહાદ શરૂ કરી. એ અરસામાં જ સ્વિટ્ઝર્લેન્ડના મુખ્ય શહેર ઝ્યુરિચની નગર સમિતિએ ઝ્વિન્ગ્લીને ઝ્યુરિચના મુખ્ય દેવળના ધર્માધિકારી તરીકે ચૂંટ્યો. આથી તેની પ્રતિષ્ઠામાં વધારો થયો તથા તેની ઝુંબેશને વેગ મળ્યો. વળી, તેણે ઝ્યુરિચમાં ફાટી નીકળેલ ભયંકર પ્લેગ (૧૫૧૯) વખતે જીવને જોખમે લોકોની ભારે સેવા કરી. આથી પણ લોકો પર તેનો પ્રભાવ વધ્યો. તેણે લોકોને માત્ર ઈશુ તથા ધર્મશાસ્ત્રનો આદેશ અનુસરવા અને સ્થૂલ વિધિઓ તથા વ્યક્તિપૂજા વગેરેને અવમાન્ય કરવા અનુરોધ કર્યો. એટલું જ નહિ, પોતે ધર્માધિકારી હોવા છતાં પરંપરાગત વિધિઓ આચરવાનો તેણે ઇન્કાર કર્યો. વળી, ઝ્વિન્ગ્લીએ નીતિમત્તાનું ધોરણ સાચવવા પાદરીઓને લગ્નજીવનની છૂટ આપવાનો આગ્રહ કર્યો. તેણે પોતેય લગ્ન કર્યું. તેના દષ્ટાંતને અનુસરીને અન્ય પાદરીઓએ પણ લગ્નજીવન સ્વીકાર્યું.

ઝ્વિન્ગ્લીની સલાહ અનુસાર ઝ્યુરિચની વહીવટી સમિતિએ નગરખંડમાં મોટી જાહેર ચર્ચા ગોઠવી (૧૫૨૩). તેમાં વિરોધીઓ સહિત ૬૦૦ નિષ્ણાતોએ હાજરી આપી. ઘણી વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવ્યું કે શાસ્ત્ર-સંમત સિવાયની તમામ વિધિઓ બંધ કરવી; તેવા તમામ સંસ્કારો પણ રદ કરવા. આ અનુસાર ઝ્યુરિચમાંથી તથા તેનાં દેવળોમાંથી દફનવિધિનો કર રદ કરવામાં આવ્યો. મૂર્તિપૂજાને

ધર્મશાસ્ત્ર વિરુદ્ધની લેખીને તેને બંધ કરવામાં આવી. દારૂ અને રોટીના ઉત્સવ વખતે થતાં નાચગાન બંધ કરવામાં આવ્યાં અને તેની વિધિને તદ્દન સાદી બનાવવામાં આવી. ઝ્યુરિચમાં કુમારી મેરીના અવશેષો સાથે પ્રતિવર્ષ નીકળતું સરઘસ બંધ કરી દેવામાં આવ્યું તથા અવશેષોને દાટી દેવામાં આવ્યા. દેવળોમાંના ઘંટનાદ અટકાવી દેવામાં આવ્યા. દેવળોમાંથી ચિત્રો, બાવલાં વગેરે ખસેડી લેવામાં આવ્યાં અને ઝ્યુરિચનાં દેવળોના જે ધર્મગુરુઓ તથા પાદરીઓએ નવી પદ્ધતિ સ્વીકારવાનો ઇન્કાર કર્યો, તેમને ઝ્યુરિચ છોડી જવાનો આદેશ આપવામાં આવ્યો.

*ઝ્વિન્ગ્લી તથા લ્યુથર બંને પ્રખર ધર્મસુધારકો હોવા છતાંયે બંનેની ધર્માચરણ પરત્વેની દષ્ટિમાં નોંધપાત્ર તફાવત હતો. લ્યુથર ઈશુને લગતા દારૂ અને રોટીના મુખ્ય સંસ્કાર-ઉત્સવમાં માનતો હતો, જ્યારે ઝ્વિન્ગ્લી તેને ઈશુનું બલિદાન તેમ જ પાપીઓને પાપમાંથી બચાવવા માટેના ઉમદા કાર્યની માત્ર એક સ્મૃતિ રૂપ ગણતો. જોકે ઝ્વિન્ગ્લી લ્યુથરના 'પૂર્વનિર્મિત ભાવિ'ના સિદ્ધાંત સાથે સંમત હતો; તથા 'પાપીઓને બચાવવા માટે ઈશુમાં પૂરી શ્રદ્ધા પૂરતી છે', તેવા લ્યુથરના મંતવ્ય અંગે પણ તેનો વિરોધ ન હતો. પરંતુ ઈશુમાં એકરાગ થવા માટે સત્કાર્યોની જરૂરિયાત ન હોવાની લ્યુથરની રજૂઆતનો તે વિરોધી હતો. વળી, માણસ સ્વભાવથી 'પાપી' છે તેવા લ્યુથરના ખ્યાલનો પણ તે ઇનકાર કરતો. **ઝ્વિન્ગ્લી માનતો હતો કે 'પાપ' એ માનવીની ભૂલનું પરિણામ છે તથા મનુષ્ય સ્વભાવથી દુષ્ટ હોતો નથી.** અમુક સંજોગોમાં તે અપકૃત્ય કરી બેસે છે, પણ તેમાં સુધારણાને પૂરેપૂરો અવકાશ છે. આમ, લ્યુથરની વિચારસરણી કરતાં ઝ્વિન્ગ્લીની વિચારસરણી વધારે 'આધુનિક' કહી શકાય તેવી હતી.

ઝ્વિન્ગ્લીએ ઝ્યુરિચ ઉપરાંત સ્વિટ્ઝર્લૅન્ડના અન્ય પ્રદેશોમાં ધર્મસુધારણાની ઝુંબેશને વ્યાપક બનાવી. પરિણામે, અનેક પ્રદેશોમાં **પ્રોટેસ્ટંટ પંથપ્રણીત ધાર્મિક ક્રાંતિનો** ઝડપી ફેલાવો થયો. અલબત્ત, પહાડી અને જંગલ વિસ્તારોમાં પુરાણી માન્યતાઓ તથા પદ્ધતિઓ ધરાવતા રોમન કેથોલિક સંપ્રદાયની અસર ચાલુ રહી. પરિણામે, વિરોધી સંપ્રદાયનાં પરગણાં વચ્ચે 'આંતરવિગ્રહ' થયો, જે બે વર્ષ જેટલા સમય સુધી ચાલુ રહ્યો. તેમાં ઝ્વિન્ગ્લી સહિત ૧૫૦૦ જેટલા પ્રોટેસ્ટંટો માર્યા ગયા અને કેથોલિકોનો વિજય થયો (ઓક્ટોબર, ૧૫૩૧). આ ખૂનખાર આંતરવિગ્રહને અંતે થયેલા **સમાધાન** પ્રમાણે પ્રત્યેકે પોતાના પરગણામાં વિરોધીઓને 'ધર્મસ્વાતંત્ર્ય' આપવાનું સ્વીકાર્યું.

ઝ્વિન્ગ્લીની શહાદત બાદ ઝ્યુરિચમાં બુલિન્ઝરે, બેસલમાં મિકોનિયસે અને અન્ય ભાગોમાં માર્ટિન બઝરે ઝ્વિન્ગ્લીની ધર્મસુધારણાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી, જો કે તેઓ રાજકારણને બદલે શૈક્ષણિક કાર્યો, ગરીબોની સેવા, અનાથોને સહાય વગેરેને મહત્ત્વ આપતા હતા. આથી સ્વિટ્ઝર્લૅન્ડમાં મહદ્ અંશે યોગ્ય દિશામાં ધર્મસુધારણાની પ્રવૃત્તિઓ આગળ વધી, જેનો કાલ્વિનને હાથે બીજા તબક્કામાં ખૂબ વિકાસ થયો.

## અનાબેપ્ટિસ્ટ આંદોલન

મુખ્યત્વે ઝ્વિન્ગ્લીવાદ તથા લ્યુથરવાદના પ્રતિભાવરૂપે સ્વિટ્ઝર્લૅન્ડમાં **અનાબેપ્ટિસ્ટ** આંદોલન શરૂ થયું. આ આંદોલનકારો લ્યુથર–ઝ્વિન્ગ્લીની ધાર્મિક સુધારણાના સમર્થક હતા. ઉપરાંત, સાવ બાલ્યવયમાં નાગરિકને ખ્રિસ્તી ધર્મમાં સામેલ કરવાની કે ખ્રિસ્તી બનાવવાની ધાર્મિક વિધિ (બેપ્ટિઝમ)ના વિરોધી હતા. તેને તેઓ અ-ધાર્મિક ગણતા; જો કે તેમના આ મંતવ્ય સાથે તે સમયના સમ્રાટો, લ્યુથર, ઝ્વિન્ગ્લી તથા તેમનો અનુયાયી વર્ગ કોઈ સંમત ન હતા. આથી તેમને એકલા હાથે લડવું પડ્યું. વળી આ અનાબેપ્ટિસ્ટો રાજ્ય **તેમજ** દેવળ બંનેની **અતિસત્તાના વિરોધી હતા. લોકસુખાકારી માટે તેઓ સત્તાના વિકેન્દ્રીકરણને આવશ્યક લેખતા.**

*તેઓ આગળ વધીને કહેતા કે દેવળ અને રાજ્યનું જોડાણ ખ્રિસ્તી ધર્મ વિરુદ્ધનું છે. દેવળ ધાર્મિક બાબતોની, જ્યારે રાજ્ય દુન્યવી બાબતોની સત્તા છે. બંનેનાં ક્ષેત્ર અલગ હોઈને તે બંનેને જુદાં જ રાખવાં જોઈએ. લોકોને ગમે તે ધાર્મિક માન્યતા રાખવાની છૂટ આપવી જોઈએ. આમ, તેઓ ધાર્મિક સહિષ્ણુતાના પુરસ્કર્તા હતા.

અનાબેપ્ટિસ્ટો યુદ્ધ તેમજ હિંસાના પણ ભારે વિરોધી હતા. આથી તેઓ લશ્કરી સેવાને પાપ માનતા. ઉપરાંત, યુદ્ધ કરનાર રાજ્યને બિનખ્રિસ્તી ગણતા, અને યુદ્ધ માટે રાજ્યને કરવેરા નહિ આપવાનું લોકોને કહેતા. રાજકારણી ક્ષેત્રે મોટા ભાગના અનાબેપ્ટિસ્ટો એક-વ્યક્તિ-શાસન (રાજાશાહી)માં માનતા ન હતા. તેઓ 'સમૂહશાસન'ના આગ્રહી હતા.

સ્વિટ્ઝર્લૅન્ડમાં અનાબેપ્ટિસ્ટ આંદોલનના મુખ્ય પ્રણેતાઓ કોન્રાડ ગ્રેબેલ તથા ફેલિક્સ મન્ઝ હતા. પછીથી મેનો સિમન્સ (૧૪૯૬–૧૫૬૧) મુખ્ય આગેવાન બનતાં અનાબેપ્ટિસ્ટો 'મેનોનાઈટ' તરીકે ઓળખાયા.

ગ્રેબેલને રાજ્યદ્રોહી ગણીને ઝ્યુરિચની નગર સમિતિએ જેલમાં પૂરીને ભૂખે મારી નાખ્યો; તો મન્ઝને ઝ્યુરિચની નદીમાં ડુબાડી દેવામાં આવ્યો. આવા અત્યાચારો સામે ઝૂઝનારા જેકોબ હટરનો શિરચ્છેદ કરવામાં આવ્યો (૧૫૨૭). આ પછી હબમેઈર તથા તેની પત્નીએ સ્વિટ્ઝર્લૅન્ડ અને જર્મન પ્રદેશોમાં અનાબેપ્ટિસ્ટ ચળવળનું નેતૃત્વ લીધું. આથી ઝ્યુરિચમાંથી તેમને દેશનિકાલ કરવામાં આવ્યાં. તે બંને પર ભારે ત્રાસ ગુજારવામાં આવતાં તેમણે પોતાના વિચારો પાછા ખેંચ્યા; પરંતુ પછી પશ્ચાત્તાપ થતાં વિયેનામાં ફરીથી તેમણે વિશેષ ઉગ્રતાથી અનાબેપ્ટિસ્ટ આંદોલનનો ફેલાવો કર્યો. આથી ઓસ્ટ્રિયાની સરકારે હબમેઈરને જીવતો સળગાવી દીધો તથા તેની પત્નીને ગળામાં મોટા પથરા બાંધી ડાન્યુબ નદીમાં ડુબાડી દીધી (૧૫૨૮).

વધુ ઉગ્ર અનાબેપ્ટિસ્ટોમાં હટ, હેસ્સ, ફ્રેન્ક, જેકોબ વિડમેન તથા હોફમેન મુખ્ય હતા. તેઓ ધર્મસુધારક કરતાં 'મિસ્ટિક' અથવા 'રહસ્યવાદી' વિશેષ હતા. તેઓ રાજ્ય તેમ જ દેવળના અસ્તિત્વનો જ ઈનકાર કરતા અને તેમને દુષ્ટ સત્તાઓ ગણીને નાબૂદ કરવાના મતના હતા. તેમની શ્રદ્ધા હતી કે વિશ્વમાંથી દુષ્ટતાનો નાશ થશે તથા ઈશુ દુનિયામાં ફરીથી આવીને ધર્મનું શાસન સ્થાપિત કરશે. અલબત્ત, આવી અંતિમવાદી માન્યતા માટે તેમને પુષ્કળ સહન કરવું પડયું હતું.

અનાબેપ્ટિસ્ટ આંદોલનમાં ઉત્તર જર્મનીમાં આવેલ મન્સ્ટરનો બનાવ ખાસ નોંધપાત્ર છે. ઉત્તર જર્મનીના ઘણાખરા પ્રદેશોમાં કેથોલિક સંપ્રદાયને સ્થાને લ્યુથરવાદી પ્રોટેસ્ટંટ પંથ ફેલાયો હતો; પરંતુ ૧૫૨૫ બાદ આ પ્રદેશોમાં અનાબેપ્ટિસ્ટ આંદોલનનું જોર પણ વધ્યું હતું. મન્સ્ટરમાં ચૂંટાયેલી સમિતિનું શાસન હતું. તેમાં ઉપલા વર્ગના સભ્યો બહુધા લ્યુથરવાદી હતા, જ્યારે ખેડૂતો તથા શ્રમજીવીઓના પ્રતિનિધિઓ મોટે ભાગે અનાબેપ્ટિસ્ટોના અનુયાયીઓ હતા. સમિતિનો વડો લ્યુથરવાદી ધર્મગુરુ હતો અને નીચલા થરના લોકોની સ્થિતિ સુધારવા માટેની ઘણીખરી માગણીઓ સમિતિએ બહુમતીથી નામંજૂર કરતાં બંને વચ્ચે ઘર્ષણ થયું. નીચલા વર્ગના અનાબેપ્ટિસ્ટ નેતા રોથમને તેમને સમિતિ અને ધર્મગુરુ સામે બળવો કરવા પ્રેર્યા. રોથમનને લીડનના યુવાન દરજીનેતા જોનની સહાય મળી. તેની નેતાગીરી નીચે નીચલા થરના લોકોએ સશસ્ત્ર બળવો કરીને બિશપ તથા ઉપલા વર્ગના લોકોને શહેરમાંથી ભગાડી મૂકયા અને જોન પોતે મન્સ્ટરનો મુખ્ય શાસક બન્યો. તેણે અનાબેપ્ટિઝમ નહિ સ્વીકારનાર લોકોને શહેર છોડી જવાની ફરજ પાડી, અને અનેક સ્ત્રી–બાળકોની કતલ પણ કરાવી (૧૫૩૪).

રાજા જોન અને તેના અનુયાયીઓ બહુપત્નીત્વમાં માનતા હતા, તેથી ચુસ્ત અનાબેપ્ટિસ્ટોમાં અળખામણા થયા. વળી, જોન તથા રાણી દીવેરાનો વૈભવ પણ અનાબેપ્ટિસ્ટો માટે અસહ્ય બન્યો. એટલું જ નહિ, જર્મનીના અન્ય પ્રદેશોમાંના ઠાકોરો, લ્યુથરવાદી તેમ જ ઝિવન્ગલીવાદી ધર્મગુરુઓ અને ઉપલા વર્ગના લોકો પણ જોનના વિરોધીઓ સાથે જોડાયા. તેમણે સશસ્ત્ર સૈન્ય તૈયાર કરીને, મન્સ્ટરના જ 'બહિષ્કૃત' ધર્મગુરુના નેતૃત્વ નીચે, મન્સ્ટર પર આક્રમણ કર્યું. આ સૈન્યે આવેશમાં આવી જોન તથા તેના અન્ય સાથીદારોને અતિ ક્રૂર રીતે મારી નાખ્યા; ૨૦૦૦ ઉપરાંત સ્ત્રી, પુરુષો અને બાળકોની કતલ કરી.

આમ, મન્સ્ટરમાં ફરી લ્યુથરવાદી બિશપનું તથા તેની સમિતિનું શાસન સ્થપાયું. અલબત્ત, આ ઘટના પછી અનાબેપ્ટિસ્ટોમાં પણ 'આંતરિક સુધારણા'નો પ્રવાહ શરૂ થયો.

## આંતરિક સુધારણાનો નવો પ્રવાહ

આ નવા પ્રવાહનો નેતા હતો મેનો સિમન્સ (૧૪૯૬–૧૫૬૧). તે પ્રથમ લ્યુથરવાદી હતો, પરંતુ બાલ્યવયે બેપ્ટિઝમ તથા દારૂ અને રોટીની વિધિમાંથી તેની શ્રદ્ધા ઊઠી જતાં તે અનાબેપ્ટિસ્ટ બન્યો હતો (૧૫૩૬). પરંતુ તે મન્સ્ટરવાદીઓ જેવો ઉગ્ર ન હતો, હિંસાનો વિરોધી હતો; શાંત આંદોલનમાં માનતો હોવાથી તેણે વક્તવ્યો, પત્રિકાઓ વગેરે મારફત અનાબેપ્ટિઝમનું મૂળ આંદોલન પુનર્જીવિત કર્યું. તેણે સ્થાપેલી અનાબેપ્ટિસ્ટ સંસ્થાઓ સેવા તથા સાદાઈનું પ્રતીક બની. વિશેષ કરીને જર્મની અને હોલેન્ડમાં આ સંસ્થાઓએ શાંતિમય માર્ગો દ્વારા અનાબેપ્ટિઝમનો પ્રચાર કરવાની તેમ જ ગરીબોની સેવા કરવાની મહત્ત્વની કામગીરી બજાવી. પરંતુ અનાબેપ્ટિસ્ટ હોવાને કારણે જ મેનો સિમન્સ તથા તેની પત્ની અને બાળકોને જુદી જુદી સરકારોએ ૧૮ વર્ષ સુધી પરેશાન કર્યાં હતાં.

મેનોના અનુયાયીઓ **'મેનોનાઈટ'** કહેવાયા. તેઓ બહુધા ખેડૂતો અને શ્રમજીવીઓ હતા. (પાછળથી, ૧૮મી-૧૯મી સદીમાં, તેઓ જર્મની અને હોલેન્ડ ઉપરાંત રશિયા, અમેરિકા તથા અન્ય દેશોમાં ફેલાઈ ગયા હતા. અમેરિકામાં હાલમાં તેમની સંખ્યા આશરે ચાર લાખની છે; અને તેમાંના મોટા ભાગના ખેડૂતો છે. તેઓ હજુ પણ યંત્રો, મોટરો, રેલ્વે, ટ્રેક્ટરો વગેરેનો ઉપયોગ કરતા નથી. છતાં તેમનાં ખેતરો સુઘડતા અને સમૃદ્ધિના શ્રેષ્ઠ નમૂના ગણાય છે.)

●

# ૪ : કાલ્વિન અને કાલ્વિનવાદ

'લ્યુથરવાદ' તથા 'ઝ્વિન્ગ્લીવાદ'ના એક વિકલ્પ તરીકે અને પ્રોટેસ્ટંટ પંથના એક ફાંટા રૂપે 'કાલ્વિનવાદ' પણ ધર્મસુધારણાનું એક મહત્ત્વનું બળ કે પાસું હતો. તેનો પ્રેરક ફ્રાંસનો રહીશ જોન કાલ્વિન (૧૫૦૯–૧૫૬૪) હતો. તેના પિતા ત્યાંના બિશપના મુખ્યમંત્રી હતા. આથી કાલ્વિનને ધાર્મિક સંસ્કારો વારસામાં મળ્યા હતા. કાલ્વિને પેરિસ તથા અન્ય વિદ્યાપીઠોમાં લેટિન, ધર્મશાસ્ત્ર તથા કાયદાનો અભ્યાસ કર્યો. તે પછી તેણે ગ્રીસ તથા રોમના મહાન ચિંતકોની કૃતિઓ અને પૌરાણિક રચનાઓનું ઊંડું અધ્યયન કર્યું. આથી તેના ચિત્તમાં પ્રચલિત ધર્મપદ્ધતિ પ્રત્યે અણગમાનાં બીજ રોપાયાં. સિસેરો તથા સેનેકાનાં પુસ્તકોના અભ્યાસથી તે 'માનવવાદ'નો હિમાયતી બન્યો. ઈરેસમસની વિચારસરણીએ તેના માનવવાદને મક્કમ બનાવ્યો. ત્યાર બાદ, પ્રચલિત ધાર્મિક ગેરરીતિઓ પર પ્રહારો શરૂ કરતાં તેને જીવતો કે મૂએલો પકડી લાવનાર માટે નોયોન નગરની સંસદે ૩૦૦ ક્રાઉનનો પુરસ્કાર જાહેર કર્યો. આથી તે પ્રોટેસ્ટંટ પંથની પ્રભાવશાળી બેસલ નગરીમાં નાસી છૂટયો.

આ દરમ્યાન તેણે લેટિન ભાષામાં પોતાનું સૌથી વિખ્યાત પુસ્તક 'ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો' પ્રસિદ્ધ કર્યું હતું (૧૫૩૬). તેનું ફ્રેંચ ભાષાંતર પણ ખૂબ જ લોકપ્રિય બન્યું. પરંતુ તેમાં પ્રચલિત ધર્મવિધિઓ તથા દેવળ અને ધર્મગુરુઓ પર વેધક પ્રહારો કરાયેલ હોઈને, પેરિસની સંસદે તેની આવૃત્તિઓ તેમ જ ભાષાંતર પર પ્રતિબંધ મૂક્યો અને તેની પ્રાપ્ય નકલોને બાળી મુકાવી. આમ છતાં, પુસ્તકની નવી આવૃત્તિઓ થતી રહી અને યુરોપભરમાં સારી રીતે વેચાતી રહી.

અલબત્ત, કાલ્વિનના ચિંતનમાં તેના પૂર્વચિંતકો, ધર્મશાસ્ત્રીઓ તથા ઈરેસમસનાં વિચારદર્શન ઉપરાંત લ્યુથર, ઝ્વિન્ગ્લી અને અનાબેપ્ટિસ્ટોની વિચારસરણીનો ગણનાપાત્ર હિસ્સો છે. દા. ત. કાલ્વિને 'માત્ર ઈશુમાં શ્રદ્ધા દ્વારા જ ન્યાય'નો લ્યુથરનો સિદ્ધાંત અપનાવ્યો છે; તો વળી દારૂ અને રોટીને લગતી ધાર્મિક વિધિમાં ઈશુની હાજરી નહિ હોવાની ઝ્વિન્ગ્લીએ કરેલી રજૂઆતમાં સુધારો કરીને આ ધર્મવિધિમાં ઈશુની આધ્યાત્મિક હાજરી હોવાની નવી રજૂઆત તેણે કરી છે તથા અનાબેપ્ટિસ્ટોએ રજૂ કરેલ સાદગી અને સેવાનો સિદ્ધાંત કોઈ પણ ધર્મ માટે અનિવાર્ય હોવો જોઈએ, એવું પણ તેણે સ્વીકાર્યું છે. પરંતુ કાલ્વિનની વિશેષતા એ છે કે—

લ્યુથરનો ઊર્મિભર્યો ક્રાંતિવાદ, ઝ્વિન્ગ્લીનો સંજોગો પ્રમાણેનો વર્તાવ તથા અનાબેપ્ટિસ્ટોના આવેગયુક્ત આંદોલન કે સાહિત્ય કરતાં કાલ્વિનના ચિંતનમાં 'બૌદ્ધિક-તાર્કિક-ધાર્મિક' અભિગમ વિશેષ જોવા મળે છે. પરિણામે, ભવિષ્યમાં યુરોપમાં ગાઢ અસર ઉપજાવનાર કાલ્વિનનું વિલક્ષણ પ્રોટેસ્ટંટ-ધર્મશાસ્ત્ર ઘડાયું.

* કાલ્વિને રજૂ કરેલ નૂતન પ્રોટેસ્ટંટ ધર્મદર્શન કે ધર્મપદ્ધતિનું હાર્દ ઈશ્વર કે દૈવી-શક્તિના સાર્વભૌમત્વના સ્વીકારમાં રહેલું છે. તે મુજબ, ઈશ્વરને કોઈ સમય કે સ્થાનની મર્યાદા નથી. તે અનંત અને અમાપ છે. તે સર્વશક્તિમાન તથા સર્વવ્યાપી છે. તેણે પોતાની શક્તિ અને ડહાપણથી વિશ્વ સર્જ્યું છે. તેની નજરે મનુષ્ય નિષ્કલંક તથા નિષ્પાપી છે. માનવજાતનાં પ્રથમ માત-પિતા ઈવ અને આદમ પાપના ખ્યાલથી અજાણ હતાં અને તેથી તેઓ ઈશ્વરના સાંનિધ્યમાં સ્વર્ગ (ગાર્ડન ઓફ ઇડન)માં વાસ કરતાં

હતાં. શેતાનની અસર વધતાં પરિસ્થિતિમાં પલટો આવ્યો અને પાપ અસ્તિત્વમાં આવ્યું. આમ, ઈશ્વરના આદેશની અવગણના થતાં મનુષ્યનું પતન થયું અને તેની સંતતિ પણ 'પાપી' બની. મનુષ્ય ક્રમશ: વધારે પાપી અને ભ્રષ્ટાચારી બન્યો. અલબત્ત, આ સ્થિતિમાં પણ મનુષ્યે ઈશ્વર વિશેનું બૌદ્ધિક જ્ઞાન ગુમાવ્યું ન હતું. પરંતુ તેનું આચરણ અસત્યમય બન્યું એટલે તે ઈશ્વરથી વિમુખ થયો.

કાલ્વિનની રજૂઆત પ્રમાણે ધર્મશાસ્ત્ર (નવું તેમ જ જૂનું બાઈબલ) 'ઈશ્વરપ્રેરિત' હોવાથી તથા તે ઈશ્વરનો ઉપદેશ રજૂ કરતું હોવાથી તેનો પ્રત્યેક શબ્દ સાચો અને સનાતન છે. મનુષ્યે તેનું અનુસરણ કરવું જોઈએ. પરંતુ તેમ કરવામાં મોટા ભાગનાં મનુષ્યો નિષ્ફળ જતાં અધર્મ વધ્યો. અલબત્ત, આના અનુસંધાનમાં કાલ્વિને લ્યુથરે રજૂ કરેલ મનુષ્યના 'પૂર્વનિર્મિત ભાવિ'ના સિદ્ધાંતને ટેકો આપ્યો છે.

કાલ્વિન માત્ર બે જ ખ્રિસ્તી સંસ્કારો – (૧) 'બેપ્ટિઝમ' અને (૨) 'લાસ્ટ સપર'માં માનતો. બેપ્ટિઝમના સંસ્કારને તે વ્યક્તિને ખ્રિસ્તી ધર્મસમાજમાં દાખલ કરવાની વિધિ ગણતો; પરંતુ આ વિધિથી વ્યક્તિએ કરેલાં 'પાપ' ધોવાઈ જાય છે તેવી ખ્રિસ્તી દેવળની રજૂઆતને તે સ્વીકારતો નહિ. બીજા સંસ્કાર 'લાસ્ટ સપર'ને તે આધ્યાત્મિક મિજબાની કહેતો, જેમાં ઈશુના ભૌતિક નહિ, પરંતુ આધ્યાત્મિક દેહની હાજરી હોવાનું તે સ્વીકારતો.

કાલ્વિનના મતે, આ બેઉ સંસ્કારો ઈશુએ સ્થાપેલા છે; અને જેમ કોઈ પણ દસ્તાવેજને અધિકૃત ગણાવવા તેના પર સીલ મારવું પડે છે, તેમ કોઈ પણ ખ્રિસ્તીને અધિકૃત ઠેરવવા આ સંસ્કારો રૂપી સીલની જરૂર પડે છે. દેવળનું કર્તવ્ય લોકોને ધર્મને માર્ગે દોરવાનું છે. વળી, દેવળના માત્ર સત્તાધીશોને જ બાઈબલનું અર્થઘટન કરવાનો અધિકાર નથી; આવો અધિકાર દેવળની ચૂંટાયેલી સમસ્ત સમિતિને હોવો જોઈએ. દેવળ સહિત તમામ ખ્રિસ્તીઓ ઈશુના આદેશનું પાલન કરવા બંધાયેલ છે.

કાલ્વિન તથા તેના અનુયાયીઓ 'ધર્મઅદાલત'ની બેફામ અત્યાચારયુક્ત કાર્યવાહીના વિરોધી હતા. તેમ છતાં, તેઓ 'અનાચાર' માટે કોઈ પણ વ્યક્તિને ખ્રિસ્તી સમાજમાંથી 'બહિષ્કૃત' કરવાની દેવળની સત્તાનો સ્વીકાર કરતા. એટલું જ નહિ, તેઓ આગળ વધીને એવી સિફારસ પણ કરતા કે 'નાસ્તિકતા' એ ઈશ્વર વિરુદ્ધનો અપરાધ છે, એ માટે મૃત્યુદંડની સજા વાજબી છે.

જીનેવાની વહીવટી સમિતિએ કાલ્વિનના ખ્યાલો સ્વીકારીને તેમનો કડક અમલ કરાવ્યો તથા વ્યભિચાર કરનાર ધર્મગુરુ માટે મોતની સજાની જોગવાઈ કરી. વળી 'સેબાથ' (રવિવારની પ્રાર્થના તથા આરામ)નું પાલન ફરજિયાત કરવાનું કાલ્વિને સૂચવ્યું. ઉપરાંત, દારૂ, જુગાર, નાચગાન તથા ફેશન અને આનંદપ્રમોદ વગેરેનેય તે અનૈતિક લેખતો હતો.

કાલ્વિન જીનેવામાં મુખ્ય વહીવટકર્તા તરીકે ચુંટાતાં, તેની તથા તેના સાથીદાર ફેરેલની ભલામણ અનુસાર જીનેવાની વહીવટી સમિતિએ ધર્માચરણ માટે ઘણા બધા કડક નિયમો કર્યા. તેમનો અમલ નહિ કરનાર વ્યક્તિ માટે દેશનિકાલની સજાની પણ જોગવાઈ કરવામાં આવી. અને, પછી તો, ધાર્મિક બાબતોમાં પણ દેવળ પર રાજ્યની સત્તા સ્થાપિત કરતો, તથા તેની આંતરિક બાબતોમાં પણ રાજ્યને દરમ્યાનગીરી કરવાનો અધિકાર આપતો, કાયદો સમિતિમાં પસાર થયો ! કાલ્વિનના આ પગલાને અંગે પોપના આદેશથી તેને દેશનિકાલ કરવામાં આવ્યો (૧૫૩૮). પરંતુ બીજી બાજુ સ્ટ્રેસબર્ગની વહીવટી સમિતિએ કાલ્વિનને વાર્ષિક બાસઠ સોનામહોરો (આશરે ૧૩૦૦ પાઉન્ડ)નું માનાર્હ વેતન બાંધી આપીને, તેની પ્રવૃત્તિ ચાલુ રાખવા અનુરોધ કર્યો.

*

આ ગાળામાં જીનેવાનાં પ્રોટેસ્ટંટ પંથી પરગણાંઓ તથા કેથોલિક પંથી પરગણાંઓ વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર બન્યો. કેથોલિક પંથના વડા બિશપ જેકોપોએ જીનેવાનો વહીવટ હસ્તગત કરવાની અપીલ કરતાં, પ્રોટેસ્ટંટ પંથીઓએ તેનો જોરદાર સામનો કર્યો અને કાલ્વિનને જીનેવા પાછા ફરવા નિમંત્રણ પાઠવ્યું. પરિસ્થિતિ પારખીને કાલ્વિન જીનેવા પાછો ફરતાં (૧૫૪૧) લોકોએ તેને ઉમળકાભેર આવકાર્યો અને વહીવટી સમિતિએ તેને ફરી વડા તરીકે ચૂંટ્યો. કાલ્વિને કેથોલિક પરગણાંઓને મહાત કરીને, સમસ્ત જીનેવા રાજ્યના વહીવટને ચાર ભાગમાં વહેંચી નાખ્યો : (૧) મંત્રીમંડળ તરીકે ઓળખાતા પહેલા વિભાગને રાજ્ય તથા દેવળની શિસ્તનો હવાલો સોંપવામાં આવ્યો; (૨) નિષ્ણાત ધર્મશાસ્ત્રીઓને નિયુક્ત કરીને તેમને લોકશિક્ષણનું કાર્ય સુપરત કરવામાં આવ્યું; (૩) જીનેવા રાજ્યનાં ૧૨ શહેરોની સ્થાનિક સમિતિઓ દ્વારા ચૂંટાયેલ ૧૨ 'વડીલોની સમિતિ' રચવામાં આવી – પ્રત્યેકને જે તે શહેર તથા તેને સંલગ્ન પરગણાંઓની દેખરેખની જવાબદારી સોંપવામાં આવી; (૪) પસંદ કરાયેલ 'પાદરીઓની સમિતિ' સ્થાપવામાં આવી. તેને હસ્તક ગરીબો, અનાથો તથા બીમારોને અન્ન અને અન્ય આર્થિક સહાય પહોંચાડવાની તેમ જ દવાખાનાંઓની દેખભાળ રાખવાની કામગીરી સોંપવામાં આવી.

કાલ્વિનપ્રેરિત જીનેવાની સમિતિએ નક્કી કરેલી ધર્મવિધિનો વિરોધ કરનાર કાસ્ટેલિયો તથા બોલ્સેકને દેશનિકાલ કરવામાં આવ્યા. ગ્રુએટને ક્રૂર રીતે રિબાવીને મારી નાખ્યો (૧૫૪૭). જીનેવા રાજ્યમાં કાલ્વિનની સત્તા રોમના પોપ કરતાં પણ વધારે હતી!

કાલ્વિનના ૨૨ વર્ષ લાંબા વહીવટ દરમ્યાન (૧૫૪૨–૧૫૬૪) તેની નીતિનો એટલી કડકાઈથી અમલ થયો કે તેનો વિરોધ કરનારાઓમાંથી ૫૮નો શિરચ્છેદ કરવામાં આવ્યો તથા ૭૬ને દેશનિકાલની સજા કરવામાં આવી. આમ, સુધારક કાલ્વિન તત્કાલીન અસહિષ્ણુતા તેમ જ વહેમોથી મુક્ત ન હતો; અને તે માટે પાશવી સજા કરતાં તે અચકાયો ન હતો.

* કાલ્વિનની વિલક્ષણતા એ છે કે ધાર્મિક ક્ષેત્રે તેનું જે કટ્ટર પ્યુરિટન રૂપ પ્રગટ થયું હતું તેનાથી જુદું રૂપ અન્ય ક્ષેત્રે જોવા મળે છે. દા. ત. શિક્ષણ, સમાજકારણ તથા અર્થશાસ્ત્રના ક્ષેત્રે તેણે કરેલા સુધારા ઘણા નોંધપાત્ર હતા. તેણે જીનેવામાં શાળાઓ અને શિક્ષણસંસ્થાઓ સ્થાપી હતી. તેમાં લેટિન, ગ્રીક, હિબ્રૂ ભાષાઓનું અને ધર્મશાસ્ત્રનું શિક્ષણ આપવા માટે વિખ્યાત અધ્યાપકોને યુરોપનાં જુદાં જુદાં રાજ્યોમાંથી બોલાવ્યા હતા, અને આ રીતે તાલીમ પામેલા યુવાનોને ઇંગ્લૅંડ, સ્કૉટલૅન્ડ, ફ્રાંસ તથા હોલૅન્ડમાં નવા ધર્મના પ્રચાર અર્થે મોકલ્યા હતા, જેમણે ઉત્સાહપૂર્વક નવા પંથનો ફેલાવો કર્યો હતો.

કાલ્વિન સામાજિક વર્ગોમાં માનતો હતો અને તે પ્રત્યેકને વિવિધ પ્રકારનો દરજ્જો હોવાનો અભિપ્રાય ધરાવતો હતો. દરેક વર્ગે અસંતોષ કે ઈર્ષ્યા વગર પોતાને માટે નિશ્ચિત થયેલી કામગીરી સારી રીતે કરવી જોઈએ તેવા મતનો તે હતો. (સ્વકર્મ આધારિત ભારતીય વર્ણપરંપરાની જેમ!). અલબત્ત, યુરોપીય મધ્યયુગના સામાજિક વર્ગભેદના ખ્યાલથી કાલ્વિન મુક્ત ન હતો.

કાલ્વિન તેના ધાર્મિક તથા સામાજિક ખ્યાલો કરતાં આર્થિક ખ્યાલોમાં વધારે ઉદાર અને સમતોલ હતો. તેણે જીનેવા રાજ્યમાં પાદરીઓ તેમજ લોકોમાં સાદગી, શ્રમ, કરકસર તથા ખંતને ઉત્તેજન આપ્યું હતું. તે ધર્મની માફક અર્થતંત્રમાં પણ 'વ્યક્તિવાદ'માં નહિ, 'સમૂહવાદ'માં માનતો. તે વ્યક્તિને રાજ્ય અને દેવળનું અંગ માનતો હોઈને, વધારે પડતી વ્યકિતગત મિલકત તથા સંગ્રહખોરીનો વિરોધી હતો, અને ખ્રિસ્તી સમાજનો કોઈ પણ સભ્ય પોતાની મિલકત અંગત લાભ માટે નહિ પણ સમૂહના હિત માટે વાપરે તેનો તે આગ્રહી હતો. તે લોન માટે પાંચ ટકા સુધી અને વેપાર-વાણિજ્ય માટે ૧૦ ટકા સુધી વ્યાજ લેવાની છૂટ આપતો; પરંતુ ગરીબો માટે રાજ્ય કે ધનિકો તરફથી વ્યાજમુક્ત લોનની વ્યવસ્થાનો આગ્રહી હતો.

કાલ્વિનનાં સૂચનથી જ જીનેવાની નગરસમિતિએ વધારે વ્યાજ લેનાર ઇજારદારો, જથ્થાબંધ વેપારીઓ તથા લેણદારોને સજા પણ કરેલી. તે જ રીતે, ખોરાકની ચીજો, કાપડ, દવાઓ તેમ જ ઓપરેશનનાં સાધનોના ભાવ નક્કી કરેલા. તે કરતાં વધુ ભાવ લેનાર વેપારીને શિક્ષા કરવામાં આવતી. છેતરનાર, ઓછું જોખનાર, માપ કરતાં ઓછું કાપડ આપનાર વેપારીઓનો પણ દંડ થતો. રાજ્ય તરફથી એક બેંક પણ ચલાવવામાં આવતી, જેમાંથી ખેડૂતોને તેમ જ ગરીબોને વગર વ્યાજની લોન અપાતી તથા આર્થિક સહાય કરવામાં આવતી. રાજ્ય તરફથી અમુક ઉદ્યોગો પણ ચલાવવામાં આવતા.

આમ, કાલ્વિનના નેતૃત્વ તળે જીનેવામાં કંઈક અંશે **'સમાજવાદ'નો પ્રયોગ** કરવામાં આવ્યો હતો.

જીનેવા વેપારનું મોટું કેન્દ્ર હોઈને, તેણે વ્યવહારુ વલણ અપનાવીને તેનાં વેપારવાણિજ્યને સારું એવું ઉત્તેજન આપ્યું હતું. તેથી મધ્યમ વર્ગનો સારો એવો ઉત્કર્ષ થયો હતો. પરિણામે આ વર્ગે કાલ્વિનને મજબૂત ટેકો આપ્યો હતો.


વળી, કાલ્વિને ફ્રાંસમાંથી ધાર્મિક ત્રાસને લીધે નાસી આવેલા માનવવાદીઓ તથા પ્રોટેસ્ટંટોને જીનેવામાં આશ્રય આપ્યો હતો અને તેમને કામ ધંધો કરવાની સગવડ આપી હતી. આથી તેમનો પણ કાલ્વિનને સબળ સાથ મળ્યો હતો.

આ બધું છતાં, કાલ્વિનના અતિ કઠોર વ્યવહારે અને તેની ઉગ્ર વિચારધારાએ ઘણા દુશ્મનો ઊભા કર્યા હતા. ઉત્તર જર્મનીના હમ્બર્ગના લ્યુથરવાદી મંત્રી વેસ્ટફાલે દારૂ અને રોટીની ધાર્મિક વિધિમાં ઈશુની માત્ર 'આધ્યાત્મિક હાજરી' હોવાની કાલ્વિન તથા ઝિવન્ગ્લીની રજૂઆતની આકરી ટીકા કરી અને એ માટે તેણે કાલ્વિનને શિક્ષા કરવાની માગણી કરી (૧૫૫૨). કાલ્વિને તેનો સણસણતો જવાબ એવી તીખી તથા અસભ્ય ભાષામાં આપ્યો કે જ્યુરિચ, બેસલ તથા બર્નના કાલ્વિનના ચુસ્ત સમર્થક સુધારકોએ પણ તેના આવા જવાબપત્ર પર સહી કરવાનો ઇનકાર કર્યો. આમ છતાં, તે પ્રસિદ્ધ થતાં તેની **સચ્ચાઈને** કારણે તેમ જ તેમાંની સચોટ દલીલોને લીધે ઉત્તર જર્મનીનાં લ્યુથરવાદી શહેરો બ્રાન્ડેન્બર્ગ, પેલેટિનેટ, હેસ્સ, બ્રેમેન, બેડન વગેરે કાલ્વિનવાદી બન્યાં હતાં.

એકંદરે, કાલ્વિને જીનેવા રાજ્યમાં ધાર્મિક ક્રાંતિની સાથે મહદ્ અંશે આર્થિક ક્રાંતિ પણ કરી. તેનાં વિચાર-દર્શન તેમ જ કાર્યની વ્યાપક અસર થઈ. આમ, કાલ્વિનની અસર લ્યુથરની અસર કરતાં પણ વધારે હતી. અલબત્ત, લ્યુથરે જર્મન 'રાષ્ટ્રવાદ'ને ઉત્તેજીને જર્મનીમાં સ્થાપેલો 'ઉગ્ર પ્રોટેસ્ટંટ પંથ' ઘણાં વર્ષો સુધી જર્મની પૂરતો મર્યાદિત રહ્યો; જ્યારે કાલ્વિનનો **'સુધારક પ્રોટેસ્ટંટ પંથ'** જીનેવા ઉપરાંત સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાંસ, સ્કોટલેન્ડ અને અમેરિકામાં પણ ફેલાયો. તેણે પોલેન્ડ, હંગેરી, હોલેન્ડ તથા ઈંગ્લેંડના પ્રોટેસ્ટંટ પંથને નવું સંગઠન પૂરું પાડ્યું. યુરોપના ઘણા ભાગોમાં 'સુધારક દેવળો' સ્થપાયાં. પ્રોટેસ્ટંટ પંથને નવું બળ મળ્યું, અને તે ૧૭મી સદીના અંત સુધીમાં તો પશ્ચિમ, મધ્ય અને ઉત્તર યુરોપના ઘણા દેશોમાં ફેલાઈ ગયો.

*એટલું જ નહિ, ૧૮મી–૧૯મી સદીના કાલ્વિનવાદીઓએ યુરોપમાંથી દમનખોર રાજાશાહીને નાબૂદ કરવામાં તથા પ્રજાતંત્ર સ્થાપિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

કાલ્વિનનાં વક્તવ્યો તથા લખાણોના આશરે ૫૭ ગ્રંથો પ્રકાશિત થયેલા છે. તેનું 'ધ ઈન્સ્ટિટયૂટ ઓફ ધ ક્રિશ્ચિયન રિલિજિયન' ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનું એક મહાન પુસ્તક ગણાય છે. કાલ્વિને બાઈબલ પર લખેલ ટિપ્પણી-નોંધોનો હાલમાં પણ ખ્રિસ્તી ધર્મશાસ્ત્રના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપયોગ કરે છે. તેણે લેટિન તથા ફ્રેંચ ભાષામાં લખેલા અનેક પત્રો ખ્રિસ્તી ધર્મ તેમ જ પ્રોટેસ્ટંટ પંથના મૂળભૂત સિદ્ધાંતો પર સારો એવો પ્રકાશ પાડે છે; અને વર્તમાન સમયમાં પણ તે બહોળા પ્રમાણમાં વેચાય છે.



પંદરમી સદીનું મોસેઈક ફાઉન્ટન

## કાલ્વિન-યુગની જીનેવા નગરી

કાલ્વિન-યુગમાં જીનેવાની મુલાકાત લેનાર ઇટાલિયન પ્રોટેસ્ટંટ ઓકિનોએ તે નગરની આવી પ્રશંસા કરી છે :

"મેં મુલાકાત લીધેલ યુરોપનાં અન્ય શહેરોમાં જેવાં અપવિત્રતા, લૂંટફાટ, વ્યભિચાર, અનૈતિકતા પ્રવર્તે છે, તેમનો અત્રે અભાવ છે. જીનેવામાં વેશ્યાઓ નથી. લોકોમાં લુચ્ચાઈ નથી. તેઓ સાદો પણ સ્વચ્છ પોશાક પહેરે છે. દાનનો પ્રવાહ એવો છે કે ગરીબોને ભિક્ષા માગવી પડતી નથી. લોકો ઈશુના આદેશ મુજબનું પરસ્પર ભ્રાતૃભાવભર્યું જીવન જીવે છે. અદાલતમાં દાવાઓ જતા નથી. જીનેવામાં લૂંટફાટ કે ખૂનામરકી નથી; ત્યાં માત્ર શાંતિ અને પવિત્રતા છે. દેવળોમાં ઘંટનાદ થતા નથી કે તેમાં મોટા અવાજે દેખાવનાં ગીતો ગવાતાં નથી. ત્યાં મીણબત્તીઓ જલતી રાખવામાં આવતી નથી. જીનેવાનાં દેવળોમાં ચિત્રો, બાવલાં, અવશેષો, કીમતી રેશમી ઝભ્ભાઓ, વિધિઓ વગેરેનો અભાવ છે. કોઈ પણ દેવળમાં મૂર્તિપૂજા થતી નથી."

—અલબત્ત, આ અહેવાલમાં સંપૂર્ણ સત્ય લાગતું નથી. ખુદ કાલ્વિનનાં જમાઈ અને સાવકી પુત્રીને વ્યભિચાર માટે સજા થયેલી. અન્ય પ્રકારનાં અનિષ્ટો માટે લોકોને દેશનિકાલ અને મૃત્યુદંડ મળ્યા હોવાના ઉલ્લેખો પણ મળે છે. પરંતુ આવું અપવાદ રૂપે થતું હશે તેવું જર્મનીના લ્યુથરવાદી પ્રધાને ૧૬૧૦માં જીનેવાની લીધેલી મુલાકાત અને તેણે કરેલાં વર્ણન પરથી જણાય છે.

પોપ જથાએ પણ કાલ્વિન વિશે અભિપ્રાય ઉચ્ચારતાં જણાવ્યું હતું કે, **"આ નાસ્તિકે (કાલ્વિને) કદી પૈસાની ખેવના કરી ન હતી. જો મારી પાસે આવા સેવકો હોત તો મારું શાસન એક સમુદ્રથી બીજા સમુદ્ર સુધી ફેલાયું હોત."**

# ૫ : કાલ્વિનવાદનું પ્રસરણ અને જૉન નોકસ

ઇંગ્લૅંડ દ્વારા મહાન સ્પેનિશ આર્મેડાનો પરાજય થતાં યુરોપમાંથી ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં સ્પેનના કૅથોલિક સામ્રાજ્યનો અસ્ત થયો. આથી સ્પેનને **રાજકીય** આઘાતની સાથે **ધાર્મિક** આઘાત પણ સહન કરવો પડયો. પરિણામે કૅથોલિક સંપ્રદાયની અસરમાં ઘણો ઘટાડો થયો, જોકે સ્પેનના નવા શાસક ચાર્લ્સને નેધરલૅન્ડનું શાસન પણ વારસામાં મળ્યું (૧૫૧૫).

## નેધરલૅન્ડ

આ ગાળા દરમ્યાન, નેધરલૅન્ડમાં લ્યુથરવાદ તથા કાલ્વિનવાદ બંનેનો ફેલાવો થયો હતો. **શાંતિમય સાધનો દ્વારા ધાર્મિક** ફેરફારો કરવાના હિમાયતી લ્યુથરવાદને સમૃદ્ધ વેપારી તેમ જ ઉપલા વર્ગના લોકોએ અપનાવ્યો હતો; જ્યારે **કોઈ પણ ભોગે ધાર્મિક ક્રાંતિ**ની તરફેણ કરનાર કાલ્વિનવાદ આમજનતા—ખાસ કરીને નીચલા થરના લોકો—માં ફેલાયો હતો. વળી, હિંસાનો આશરો લેતા સૅક્રામેન્ટેરિયન તથા અનાબૅપ્ટિસ્ટ પંથો પણ નેધરલૅન્ડમાં મર્યાદિત પ્રમાણમાં પ્રચલિત થયા હતા. વાસ્તવમાં તો આ બધા પંથો પ્રોટેસ્ટંટ પંથના ફાંટા રૂપ હતા, જેમને કૅથોલિકો નાસ્તિક પંથો કહેતા હતા.

કૅથોલિક સમ્રાટ ચાર્લ્સ નેધરલૅન્ડનો સાર્વભૌમ શાસક હોઈને તે આ બધા પંથોને દાબી દેવા આતુર હતો. આથી ત્યાંના લોકોનો વિરોધ હોવા છતાં તેણે સ્પેનના જેવી 'ધર્મ-અદાલત'ની સ્થાપના કરી અને 'નાસ્તિકો'ને સજા કરવા માટે નામચીન બનેલા ચુસ્ત કૅથોલિકધર્મી ન્યાયાધીશોની નિયુક્તિ કરી (૧૫૨૯). વિશેષમાં ચાર્લ્સે 'નાસ્તિકો'ની મિલકત જપ્ત કરવાના તથા તેમને કડક સજા કરવાના આદેશો પ્રસિદ્ધ કર્યા (૧૫૩૧). આમ છતાં, સુધારક પંથોનું જોર વધતાં, ચોંકી જઈને, ત્યાંની ધર્મ-અદાલતે ૮૭૭ જેટલા 'નાસ્તિકો'ને ફાંસીની સજા ફટકારી, જેમાં ૭૧૭ અનાબૅપ્ટિસ્ટો હતા. વળી, ત્યાંના જાણીતા માનવવાદી અને સૅક્રામેન્ટેરિયન મેરુલાને જીવતો બાળી મૂકવાની શિક્ષા થઈ; પણ તે સમયે જ તેનું અવસાન થયું (૧૫૫૭). અન્ય ઉગ્ર માનવવાદી સુધારક વેસોનેલ કૅથોલિક દેવળમાં પ્રવેશેલી વિકૃતિઓની જલદ ટીકાઓ કરતો. તે કહેતો કે 'દુષ્ટ ધર્મગુરુ' કરતાં 'પવિત્ર સંસારી' પાસે પાપની કબૂલાત કરવી તે 'ધાર્મિક' ગણાય. વળી, તે 'પૂર્વનિર્મિત સિદ્ધાંત'નો વિરોધી હતો. તે દઢપણે માનતો કે ઈશ્વરમાં દઢ શ્રદ્ધા તેમ જ સત્કાર્યોથી જ મુક્તિ મેળવી શકાય. ધર્મ અદાલતે તેનેય મૃત્યુદંડની સજા કરી.

ચાર્લ્સનો પુત્ર ફિલિપ બીજો (૧૫૫૫–૧૫૯૮) પિતા કરતાં પણ વધુ પંથઝનૂની હતો. તેણે નેધરલૅન્ડની આંતરિક સ્વાયત્તતા પર વિવિધ પ્રકારના અંકુશો મૂકયા. તેણે ત્યાંનાં વિવિધ પરગણાંની પ્રતિનિધિ રૂપ 'ઉમરાવ સમિતિ'ને સત્તાવિહોણી બનાવી ને નેધરલૅન્ડનો વહીવટ ચુસ્ત કૅથોલિક કાર્ડિનલ ગ્રાનવેલના અધ્યક્ષપદ નીચેની ત્રણ સભ્યોની સમિતિને સુપરત કર્યો. આથી સ્થાનિક ઉમરાવોમાં અસંતોષ જાગ્યો. તેઓ ઑરેન્જના વિલિયમના નેતૃત્વ નીચે સંગઠિત થયા. વિલિયમે ગ્રાનવેલને તેના પદ પરથી હટાવવા ફિલિપ સમક્ષ રજૂઆત કરી. ફિલિપે ગ્રાનવેલને અધ્યક્ષપદેથી દૂર કર્યો; પરંતુ ધર્મઅદાલત બંધ કરવાની તથા 'નાસ્તિકો' સામેના દાવા પાછા ખેંચી લેવાની વિલિયમની માગણી સ્વીકારવાનો ઇનકાર કર્યો. પરિણામે વ્યાપક બળવો ફાટી નીકળ્યો (૧૫૬૬). નેધરલૅન્ડનાં ૪૦૦ જેટલાં કૅથોલિક દેવળો અને મઠોને લૂંટવામાં આવ્યાં તથા તેમાંનાં ચિત્રો, અવશેષો, મૂર્તિઓ વગેરેનો નાશ કરવામાં આવ્યો. ફિલિપે બળવો દબાવી

દેવા માટે અત્યંત કઠોર મનાતા આલ્વાના ઠાકોરની (૧૫૬૭–૭૩) નેધરલેન્ડના મુખ્ય વહીવટકર્તા તરીકે નિયુક્તિ કરી, તથા સ્પેનિશ લશ્કરી અફસરને બળવો દાબી દેવાની બધી સત્તા આપી.

વિલિયમને ત્રણ ત્રણ વારના ઉપરાઉપરી પરાજય પછી જર્મની નાસી જવું પડયું. તેના સાથીદારો અને પક્ષકર્તાઓને અત્યંત ક્રૂર રીતે મારી નાખવામાં આવ્યા (૧૫૬૮–૭૦). સ્પેનિશ સૈનિકોએ નેધરલેન્ડનાં અનેક શહેરોમાં **કાળો કેર** વર્તાવ્યો. તેની સામે જે–તે શહેરના રહેવાસીઓએ શહેરના પાણીના બંધ ખોલી નાખી, સ્પેનિશ સૈનિકોને પાછા હઠવાની ફરજ પાડી. આ દરમ્યાન વિલિયમે ચોથી વખત લશ્કર એકત્ર કરીને સ્પેનના સૈનિકો પર જોરદાર હુમલો કર્યો અને તેમને હરાવ્યા. નેધરલેન્ડમાંથી તેમને ભગાડી મૂકી તેણે **સ્વાયત્ત શાસન**ની સ્થાપના કરી (૧૫૭૫).

આ પછી નેધરલેન્ડમાં કાલ્વિનવાદનો ઝડપી ફેલાવો થયો. નેધરલેન્ડની સાથોસાથ જર્મનીના અન્ય પ્રદેશોમાં કાલ્વિનવાદ ફેલાયો. આ અરસામાં પોલેન્ડ અને હંગેરીમાં કાલ્વિનવાદનું વિશેષ પ્રસરણ થયું હતું.

## ફ્રાંસ

ફ્રાંસ બહુધા કેથોલિક હોવા છતાં ત્યાં પણ યુરોપના અન્ય દેશોની માફક કાલ્વિનવાદનો ઠીકઠીક ફેલાવો થયો હતો. ત્યાંના માનવવાદીઓ અને સુધારકોને લ્યુથરના 'વ્યક્તિવાદી' તંત્રની તરફેણ કરતા વલણ કરતાં કાલ્વિનનું 'સમૂહવાદી' તંત્રની હિમાયત કરતું વલણ વધારે ગમ્યું. વળી તેમને લ્યુથરના કરતાં કાલ્વિનના ધાર્મિક સુધારા વધારે ઉદાર તથા તર્કશુદ્ધ લાગ્યા. પરંતુ ફ્રાંસનો શાસક હેન્રી બીજો (૧૫૪૭–૫૯) ચુસ્ત કેથોલિક હતો. તેણે 'નાસ્તિકો' પર કામ ચલાવવા માટે ધર્મઅદાલતને વ્યાપક સત્તાઓ આપી. આ ઉપરાંત પ્રકાશકો તથા પુસ્તક-વિક્રેતાઓને કેથોલિક સંપ્રદાય સિવાયનાં અન્ય તમામ પંથોનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની કે વેચવાની મનાઈ ફરમાવી. એવા સાહિત્યનો પ્રચાર કરનારાને અને તેના ઉપદેશકોને જીવતા સળગાવી મૂકવામાં આવ્યા. આથી લોકો રોષે ભરાયા અને પેરિસમાં જીન દ મેકોનના બિશપપદે પહેલું **સુધારક** દેવળ સ્થપાયું (૧૫૫૫). ફ્રાંસભરમાં છૂપી સભાઓનાં આયોજન, છૂપી પત્રિકાઓનાં પ્રકાશન વગેરે ચાલુ જ રહ્યાં. છેવટે ફ્રાંસની સંસદના અમુક સભ્યોએ તથા ન્યાયસમિતિના અમુક ન્યાયાધીશોએ રાજાને અતિ કડક નીતિનો ત્યાગ કરીને ઉશ્કેરણીજનક આદેશો પાછા ખેંચવા વિનંતિ કરી.

આ પછી ફ્રાંસમાં સુધારક દેવળોની સંખ્યા વધતી ગઈ અને **રાષ્ટ્રીય દેવળ**ની સ્થાપના થઈ (૧૫૫૯), જેની સાથે ફ્રાંસનાં અન્ય સુધારક દેવળોને સાંકળી લેવામાં આવ્યાં. પ્રત્યેક દેવળનો વહીવટ મુખ્ય ધર્માચાર્ય, સહાયક ધર્મગુરુઓ અને પાદરીઓની બનેલી ચૂંટાયેલી સમિતિને હસ્તક મૂકવામાં આવ્યો. **આમ, દેવળના વહીવટમાં કંઈક અંશે પ્રજાકીય ઢબની એકસૂત્રતા દાખલ કરવામાં આવી.**

## સ્કોટલેન્ડ

સ્કોટલેન્ડમાં સોળમી સદીની પહેલી પચીસીમાં લ્યુથરવાદનો પ્રવેશ થયો. પેટ્રિક હેમિલ્ટન સ્કોટલેન્ડનો સૌ પ્રથમ લ્યુથરવાદી હતો. એન્ડ્રૂઝના બિશપે તેની ધરપકડ કરાવીને તેને જીવતો બાળી મૂકયો (૧૫૨૭). બીજો શહીદ જ્યોર્જ વિશાર્ટ એન્ડ્રૂઝ યુનિવર્સિટીમાં અધ્યાપક હતો.

એડિનબરો નજીકના ગામડામાં જન્મેલ જૉન નોક્સ (૧૫૧૩–૧૫૭૨) સ્કોટલેન્ડનો સૌથી વધુ જાણીતો સુધારક હતો. તે ખેડૂતનો પુત્ર હતો અને લ્યુથરની માફક તેનામાં ખેડૂતનાં ઘણાં લક્ષણો હતાં. તે મીઠી ભાષામાં તથા ધીમી રીતે સુધારાનો પ્રચાર કરતો રહ્યો. ઈંગ્લેંડની કેથોલિક રાણી મેરી ટ્યુડર (૧૫૫૩–૫૮)ના ત્રાસથી બચવા ઘણા પ્રોટેસ્ટંટો સ્કોટલેન્ડમાં આવી વસ્યા હતા. તેથી પણ સ્કોટલેન્ડમાં 'સુધારાવાદી'

આંદોલનને વેગ મળ્યો. શહીદો વિશે લોકગીતો રચાયાં તથા બાઈબલની સુધારક અંગ્રેજી આવૃત્તિનું વાંચન પણ વ્યાપક બન્યું.

બીજી બાજુ, 'અંતિમવાદી' સુધારકોએ રાજ્ય સામે ખુલ્લો બળવો પોકાર્યો. સ્કોટલેન્ડના વહીવટ-કર્તાઓએ ફ્રાંસની લશ્કરી સહાયથી બળવાખોરોને મહાત કર્યા; કેટલાકની કતલ કરી; બાકીનાને ફ્રાંસની જેલમાં પૂરવામાં આવ્યા. સૌમ્ય સુધારક જોન નોકસે પણ બળવાને ટેકો આપ્યો. તેને પણ ૧૯ મહિના ફ્રાંસની જેલમાં વિતાવવા પડયા. આ પછી, ઇંગ્લેંડમાં પ્રોટેસ્ટંટ તરફી એડવર્ડ છઠ્ઠાના શાસન (૧૫૪૭–૧૫૫૩) દરમ્યાન જોન નોકસ બેર્વિકના દેવળના ધર્માચાર્ય તરીકે, અને તે પછી ન્યૂકેસલના વડા ધર્મગુરુ તરીકે નિયુક્ત થયો. પરંતુ એડવર્ડના મૃત્યુ બાદ કેથોલિક રાણી મેરી ઇંગ્લેંડની શાસક બનતાં (૧૫૫૩–૫૮), તેણે પ્રોટેસ્ટંટોની કતલ કરાવી. નોકસ જીનેવા ભાગી ગયો. ત્યાં તેને કાલ્વિન સાથે ગાઢ મિત્રતા બંધાઈ.

દરમ્યાન સ્કોટલેન્ડમાં પરિસ્થિતિ પલટાઈ; ત્યાં 'સુધારાવાદીઓ'નું જોર સારા પ્રમાણમાં વધ્યું. તેમણે ઈશુમાં દૃઢ શ્રદ્ધા વ્યક્ત કરી અને ઘણી ખરી કેથોલિક ધાર્મિક વિધિઓને નિરર્થક ઠરાવી. તેમણે સંતોની પૂજાને પણ ધર્મ વિરુદ્ધની ગણી. કેથોલિક દેવળ તથા પોપની ટીકા કરતાં લોકગીતો રચાયાં. આ લોકગીતો લોકો પરનો કેથોલિક દેવળનો પ્રભાવ લુપ્ત થયો હોવાનાં સૂચક હતાં. કાલ્વિનવાદે લોકો પર સારી છાપ પાડી. આવા અનુકૂળ વાતાવરણમાં જોન નોકસ જીનેવાથી સ્કોટલેન્ડ પાછો આવ્યો (૧૫૫૫) અને તેણે એડિનબરો તથા અન્ય શહેરોમાં વ્યાખ્યાનો આપ્યાં. તેને લોકોનો એટલો સબળ ટેકો મળ્યો કે સરકાર તેની ધરપકડનું પગલું ભરી શકી નહિ. નોકસ સ્કોટલેન્ડમાં વફાદાર અનુયાયીઓનું જૂથ મૂકીને પાછો જીનેવા ગયો (૧૫૫૬).

આ અરસામાં સ્કોટલેન્ડની કુંવરી (રાજ્યની વારસદાર) મેરી સ્ટુઅર્ટનું લગ્ન ફ્રાંસના રાજકુમાર ફ્રાંસિસ બીજા સાથે થયું. સ્કોટલેન્ડના ઉમરાવોને સ્કોટલેન્ડનું હિત અને સ્વાતંત્ર્ય ફ્રાંસને હાથે જોખમાવાનો ભય લાગતાં તેઓએ એક સંમેલન યોજીને સ્કોટલેન્ડમાંથી કેથોલિક પંથ તથા કેથોલિક શાસનને નાબૂદ કરવાનો નિર્ણય લીધો. આ અવસરે નોકસના નેતૃત્વમાં ત્યાંના લોકોએ રાજસત્તા સામે ખુલ્લો બળવો પોકાર્યો. તેમણે દેવળોમાંની મૂર્તિઓને તોડી; દેવળો તથા તેમના હસ્તકની જમીનનો કબજો લીધો. રાજ્યનો વહીવટ ઉમરાવોની બનેલી સમિતિને સોંપવામાં આવ્યો. આ બળવો કેથોલિકો તથા ફ્રાંસ સામેનો 'રાષ્ટ્રીય વિપ્લવ' બની રહ્યો. પરંતુ તે પછી, ત્યાંના આંતરવિગ્રહનો લાભ લેવાની ઉત્તમ તક દેખાતાં ઇંગ્લેંડની રાણી ઇલિઝાબેથે તેની સેના સ્કોટલેન્ડ મોકલી (૧૫૬૦). પરિસ્થિતિ પલટાઈ જતાં સ્કોટલેન્ડના રાજકર્તાઓએ ઉમરાવો સાથે સમાધાન કરી લીધું, અને ઇંગ્લેંડ સામે લશ્કરી બળ નહિ વાપરવાનું સ્વીકાર્યું. બદલામાં સ્કોટલેન્ડના ઉમરાવોએ મેરીનો સ્વીકાર સ્કોટલેન્ડની નામની રાણી તરીકે કર્યો. આ સમાધાનને પરિણામે સ્કોટલેન્ડમાં વાસ્તવમાં એક-વ્યક્તિ-શાસનને બદલે 'સમૂહ-શાસન' સ્થપાયું.

આ પછી તુરત જ સ્કોટલેન્ડની 'રાષ્ટ્રીય સભા' બોલાવવામાં આવી. તેમાં મધ્યમ વર્ગના પ્રતિનિધિઓને પણ સ્થાન આપવામાં આવ્યું. નોકસની દોરવણી નીચે આ સભાએ ત્રણ અગત્યનાં પગલાં ભર્યાં (૧૫૬૧) : (૧) સ્કોટલેન્ડનાં દેવળો પરથી પોપ અને કેથોલિકોની સત્તા નાબૂદ કરવામાં આવી તથા ધર્મગુરુઓ પાસેથી દુન્યવી તેમ જ ધાર્મિક બાબતોમાં ન્યાય આપવાનો અધિકાર લઈ લેવામાં આવ્યો, તેને રાજ્યની અદાલત હસ્તક મૂકવામાં આવ્યો; (૨) કહેવાતા 'નાસ્તિકો' વિરુદ્ધના તમામ આદેશો રદ જાહેર કરવામાં આવ્યા; અને (૩) 'માસ' (mass)ની ધર્મવિધિ (ઈશુના લોહી તથા શરીરની હાજરીને લગતી) ગેરકાયદેસર જાહેર કરવામાં આવી; અને તે વિધિ કરનારને પ્રથમ જેલ, બાદ દેશનિકાલ તથા છેવટે મૃત્યુદંડની સજા આપવાનું ઠરાવવામાં આવ્યું. ઉપરાંત, રાષ્ટ્રીય સભાએ નવાં દેવળની વ્યવસ્થા

અને શિસ્ત માટેના નિયમો ઘડી કાઢયા, તેમનું પાલન પ્રત્યેક દેવળ માટે ફરજિયાત કરાયું. આ નિયમો કાલ્વિનના સિદ્ધાંતો પર આધારિત હતા. વધુમાં, રાષ્ટ્રીય સભાએ શિક્ષણ તથા ગરીબોને આર્થિક સહાય કરવા માટેની પણ જોગવાઈ કરી.

* આમ સ્કોટલેન્ડની ધર્મસુધારણાએ રાજકીય તથા સામાજિક ક્રાંતિ પણ સર્જી. આનાથી રાજ્ય અને સમાજમાં મધ્યમ તથા નીચલા થરના લોકોને પણ યોગ્ય મહત્ત્વ મળ્યું. આ ક્રાંતિએ સ્કોટલેન્ડની રાષ્ટ્રીય ભાવનાને દૃઢ બનાવી તથા તેનાથી દુન્યવી બાબતોના વિકાસ તરફ વિશેષ લક્ષ અપાયું. આ પછી જેમ્સ છઠ્ઠાના પ્રોટેસ્ટંટ તરફી વલણે તથા તેની રાષ્ટ્રીય નીતિએ સ્કોટલેન્ડને એક 'સુધારક' અને 'આધુનિક' રાજ્ય બનાવ્યું.

## ઇંગ્લૅંડ

યુરોપના અન્ય દેશો કરતાં ઇંગ્લૅંડમાં ધર્મસુધારણાનું આંદોલન જુદા જ હેતુસર થયું. ઇંગ્લૅંડના ટયુડર રાજાઓનાં વ્યક્તિગત તેમ જ દુન્યવી હિતો ખાતર ઇંગ્લૅંડમાં સુધારક આંદોલન ઉદ્ભવ્યું. આમ, **અન્ય દેશોમાં ધર્મસુધારણાની ચળવળ લોકો કે ઉમરાવો દ્વારા થઈ, જ્યારે ઇંગ્લૅંડમાં તે રાજા મારફત થઈ.**

* આ ધાર્મિક સુધારણાની લડતની બીજી વિશિષ્ટતા એ હતી કે તે લ્યુથરવાદી, ઝિવન્ગલીવાદી, કાલ્વિનવાદી કે અનાબેપ્ટિસ્ટવાદી ન હતી; પરંતુ તે ઇંગ્લૅંડનાં સ્થાનિક રાજકીય, આર્થિક તથા સામાજિક પરિબળોમાંથી ઉદ્ભવી હતી અને તેનો **મુખ્ય પુરસ્કર્તા રાજા પોતે હતો.** આ ઘટના થોડીક વિગતે જોઈશું.

૧૫મી-૧૬મી સદીમાં ઈંગ્લૅંડની આર્થિક તથા સામાજિક સ્થિતિમાં ભારે પરિવર્તન આવ્યું હતું. સારી ગોચર જમીન ધરાવનાર અને તેમાં ઘેટાં ઊછેરીને પુષ્કળ ઊન મેળવનાર વર્ગ તથા તે ઊન ખરીદીને તેમાંથી કાપડ બનાવનાર વર્ગ ખૂબ ધનિક બન્યો હતો. તે વર્ગ પોતાનાં આર્થિક હિતોની જાળવણી માટે રાજાશાહીનો પુરસ્કર્તા હતો. આથી સામંત વર્ગનું મહત્ત્વ ઘટયું અને ટયુડર રાજાશાહી ખૂબ પ્રબળ બની. પરિણામે ઈંગ્લૅંડમાં દેવળ (તંત્ર)નું સ્થાન પણ ગૌણ રહ્યું તેમજ તેની સત્તા ઘણી મર્યાદિત રહી. બલ્કે, રાજા દેવળ તથા મઠના ધર્માધિકારીઓ નિયુક્ત કરવામાં મોટી અસર ધરાવતો હતો; એટલે ઈંગ્લૅંડનું દેવળ પોપ કરતાં રાજાને વિશેષ અધીન રહ્યું.

રાજા હેન્રી આઠમો (૧૫૦૯-૪૭) પુત્ર નહિ હોવાને બહાને તેની રાણી કેથેરિનને છૂટાછેડા આપીને તેની રૂપાળી દાસી એના બોલિનને પરણવા માગતો હતો. રાજાનું આ કૃત્ય ધર્મ વિરુદ્ધનું હોઈને પોપ ક્લેમેન્ટ ૭મો તેને મંજૂરી આપવા ખુશી ન હતો. વળી તે રાજકીય કારણસર પણ આવી સંમતિ આપવા તૈયાર ન હતો. કેથેરિન જર્મન તથા ફ્રાંસના સમ્રાટની સગી હતી; અને પોપ આ સમ્રાટો સાથેના પોતાના સંબંધો બગાડવા રાજી ન હતો. આથી તેણે જવાબદારીમાંથી છૂટવા માટે આ દાવાના નિકાલનું કાર્ય ઈંગ્લૅંડના કાર્ડિનલ વુલ્સીને અને પોતાના પ્રતિનિધિ કેમ્પેગીઓને સોંપ્યું. પરંતુ રાણી કેથેરિને તેનો કેસ પોપને સોંપવાનો આગ્રહ રાખ્યો. તેથી સમિતિ તેના કાર્યમાં આગળ વધી શકી નહિ. છેવટે, કેથેરિનનો કેસ પોપને સોંપાયો. ઈંગ્લૅંડના લોકોની રાષ્ટ્રભાવનાને તેથી આઘાત લાગ્યો; અને આખાયે પ્રશ્ને નવો વળાંક લીધો. **તે માત્ર રાજાનો વ્યક્તિગત પ્રશ્ન ન રહેતાં, ઇંગ્લૅંડની પ્રતિષ્ઠાનો—એટલે કે રાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો—પ્રશ્ન બન્યો.** ઈંગ્લૅંડની આંતરિક બાબતમાં દરમ્યાનગીરી કરવાના પોપના હકને લોકોએ પડકાર્યો. ઈંગ્લૅંડની સંસદે (૧૫૩૦) પણ પોપના આ હકનો અસ્વીકાર કરીને રાજાને સબળ ટેકો આપ્યો. રાજાએ પોતાના વફાદાર ઉમરાવ ટોમસ ક્રોમવેલ મારફત સંસદમાં એક ઠરાવ પસાર

કરાવ્યો. તે અનુસાર ઈંગ્લૅંડના **રાજાને** ઈંગ્લૅંડના દેવળનો સર્વોચ્ચ વડો ગણવાનું ઠરાવવામાં આવ્યું તથા પોપને વફાદાર રહેનારા ધર્મગુરુઓ પર કામ ચલાવવાની **રાજાને** સત્તા આપવામાં આવી. વળી સંસદે પાદરીની મિલકત પર મર્યાદા મૂકતો તેમ જ ધાર્મિક કરમાં ઘટાડો કરતો ઠરાવ પસાર કર્યો. આથી પોપની આવક પર કાપ પડયો. વળતાં પગલાં તરીકે પોપ ક્લેમેન્ટે જો રાજા કેથેરિનને પોતાની કાયદેસરની રાણી તરીકે સ્વીકારે નહિ તો તેને બહિષ્કૃત કરવાની ધમકી આપી. સંસદે પોપના આ આદેશને ગેરકાયદેસર જાહેર કરીને ઈંગ્લૅંડમાં રાજાની સત્તા સર્વોપરી હોવાનું જાહેર કર્યું.

* આમ, રાજાનો વ્યક્તિગત પ્રશ્ન ઈંગ્લૅંડનો રાષ્ટ્રીય પ્રશ્ન બન્યો અને તેમાંથી રાજા તથા પોપ વચ્ચે ઉદ્ભવેલ સંઘર્ષને પરિણામે ઈંગ્લૅંડમાંથી પોપની સત્તા કાયમને માટે અસ્ત પામી અને ઈંગ્લૅંડનું દેવળ પોપથી 'સ્વાયત્ત' તથા રાજ્યને અધીન બન્યું.

આ પછી, હેન્રી ૮માએ પોતાને વફાદાર એવા કેમ્બ્રિજ વિદ્યાપીઠના ધર્મશાસ્ત્રના નિષ્ણાત પ્રાધ્યાપક ટોમસ ક્રેમરની કેન્ટરબરીના આર્કબિશપ તરીકે નિયુક્તિ કરી (૧૫૩૩). ક્રેમરે રાજા સાથેના કેથેરિનના લગ્નને રદબાતલ જાહેર કર્યું. રોમઅધિષ્ઠિત પોપે આર્કબિશપના આ નિર્ણયને ગેરકાયદેસર ઠરાવતાં, ઈંગ્લૅંડની સંસદે સર્વોપરિતાનો કાયદો પસાર કરીને ઈંગ્લૅંડના રોમ સાથેના બધા સંબંધો કાપી નાખ્યા (૧૫૩૪) અને રાજાને પોતાના દેશના 'સાર્વભૌમ વડા' તરીકે જાહેર કર્યો, આથી ઈંગ્લૅંડ પરથી પોપનું વર્ચસ સદાને માટે નાબૂદ થયું. આ એક બીજી **ઐતિહાસિક ક્રાંતિકારી** બાબત કહેવાય. આ બનાવે અન્ય રાજ્યોને પણ પ્રેરણા આપી. આમ, રાજ્યની આંતરિક બાબતમાં દરમ્યાનગીરી કરવાના પોપના અબાધિત હક્કની નાબૂદીનો માર્ગ મોકળો થયો.

વ્યક્તિગત અને રાજકીય કારણોસર ઈંગ્લૅંડે રોમ સાથેના સંબંધો કાપી નાખ્યા, તો પણ હેન્રી ૮મો ચુસ્ત કેથોલિક હતો અને તે ઈંગ્લૅંડમાં કેથોલિક સિવાયના અન્ય કોઈ પણ પંથો પ્રસરે તેનો સખત વિરોધી હતો; એટલે તેણે સંસદમાં પ્રથમ દસ નિયમો (૧૫૩૬) અને બાદમાં છ નિયમો (૧૫૩૯) પસાર કરાવ્યા. તે અનુસાર રોટી અને દારૂની સંસ્કારવિધિમાં ઈશુની વાસ્તવિક હાજરી સ્વીકારવાની હતી તથા ઈશુના પુનરાગમનનો સિદ્ધાંત પણ સ્વીકારવાનો હતો. આનો ઈનકાર કરનારા લ્યુથરવાદી, ઝિવન્ગ્લીવાદી, કાલ્વિનવાદી તથા અનાબેપ્ટિસ્ટપંથી ધર્મગુરુઓને મોતની સજા કરવામાં આવી. ઈંગ્લૅંડ ધીરે ધીરે પ્રોટેસ્ટંટપંથી બનતું જતું હોઈને લોકોએ રાજાનાં આવાં પગલાં પ્રત્યે સખત અણગમો વ્યક્ત કર્યો; પરંતુ આ અરસામાં જ હેન્રી ૮માનું અવસાન થયું (૧૫૪૭).

આ પછી હેન્રી દ્વારા કેથેરિનની સખી જેનીને થયેલો પુત્ર એડવર્ડ ૬ઠ્ઠો ૧૦ વર્ષની બાળવયે ઈંગ્લૅંડનો શાસક (૧૫૪૭–૫૩) બન્યો. રાજ્યવહીવટ ૧૬ ઉમરાવોની બનેલી એક સમિતિને હસ્તક મૂકવામાં આવ્યો, જેનો વડો સમરસેટ હતો. સમરસેટ તથા આર્કબિશપ ક્રેમર ઈંગ્લૅંડના વાસ્તવિક વહીવટકર્તા હતા. તે બંને પ્રોટેસ્ટંટ હતા. આથી ઈંગ્લૅંડનાં દેવળોમાંથી **મૂર્તિઓ, ચિત્રો, વેદીઓ** વગેરેનો નાશ કરવામાં આવ્યો. તેમાં કલાના ઘણાખરા અમૂલ્ય અવશેષો પણ નાશ પામ્યા. હેન્રીના છ મુદ્દાઓને પણ રદ કરવામાં આવ્યા. તેને બદલે સમાનતાના કાનૂન દ્વારા પ્રોટેસ્ટંટ પ્રાર્થનાપોથી દાખલ કરવામાં આવી, જેને ઈંગ્લૅંડના પ્રત્યેક દેવળ માટે ફરજિયાત બનાવવામાં આવી (૧૫૪૯).

સમરસેટ વહીવટકર્તા તરીકે નિષ્ફળ જતાં તેના સ્થાન પર નોર્થમ્બરલૅન્ડના ડ્યુક વૉરવિકની નિયુક્તિ થઈ. તે પણ પ્રોટેસ્ટંટ પંથી હતો. આ સમયમાં યુરોપના અન્ય દેશોમાંથી નિષ્ણાત પ્રોટેસ્ટંટ ધર્મગુરુઓ તથા પ્રાધ્યાપકો ઈંગ્લૅંડમાં આવીને વસ્યા. આથી ઈંગ્લૅંડમાં પ્રોટેસ્ટંટ પંથ ફેલાવવાનું વૉરવિકનું કાર્ય સરળ બન્યું. આમાંના કેટલાક ઝિવન્ગ્લીવાદી અને બીજા કેટલાક કાલ્વિનવાદી હોવાથી ત્યાંના લ્યુથરવાદમાં

આ તત્ત્વો પણ ઉમેરાયાં, જેને પરિણામે ઇંગ્લૅંડનાં દેવળોમાં ફરજિયાત વાપરવાની બીજી પ્રાર્થનાપોથી અમલમાં મુકાઈ (૧૫૫૨) તથા બીજે વર્ષે કૅથોલિક સિવાયના સંપ્રદાયોના મિશ્રણ રૂપ ૪૨ મુદ્દાઓનો અમલ પણ ઇંગ્લૅંડનાં દેવળોમાં ફરજિયાત બનાવવામાં આવ્યો (૧૫૫૩). આમ, **ઇંગ્લૅંડનું દેવળ ખ્રિસ્તી ધર્મના કૅથોલિક સિવાયના અન્ય સંપ્રદાયોના સમન્વય રૂપ બન્યું, જે તેની વિશિષ્ટતા** કહેવાય. આથી, અલબત્ત, ઇંગ્લૅંડના દેવળના રોમ સાથેના સંબંધનો અંત આવ્યો અને તે સ્થાનિક રાજસત્તાને પૂરેપૂરું અધીન બન્યું.

જોકે, એડવર્ડ પછીની ઇંગ્લૅંડની શાસક મેરી ચુસ્ત કૅથોલિક હતી. તેણે પોતાના ટૂંકા શાસન (૧૫૫૩–૫૮) દરમ્યાન ૩૦૦ આગેવાન પ્રૉટેસ્ટંટ ધર્મગુરુઓને અને પાદરીઓને જીવતા સળગાવી દીધા અને ઇતિહાસમાં **લોહિયાળ મેરી** તરીકે તે જાણીતી બની. આમ છતાં, તે કૅથોલિક પંથની પુનઃસ્થાપના કરવામાં સદંતર નિષ્ફળ ગઈ; અને તેના અવસાન બાદ 'સમન્વયકારી પ્રૉટેસ્ટંટ પંથો' બંડો વધારે સફળ થયાં.

# ૬ : આંતરિક સુધારણા અને તેના પ્રત્યાઘાત

## (પોપ લિયો ૧૦માથી પોપ પાયસ ૪થા સુધી)

### ઇટાલીમાં પ્રારંભ

સોળમી સદીના મધ્ય ભાગ સુધીમાં ઇટાલી તથા સ્પેન સિવાયના યુરોપીય દેશોમાં સુધારક પંથોનો બહોળો ફેલાવો થયો તથા કેથોલિક સંપ્રદાયનું વિલીનીકરણ થવાનો ભય ઊભો થયો. આ સ્થિતિમાં પોપની સંસ્થા અને કેથોલિક દેવળનું અસ્તિત્વ જાળવવા આંતરિક સુધારણાની જરૂર જણાઈ. પ્રૉટેસ્ટંટ પંથે દેવળની પવિત્રતા પર મૂકેલ ભારના પ્રતિભાવ રૂપે પણ **'આંતરિક સુધારણા'ની** શરૂઆત થઈ. વળી, લોકો સાથે સતત સંપર્કમાં આવનાર પાદરી વર્ગના જીવનની શુદ્ધિની જરૂરિયાત અનિવાર્ય બની રહી.

ઇટાલીમાં પુનર્જાગૃતિની પ્રવૃત્તિઓથી મુક્ત વિચારસરણીને પ્રોત્સાહન મળતાં કેથોલિક વડાઓમાં આંતરખોજની ભાવના જાગી હતી જ. સમય વરતીને સ્પેનની કેથોલિક શાસક રાણી ઇસાબેલાએ દેવળનાં સંગઠન તથા પાદરીઓનાં જીવનમાં સુધારણા કરીને આંતરિક સુધારણાનો માર્ગ ચીંધ્યો. પોપ લિયો ૧૦માના સમયમાં તેનો પ્રારંભ થયો અને પોપ પાયસ ૪થાના સમયમાં ટ્રેન્ટની ધર્મપરિષદે (૧૫૪૫–૧૫૬૩) આ કાર્ય લગભગ પૂર્ણ કર્યું.

આમ પણ, કેથોલિક સંપ્રદાય વિલીન થઈ જાય તેમ માનવું વધારે પડતું કહેવાય, કારણ કે તેનાં મૂળ ખૂબ જૂનાં અને ઊંડાં હતાં. સુધારક પંથો બહુધા શહેરોમાં ફેલાયા હતા; ગામડાંમાં તેમનું પ્રસરણ ખૂબ ઓછું હતું. વળી, ગામડાંના ખેડૂતો તથા શ્રમજીવીઓ નિરક્ષરતાને લીધે વધારે રૂઢિચુસ્ત હતા. તેઓ પેઢી દર પેઢીનો ધર્મ ત્યજવા રાજી ન હતા. ગામડાંના ખેડૂતો ત્રાસદાયક **રાજસત્તા સામે બંડો** કરતા, પરંતુ તેમાં નિષ્ફળ જતાં તેઓ પરંપરાગત જીવન તરફ પાછા વળતા.

* વિશેષમાં બધા જ માનવવાદીઓએ કેથોલિક સંપ્રદાયનો ત્યાગ કર્યો હતો અને તેઓ સુધારક પંથોના સમર્થક બન્યા હતા તેમ માનવું પણ ભૂલ ભરેલું છે. એ યાદ રાખવું ઘટે કે ઇટાલીના કેથોલિક વાતાવરણમાં માનવવાદનો ઊગમ થયો હતો. આ માનવવાદીઓ મોક્ષ માટે દુન્યવી બાબતો નિરર્થક છે તેવા લ્યુથર તથા કાલ્વિનના સિદ્ધાંત સાથે સહમત ન હતા. બુદ્ધિ તેમ જ ઇચ્છાશક્તિ શ્રદ્ધાને અધીન છે તેવી 'સુધારાવાદીઓ'ની દલીલનો આ 'માનવવાદીઓ' અસ્વીકાર કરતા. અનાબેપ્ટિસ્ટોના પરલોકના ખ્યાલો સાથે પણ માનવવાદીઓનો મેળ બેસતો નહિ. આ સંજોગોમાં માનવવાદીઓને પોતાનો પુરાણો કેથોલિક ધર્મ છોડી દેવાનું કોઈ કારણ ન હતું. એટલે તો મોટા ભાગની ધર્મવિધિઓમાં ન માનનાર ઈરેસમસ છેક સુધી કેથોલિક રહ્યો હતો.

**ખરેખર તો આ માનવવાદીઓના 'સુધારા'ની ઝંખના પાછળ, પરંપરાગત ધર્મપંથ છોડી દેવાને બદલે, 'આંતરિક સુધારણા' મુખ્ય લક્ષ્ય હતું.**

રોમમાં સૌ પ્રથમ 'આંતરિક સુધારણા' માટે 'ધ ઑરેટરી ઓફ ડિવાઇન લવ' નામની સંસ્થા સ્થપાઈ (૧૫૧૩). તેના સભ્યોમાં મુખ્યત: ઇટાલીના આગેવાન માનવવાદીઓ તથા ધર્મગુરુઓ હતા.

તેઓ રોમના દેવળમાં ભેગા મળીને કૅથોલિક દેવળ અને સંપ્રદાયમાં પ્રવેશેલી અશુદ્ધિઓની ચર્ચા કરીને તેમના ઈલાજો સૂચવતા. તે પહેલાં, મિલાન તથા જીનેવામાં પણ આવા ધર્મ-સમાજો સ્થપાયા હતા. તેઓએ કંઈક અંશે આવી કામગીરી કરેલી, પરંતુ તેમની અસર સ્થાનિક હતી; જ્યારે રોમના ધર્મસમાજની અસર ઈટાલીભરમાં તેમ જ કંઈક અંશે યુરોપનાં અન્ય રાજ્યોમાં પણ થઈ.

* ઈશ્વર પ્રત્યે અનન્ય શ્રદ્ધા તથા માનવ માત્ર પ્રત્યે બંધુભાવ એ આ સમાજનું મુખ્ય ધ્યેય હતું.

'ડિવાઈન લવ' સમાજના અગ્રણી સભ્ય સંત કાજેટે (૧૪૮૦—૧૫૪૭) ગરીબો તથા બીમારોની સતત સેવા કરીને સમાજની ધ્યેયપૂર્તિનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું. તેની સેવાભાવનાની અસર રોમ ઉપરાંત વેરોના, વેનિસ વગેરે શહેરોમાં પણ ફેલાઈ. સમાજના બીજા આગેવાન સભ્ય કરાફ્ફા (૧૪૭૬—૧૫૫૮)એ રોમના દેવળની તથા પાદરી વર્ગની જીવન-સુધારણાનું એટલું પ્રશંસનીય કાર્ય કર્યું કે તેનાથી તેમની ઘણી ખરી અશુદ્ધિઓ દૂર થઈ ગઈ. કરાફ્ફાનાં કાર્યોના પરિણામ રૂપ 'થિએટીન સમાજ'ની સ્થાપના થઈ, જેણે દુન્યવી લોકો તેમ જ પાદરી વર્ગની જીવન શુદ્ધિ માટે વ્યાપક પ્રવૃત્તિ કરી.

દેવળની 'આંતરિક સુધારણા' તેમ જ પાદરીઓનાં જીવનની શુદ્ધિ માટે આગ્રહ રાખનારામાં જાણીતો આગેવાન ધર્મગુરુ ઘીબર્ટી (૧૪૯૫—૧૫૪૩) હતો. તેણે વેરોનાના બિશપ તરીકે ત્યાંનાં દેવળોના પાદરીઓની જીવનશુદ્ધિમાં અને નિયમપાલનમાં ઘણો મોટો હિસ્સો આપ્યો. તે ધર્મશાસ્ત્રના અભ્યાસનો તથા ગરીબોની સેવાનો અને દાન-પ્રવૃત્તિઓનો ખાસ આગ્રહી હતો. ઘીબર્ટીની બીજા બિશપો પર પણ અસર થઈ. આમાં મન્તુઆના કાર્ડિનલ ગોન્ઝાગા, બોલોગ્નાના બિશપ કોન્ટારિની તથા વેનિસ પાસેના મઠના અધિપતિ કોર્ટુઝનાં નામો અને કાર્યો ખાસ ઉલ્લેખનીય છે.

## સ્પેનમાં પ્રભાવ

દેવળની 'આંતરિક સુધારણા' તેમ જ પાદરી વર્ગની જીવન-સુધારણાની કામગીરીનો વિસ્તાર સ્પેનમાં થયો હતો. શરૂઆતમાં ૧૪મી-૧૫મી સદીના 'રહસ્યવાદીઓ'એ તે માટે ઝુંબેશ ચલાવી હતી. ત્યાર બાદ સ્પેનની રાણી ઈસાબેલાએ પોતાની પવિત્રતા, સૂઝ તથા કાર્યશક્તિથી આ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી હતી. તેણે દેવળની શિસ્ત તેમ જ પાદરીવર્ગની જીવનશુદ્ધિ માટેના કડક નિયમો બનાવ્યા હતા અને તેમના પાલન માટે ખાસ આગ્રહ રાખ્યો હતો. ઈસાબેલાની આ ભાવના અને કામગીરીની પણ પાદરી વર્ગ પર અસર થઈ હતી. બીજી બાજુ, કૅથોલિક-વિરોધીઓને સજા કરવા માટે સ્પેનમાં 'ધર્મ-અદાલત'ની સ્થાપના થઈ (૧૪૮૦). તેનો અધ્યક્ષ ટોમસ ટોર્કેમેડા જીવનશુદ્ધિની બાબતમાં ખૂબ કડક હતો. આ બાબતમાં ઝનૂની બનીને તેણે તેના ૧૮ વર્ષના અધ્યક્ષપદ દરમ્યાન ૨૦૦ જેટલા કૅથોલિક-વિરોધીઓને બાળી મૂકયા હતા. તેની ધાકને લીધે સ્પેનમાં અન્ય પંથો વિકસી શકયા નહિ; પરંતુ દેવળ તેમ જ પાદરી જીવનમાં સાદાઈ અને શુદ્ધિનો આગ્રહ ડરના માર્યાય વધ્યો હતો.

ઈસાબેલાના મુખ્ય મંત્રી તરીકે નિમાયેલ કૅથોલિક સિમેનેસ (૧૪૩૬-૧૫૧૭) પણ કટ્ટરધર્મી અને અસહિષ્ણુ હતો. પ્રત્યેક પાદરીએ ગરીબી સ્વીકારવી જોઈએ તેમ દઢપણે માનતો. તેણે પોતાના જીવન દ્વારા તેનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આથી તેની અસર અન્ય પાદરીઓ પર પણ થઈ હતી.

પરંતુ સ્પેનમાં વસેલી મૂર પ્રજા ઇસ્લામ ધર્મ પાળતી હતી. રાણી ઈસાબેલાએ તે અંગે ઉદાર વલણ દાખવ્યું હતું. આમ છતાં, જીવનવ્યવહારમાં અતિ કઠોર અંકુશો મુકાતાં ઇસ્લામધર્મીઓએ બળવો કર્યો (૧૫૦૧). તેને સખ્તાઈથી દબાવી દેવામાં આવ્યો. ઇસ્લામધર્મી મૂર લોકોને કૅથોલિક બનવા અથવા સ્પેનિશ પ્રદેશ (ગ્રેનેડા) છોડી જવા આદેશ અપાયો. બળવામાં અનેક મૂર માર્યા ગયા; કેટલાક

ગ્રેનેડા છોડી ગયા; જ્યારે બાકીના કેથોલિક બન્યા આ મૂર-કેથોલિકોએ પાછળથી ગ્રેનેડા અને તેની આસપાસના સ્પેનિશ પ્રદેશમાં કેથોલિક સંપ્રદાય ફેલાવવામાં નોંધપાત્ર ભાગ ભજવ્યો.

## પ્રભાવક ધાર્મિક સંસ્થાઓ-સંઘો

* પ્રોટેસ્ટંટ બળવા દરમ્યાન કેથોલિક સંપ્રદાયને ટકાવનાર મુખ્યત્વે તેની ધાર્મિક સંસ્થાઓ હતી. આ સંસ્થાઓને બેનિડિકટન, ફ્રાંસિસકન, ડોમિનિકન, ઓગસ્ટિન વગેરે અગાઉની **સંત-સંસ્થાઓની વારસદાર** કહી શકાય. તેઓએ દેવળ તેમ જ કેથોલિક સંપ્રદાયની આંતરિક શુદ્ધિમાં, સામાજિક અનિષ્ટોની નાબૂદીમાં, સાથોસાથ 'પ્રોટેસ્ટંટ' અને 'સુધારક' પંથોનો સામનો કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

જર્મનીના સમ્રાટ ચાર્લ્સ પાંચમા તથા ફ્રાંસના સમ્રાટ ફ્રાંસિસ ૧લા વચ્ચેની બીજી લડાઈ (૧૫૨૬–૧૫૨૯) ઇટાલી માટે વિનાશક નીવડી. તે લડાઈ દરમ્યાન રોમને લૂંટવામાં તથા બાળવામાં આવ્યું (૧૫૨૭). સ્પેનિશ સૈનિકો દ્વારા ઇટાલીનાં અન્ય સમૃદ્ધ શહેરો વેનિસ અને મિલાનની પણ એવી જ અવદશા થઈ. લોકોમાં ભૂખમરો ફેલાયો. ઘરવિહોણા બનેલા લોકો આશ્રય માટે ભટકતા રહ્યા તથા દફનક્રિયાને અભાવે શબો રસ્તાઓ તેમ જ શેરીઓમાં પડી રહ્યાં. આ સ્થિતિમાં 'સોમાસ્કી ધર્મસંઘ'ના સ્થાપક મિયાનોએ (૧૪૮૧–૧૫૩૭) ઇટાલીના લોકોને અમૂલ્ય સહાય કરી. તેણે ભૂખ્યાંને ભોજન આપ્યું, જરૂરિયાતવાળાને રહેઠાણો પૂરાં પાડયાં તથા રઝળતાં શબોને ઠેકાણે પાડયાં (૧૫૨૮–૨૯). તેણે અનાથાશ્રમો ખોલ્યા. તેની આ સેવા-પ્રવૃત્તિઓમાં 'થિએટીન સંઘ'ના સ્થાપક સંત કરાફ્ફાનો સારો સાથ મળ્યો હતો. આ સંઘે રોમમાં અને અન્ય શહેરોમાં અનાથાશ્રમો, દવાખાનાં, મુસાફરખાનાં, મફત ભોજનાલયો વગેરે સ્થાપ્યાં હતાં.

આ ક્ષેત્રે ખાસ ધ્યાન ખેંચે છે મેરીસી (૧૪૬૯–૧૫૪૦) નામની **સાધ્વીએ સ્થાપેલ સ્ત્રીઓનો સંઘ ઉર્સુલાઈન.** આ સંઘે બાલશિક્ષણની સંસ્થાઓ સ્થાપી, માંદાંઓની માવજત કરી અને ગરીબો તેમજ

* સંત ટેરેસાનું બાળપણ કાર્મેલ મઠમાં વીત્યું હતું. પરંતુ ત્યાંની સાધ્વીઓનું વૈભવી અને વ્યભિચારી જીવન જોઈને તેને તિરસ્કાર છૂટયો હતો. તેનું દુઃખ વ્યક્ત કરતાં સુંદર સોનેટો તેણે લખ્યાં હતાં, જેમણે કેથોલિક સંપ્રદાયને શુદ્ધ કરવામાં મહત્ત્વનો હિસ્સો આપ્યો. કહેવાય છે કે તેને જુવાન વયે પક્ષઘાત થયો હતો અને અનેક ઉપચારો છતાં કશો લાભ ન થતાં, તેણે ત્રણ વર્ષ સતત ઈશ્વર-પ્રાર્થનામાં વિતાવ્યાં અને તેનો એ રોગ સદાને માટે અદશ્ય થઈ ગયો. આ પછી ટેરેસા વારંવાર ઈશ્વર-ભક્તિમાં લીન-બેભાન રહેતી. *

અનાથોને સહાય કરી. ઇટાલીનાં કેટલાંક શહેરો તથા ગામડાંમાં તેની શાખાઓ સ્થપાઈ. આ અરસામાં સાધ્વીઓના અન્ય સંઘોમાં સંત ટેરેસાનો સંઘ (૧૫૧૫–૧૫૮૨) કેથોલિક સંઘોમાં ખૂબ જ જાણીતો અને અસરકારક પુરવાર થયો. સંત ટેરેસાની પ્રતિભાથી મઠની અનેક સાધ્વીઓ તેની ઈર્ષા કરતી. આવી ઈર્ષાથી અને સાધ્વીઓના અશુદ્ધ જીવનથી ત્રાસીને, ટેરેસાએ અવિલામાં સાધ્વીઓ માટે અલગ મઠ સ્થાપ્યો (૧૫૬૨). તેણે સ્થાપેલા આ મઠમાં બહારના કોઈ મુલાકાતીઓને પ્રવેશવાની મનાઈ હતી. વળી મઠની દીવાલ પર રાખવામાં આવેલાં પાટિયાં પર ગ્રામજનો જે કંઈ ખોરાક મૂકી જતા તે ખાઈને સાધ્વીઓ જીવતી હતી. તે જ રીતે, ભરત-ગૂંથણ કરીને મઠની બહાર મૂકેલી વસ્તુઓ ખરીદનાર યોગ્ય લાગે તે કિંમત મૂકીને લઈ જતો. આવો બીજો મઠ તેણે મેડિનામાં પણ સ્થાપ્યો હતો. આ પછી, ટેરેસાને કાર્મેલના મૂળ મઠના અધિપતિ તરીકે નિયુક્ત કરવામાં આવી. ત્યાંની જે સાધ્વીઓ અગાઉ તેની શત્રુ હતી, તે હવે તેની શિષ્યાઓ બની. આથી, સાધ્વીઓ સાથે બદવ્યવહાર કરનારા ઉમરાવો અને પાદરીઓએ ટેરેસાને કાર્મેલના મઠમાંથી ખસેડવાનું કાવત્રું રચ્યું (૧૫૭૧). પોપના પ્રતિનિધિએ ટેરેસા પર ઈશ્વરનો સાક્ષાત્કાર થયાનો 'દંભ' કરવાનો તથા સંત પોલની અવગણના કરવાનો આક્ષેપ મૂકીને તેને ટોલેડાના મઠમાં બંધ રહેવાનો આદેશ આપ્યો. પરંતુ ટેરેસાના પવિત્ર જીવનથી પ્રભાવિત થયેલા રાજા ફિલિપની સહાયથી તે આદેશ રદ કરવામાં આવ્યો.

ટેરેસાએ પોતાનાં અંતિમ વર્ષોમાં લખેલાં પુસ્તકો ઈશ્વરની અનન્ય ભક્તિ અને સેવાભાવનાનાં દ્યોતક છે. તેણે લખેલ 'વીડા' નામનો કાવ્યસંગ્રહ નાસ્તિકને પણ ઈશ્વરમાં શ્રદ્ધા દાખવતો કરી શકે તેવો ગણાય છે.

ઈશ્વર અને માનવસેવાના ક્ષેત્રે ટેરેસા-પ્રણાલી દુનિયાભરની કેથોલિક ધર્મપ્રણાલીમાં વિખ્યાત બની ચૂકી છે.

## સ્પેનની વીર પ્રણાલી

**ઇગ્નેશિયસ લોયોલા** (૧૪૯૧–૧૫૫૬) : લોયોલાનો જન્મ સ્પેનની વીરતાની પ્રણાલિકા ધરાવનાર ધનિક ઉમરાવ કુટુંબમાં થયો હતો. તેનો ઉછેર એક યોદ્ધા તરીકે થયો હતો. ફ્રેંચો સામેના યુદ્ધમાં વીરતાભર્યો બચાવ કરતાં તોપગોળાથી તેનો જમણો પગ ભાંગી ગયેલો. આથી તેને લાંબા સમય સુધી પથારીમાં રહેવું પડ્યું હતું. તે દરમિયાન તેને ઈશુનાં તથા સંતોનાં જીવનચરિત્રોને લગતાં પુસ્તકો વાંચવાની તક મળી. તેનાથી તેના જીવનમાં મોટો પલટો આવ્યો. તેણે મનુષ્યના 'યોદ્ધા' બનવાને બદલે ઈશુના યોદ્ધા બનવાનો નિર્ણય લીધો. ત્યારથી તે કેથોલિક પંથનો મહાન પ્રચારક બન્યો.

લોયોલાનો ઈરાદો સાજા થયા પછી, જેરુસાલેમ જઈને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાનો હતો. માર્ગમાં આવતા એક યાત્રાધામમાં મેરીના દેવળમાં તેણે ત્રણ દિવસ 'પાપની કબૂલાત'માં તથા પ્રાયશ્ચિત્તમાં ગાળ્યા. પોતાનો કીમતી પોશાક ભિખારીને આપી દઈને તેણે ખરબચડા કાપડનો યાત્રાળુનો ઝભ્ભો ધારણ કર્યો, અને પોતાનું ટટ્ટુ પાદરીઓને અર્પણ કરી દઈ લંગડાતા પગે જેરુસાલેમ પ્રતિ પ્રયાણ કર્યું. રસ્તામાં આવતી એક ગુફામાં તેણે કઠોર તપ કર્યું. ભૂખે-તરસે મૃત્યુની અણી પર આવેલા લોયોલાને એક પવિત્ર સ્ત્રીએ બચાવી લીધો. તે પછી થોડો સમય તે એક ડોમિનિકન મઠમાં રહ્યો. ત્યાં તે એટલો બધો 'ટ્રિનિટી' (ઈશુ, મેરી તથા સંતો)મય બની ગયો કે તેને 'રોટી અને દારૂ' તથા અન્ય સંસ્કારો દરમિયાન ઈશુ તથા મેરીના સાક્ષાત્કારનો અનુભવ થયો.

આમ, પોતાની જાતને પૂરેપૂરી પવિત્ર બનાવીને લોયોલા આશરે એક વર્ષે જેરુસાલેમ પહોંચ્યો (૧૫૨૩). આ વખતે પેલેસ્ટાઈન તુર્કોને કબજે હતું. ત્યાં ખ્રિસ્તીઓને આવવાની છૂટ હતી, પરંતુ ધર્મ-પ્રચાર કરવાની મનાઈ હતી. લોયોલાએ જેરુસાલેમમાં ઈશુના દેવળમાં દર્શન કરીને પોતાની જાતને કૃતાર્થ થયેલી

માની. તે પછી તેણે એ પવિત્ર ધામને મુસ્લિમોના કબજામાંથી મુક્ત કરવાનો નિર્ણય કર્યો. પરંતુ ત્યાંના પોપના પ્રતિનિધિની સમજાવટ બાદ તે સ્પેન પાછો ફર્યો (૧૫૨૪).

લોયોલાને પોતાનું શિક્ષણ અપૂર્ણ લાગતાં તેણે લૅટિન, તત્ત્વજ્ઞાન, ધર્મશાસ્ત્ર વગેરેનું અધ્યયન કર્યું. તેની સાથોસાથ તેણે વેશ્યાઓ અને નીચલા થરની સ્ત્રીઓને શિક્ષણ આપ્યું તથા તેમને પાપમુક્ત થવાનો ઉપદેશ આપ્યો. આ 'ગુના' માટે તેને જેલવાસ મળે તેવી પરિસ્થિતિ સર્જાઈ! તેમાંથી બચવા માટે તે અભ્યાસ માટેનાં પુસ્તકો ગધેડા પર લાદીને પગપાળો પેરિસ પહોંચી ગયો. ત્યાં તેણે ભિક્ષા માગીને જીવન-ગુજારો કર્યો. ઈરેસમસ તથા કાલ્વિને જ્યાં અભ્યાસ કર્યો હતો તે પેરિસની વિખ્યાત મોન્ટેગ્યુ કૉલેજમાં, ૩૭ વર્ષની વયે (૧૫૨૮), તેણે પોતાનો અભ્યાસ આગળ શરૂ કર્યો. ખરબચડા પોશાક તથા વિચિત્ર દેખાવથી શરૂઆતમાં લોયોલા વિદ્યાર્થીઓનો મશ્કરીપાત્ર બન્યો; પરંતુ અભ્યાસમાંની તેની તલ્લીનતા અને પવિત્રતાની ખાતરી થતાં તેઓ તેના પ્રત્યે આદર રાખતા થયા. એમાંના કેટલાક તો તેના શિષ્ય પણ થયા. એમાંના ફ્રાન્સિસ ઝેવિયર અને પીટર ફેબર શિક્ષણ તથા સેવા-પ્રવૃત્તિ માટે ખૂબ ખ્યાતિ પામ્યા. લોયોલાએ તેના પુસ્તક 'સ્પિરિચ્યુઅલ એક્સરસાઈઝિસ'માં ઈશુ અને બાઈબલમાં પોતાની અચલ શ્રદ્ધા વ્યક્ત કરી છે. આધ્યાત્મિક તાલીમોના વિવિધ પ્રકારોની પણ તેમાં ચર્ચા થઈ છે.

આ પછી, લોયોલા વેનિસમાં થિએટીન સંઘના વડા કરાફ્ફાના સંપર્કમાં આવ્યો. બંને વચ્ચે તાત્ત્વિક ચર્ચાવિચારણા થઈ. પરંતુ લોયોલાને ધાર્મિક ચર્ચાઓ કે વ્યાખ્યાનોમાં નહિ, સેવાકાર્યોમાં વધુ રસ હતો. તે બુદ્ધિમત્તા કરતાં પ્રત્યક્ષ અનુભવમાં વધુ માનતો. આ ઉદ્દેશને પોપે તેવું વિશેષ અનુકૂળ કેન્દ્ર રોમ લાગતાં તે પોતાના સાથીદારો સાથે ત્યાં જઈને વસ્યો. લોયોલાએ રોમમાં સૌપ્રથમ વેશ્યાઓને સુધારવા માટે 'હાઉસ ઑફ માર્થા' નામક ગૃહ સ્થાપીને તેમાં 'પાપમય' ધંધાથી મુક્ત થવા ઈચ્છતી ઘણી વેશ્યાઓને આશ્રય આપ્યો. તેમનાં શિક્ષણ અને વ્યવસાય માટેની વ્યવસ્થા કરી. બીજી બાજુ, તેણે લોકોનેય જાતીય વિકૃતિઓથી મુક્ત થવા ઉપદેશ આપ્યો. આ પછી, તેણે પોપની અનુમતિથી 'જિસસ-સંઘ'ની સ્થાપના કરી (૧૫૪૦). તેના મુખ્ય ચાર નિયમો હતા : (૧) પવિત્રતા, (૨) ગરીબાઈ, (૩) શિસ્ત તથા (૪) પોપને વફાદારી. આ નિયમો અંગે તેના દરેક સભ્યે શપથ લેવાના હતા અને તે ફરજિયાત પાળવાના હતા. વળી, સંસ્થાના સભ્ય તરીકે દાખલ કરાતાં પહેલાં તે વ્યક્તિને બે વર્ષ માટે આધ્યાત્મિક શિક્ષણ, શારીરિક શ્રમનાં કાર્યો તથા શિસ્તની તાલીમ અપાતી.

'જિસસ સંઘ'નું વડું મથક રોમમાં રાખવામાં આવ્યું. યુરોપભરમાં તેની શાખાઓ સ્થપાઈ. તેના સંગઠનનું માળખું પ્રજાતંત્રવાદી સ્વરૂપનું રાખવામાં આવ્યું. આ 'જિસસ-સંઘ'ના પ્રથમ અધ્યક્ષ તરીકે લોયોલા ચૂંટાયો (૧૫૪૧). તેણે એંઠાં વાસણો ધોઈને તથા મઠની સાફસૂફી કરીને સંઘની સમાનતાની ભાવના તેમ જ તેના ધ્યેયને અનુરૂપ કાર્યપદ્ધતિનો પાયો નાખ્યો.

સંઘમાં ચાર પ્રકારના સભ્યો હતા : (૧) ધર્મગુરુઓ—સાધુઓ : તેઓ સંઘના પાયાના સભ્યો હતા. તેઓ સંઘનું કોઈ પણ પ્રકારનું કાર્ય કરતા; (૨) પાદરીઓ : અમુક વર્ષો પછી તેઓ સાધુઓ-ધર્મગુરુઓ થઈ શકતા. તેમને માટે ધર્મશાસ્ત્ર, તર્કશાસ્ત્ર તથા ગણિતશાસ્ત્રનો અભ્યાસ ફરજિયાત હતો. તેઓ સંઘસ્થાપિત શાળાઓ અને કૉલેજોમાં શિક્ષણનું કાર્ય કરતા; (૩) સહકાર્યકરો : તેઓ સંઘના વહીવટ તેમ જ સંચાલનમાં ધર્માધ્યક્ષોને સહાય કરતા; (૪) નિષ્ણાતો : તેઓ લાયકાત તથા શક્તિ પ્રમાણે છેવટે ધર્માધ્યક્ષ પણ બની શકતા.

આ સમાજનો સભ્ય કોઈ પણ કક્ષાનો હોય, પરંતુ જીવનમાં અને જનસેવામાં સૌ 'સમાન' હતા.

લોયોલાના અવસાન સમયે (૧૫૫૬) સંઘના કુલ ૧૦૦૦ સભ્યો હતા. ૧૫૬૫માં તેમની સંખ્યા ૩૫૦૦ની થઈ હતી. ૧૮ દેશોમાં તેની ૧૩૦ જેટલી શાખાઓ હતી, જે ૧૦૦ જેટલી શિક્ષણસંસ્થાઓ ચલાવતી.

આ 'જિસસ સંઘ'ની શાખા હિંદમાં પણ સ્થપાઈ હતી.

* લોયોલાનો અગ્રગણ્ય શિષ્ય **સંત ફ્રાંસિસ ઝેવિયર** ૧૫૪૨માં ગોવા (ભારત) આવ્યો હતો. તે સમયે ગોવા ફિરંગીઓને હસ્તક હતું. ત્યાં તેણે તામિલ તથા મલયાલમ ભાષાની થોડી જાણકારી મેળવી લીધી હતી. તેણે નીચલા થરના **હિંદુઓ** તેમજ **મુસ્લિમો**માં શિક્ષણ અને ધર્મનો પ્રચાર કરીને, તેમની સેવા કરીને તથા તેમને આર્થિક સહાય આપીને, ખ્રિસ્તી બનાવ્યા હતા. તે પછી તે જાપાન ગયો. તેણે જાપાની ભાષા શીખી લીધી. જાપાનમાં પણ તેણે ગરીબોની સેવા તેમ જ માંદાઓની માવજત કરીને થોડાક ખ્રિસ્તીઓ બનાવ્યા (૧૫૪૯). ત્યાર બાદ તે ચીન પાસેના એક ટાપુ પર પહોંચ્યો; પરંતુ ચીનમાં યુરોપિયનોને પ્રવેશવાની મનાઈ હોવાથી તે ચીનમાં પ્રવેશી શક્યો નહિ. સંત ફ્રાંસિસ ઝેવિયરનું ૪૬ વર્ષની વયે અવસાન થયું હતું (૧૫૫૨).

લોયોલા તથા 'જિસસ-સંઘ'ના પ્રભાવથી જર્મની, બોહેમિયા, હંગેરી, પોલેન્ડ વગેરેના ઘણા પ્રદેશોમાં ફરી પાછો કેથોલિક સંપ્રદાય ફેલાયો. ઈટાલી, સ્પેન અને મોટા ભાગનું ફ્રાંસ તો છેક સુધી કેથોલિક રહ્યાં હતાં.

## પોપોનુંય ગણનાપાત્ર પ્રદાન

કેટલાક પોપોએ પણ દેવળ તેમ જ કેથોલિક સંપ્રદાયની 'આંતરિક સુધારણા'માં ગણનાપાત્ર હિસ્સો આપ્યો. તેમાં પ્રથમ નોંધપાત્ર પ્રયાસ પોપ લિયો ૧૦મા (૧૫૧૩–૧૫૨૧)નો કહી શકાય. તેણે દેવળની સુધારણા માટેના ચોક્કસ નિયમો કર્યા, પરંતુ તેમનો અમલ ભાગ્યે જ થયો. તેનો અનુગામી એડ્રિયન પોપ તરીકે માત્ર ૨૦ માસ (૧૫૨૩) રહ્યો. તે દરમિયાન તેણે 'માફીપત્રો'નો ગેરઉપયોગ, ધાર્મિક લાગા, કરવેરામાં ગેરરીતિઓ, ધર્મસમિતિની કામગીરી વગેરેની તપાસ કરીને તેમાં સુધારો કરવાની જોરદાર રજૂઆત કરી. તેના પછીના પોપ કલેમેન્ટ ૭મા (૧૫૨૩–૧૫૩૪)ના સમયમાં, જર્મન સમ્રાટ ચાર્લ્સ પાંચમા તથા ફ્રેંચ સમ્રાટ ફ્રાંસિસ પહેલા વચ્ચેના યુદ્ધ દરમ્યાન, રોમ તેમ જ ઈટાલીનાં મુખ્ય શહેરોનો ભયંકર વિનાશ કરવામાં આવ્યો (૧૫૨૭). રૂઢ માન્યતા અનુસાર પોપો તેમ જ દેવળની ગેરરીતિઓને લીધે આમ બન્યું હોઈને પોપ તેમ જ દેવળની સંસ્થામાં સુધારો કરવાની પ્રબળ માંગ ઊઠી.

પૉલ ત્રીજાનું (૧૫૩૪–૧૫૪૯) પોપપદ એ 'આંતરસુધારણા'ના ઈતિહાસમાં એક મહત્ત્વનું સોપાન છે. આગલા જીવનમાં જાતીય સ્ખલનો ધરાવનારો એલેકઝાન્ડર ફાર્નેસ પાછલા જીવનમાં શુદ્ધ બનતાં, પૉલ ત્રીજા પોપ તરીકે ચૂંટાયો હતો. તેણે સૌ પ્રથમ ખૂબ ટીકાપાત્ર બનેલી વડી ધર્મસમિતિનું પુનર્ગઠન કર્યું. તેમાં તેણે ઈટાલીમાં પવિત્ર વ્યક્તિઓ તરીકે પંકાયેલ તેમ જ માનવવાદી અને સુધારક વિચારસરણી ધરાવનારા કાર્ડિનલો તથા બિશપોની નિયુક્તિ કરી. એમાં 'થિએટીન સંઘ'નો વડો કરાફ્ફા પણ હતો. પૉલ ત્રીજાએ આ સમિતિને આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિત્વ આપવા સારુ તેમાં ફ્રાંસ, સ્પેન તથા યુરોપના અન્ય દેશોના જાણીતા પવિત્ર બિશપોને પણ નીમ્યા. ઉપરાંત, પવિત્રતા તેમ જ વ્યવસ્થા માટે પ્રશંસા પામેલ કાર્ડિનલ કોન્ટારિનીની રોમના દેવળના મુખ્ય સંચાલક તરીકે નિમણૂક કરી, અને તેના અધ્યક્ષપદે નવ

વિદ્વાન તેમ જ ચારિત્ર્યશીલ કાર્ડિનલોને નિયુક્ત કર્યા. તેમણે દેવળની સુધારણા માટે રજૂ કરેલો અહેવાલ (૧૫૩૭) 'આંતરિક સુધારણા'ના ઈતિહાસમાં એક સીમાચિહ્ન રૂપ દસ્તાવેજ ગણાય છે.

પૉલ ત્રીજાના અનુગામીઓમાં પોપ પાયસ ૪થો (૧૫૫૯–૬૫) ખરેખર પવિત્રતા અને સહિષ્ણુ-નીતિનો હિમાયતી હતો. તેણે સગાંવાદને દૂર કર્યો અને ધર્મ-અદાલતની કાર્યવાહીને હળવી બનાવી; બલ્કે, ગંભીર પ્રકારના ધાર્મિક ગુનાઓ માટે જ નાસ્તિકો સામે કાર્યવાહી ચલાવવાની છૂટ આપી. તે યુદ્ધખોરી તથા ગંદા રાજકારણનો વિરોધી હતો.

## ટ્રેન્ટની ધર્મપરિષદ : પ્રતિ-ધર્મસુધારણાનો પ્રારંભ?

પોપ પાયસ ૪થાએ સ્થાપેલી ટ્રેન્ટની ધર્મપરિષદની કાર્યવાહી (૧૫૪૫–૧૫૬૩) ધર્મસુધારણાના ઈતિહાસમાં આગવું મહત્ત્વ ધરાવે છે. ઈટાલી તથા જર્મનીની સરહદ પર આવેલ ટ્રેન્ટમાં મળેલું આ અધિવેશન કેથોલિક દેવળની ૧૯મી ધર્મપરિષદ હતું (૧૫૪૫). આ પરિષદમાં દેશ-દેશના નિષ્ણાત કાર્ડિનલો, આર્કબિશપો, બિશપો, મઠાધિપતિઓ, ધર્માધિકારીઓ, પાદરીઓ, ધર્મશાસ્ત્રીઓ, ઉપરાંત ચાર્લ્સ પાંચમો તથા તેના પ્રતિનિધિઓ અને અમુક ઠાકોરો હાજર રહ્યા હોઈને, તેને **કેથોલિક દેવળની લગભગ સર્વમાન્ય પરિષદ** કહી શકાય.

આ પરિષદે જે કેટલાક ઠરાવો પસાર કર્યા તેમાં પ્રોટેસ્ટંટ પંથ તથા તેના વિવિધ ફાંટાઓને કોઈ છૂટછાટ નહિ આપવાના, થોડા ફેરફારો સાથે પરંપરાગત સંસ્કારવિધિઓ ચાલુ રાખવાના, પાદરીઓને લગ્નની છૂટ નહિ આપવાના અને ધર્મશાસ્ત્ર બાઈબલમાં પૂરી શ્રદ્ધા રાખવાના મુખ્ય નિર્ણયો હતા. આ માટે ટોમસ એક્વિનાસના ગ્રંથ (સુમ્મા થિયોલોજિકા : સમરી ઓફ ધ ક્રિશ્ચિયન કેથોલિક ડૉક્ટ્રિન)ને માર્ગદર્શક માનવામાં આવ્યો હતો.

પરંતુ પોપ પાયસ ૪થો (૧૫૫૯–૬૫) ઘણો ઉદાર, માયાળુ અને સમાધાનકારી હતો. આથી તેણે ટ્રેન્ટમાં ફરી બોલાવેલી પરિષદમાં (૧૫૬૧) કેથોલિકો ઉપરાંત કેટલાક પ્રોટેસ્ટંટોને પણ સ્થાન આપવામાં આવ્યું. તેમાં ફ્રાંસના પ્રતિનિધિઓએ જર્મનીના પ્રતિનિધિઓના ટેકાથી કેટલાક મહત્ત્વના સુધારક ઠરાવો મૂક્યા. તેમાં 'માસ'ની વિધિ પ્રાદેશિક ભાષામાં કરવાના, પાદરીઓને લગ્નની છૂટ આપવાના, પોપને ખ્રિસ્તી સમાજને જવાબદાર બનાવવાના, આદેશપત્રો બહાર પાડવાની તેની સત્તા રદ કરવાના, ક્યુરિયા (વડી ધર્મસમિતિ)નું માળખું સુધારવાના, સંતો વિશેની ગેરસમજૂતીઓ દૂર કરવાના, મઠો તેમ જ દેવળોની મિલકત ખૂબ જ મર્યાદિત કરવાના તથા તેમની વધારાની મિલકત ગરીબોની સહાય માટે વાપરવાના ઠરાવો મુખ્ય હતા.

પોપની સત્તાને સાર્વભૌમ ગણવાનો તેમ જ દરેક બિશપે હોદ્દો ધારણ કરતાં પહેલાં તેને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવાનો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો.

આ ઉપરાંત સાંસારિક ભાવ કે જાતીય વૃત્તિને પોષે તેવાં નૃત્ય, સંગીત તેમ જ કલાના નમૂના પર દેવળમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો. કામવાસનાને ઉત્તેજતી નગ્ન આકૃતિઓને કપડાંથી ઢાંકી દેવાનું ઠરાવવામાં આવ્યું. મૂર્તિપૂજા ચાલુ રાખવામાં આવી, પરંતુ વ્યક્તિપૂજાની મનાઈ કરવામાં આવી.

લ્યુથરના બળવા માટે કારણ રૂપ બનેલાં 'માફીપત્રો'ના વેચાણ પર કડક નિયંત્રણો મૂકવાનું તથા પાપ-નરક વગેરેના ખ્યાલોને વધારે સ્પષ્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

આમ, ૧૮ વર્ષ દરમ્યાનની ટ્રેન્ટ પરિષદની ૧૭ બેઠકોની કામગીરી 'ધાર્મિક-સુધારણા' તથા 'પ્રતિ-ધર્મ-સુધારણા' બેઉ દષ્ટિએ સમજવા જેવી છે; જેમ કે—

એક બાજુ દેવળની ગેરરીતિઓ તથા લાંચરુશ્વત અપવાદ રૂપ બન્યાં અને વેશ્યાગીરી નહિવત્ બની. કૅથોલિક દેવળ મિલકત એકઠી કરનાર સંસ્થામાંથી બહુધા મિલકત વહેંચનાર (દાન કરનાર) સંસ્થા બન્યું, ધર્મઅદાલતની કડક કાર્યવાહી અદશ્ય થઈ, કૅથોલિક ધર્મગુરુઓનું જીવન શુદ્ધ બન્યું તથા તેઓએ સહિષ્ણુતા કેળવી. રેનેસાંથી ફેલાયેલ વૈભવ-વિલાસ પર અંકુશ આવ્યો. રેનેસાં-યુગની વૈભવી તેમ જ દુન્યવી કલા તથા તેનાં સંગીત, નૃત્ય તેમ જ સાહિત્યને થોડું સહન કરવું પડયું. પરંતુ તેને બદલે ધાર્મિક સંગીત, નૃત્ય, કલા તેમ જ સાહિત્યને ઉત્તેજન મળ્યું.

બીજી બાજુ, 'મુક્ત વિચારસરણી'ને થોડું નુકસાન થયું. બુદ્ધિશીલતાને બદલે 'શ્રદ્ધા'ને મહત્ત્વ અપાયું. વિજ્ઞાન જ્યારે આધુનિક યુગનું દિશાસૂચન કરતું હતું, ત્યારે ધર્મઅદાલત અને તેની મધ્યયુગી કાર્યવાહીઓ ચાલુ રહી.

* એકંદરે આ ધર્મપરિષદે પોપ તથા રાજા – ધાર્મિક સત્તા અને દુન્યવી સત્તા – નાં ક્ષેત્રોને તદ્દન અલગ કરી નાખ્યાં. તે પછી બે સત્તાઓ વચ્ચે સંઘર્ષ ભાગ્યે જ થયો.



મહાપંડિત એબેલાર્ડ અને હેલ્પા
[ઈ. સ. ૧૦૭૯-૧૧૪૨]

# ૭ : સમાપન : તુલનાત્મક પરીક્ષણ

'પુનર્જાગૃતિ' અને 'ધર્મસુધારણા'ની સરખામણી કરતાં, ઘણાં બધાં મંતવ્યોના સાર રૂપ થોડાક મહત્ત્વના મુદ્દા આપણે નોંધી લઈશું.

ઇટાલીએ પ્રાચીન ગ્રીક તેમ જ રોમન સાહિત્ય, તત્ત્વજ્ઞાન તથા કલાનો અભ્યાસ તાજો કરીને 'રેનેસાં'નાં પરિબળોને ઉત્તેજ્યાં; તો જર્મનીએ પ્રાચીન ખ્રિસ્તી ધર્મના મૂળ સિદ્ધાંતોમાંથી પ્રેરણા મેળવીને, વિકૃત થયેલ પોપ અને દેવળની સંસ્થાની સુધારણા માટે પડકાર ફેંકયો. રેનેસાંએ દુન્યવી બાબતો તથા ભોગવિલાસને ઉત્તેજન આપ્યું, તો ધર્મસુધારણાએ સાદગી તથા શુદ્ધિનો આગ્રહ રાખ્યો.

સર્વ પ્રથમ તો, ધર્મસુધારણાની જે ઊણપો ગણાવાઈ છે તે થોડીક વિગતે જોઈએ. એક તો, તેણે **બૌદ્ધિકતાને બદલે શ્રદ્ધાને** અતિ મહત્ત્વ આપ્યું. લ્યુથરવાદે તો **સત્કાર્યો**ની આવશ્યકતાની પણ અવગણના કરી. બીજું, તેણે **ધર્મસત્તાને બદલે રાજસત્તાને** સર્વોપરી ગણી. પરિણામે, ખ્રિસ્તી દેવળપ્રેરિત **વિશ્વ**-બંધુત્વ તેમજ આંતરરાષ્ટ્રવાદને સ્થાને પ્રાદેશિકવાદ તેમ જ સંકુચિત રાષ્ટ્રવાદને ઉત્તેજન મળ્યું. એક બાજુ સુધારકોએ **પોપના** દૈવી હકનો ઇનકાર કર્યો; બીજી બાજુ, **રાજાના** દૈવી હકનો સ્વીકાર કર્યો ! આથી ખ્રિસ્તી રાજ્યો વચ્ચેના આંતરકલહોમાં વધારો થયો તથા આપખુદ રાજાશાહી પ્રબળ બની. ત્રીજું, શુદ્ધતા તેમ જ પવિત્રતાને નામે અનૈતિક ગણાય તેવા આનંદોની સાથે નિર્દોષ ગણાય તેવા આનંદોની પણ પ્રોટેસ્ટંટપંથી પ્રદેશોમાં મનાઈ ફરમાવવામાં આવી. **પ્યુરિટનવાદ**નો અમલ ફરજિયાત બનાવવામાં આવ્યો અને તેનો વિરોધ યા ભંગ કરનારને કડક સજાઓ કરાઈ. આથી, ત્રાસ તેમ જ અસહિષ્ણુતાના જે દોષ માટે પોપ તથા કેથોલિક દેવળ જવાબદાર હતાં, તેવા જ દોષ માટે પ્રોટેસ્ટંટ પંથ અને તેના ફાંટાઓ પણ જવાબદાર બન્યા. ચોથું, પ્રોટેસ્ટંટ પંથીઓએ **દેવળની** મિલકતની માલિકી **રાજ્યને** સોંપી. આથી તે મિલકત મુખ્યતઃ રાજાઓના વૈભવ-વિલાસ અને અંગત વહીવટી ખર્ચમાં વપરાવા લાગી. પરિણામે ગરીબોને આ મિલકતનો ખાસ લાભ મળ્યો નહિ. પાંચમું, સુધારક પંથોએ ધાર્મિક કરતાં દુન્યવી બાબતો પર વિશેષ લક્ષ કેન્દ્રિત કરતાં **ભૌતિકવાદી મૂડીવાદ**ને ઉત્તેજન મળ્યું. શ્રમજીવીઓ માટે તો કાળી મજૂરી જ ચાલુ રહી; બલ્કે, દેવળ દ્વારા તેમને અપાયેલ તેમના આરામના દિવસો પણ ઝૂંટવાઈ ગયા. પરિણામે, જમીનદારો તથા ખેડૂતો અને માલિકો તથા મજૂરો વચ્ચેના સંઘર્ષ સાર્વત્રિક બન્યા. એમાંય લ્યુથરે પોતે શ્રમજીવીઓનાં આવાં બંડોને દાબી દેવોનો અનુરોધ કર્યો હતો. **આમ, પ્રોટેસ્ટંટ પંથીઓ અજાણતાં રાજકીય તેમજ આર્થિક શોષણનીતિના સાથીદાર બન્યા.** છઠ્ઠું, પ્રોટેસ્ટંટ પંથીઓએ વ્યક્તિગત ન્યાયનો તેમ જ બાઇબલનું અર્થઘટન કરવાનો સૌ કોઈને અધિકાર આપતાં બાઇબલનાં ગૂંચવાડાભર્યાં અનેક અર્થઘટનો થયાં. તેને લીધે ખ્રિસ્તી ધર્મના મૂળ સિદ્ધાંતો તથા નિયમોનો ભંગ થયો, અને સંયોગી તત્ત્વોને બદલે વિભાજક તત્ત્વોને ઉત્તેજન મળ્યું. આમાંથી અનેક 'વાદો' તથા 'પ્રતિવાદો' ઊભા થયા. તેને લીધે મનુષ્યની ધર્મમાંથી શ્રદ્ધા ઓછી થઈ; તે દુન્યવી બાબતો તરફ વિશેષ વળ્યો. પરિણામે જીવનના અંતિમ સમયે તેને મળતું ધર્મનું રક્ષણ બંધ થયું.

માનવજીવનમાં રેનેસાં-યુગના દુન્યવીપણાના અતિરેક સામે 'ધર્મસુધારણા યુગ'માં ધાર્મિકતાને ટકાવવા દેવળ જેવી સંસ્થા અનિવાર્ય લેખાઈ. આત્મદર્શન, પ્રાર્થના તેમજ અધ્યયન માટે પણ દેવળ ઉપયુક્ત

સ્થાન બની રહ્યું. **ધાર્મિક–આધ્યાત્મિક દૃષ્ટિબિંદુ** નહિ સમજનાર સુધારકોએ કેથોલિક દેવળની 'શુદ્ધિ'ને બદલે તેના 'વિનાશ'ની કરેલી પ્રવૃત્તિ પછીના સમયમાં ધર્મસુધારણા માટે જ ઘાતક નીવડી.

* પ્રોટેસ્ટંટ તેમ જ તેની શાખા રૂપ અન્ય સુધારક પંથોની આવી અનેક નિર્બળતાઓ ગણાવાતી હોવા છતાંયે ધર્મ, સમાજ તથા રાજ્યને સુધારવામાં તેમનો ગણનાપાત્ર ફાળો પણ સ્વીકારાયો છે. પ્રથમ તો, આ પંથોએ પોપપદ, ધર્માચાર્યોનાં પદો, વૈભવી અને દુરાચારી પાદરીજીવન, દેવળનાં સડેલાં વહીવટી તંત્રો વગેરેની સુધારણા તેમ જ શુદ્ધિમાં નોંધપાત્ર હિસ્સો આપ્યો. પરિણામે **ધર્મની પુનઃપ્રતિષ્ઠા માટે નવો અવકાશ ઊભો થયો.** આથી ઇટાલી, સ્પેન તથા ફ્રાંસનાં કેથોલિક દેવળો તેમ જ તેમના પાદરીઓ કરતાં યુરોપના અન્ય દેશોમાં પ્રોટેસ્ટંટ દેવળો તથા તેમના પાદરીઓનાં નીતિમત્તાનાં ધોરણો ઊંચાં રહ્યાં. બીજું, પરંપરાગત દેવળ-સંસ્થાના વિરોધીઓ તેમજ કહેવાતા 'નાસ્તિકો' ઉપર ધર્મઅદાલત દ્વારા ગુજારવામાં આવતી અત્યંત ત્રાસદાયક અને અમાનુષી કાર્યવાહીઓ તથા સજાઓ ત્યજી દેવાની કેથોલિક દેવળને ફરજ પડી.

પ્રોટેસ્ટંટ પંથોએ રાજાની દુન્યવી સત્તાનો સ્વીકાર કર્યો તે હકીકત સાચી હોવા છતાંયે તેમણે 'રાજાની આપખુદીને ઉત્તેજન આપ્યું', તેવું વિધાન સંપૂર્ણ સાચું કહેવાય તેવું નથી. તેઓ વ્યવસ્થિત સમાજજીવન માટે મજબૂત કેન્દ્રીય તંત્રને આવશ્યક સમજતા હતા. વળી, આ માટે રાષ્ટ્રીયતાને તેઓ આવશ્યક ગણતા હતા. તે સમયે 'આધુનિક લોકશાહી'નો સ્પષ્ટ ખ્યાલ નહોતો ઉદ્ભવ્યો. તે યુગના સંઘર્ષો તેમજ યુદ્ધોમાં દઢ રાજાશાહી જરૂરી મનાતી. આમ છતાં, જીનેવામાં કાલ્વિને તથા સ્કોટલેન્ડમાં જોન નોકસે પ્રજાકીય ઢબના તંત્રની રચના કરી હતી. બલ્કે તેમણે રાજ્ય તથા દેવળનું આખુંયે સંગઠન લોકતાંત્રિક ઢબે રચ્યું હતું. આથી રાષ્ટ્રીય પરિબળો વિકાસ પામ્યાં તથા લોકોની રાષ્ટ્રીય ભાવના પણ દઢ બની. ખાસ કરીને, ઇંગ્લૅંડ, સ્કોટલેન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ તથા અમેરિકામાં ધર્મસુધારણાને લીધે લોકતાંત્રિક વિકાસને સારી તક મળી.

* ધર્મસુધારણાની સૌથી મોટી સિદ્ધિ તો એ હતી કે તેણે કેથોલિક દેવળ તેમ જ સંપ્રદાયને 'આંતરિક સુધારણા'ની ફરજ પાડી. તેનાં ઉત્તમ ઉદાહરણો કેથોલિક સુધારકો મારફત સ્થપાયેલ સેવા-સંસ્થાઓ, સંત ટેરેસાની સેવા-પ્રવૃત્તિઓ, સંત લોયોલા અને તેના દ્વારા સ્થાપિત જિસસ-સંઘનાં સેવાકાર્યો તથા ટ્રેન્ટ ધર્મપરિષદની કાર્યવાહી ગણી શકાય. આમાં ટ્રેન્ટ ધર્મપરિષદના નિર્ણયો વધુ મહત્ત્વના છે. તે અનુસાર દેવળની વરિષ્ઠ ધર્મસમિતિના માળખામાં આવકારપાત્ર ફેરફાર કરવામાં આવ્યા. તેમાં નિષ્ણાત તથા શુદ્ધ ધર્મગુરુઓની નિયુક્તિ કરવામાં આવી; તથા ચૂંટણીના તત્ત્વને વિસ્તૃત બનાવવામાં આવ્યું. પોપપદને ખ્રિસ્તી સમાજને જવાબદાર બનાવવામાં આવ્યું. કેથોલિક સંપ્રદાયની ધાર્મિક વિધિઓમાં પણ સુધારણાને અનુરૂપ ફેરફાર કરવામાં આવ્યા.

ખાસ તો, **કેથોલિક દેવળ વિજ્ઞાનનો સદંતર તુચ્છકાર કરતું હતું. તેમાં ધર્મસુધારણાની અસર રૂપે બંને વચ્ચેનો મેળ શકય હોવાની માન્યતા પ્રતિષ્ઠિત બની.**


આ સંદર્ભમાં બેકનથી શરૂ થયેલ પ્રબુદ્ધતા (એનલાઈટનમેન્ટ)નો મુખ્ય પ્રવાહ ખાસ નોંધપાત્ર છે.

*'રેનેસાં'નું હાર્દ માનવીય કલાનો વિકાસ હતું. 'પ્રોટેસ્ટંટ' પંથોનું કેન્દ્રબિંદુ ધર્મસુધારણા હતું; જ્યારે 'પ્રબુદ્ધ-યુગ'નું હાર્દ વિજ્ઞાન તેમ જ તત્ત્વજ્ઞાનનો ઉત્કર્ષ હતું. આથી **પુનર્જાગૃતિ** તથા **પ્રબુદ્ધતાને** એક જ હરોળમાં મૂકી શકાય, જ્યારે **ધર્મસુધારણાને** તેના આડ ફાંટા રૂપ ગણી શકાય. આમ છતાં, ધર્મસુધારણાએ પ્રબુદ્ધ-યુગની મોટી સેવા એ કરી કે તેણે મનુષ્યને પ્રચલિત વહેમો અને રૂઢિઓમાંથી મુક્ત કરીને સ્વતંત્ર વિચાર કરતો કર્યો. તેણે સર્જેલા વાદો તથા પ્રતિવાદોએ જીવનને વિવિધ રીતે જોવાની લોકોને


પ્રેરણા આપી. આનાથી 'વિજ્ઞાન' તેમજ 'પ્રબુદ્ધ'-યુગનાં પરિબળો મજબૂત બન્યાં. આને લીધે ૧૭મી સદીના મહાન ચિંતકો – દ'કાર્ત, સ્પિનોઝા, હૉબ્સ, લોક વગેરે – પોતપોતાનું મૌલિક તત્ત્વજ્ઞાન રજૂ કરી શક્યા.

'પુનર્જાગૃતિ'ની માફક 'ધર્મસુધારણા'ને પણ યુરોપના આધુનિક પ્રવાહોને જન્મ આપનાર એક મહાન પરિબળ કહી શકાય. આ બંને આંદોલનોએ યુરોપની વર્તમાન બૌદ્ધિકતા તથા નૈતિકતાના પાયાનું ઘડતર કર્યું છે. 'પુનર્જાગૃતિ'એ મુક્ત વિચારસરણીને ઉત્તેજન આપ્યું છે, તો 'ધર્મસુધારણા'એ ધાર્મિક માન્યતામાં ક્રાંતિ સર્જીને ધર્મ અને નીતિમત્તાનું ધોરણ સુધાર્યું છે. પરસ્પર વિરોધી પ્રવાહોના સંઘર્ષમાંથી સમન્વય નિષ્પન્ન થાય છે તે હકીકત ધર્મસુધારણાના આંદોલને સિદ્ધ કરી છે. આ રીતે રેનેસાંના આંદોલનને ધર્મસુધારણાનો પાયો નાખનાર અને તેને પ્રેરણા તથા માર્ગદર્શન આપનાર આંદોલન કહી શકાય.


'ધર્મસુધારણા' અને 'પ્રતિધર્મસુધારણા'ના તનાવમાં તથા સંઘર્ષો અને યુદ્ધોના વાતાવરણમાં રેનેસાંની પ્રવૃત્તિઓ મંદ પડી, તો પણ તેવી નિરાશાની સ્થિતિમાં ઈરેસમસ, બૅકન તથા દ'કાર્તએ આ પ્રવૃત્તિઓને જીવંત રાખીને તેમને વધારે તર્કશુદ્ધ અને પ્રબળ બનાવી; અને અઢારમી સદીમાં ફ્રાંસની 'નવવિચારસરણી'માં રેનેસાંનો પુનર્જન્મ થયો. વોલ્તેર તથા ગિબનથી માંડી ગૅટે અને હ્યુગો સુધી ક્રાંતિ તથા પ્રતિક્રાંતિ અને પ્રગતિ તથા પ્રત્યાઘાતના વાતાવરણમાં આ વિચારધારા વિસ્તાર પામી છે.



ફ્રાન્સના સંતોના મધ્યયુગી મઠની રચનાશૈલી



લિયોનાર્દો દ' વિન્સી (૧૪૫૨-૧૫૧૯)
[ લાલ ચોકથી સ્વઅંકિત ]



રેબેલેઈસ (૧૪૯૪-૧૫૩૩)
[ તીવ્ર કટાક્ષશૈલીનો ચિંતક ]



ફિલિપ મેલાન્કથો (૧૪૯૭-૧૫૬૦)
[ ચિત્રક – આલ્બ્રેક્ટ ડ્યુરર ]



ધર્મ સુધારક સંત લોયોલા (૧૪૯૧-૧૫૫૬)
[ ચિત્રક – સાન્ચેઝ કોએલો ]

# ઇતિહાસ : વિકાસનું પૃથક્કરણ

## [ ૧ ]

જિસસની કથામાં 'ત્યાગ' (કુરબાની-સેક્રિફિસ) અને 'પ્રત્યાગમન' (પુનર્જીવન-રીસરેક્શન)નો પ્રધાન ખ્યાલ હરહંમેશ રહ્યો છે. જિસસ 'રાજના વારસ' તરીકે જન્મે છે – ડેવિડનો વારસ અને ઈશ્વરનો પોતાનો દીકરો—જેને બાલ્યાવસ્થાથી ફેંકી દેવામાં આવ્યો છે, તે સ્વર્ગમાંથી પૃથ્વી પર જન્મ લેવા આવ્યો છે; ડેવિડના પોતાના જ ગામ બેથલેહેમમાં તે જન્મે છે, પરંતુ વહાણમાં મોઝીઝની જેમ અથવા પેટીમાં પર્સિયસની જેમ તેને કોઈ પથિકાશ્રમમાં જગ્યા મળતી નથી અને ગમાણમાં તેને મૂકવામાં આવે છે. રોમ્યુલસનું જેમ વરુ અને સાયરસનું જેમ શિકારી કૂતરો રક્ષણ કરતાં હતાં, તેમ તેની રક્ષા મિત્રસમાં પ્રાણીઓ કરે છે. તેને ભરવાડનો ધંધો શિખવાડવામાં આવે છે તથા રોમ્યુલસ અને સાયરસ અને ઓડીપસની જેમ તેને હલકી જાતિનો પાલક પિતા મોટો કરે છે. જેમ બરુમાં સંતાયેલો મોઝીઝ ફારાઓહની ખૂની યોજનામાંથી બચી જવા પામે છે, અને માઉન્ટ પેલિયનના દૂરના ખૂણાઓમાં સંતાયેલો રાજા પેલિયાસના હાથથી બચી જવા પામે છે, તેમ હેરોડની ખૂની યોજનામાંથી બચાવવા જિસસને ઇજિપ્ત લઈ જવામાં આવે છે; અને પછી કથાને અંતે, જેમ બીજા વીર પુરુષો પાછા આવે છે તેમ જિસસ પણ તેના પોતાના રાજ્યમાં પાછો આવે છે. અને જ્યારે તે જેરુસાલેમમાં આવે છે, ત્યારે ડેવિડના દીકરા તરીકે લોકો તેને આવકાર આપે છે. ઊર્ધ્વારોહણ(એસેન્શન)ના દિવસે એ સ્વર્ગના રાજ્યમાં જાય છે.

માબાપ વગરનાં જડેલાં બાળકોની કથાનો જે સામાન્ય આકાર હોય છે તેમાં જિસસની કથા બંધ બેસે છે, પણ 'ગોસ્પેલ્સ'માં 'ત્યાગ અને પ્રત્યાગમન'નો પ્રધાન ખ્યાલ બીજી રીતે મૂકવામાં આવ્યો છે.

જિસસમાં રહેલો અધ્યાત્મ ભાવ ઉત્તરોત્તર બહાર વ્યક્ત કરવામાં આવે છે. એક પછી એક થતા આધ્યાત્મિક અનુભવોમાં 'ત્યાગ અને પ્રત્યાગમન'નો ખ્યાલ રહેલો છે. જોન એને બેપ્ટાઈઝ કરે છે, ત્યાર પછી જ્યારે જિસસને તેના કાર્યનું ભાન થાય છે ત્યારે તે ચાળીસ દિવસ સુધી અરણ્યમાં જાય છે, અને આત્માના સંપૂર્ણ સામર્થ્યમાં એ પાછો ફરે છે. ત્યાર પછી જ્યારે તે એમ જાણતો થાય છે કે તેનું કાર્ય બજાવતાં તેનું મૃત્યુ થવાનું છે ત્યારે તે 'ઊંચા પર્વતોમાં એકલો' પાછો જાય છે અને પોતાનું 'સ્વરૂપાંતર' થતાં તેણે જે અનુભવમાંથી પસાર થવાનું છે તેમાં સમર્પણની વૃત્તિ સેવે છે અને મૃત્યુનો નિશ્ચય કરે છે.

બાદ જિસસ ક્રોસ ઉપર મર્ત્ય માનવીનું મરણ સહન કરે છે, એ એની કબરમાં જાય છે, પણ તે પુનર્જીવન (રીસરેકશન)ના દિવસે તેમાંથી અમર થઈ બહાર આવે છે. અને સૌથી છેલ્લે ઊર્ધ્વારોહણ (એસેન્શન)ને દિવસે તે પૃથ્વીનો ત્યાગ કરીને સ્વર્ગમાં જાય છે, પાછો "જીવતાંનો અને મરેલાંનો બંનેનો ન્યાય કરવા માટે તે આવશે, એ પછી એના રાજ્યનો અંત જ નહિ હોય."

જિસસની કથામાં સૂક્ષ્મ રીતે ફરી ફરીને 'કુરબાની' અને 'પુનર્જીવન'નો પ્રધાન ખ્યાલ આવે છે, તેના સમાન્તર દાખલાઓ પણ છે. જંગલમાં જતો જિસસ સંસારનો ત્યાગ કરે છે તે મોઝીઝનું

મૉડિયનમાંનું પલાયન છે; 'ઊંચા પર્વતોમાં એકલા' જિસસનું સ્વરૂપાંતર અને માઉન્ટ સિનાઈ પરનું મોઝીઝનું રૂપાંતર બંને સમાન્તર છે. હેલેનિક 'મિસ્ટરીઝ' ગૂઢ સંપ્રદાયોમાં પણ આધ્યાત્મિક પુરુષનું મૃત્યુ અને પુનરુત્થાન આલેખવામાં આવ્યું છે. આ વર્તમાન સંસારની વ્યવસ્થાને અંતે તેમાં જે આપદ આવવાની છે, તેમાં જે એક મહાન પુરુષ આવવાનો છે અને આખા સ્થાન ઉપર અધિકાર ભોગવવાનો છે, તે ઝોરોસ્ટ્રીઅન પુરાણ કથામાં 'રક્ષણહાર'ના રૂપે અને જ્યૂઈશ પુરાણકથામાં 'મેસિયા' અને 'માનવના પુત્ર' રૂપે પૂર્વાસ્વાદન કરાવે છે. તો પણ ક્રિશ્ચિયન પુરાણકથાનું ખાસ લક્ષણ, જેનો ઉલ્લેખ આપણને ક્યાંય બીજે નથી મળતો તે એ છે કે જે માણસ તરીકે એક વાર આ પૃથ્વી પર ઐતિહાસિક સ્વરૂપે જીવી ગયો છે તેના ભવિષ્યના 'રક્ષણહાર' કે 'મેસિયા' તરીકે પૃથ્વી પરના પ્રત્યાગમનની આ યોજના છે.

આ પ્રેરણાના ઝબકારામાં માબાપ વગરનું જીવતું બાળક મળી આવે છે. તેનો અનાદિ ભૂતકાળ, ખેતીવિષયક વિધિનો અનાદિ વર્તમાનકાળ–આ બંનેમાં મનુષ્યના પ્રયત્નના અંતિમ આદર્શને પહોંચવા માનવજાતના ઐતિહાસિક પ્રયત્નમાં રૂપાંતર થાય છે. બીજી વાર આવવાના ખ્યાલમાં 'ત્યાગ' અને 'પ્રત્યાગમન'નો પ્રધાન સૂર ઊંડામાં ઊંડા આધ્યાત્મિક અર્થને પ્રાપ્ત કરે છે.

એ ખરેખર સાચું છે કે બીજા જે સમૂહો એના જેવી ભગ્નાશ મનની સ્થિતિમાં આવી પડ્યા હોય તેઓએ આ બીજી વાર આવવાનો સંપ્રદાય સ્વીકાર્યો હોય. ઉદાહરણ તરીકે, આર્થરના પ્રત્યાગમનની પુરાણકથામાં, હારેલા બ્રિટનના લોકોએ, ઇંગ્લિશ જંગલી આક્રમણખોરોના અંતિમ વિજયને ખાળવા ઐતિહાસિક આર્થરની નિષ્ફળતા માટે સાંત્વન મેળવ્યું હોય. તેવી જ રીતે સમ્રાટ ફ્રેડરિક બાર્બારોસાની (ઈ. સ. ૧૧૫૨–૯૦) બીજી વાર આવવાની પુરાણકથામાં, પાછળના મધ્યયુગના જર્મનોએ પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યની સામે પોતાનું નેતાપણું ન સાચવી શક્યા તેનું સાંત્વન મેળવ્યું હોય.

સાલ્સબર્ગના ખડકની આજુબાજુ જે લીલું મેદાન છે તેની દક્ષિણ–પશ્ચિમે ઉન્ટર્સબર્ગનો રાક્ષસી ખડક રસ્તા પર બિહામણો દેખાય છે. અને એ રસ્તો એક ખીણમાં વાંકોચૂકો થઈને સાંકડી ખીણમાં અને બર્ટેશગેડનના સરોવર આગળ જાય છે ત્યાં મરડિયા પથ્થરના શૃંગ પર ઊંચે, માણસનો પગ ભાગ્યે ટકે તેવી જગ્યાએ, તે ખીણના ખેડૂતો મુસાફરને ગુફાનું કાળું મોં બતાવે છે અને કહે છે કે બાર્બારોસા તેના નાઈટો–બહાદુર અનુયાયીઓ સાથે ઐંદ્રજાલિક ઊંઘમાં પડ્યો છે. જ્યારે કાળા કાગડા તેના શિખરની આસપાસ ઊડતા બંધ થશે અને જામફળીના ઝાડને ખીણમાં ફૂલ આવશે, ત્યારે તે તેના 'ક્રુઝેડરો' સાથે નીચે ઊતરવાની અને જર્મનીને પાછું સુવર્ણયુગની શાંતિ, બળ અને એકતા આપવાની રાહ જોતો ઊંઘે છે.

આ રીતે મુસ્લિમદુનિયાનો શી'આઈટ સંપ્રદાય જ્યારે લડાઈમાં હારી ગયો, અને શિયાઓ પર જ્યારે જુલમ ગુજારાતો હતો ત્યારે તેમને ખયાલ આવ્યો કે પયગંબરના જમાઈ અલીનો બારમો વંશજ – બારમો ઈમામ હજી મરી નહોતો ગયો, પણ એક ગુફામાં અદશ્ય થઈ ગયો હતો. અને ત્યાંથી તેના માણસોને હજી પણ આધ્યાત્મિક અને વ્યાવહારિક માર્ગદર્શન આપતો હતો. અને તેણે વચન આપ્યું હતું તેમ, એક દિવસ માહ્દી થઈને આવશે, અને આ લાંબા જુલમી રાજ્યનો અંત આણશે.

હવે, જો સંસ્કારવાળા ક્રિશ્ચિયન નિરૂપણમાંના પ્રત્યાગમનના સિદ્ધાંત તરફ આપણે ધ્યાન આપીશું તો આપણને માલૂમ પડશે કે ભૌતિક કલ્પનાશક્તિમાં જ્યારે જિસસના 'એપોસલે'–થોડા અનુયાયીઓએ– તેમના ગુરુનું ભૌતિક મૃત્યુ થયું છતાં તેમના ગુરુએ તેમના ઉપર જે બહાદુર કાર્ય કરવાનું છોડ્યું હતું તે તેમણે હૃદયની શ્રદ્ધાપૂર્વક માથે ચડાવ્યું, ત્યારે જ ખરેખર તેમનાં મોહ અને નિરાશા એક ક્ષણ પછી

ચાલ્યાં ગયાં. જિસસના અનુયાયીઓમાં જે હિંમત અને શ્રદ્ધા આ સર્જનાત્મક પુનર્જીવનમાં પેદા થઈ તેનું—વળી પાછું પુરાણકથાઓની ભાષામાં—'પેન્ટેકોસ્ટ'ના દિવસે 'હોલી ઘોસ્ટ'નું પાછા અવતરણનું 'એકટસ'માં વર્ણન કરવામાં આવ્યું છે.

*

'ત્યાગ' અને 'પ્રત્યાગમન'નો ખરો અર્થ શો છે તે જાણવાના આપણા આ પ્રયત્ન પછી, માનવ-ઈતિહાસમાં લઘુમતી સાથેની તેના જાતભાઈઓની આપ-લે કેવી રીતે થાય છે તેની વ્યાવહારિક પરીક્ષા કરવાનું કામ આપણે વધારે સારી રીતે કરી શકીશું.

જીવનનાં ઘણાં બધાં ક્ષેત્રોમાં આ હિલચાલના જાણીતા ઐતિહાસિક દાખલાઓ છે. મૌની, સંતો, રાજદ્વારી પુરુષો અને સૈનિકો તથા ઈતિહાસકારો અને ફિલસૂફો તથા કવિઓના જીવનમાંથી તેમજ પ્રજાઓ અને રાજ્યો તથા ધર્મસ્થાનોના ઈતિહાસમાંથી આપણને તે મળી રહે છે. વોલ્ટર બેજહોટે જ્યારે એમ લખ્યું કે "બધી મહાન પ્રજાઓને એકાન્તમાં અને ગુપ્ત સ્થાનમાં તૈયાર કરવામાં આવે છે, વિપક્ષોથી ક્યાંય દૂર એવા સ્થાનમાં તેમનું નિર્માણ કરવામાં આવે છે," ત્યારે જે સત્યની આપણે સ્થાપના કરવા માગીએ છીએ તે સત્યની તેણે વ્યાખ્યા આપી હતી.

સર્જન કરનાર વ્યક્તિઓથી શરૂ કરીને આપણે જુદા જુદા દાખલાઓ ઝડપથી જોઈ જઈશું.

## સેઈન્ટ પોલ

હેલેનિક યા ગ્રીક સંસ્કૃતિનો સિરિયેક સમાજ ઉપર એવો પ્રભાવ પડયો કે તેમાંથી ન રોકી શકાય એવું આહ્વાન પેદા થયું. એ સમયે ટાર્સસના એક જ્યૂઈશ કુટુંબમાં પોલનો જન્મ થયો હતો. તેની કારકિર્દીના પહેલા તબક્કામાં જ્યૂઈશ ધર્માન્ધો જિસસના અનુયાયીઓ વિશે એમ કહેતા કે તેઓ જ્યૂઈશ સમાજમાં ભાગલા પડે એ રીતે પોતાનું કાર્ય કરે છે. પોલ પણ તેના જીવનના આરંભકાળે જિસસના અનુયાયીઓને પીડતો હતો, જો કે જીવનના પાછલા ભાગમાં તેણે પોતાની શક્તિઓ તદ્દન નવા જ ક્ષેત્રમાં વાપરી અને તદ્દન નવા જ ધર્મનો ઉપદેશ આપ્યો : 'જ્યાં કોઈ ગ્રીક નથી કે જ્યૂ નથી, જ્યાં સુન્નત કરાવેલ કે સુન્નત ન કરાવી હોય તેમની વચ્ચે ભેદ નથી, જ્યાં કોઈ બાર્બેરિયન–પરધર્મી નથી કે સિધિયન નથી, કોઈ ગુલામ નથી કે સ્વતંત્ર નથી.' આમ, તમામ સંપ્રદાયોને તે સુમેળનો ઉપદેશ આપતો.

આ છેલ્લું પ્રકરણ પોલની કારકિર્દીનો સર્જનાત્મક તબક્કો હતું. પહેલા પ્રકરણમાં તેણે ખોટું પ્રસ્થાન કરેલું. અને આ બે પ્રકરણો વચ્ચે જાણે એક મોટો દરિયો હતો. દમાસ્કસ જતાં રસ્તે એકાએક એ પ્રબુદ્ધ થયો, અને પછી અરેબિયાના રણમાં ચાલ્યો ગયો. પૂરાં ત્રણ વર્ષ બાદ એ જેરુસાલેમ પાછો ફર્યો, અને વ્યવહારમાં સક્રિય ફાળો આપવા તે ક્રાઈસ્ટના અસલ અનુયાયીઓને મળ્યો.

## સેઈન્ટ બેનેડિક્ટ

નર્સિયાના બેનેડિકટનું જીવન (લગભગ ઈ. સ. ૪૮૦ થી ૫૪૩), મૃત્યુના આંચકા અનુભવતા હેલેનિક સમાજનું સમકાલીન હતું. તે બાળક હતો ત્યારે જ અંબ્રિયાના તેના વતનમાંથી તેને રોમ મોકલવામાં આવ્યો, કે જેથી એ ઉદાર માનવવાદી વિષયોમાં ઉપલા વર્ગનું શિક્ષણ લે. પણ જે જાતનું જીવન એ પાટનગરમાં જિવાતું હતું તે એને ન રુચ્યું અને તેણે બંડ કર્યું. સાવ કુમળી વયે તે અરણ્યમાં ચાલ્યો ગયો. તદ્દન એકાન્તમાં એણે ત્રણ વર્ષ ગાળ્યાં; પણ એના જીવનનું નવું પૃષ્ઠ ઊઘડયું ત્યારે—પુખ્ત ઉંમરનો થયો ત્યારે—એ ફરી પાછો સામાજિક જીવનમાં આવ્યો; અને તેણે મઠનું આધિપત્ય સ્વીકાર્યું —પહેલાં સુબિયાકો ખીણમાં અને પછીથી માઉન્ટ કેસીનોમાં. તેની કારકિર્દીના આ છેલ્લા સર્જનાત્મક

પ્રકરણમાં તેણે નવી શિક્ષણપદ્ધતિ દાખલ કરી હતી. પાછળથી માઉન્ટ કેસીનોમાંના 'બેનેડિકટાઈન' સમાજે બીજા ઘણા મઠને તૈયાર કર્યા અને વધાર્યા, તે એટલે સુધી કે 'બેનેડિકટાઈન' શાસન પાશ્ચાત્ય દુનિયાના ખૂણે ખૂણે પ્રસર્યું. પ્રાચીન હેલેનિક વ્યવસ્થાનાં ખંડિયેરો પરનું આ પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્ય, છેવટે, નવી સામાજિક રચના દ્વારા તેના મુખ્ય પાયારૂપ બન્યું હતું.

બેનેડિકટ શાસનનું સૌથી અગત્યનું લક્ષણ 'માણસજાતની મજૂરી' હતું; અને સૌથી પહેલી અને સૌથી અગત્યની મજૂરી તે ધરતી પરની 'ખેતીની મજૂરી' હતી. બેનેડિકટની હિલચાલ આર્થિક ક્ષેત્રે ખેતીના પુનર્જીવન સમી હતી. હેનિબાલની લડાઈમાં ઇટાલીના ખેડૂતોના અર્થકારણનો નાશ થયો હતો; ત્યાર પછી ઇટાલીમાં ખેતીનું આ સફળ પુનર્જીવન હતું. જે સમ્રાટના ફતવાથી ન થઈ શક્યું, તે આ બેનેડિકટાઈન શાસને કરી બતાવ્યું. તેનું વિશેષ લક્ષણ એ હતું કે મોટે ભાગે રાજ્યનું કાર્ય 'ઉપરથી નીચે'ના પ્રકારનું હતું, તેને બદલે હવે, વ્યક્તિની ધાર્મિક ખંતની ભાવના પોષીને વ્યક્તિના જોરે, 'નીચેથી ઉપર'ના પ્રકાર ઉપર કામ કરતું થયું હતું. આ આધ્યાત્મિક પૂરથી બેનેડિકટાઈન શાસને ઇટાલીમાંની આર્થિક જીવનની કેડી બદલી નાખી. જે કામ ઉત્તર અમેરિકામાં ફ્રેન્ચ અને બ્રિટિશ આટવિકોએ કર્યું તે મધ્યયુગના આલ્પ્સથી પેલી પારના યુરોપમાં અરણ્યો સાફ કરવાનું, પાણીવાળી જમીનમાંથી પાણીનો નિકાલ કરવાનું અને ખેતરો તથા ગૌચર જમીનો સર્જવાનું જબરજસ્ત કાર્ય બેનેડિકટાઈનોએ કર્યું.

## સેઈન્ટ ગ્રેગરી ધી ગ્રેટ

બેનેડિકટના મૃત્યુ પછી ત્રીસ વરસે રોમમાં 'પ્રીફેક્ટસ ઉર્બી'નો અધિકાર ભોગવતા ગ્રેગરી સામે એક અશક્ય કાર્ય આવી પડ્યું. જેવી દશા વિયેના શહેરની ઈ. સ. ૧૯૨૦માં હતી, તેવી જ સ્થિતિ ઈ. સ. ૫૭૩માં રોમ નગરીની હતી. સૈકાઓથી તે એક મોટા સામ્રાજ્યની રાજધાની હતી. પણ હવે રોમન સામ્રાજ્ય તૂટતાં તે નગર ઐતિહાસિક કાર્યોથી વંચિત બન્યું—એકાએક પોતાના પ્રાંતોથી કપાઈ ગયેલું અને પોતાનાં જ સાધનો પર નિભાવ કરવો પડે એવું થઈ ગયું.

ગ્રેગરીના તાબામાં રોમની સીમાઓ લગભગ નવ સૈકાં પહેલાં ઇટાલીના ધણી થવા માટે સેમ્નાઈટ લોકોની સામે રોમન લોકોએ જ્યાં યુદ્ધ કરેલું તે ક્ષેત્રફળમાં વિસ્તરેલી હતી. તેમાં વસતા ઘણા 'પરોપજીવી' લોકોને તેણે પોષવાના હતા. રોમન ધુરંધર ગ્રેગરી તે વખતે 'પ્રીફેક્ટસ ઉર્બી'ની ઉપાધિ ધારણ કરતો હતો. તેના મનમાં નવી સ્થિતિને કેવી રીતે પહોંચી વળવું તેની મૂંઝવણ હતી.

આવા દુ:ખદાયક અનુભવને લીધે જ ગ્રેગરી બે વર્ષ માટે વ્યવહારુ દુનિયામાંથી સંપૂર્ણ રીતે બહાર ચાલ્યો ગયો. સંત પૉલની જેમ એણે પણ ત્રણ વરસ સુધી દુનિયાનો ત્યાગ કર્યો. તેને રોમ પાછો બોલાવવામાં આવ્યો ત્યારે તેનું કામ પરધર્મી ઇંગ્લિશ લોકોને ક્રિશ્ચિયન બનાવવાનું હતું. ધર્માધ્યાપકોની કેટલીક ઑફિસોમાં એણે કામ કર્યું. અંતે તેણે ત્રણ મહાન કાર્યો પાર પાડયાં : (૧) ઇટાલી અને દરિયાપારના દેશોનાં રોમન દેવળોની જાગીરોની વ્યવસ્થાનું એણે ફરીથી નિર્માણ કર્યું; (૨) ઇટાલીના સામ્રાજ્યના અધિકારીઓ અને ચડાઈ કરનારા લોમ્બાર્ડો વચ્ચે સમજૂતી કરી આપી; (૩) જૂનું સામ્રાજ્ય જે ત્યારે ખેદાનમેદાન થઈ ગયું હતું તેની જગ્યાએ રોમ માટે નવા સામ્રાજ્યના તેણે પાયા નાંખ્યા. નવું રોમન સામ્રાજ્ય પાદરીઓના ઉત્સાહ વડે—નહિ કે લડાયક બળથી—જે જમીન પર રોમન લશ્કરે કદી પગ પણ મૂકયો નહોતો અને જેના અસ્તિત્વ વિશે સીપીઓ અને સીઝરને કદી સ્વપ્ને પણ ખ્યાલ નહોતો તેવી નવી દુનિયાને આગળ ઉપર જીતવા સર્જાયું હતું.

## બુદ્ધ

ભારતીય દુનિયામાં તેની મુશ્કેલીઓના સમયે સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધનો જન્મ થયો હતો. કપિલવસ્તુ—તેના મૂળ શહેર—ને લૂંટાતું તેણે જોયું, તેનાં શાકય સંબંધીઓની કતલ થતી જોઈ. પહેલાંની ભારતીય દુનિયામાંનાં

અભિજાત વર્ગનાં નાનાં પ્રજાસત્તાક રાજ્યો (જેમાંનું એક ગૌતમના વડવાં શાકય લોકોનું રાજ્ય હતું) ગૌતમના વખતમાં પડી ભાંગતાં હતાં અને તેમને સ્થાને મોટા પાયા પર રચાયેલી અનિયંત્રિત શાસનવાળી રાજાશાહી ઊભી થતી હતી. તે વખતે અભિજાત વર્ગની રાજ્ય-વ્યવસ્થાને આહ્વાનરૂપ નવાં સામાજિક બળો ઉપસ્થિત થતાં હતાં. ગૌતમનો આ આહ્વાન અંગે અંગત પ્રતિભાવ એવો હતો કે જો બાપદાદાના જેવા અભિજાતોને જે દુનિયા સુખેથી રહેવા ના દેતી હોય તો બહેતર છે કે તેનો ત્યાગ કરવો. અને તેમણે મહાભિનિષ્ક્રમણ કર્યું. એક પછી એક વધતા જતા દેહદમન દ્વારા એણે સાત વર્ષ સુધી 'પ્રબોધન' માટે તપશ્ચર્યા કરી. પરંતુ તેણે ઉપવાસ છોડવાનું અને આ દુનિયામાં પાછા આવવાનું પગલું ભર્યું નહિ, જ્યાં સુધી તેની અંદર પ્રકાશ પડયો નહિ! ત્યાર બાદ, તેના 'બુદ્ધ' થયા પછી, જે પ્રકાશ તેને પોતાને મળ્યો હતો તેનો ઉપદેશ તેના જાતભાઈઓને આપવા તેણે બાકીનું જીવન વ્યતીત કર્યું. ઉપદેશને અસરકારક અને વ્યાપક બનાવવા સારુ તેણે શિષ્યોનું વૃંદ ઊભું કરી દીધું, અને આ રીતે એક ભ્રાતૃસમાજનો એ નેતા બન્યો.

## મુહમ્મદ

રોમન સામ્રાજ્ય અને અરેબિયાના સંબંધો ઉગ્ર થતા ગયા ત્યારે મુહમ્મદનો જન્મ રોમન સામ્રાજ્યની બહારના અરેબિયન 'પ્રોલિટેરિયટ'માં થયો હતો. ક્રિશ્ચિયન સંવતના છઠ્ઠા અને સાતમા સૈકા વખતે સામ્રાજ્યમાંથી આવતી સાંસ્કૃતિક અસરોનું સિંચન લગભગ પરિપૂર્ણ થયું હતું. સામેથી કરાયેલા શક્તિના વિસર્જન સ્વરૂપે અરેબિયાનો કંઈક પ્રત્યાઘાત જરૂર થવાનો હતો. મુહમ્મદની કારકિર્દીએ (૫૭૦ થી ૬૩૨) આ પ્રત્યાઘાતનું સ્વરૂપ નક્કી કર્યું : જે બે સૂક્ષ્મ નવાં પ્રસ્થાનો ઉપર મુહમ્મદની જીવનકથાનું અવલંબન છે તે દરેકમાં ગતિરૂપે 'ત્યાગ' અને 'પ્રત્યાગમન' રહેલાં છે.

મુહમ્મદના વખતમાં રોમન સામ્રાજ્યના સામાજિક જીવનમાં બે મુખ્ય લક્ષણો હતાં, જેમણે અરેબિયાના આ નિરીક્ષક (મુહમ્મદ) ઉપર બહુ જ ઊંડી અસર ઉપજાવી; કારણ અરેબિયામાં પોતામાં એ હતાં જ નહિ. આમાંનું પહેલું લક્ષણ 'એકેશ્વરવાદ' છે; બીજું લક્ષણ છે 'શાસનમાં કાયદો અને વ્યવસ્થા.' આ તત્ત્વોને અરેબિયન ભાષાના અનુવાદમાં ગૂંથી લેવાનું અને અરેબિયન લોકો સમજી શકે એવા 'એકેશ્વરવાદ' તથા અરેબિયન લોકોને રુચે તેવી તેની 'આપખુદ' સરકારમાં – અને આ રીતે સર્વગ્રાહી ઈસ્લામની સંસ્થામાં – તેને વણી લેવાનું કાર્ય મુહમ્મદનું જીવનકાર્ય થઈ પડયું; અને એણે તેને એવું તો રાક્ષસી બળ આપ્યું કે ઈશ્વરે મોકલેલી આ વ્યવસ્થાએ – જેને તેના કર્તાએ અરેબિયાના જંગલી લોકોની જરૂરિયાતો માટે ખાસ ઘડી હતી – તેણે અરેબિયાના દ્વીપકલ્પની સીમાઓ ઉલ્લંઘી નાંખી અને આટલાંટિકના કિનારાથી માંડીને તે યુરેઝિયન સપાટ મેદાન સુધીની તમામ સિરિયેક દુનિયાના હૃદયને જીતી લીધું.

આ જીવનકાર્યમાં મુહમ્મદ તેના ચાલીસમા વર્ષ (લગભગ ઈ. સ. ૬૦૯)માં જોડાયો હતો. તે કાર્ય બે તબક્કે કરવામાં આવ્યું હતું. એના પહેલા તબક્કામાં મુહમ્મદ તેના ધાર્મિક કાર્યમાં રચ્યોપચ્યો હતો; અને બીજામાં એના ધાર્મિક કાર્યની ઉપર, તેને પોતાને અભિભૂત કરી નાંખે એ રીતનું, તેનું રાજદ્વારી અદ્ભુત કાર્ય હતું. શુદ્ધ ધાર્મિક બાબતોમાં મુહમ્મદે પંદરેક વર્ષ ગાળ્યાં. બીજા તબક્કામાં મુહમ્મદ પોતાના ઘરના રમ્ય સ્થાનનો ત્યાગ અથવા 'હિજરત' ('હીજાહ') કરી અન્ય રમ્ય સ્થાન યથ્રીબમાં ગયો, જે પાછળથી સૌથી ઉત્તમ એવું મદીના 'શહેર' કહેવાયું. હીજાહને મુસ્લિમ લોકો એક એવા સૂક્ષ્મ બનાવ તરીકે ગણે છે કે તેઓ એને ઈસ્લામ યુગની પહેલી તારીખ માને છે. મુહમ્મદની હત્યા માટે માણસો પાછળ પડયા હતા, એ એક ભાગેડુ શરણાર્થી હતો. પરંતુ સાત વર્ષ (ઈ. સ. ૬૨૨ થી ૬૨૯) બાદ એ મક્કા પાછો ફર્યો – દેશવટામાંથી 'માફી પામેલા' તરીકે નહિ, પણ અર્ધા અરેબિયાના ધણી અને સ્વામી તરીકે.

## મેકિયાવેલી

મેકિયાવેલી (ઈ. સ. ૧૪૬૯ થી ૧૫૨૭) ફ્લૉરેન્સનો નાગરિક હતો. મેકિયાવેલી જે જમાનામાં જન્મ્યો હતો તે અરસામાં ઈટાલી સામે પરદેશી સત્તાઓએ આક્રમણ કરી જે આહ્‌વાન ફેંક્યું હતું, તેનો સામનો કરવાનો હતો. પ્રતિકાળના એ અનુભવમાંથી—જીવનમાંથી પસાર થવાનું હતું; જો કે એ જમાનાના ઈટાલિયનો માટે એવો અનુભવ કરવો વધારે મુશ્કેલ હતો; કારણ તેમણે અથવા તેમના બાપદાદાઓએ અઢી સૈકાના લાંબા ગાળા દરમિયાન આવો અનુભવ ચાખ્યો નહોતો.

મેકિયાવેલી સ્વભાવથી જ પરિપૂર્ણ રાજદ્વારી શક્તિ ધરાવતો હતો. દ્વીપકલ્પના એક આગળ પડતા નગરરાજ્ય ફ્લૉરેન્સના નગરજન થવાનું તેનું નસીબ હતું. ઓગણત્રીસ વર્ષની વયે તેના ગુણોને લઈને સરકારના સેક્રેટરીની જગ્યા તેને મળી હતી. આ અગત્યની જગ્યાએ ૧૪૯૮માં એ નિમાયો હતો. ફ્રેન્ચ આક્રમણ (૧૪૯૯) પછીનાં ચાર વર્ષ દરમિયાન તેણે નવી "જંગલી" (ફ્રેન્ચ) સત્તાઓનું સ્થાન પોતાને હસ્તક મેળવ્યું. આ અનુભવનાં ચૌદ વર્ષ વીત્યા બાદ, ઈટાલીની રાજદ્વારી મુક્તિના અતિ અગત્યના કામમાં જોડાવાનો કોઈ પણ ઈટાલિયન કરતાં તેને વધારે અધિકાર હતો. પરંતુ ફ્લૉરેન્સની સ્થાનિક રાજદ્વારી મંત્રણાનું ચક્ર ફર્યું. ૧૫૧૨માં સ્ટેટના સેક્રેટરીના પદ પરથી તેને ખસેડવામાં આવ્યો. ત્યાર પછીનાં વર્ષોમાં એણે કારાગાર ભોગવ્યો. તેને રિબાવવામાં આવ્યો. તેમાંથી તે જીવતો બહાર નીકળવા પામ્યો, પણ તે માટે તેને ભારે કિંમત ચૂકવવી પડી. ફ્લૉરેન્સના ગામડામાં તેના ખેતર પર તેને હંમેશને માટે બંધાઈ રહેવાની આજ્ઞા ફરમાવાઈ હતી. તેની આ હકાલપટ્ટીનાં વરસોમાં તેણે 'ધી પ્રિન્સ' પુસ્તક લખ્યું. આ નિબંધનું છેલ્લું પ્રકરણ—'જંગલી લોકોના હાથમાંથી ઈટાલીને સ્વતંત્ર કરવાનો ઉપદેશ'—લખવા માટે મેકિયાવેલીએ પોતાની પેન હાથમાં શા માટે લીધી હતી તેનું પ્રયોજન જણાવે છે. સમકાલીન ઈટાલિયન રાજપ્રકરણના એક જીવન્ત પ્રશ્નને તેણે પોતે છેડયો હતો, એ આશાએ કે અત્યારે પણ જે શક્તિઓ વ્યવહારુ ઉપયોગમાંથી વંચિત રહી હતી તેમનું રૂપાંતર થતાં સર્જનાત્મક વિચારોમાં તેનું નિરાકરણ થાય.

વસ્તુતઃ, 'ધી પ્રિન્સ'માં જે રાજપ્રકરણી આશાઓ ચીતરવામાં આવી હતી તે સર્વાંશે નિષ્ફળ ગઈ. એ પુસ્તકે તેના લેખકનો નજીકનો હેતુ પાર ન પાડયો. પણ આનો અર્થ એ નથી કે 'ધી પ્રિન્સ' નિષ્ફળ ગયું. આ પછી તેણે રાજપ્રકરણને કેન્દ્રમાં રાખીને જે ચિંતનાત્મક ગ્રંથો લખ્યા તેમના દ્વારા તે દુનિયા પર જે અસર કરી શક્યો તે વ્યવહારુ રાજદ્વારી બાબતોની વિગતોમાં ડૂબેલો ફ્લૉરેન્સનો એક સ્ટેટ-સેક્રેટરી કરી શક્યો હોત તેના કરતાં વધારે વિશાળ અને વધારે મહાન હતી.

'ધી પ્રિન્સ' (રાજા), 'ધી ડિસ્કૉર્સિઝ ઑન લિવી' (લિવી પરનાં સંભાષણો), 'ધી આર્ટ ઑફ વૉર' (વિગ્રહની કલા) અને 'ધી હિસ્ટરી ઑફ ફ્લૉરેન્સ' (ફ્લૉરેન્સનો ઇતિહાસ)માં અર્વાચીન પાશ્ચાત્ય રાજદ્વારી ફિલસૂફીનાં બીજ છે.

## દાન્તે (૧૨૬૫–૧૩૨૧)

બસો વર્ષ પહેલાં, દાન્તેના જીવન દ્વારા આપણને ઉપરની વાતનો સમાંતર દાખલો મળી રહે છે. વાસ્તવમાં જ્યાં સુધી દાન્તેને તેના ગામમાંથી હાંકી કાઢવામાં આવ્યો નહોતો ત્યાં સુધી તેણે પોતાનું જીવનકાર્ય શરૂ કર્યું નહોતું. ફ્લૉરેન્સમાં દાન્તે બિયેટ્રીસના પ્રેમમાં પડયો હતો, તે પણ તેના મરણ વખતે, એ બીજા માણસની પત્ની હતી ત્યારે; અને ફ્લૉરેન્સમાં તે રાજપ્રકરણમાં પડયો, તે પણ દેશવટો લેવાને જ. એ દેશવટામાંથી એ કદી પાછો ફર્યો નહિ. પરંતુ બીજી બાજુ, એણે દુનિયાનું નાગરિકત્વ મેળવ્યું હતું, કારણ કે એની જે પ્રતિભા એક વાર રાજદ્વારી બાબતોમાં નિષ્ફળ ગઈ હતી તે જ પ્રતિભાએ, 'ડિવાઈના કૉમેડિયા'નું સર્જન કરીને, તેને તેના શ્રેષ્ઠ જીવનકાર્યનું ક્ષેત્ર મેળવી આપ્યું હતું.

*

[ ૨ ]

આપણે જ્યારે મેકિયાવેલી વિશે વાત કરતા હતા ત્યારે જોયું કે બે સૈકાઓના સમય દરમિયાન—તેરમા સૈકાના અધવચના ગાળામાં — હોહેન્સ્ટોફ્રેનના નાશથી માંડી પંદરમા સૈકાની આખરે ફ્રેન્ચ લોકોએ ઈટાલી પર ચડાઈ કરી ત્યાં સુધી, 'અડધી જંગલી સામંતશાહી'માંથી — જે આલ્પ્સની પેલે પાર યુરોપમાં ચાલી રહી હતી તેમાંથી — ઈટાલી બચી જવા પામ્યું હતું. આ અઢી સૈકાની સુરક્ષિતતાના સમય દરમિયાન ઈટાલીની પ્રતિભાએ સૌથી મોટાં પરાક્રમો કર્યાં, જે વિશાળ હોવાને બદલે ઊંડાં હતાં. તે 'ભૌતિક' નહોતાં, આધ્યાત્મિક હતાં. સ્થાપત્ય, મૂર્તિવિધાન, ચિત્રકળા, સાહિત્ય અને આનંદમીમાંસા આ પ્રત્યેક ક્ષેત્રમાં તથા સામાન્ય સંસ્કૃતિમાં ઈટાલિયન લોકો સર્જનાત્મક કૃતિઓ રચવામાં પડયા હતા. તેને આપણે ઈ. સ. પૂર્વે પાંચમા અને ચોથા સૈકાના ગ્રીક લોકોએ ઈટાલીના જેટલા જ સમયમાં જે સર્જનાત્મક કૃતિઓ રચી તેમની સાથે સરખાવી શકીએ. ખરેખર મરી ગયેલી હેલેનિક સંસ્કૃતિના આત્માને પાછો જાગૃત કરીને, ગ્રીક લોકોએ જે સાધ્યું હતું તેનું — જે જાણે સ્વયંભૂ (absolute) ધોરણવાળું અને સંસ્કૃત હતું તેનું — અનુકરણ કરી શકાય પણ અતિક્રમણ તો ન જ કરી શકાય, એમ માનીને ઈટાલિયન લોકો પ્રાચીન ગ્રીસ પાસેથી પ્રેરણા મેળવતા; અને આપણે પણ એમના જ પગલે ચાલી શિક્ષણના 'ક્લાસિકલ' તંત્રની સ્થાપના કરી છે. અત્યારે હવે 'ટેક્નોલોજી'ના હકો આગળ આ તંત્ર ભૂંસાતું જાય છે.

ટૂંકામાં, માંડ માંડ રક્ષણ પામેલા તેમના દ્વીપકલ્પમાં ઈટાલિયન લોકોએ પરદેશી રાજ્યના શાસનમાંથી મુશ્કેલીથી મેળવેલ મુક્તિમાં ઈટાલીની આગવી દુનિયા સર્જી હતી, અને તેમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની ભૂમિકા એટલે ઊંચે સુધી લઈ જવામાં આવી હતી કે તેનાથી પછાત રહેલી સંસ્કૃતિ સાથે તેનો જે અંશાત્મક તફાવત હતો તે જુદા પ્રકારમાં પરિણમ્યો. પંદરમા સૈકાની આખરે તેઓ પોતે બીજા પાશ્ચાત્ય લોકો કરતાં પોતાને — અરધા અહંકારમાં અને અરધા ઉત્સાહમાં — એટલા તો ઉચ્ચ માનવા લાગ્યા હતા કે આલ્પ્સની પેલે પાર તથા ટીર્હીન-દરિયાની પેલે પાર રહેતા લોકોને તેમણે 'જંગલી' (Barbarian) કહેવાની પ્રથા ફરીથી શરૂ કરી. ત્યાર બાદ આ 'જંગલી' લોકોએ આ ઈટાલિયન 'પ્રબુદ્ધ' બાળકો કરતાં પોતે રાજપ્રકરણમાં તથા લડાઈની બાબતોમાં વધારે શાણા હતા તેવું તેમની વર્તણૂક દ્વારા બતાવ્યું. જેમ જેમ ઈટાલીની સંસ્કૃતિ દ્વીપકલ્પમાંથી બધી દિશાઓમાં પ્રસરતી ગઈ તેમ તેમ આજુબાજુની પ્રજામાં સંસ્કૃતિનો વિકાસ થતો ગયો અને સૌથી પહેલાં સંસ્કૃતિની ભૌતિક ભૂમિકા પર તે દેખાવા લાગ્યો — જેમ કે, રાજદ્વારી સંસ્થાઓમાં અને મિલિટરી 'ટેકનિક'માં. તેના પ્રચારની મુખ્ય અસર એ ક્ષેત્રે એકદમ થવા માંડી; અને જ્યારે 'જંગલી' પ્રજાઓએ આ ઈટાલીની કળાઓ ઉપર પ્રભુત્વ મેળવ્યું ત્યારે ઈટાલીનાં નગર રાજ્યો કરતાં ઘણા મોટા પાયા ઉપર તેઓ તેને લાગુ પાડી શકયા હતા.

ઈટાલિયન લોકો સબળ પાયા પર જે વસ્તુ ન કરી શકયા તે 'જંગલી' માણસો મોટા પાયા પર કરી શકયા તેનું કારણ એ હતું કે ઈટાલિયન લોકો પાસેથી તેઓ જે પાઠ શીખ્યા તે જે સંજોગોમાં એ શીખ્યા તેના કરતાં વધારે સહેલા સંજોગોમાં હતા. ઈટાલિયન રાજપુરુષોને અમુક વિઘ્નો નીચે કામ કરવું પડતું હતું, જ્યારે 'જંગલી' રાજપુરુષોને **સત્તાની સમતુલા** (Balance of power)ના કાયદાએ કામ સરલ કરી આપ્યું હતું.

જ્યારે કોઈ સમાજ એકબીજાથી સ્વતંત્ર એવાં સ્થાનિક નાનાં રાજ્યોમાં વહેંચાઈ જાય છે, ત્યારે રાજદ્વારી તંત્ર ગતિશીલ બને છે અને એને **સત્તાની સમતુલા** કહેવામાં આવે છે. જે ઈટાલિયન સમાજ બાકીનાં પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યોથી અલગ પડી ગયો હતો, તે પોતાના અંદરઅંદરના સંબંધોમાં પણ એ જ રીતે સ્પષ્ટપણે અલગ પડી ગયો હતો. કેટલાંય નગરરાજ્યોએ 'પવિત્ર રોમન સામ્રાજ્ય'—

માંથી છૂટા પડવાની હિલચાલ,—દરેક જાણે પોતાને માટે જ આત્મનિર્ણયનો હક સર્જ્યો હોય તે રીતે—કરી હતી. આ રીતે ઇટાલીની દુનિયા જાણે ભિન્ન સર્જન બની ગયું, અને સાથેસાથે ઘણાં બધાં રાજ્યોમાં તેના વિભાજનની ઘટના સમાન્તર અને સમકાલીન બનાવો સમી હતી.

આવી દુનિયામાં 'સત્તાની સમતુલા' સામાન્ય રીતે એવી પદ્ધતિએ કાર્ય કરે છે કે જેથી રાજદ્વારી ધોરણની રૂએ રાજ્યોની સરેરાશ મેધા નીચલી કોટીની રહે—તેનાં પ્રદેશ, વસ્તી અને સમૃદ્ધિની દૃષ્ટિએ; કારણ કે જો કોઈ રાજ્ય સરેરાશ કરતાં વધારે આગળ જવાનો પ્રયત્ન કરે તો આજુબાજુનાં બધાં રાજ્યો તરફથી, લગભગ સ્વયંપ્રેરિત રીતે, તેના પર દબાણ લાવવામાં આવે. 'સત્તાની સમતુલા'નો એક નિયમ એવો છે કે લાગતાંવળગતાં રાજ્યોનાં વૃંદનું જે મધ્યબિંદુ હોય ત્યાં આગળ તે દબાણ વધારેમાં વધારે હોય, જ્યારે પરિઘ પરના દૂરના પ્રદેશોમાં ઓછામાં ઓછું હોય.

મધ્યબિંદુ પાસે જો કોઈ રાજ્ય જરા પણ, કોઈ પણ દિશામાં, મોટું થવા જાય તો તેના પર સખત જાપતો રાખવામાં આવે, અને બાકીનાં પડોશી રાજ્યો સિફતથી તેની હિલચાલની સામે થાય; અને થોડાક ચોરસવાર જમીન પણ સખત ઝઘડાનું મૂળ બને. દૂરના પરિઘ પર આથી ઊલટું બને. હરીફાઈ નબળી પડતી જાય અને નાના શા પ્રયત્નથી પણ ઘણું મેળવી શકાય—કોઈનું પણ ધ્યાન ન ખેંચે એવી રીતે. દા. ત. અમેરિકા આટલાન્ટિકથી પેસિફિક મહાસાગર સુધી પોતાનો વિસ્તાર વધારી શકે છે અને રશિયા બાલ્ટિકથી પેસિફિક સુધી વિસ્તરી શકે છે; પરંતુ ફ્રાન્સ કે જર્મની ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ આલ્પ્સ કે પોઝેન પરનું પોતાનું સ્વામિત્વ આહ્વાન આપ્યા સિવાય જતું કરી શકે નહિ.

રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સનો આજના પાશ્ચાત્ય યુરોપનાં જૂનાં અને ગીચોગીચ પ્રજાનાં રાજ્યો સાથે જેવો સંબંધ છે તેવો જ સંબંધ ચારસો વર્ષ પહેલાં—લુઈ અગિયારમાનું રાજદ્વારી દૃષ્ટિએ તદ્દન 'ઇટાલિયનાઇઝ' થયેલું ફ્રાન્સ, એરેગોનના ફર્ડીનાન્ડે રાજદ્વારી દૃષ્ટિએ તદ્દન 'ઇટાલિયનાઇઝ' કરેલું સ્પેન અને શરૂઆતના ટ્યૂડરોએ 'ઇટાલિયનાઇઝ' કરેલું ઇંગ્લેન્ડ—આ ત્રણે સમાજોનો પરસ્પરનો સંબંધ ફ્લોરેન્સ, વેનિસ અને મિલાનનાં સમકાલીન ઇટાલીનાં નગરરાજ્યો જેવો હતો.

* તુલનાત્મક દૃષ્ટિએ આપણે જોઈ શકીએ છીએ કે ઈ. સ. પૂર્વેના આઠમા, સાતમા અને છઠ્ઠા સૈકામાં એથેન્સનું આત્મનિરીક્ષણ અને ક્રિશ્ચિયન યુગના તેરમા, ચૌદમા અને પંદરમા સૈકામાં ઇટાલીનું પણ એ પ્રકારનું આત્મનિરીક્ષણ એ બે વચ્ચે બહુ સામ્ય છે. બંનેમાં રાજદ્વારી ક્ષેત્રે તેમનો 'ત્યાગ' આગ્રહપૂર્વકનો અને સંપૂર્ણ હતો. આ બંને દાખલાઓમાં પોતાની જાતે જેણે જાહેર જીવનનો 'ત્યાગ' કર્યો છે તેવી લઘુમતીએ આખા સમાજ સામે આવી પડેલા પ્રશ્નનું નિરાકરણ શોધવામાં પોતાની શક્તિઓ વાપરી; અને બંને દાખલાઓમાં સર્જનાત્મક લઘુમતીએ, તેની સર્જનકૃતિ પૂરી થઈ રહી ત્યારે, વળી પાછી જે સમાજને એણે થોડા વખત માટે છોડયો હતો તે સમાજમાં આવીને આખા સામાજિક શરીર પર એની મહોર મારી. વસ્તુતઃ એથેન્સે અને ઇટાલીએ જે પ્રશ્નોનું નિરાકરણ તેમના એકાન્તમાં કર્યું હતું તે લગભગ સરખું હતું. હેલાસના એટ્રિકાની માફક, પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યોમાંના લોમ્બાર્ડી અને ટસ્કનીએ એકાન્તમાં સામાજિક પ્રયોગશાળાની ગરજ સારી હતી, અને તેમાં થયેલા પ્રયોગને અંતે તેમણે સ્થાનિક સ્વપર્યાપ્ત ખેતીનિર્ભર સમાજને, આંતર-પ્રજાકીય ધોરણે, સ્વતંત્ર ઉદ્યોગ અને વેપારયુક્ત આગળ પડતા સમાજમાં સફળતાપૂર્વક ફેરવી નાંખવાનું કાર્ય કરી બતાવ્યું હતું. વેપારધંધામાં અને ઉદ્યોગોમાં આગળ પડતું એથેન્સ, રાજદ્વારી ભૂમિકાએ જન્મથી 'શિષ્ટ જનસત્તાક' તંત્ર, સંપત્તિ પર રચાયેલા મૂડીવાદી તંત્રમાં ફેરવાઈ ગયું હતું.

ઈટાલીના દાખલામાં પણ એમ જ બન્યું. પરંપરાગત સંસ્થાઓને, નવા જીવનમાર્ગને અનુરૂપ થાય તે રીતે, ધરમૂળથી ફેરવી નાખવામાં આવી હતી. મિલાન, બોલોગ્ના અથવા ફ્લોરેન્સ કે સિયેના વેપાર અને ઉદ્યોગમાં પડેલાં હોવાથી, પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યોમાંની ચાલુ સામંતશાહીમાંથી, 'વ્યક્તિગત નાગરિકો વચ્ચે સીધા સંબંધના નવા તંત્ર'માં તથા જેનું સાર્વભૌમત્વ નાગરિકોમાં રહેલું છે તેવાં સ્થાનિક સાર્વભૌમ શાસનોમાં ફેરવાઈ ગયાં. આ નક્કર આર્થિક તથા રાજદ્વારી નવી શોધો તેમ જ અદશ્ય અને કલ્પનામાં ન આવી શકે તેવાં ઈટાલિયન લોકોનાં સર્જનો પંદરમા સૈકાના લગભગ અંતમાં ઈટાલીએ આલ્પ્સની પેલે પાર પ્રગટ કર્યાં હતાં.

પરંતુ ગ્રીસ યા એથેન્સ જે પદ ભોગવતું હતું અને પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યોમાં ઈટાલિયન નગરરાજ્યો જે પદ ભોગવતાં હતાં તે બે વચ્ચે એક અગત્યના મુદ્દા પર વૈષમ્ય હતું. આથી કરીને, આ તબક્કે, 'પાશ્ચાત્ય' અને 'હેલેનિક' ઈતિહાસના એકમેકનાં રસ્તા જુદા પડે છે. દા. ત. એથેન્સ નગરરાજ્યોની દુનિયામાંનું એક નગરરાજ્ય હતું; પરંતુ મધ્યયુગના સમયમાં ઈટાલિયન દુનિયાની અંદરની બીજી દુનિયામાં જે રીતનું નગરરાજ્યનું સ્વરૂપ ઘડાયું હતું તે પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યનો મૂળ સામાજિક પાયો ન હતો; એનો મૂળ પાયો સામંતશાહી પર રચાયો હતો; આથી જ્યારે ઇટાલિયન નગરરાજ્યો ફરીથી પાશ્ચાત્ય સમાજના મૂળ શરીર સાથે ભળી ગયાં ત્યારે, પંદરમા સૈકાનો અંતે, પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યોનો ઘણો મોટો ભાગ સામંતશાહીના પાયા ઉપર હજી ઊભો હતો.

* આ પરિસ્થિતિએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો તેનું સિદ્ધાંતની દૃષ્ટિએ બે રીતે નિરાકરણ થઈ શકે—

એક નિરાકરણ : ઈટાલી જે નવી સામાજિક શોધો આપતો દેશ હતો, તેને અનુરૂપ પરિસ્થિતિ ઘડવા માટે, આલ્પ્સને પેલે પાર આવેલું યુરોપ સામંતશાહી સાથેનો પોતાનો સંબંધ તોડી નાખે, અને નગરરાજ્યોના સળંગ પાયા ઉપર પોતાનો સમાજ રચે. બીજું નિરાકરણ : ઈટાલિયન શોધોમાં એ એવો ફેરફાર કરે કે જેથી તે 'સામંતશાહી'ને મળતા રાજ્યતંત્રને અનુરૂપ થાય.

આટલે આવ્યા પછી હવે આપણે પાશ્ચાત્ય ઈતિહાસના બીજા પ્રકારમાં અને એટલા જ પ્રશસ્ત અને ફળદાયી 'ત્યાગ' અને 'પ્રત્યાગમન' પાસે આવીએ છીએ.

## [ ૩ ]

ખેતીના ઉત્પાદન પર નભતા શિષ્ટ જનસમાજમાંથી, નગરરાજ્યોના તંત્રનો સ્વીકાર કર્યા સિવાય, ઉદ્યોગપરાયણ પ્રજાસત્તાક જીવનક્રમ કેવી રીતે ઘડવો એ પ્રશ્ન હવે પાશ્ચાત્ય સમાજ આગળ આવીને ઊભો રહ્યો. આ આહ્‌વાન સ્વિટ્‌ઝર્લૅન્ડ, હોલેન્ડ અને ઈંગ્લેન્ડે સ્વીકાર્યું.

આ ત્રણે દેશો માટે યુરોપના સામાન્ય જીવનથી અળગા પડવાનું શકય બન્યું; કારણ કે ભૌગોલિક પરિસ્થિતિએ તેમને કંઈક અંશે મદદ કરી – સ્વિટ્ઝર્લૅન્ડ તેના પર્વતોથી, હોલૅન્ડ તેના 'ડાઈક્સ'-સેતુ-બંધથી અને ઇંગ્લૅન્ડ તેની ખાડીથી બચી ગયાં; મધ્યયુગનાં નગરરાજ્યોની સૃષ્ટિમાં પેદા થતી આપત્તિમાંથી સ્વિટ્ઝર્લૅન્ડ એક પ્રકારનું સમવાયતંત્ર સ્થાપીને બચી જવા પામ્યું હતું. તેણે પહેલાં હેપ્સબર્ગની અને પછીથી બર્ગન્ડિયન સત્તા સામે તેનું સ્વાતંત્ર્ય જાળવી રાખ્યું હતું. તો, ડચ લોકોએ સ્પેન વિરુદ્ધ લડી, પોતાના સ્વાતંત્ર્યની સ્થાપના કરી હતી, અને સાત સંયુક્ત પ્રાન્તોનું એક સમવાયતંત્ર રચ્યું હતું. અને ઇંગ્લિશ લોકોની 'સો વર્ષની લડાઈ' (Hundred years' war)માં છેવટે હાર થઈ; તેને લીધે યુરોપ ખંડમાં 'ખંડણી રાજ્યો' સ્થાપવાની તેમની મહત્ત્વાકાંક્ષા નિષ્ફળ રહી હતી. ડચ લોકોની

જેમ તેમણે ઈલિઝાબેથની છત્રછાયા નીચે કેથોલિક સ્પેનનું આક્રમણ હઠાવ્યું હતું. તે પછી, ૧૯૧૪–૧૮ના વિગ્રહ સુધી, કંઈ પણ પ્રશ્ન કર્યા વગર એમ માની લેવામાં આવ્યું હતું કે યુરોપ ખંડની બાબતોમાં ઇંગ્લેન્ડે માથું ન મારવું. આ સિદ્ધાંતને બ્રિટિશ વિદેશનીતિનો એક મૂળ અને કાયમનો આશય ગણવામાં આવતો.

સ્વિટ્ઝર્લેન્ડ, હોલેન્ડ અને ઈંગ્લેન્ડ : આ ત્રણે સ્થાનિક લઘુમતીઓ પોતાની અળગા રહેવાની નીતિને એકસરખી રીતે અમલમાં ન મૂકી શકી. સ્વિઝ પર્વતો અને ડચ 'ડાઈક્સ' બેમાંથી એકે ઇંગ્લિશ ખાડી જેટલા સફળ ન નીવડયા. લુઈ ચૌદમા સાથેના વિગ્રહમાંથી ડચ લોકો હજી શ્વાસ ખાઈ બેઠા નહોતા, ત્યાં ડચ અને સ્વિઝ બંને દેશો નેપોલિયનના સામ્રાજ્યમાં થોડા વખત માટે અલોપ થઈ ગયા. ઉપરાંત, સ્વિઝ અને ડચ લોકો તેમની સામે પડેલા પ્રશ્નનું નિરાકરણ શોધવામાં પરોવાયેલા હતા, અને તેથી તે લોકો બીજી રીતે અગવડમાં મુકાયા હતા. તેઓમાંનાં કોઈ કેન્દ્રીય અધિકારવાળાં પ્રજાકીય રાજ્યો નહોતાં, પણ માત્ર શહેરો અને દેશના વિભાગોના સમૂહોનાં શિથિલ સમવાયતંત્રો હતાં. આ રીતે, ઈતિહાસના બીજા પ્રકારમાં ઇટાલીએ જે ભાગ ભજવ્યો હતો તે પ્રશ્ન ઈંગ્લૅન્ડને માથે આવી પડયો, અને ૧૭૦૭ના સંયોગ પછી પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યના ઈતિહાસના ત્રીજા પ્રકારમાં એન્ગ્લો–સ્કોટિશ યુનાઈટેડ કિંગ્ડમ ઓફ ગ્રેટબ્રિટને તે ભાગ ભજવવાનો રહ્યો.

હવે, નગરરાજ્યોના એકમની સીમાઓને ઓળંગીને વધારે મોટા એકમોની જરૂર જણાઈ, કારણ ઇટાલી અલગ રહ્યું હતું. ત્યાર પછીના સમયમાં, કંઈ નહિ તો પણ, સિત્તેર કે એંસી જેટલાં નગરરાજ્યો જીતાઈ ગયેલ હોવાથી તેઓ આઠ કે દસ એકમોમાં જોડાયાં હતાં. આ પરિણામ બે રીતે અપૂરતું હતું : એક તો, આ નવા ઈટાલિયન રાજદ્વારી એકમો, જો કે પહેલાંની સરખામણીમાં મોટા હતા તો પણ, જ્યારે 'જંગલી' લોકોના આક્રમણનો વખત આવ્યો ત્યારે તેમની સામે ટકી શકે એટલા મોટા ન હતા. બીજું એ કે આ નવા મોટા એકમોમાં જે નવી સરકારનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું તે હંમેશાં જુલમી હતું, અને નગરરાજ્યના તંત્રનો રાજદ્વારી ગુણ તેમનામાં એ કારણે લુપ્ત થયો હતો. પાછળના દિવસોનું આ નવું ઇટાલિયન જુલમી રાજ્યતંત્ર હતું અને આલ્પ્સની પેલે પાર રહેલા મોટા રાજદ્વારી એકમોએ તે સ્વીકાર્યું—સ્પેનમાં હેપ્સબર્ગોને, ફ્રાન્સમાં વેલોયને અને બુર્બોન્સને; ઓસ્ટ્રિયામાં ફરી પાછું હેપ્સબર્ગોને અને છેવટે પ્રુશિયામાં હોએનઝોલેર્નોને પણ વિકાસની આ દેખાતી તેજરેખા અંધારી ગલીમાં લઈ ગઈ, કારણ કે કોઈક પ્રકારના રાજદ્વારી પ્રજાસત્તાકના પુરુષાર્થ સિવાય, આલ્પ્સની પેલે પાર આવેલ દેશો માટે, ઇટાલીએ શરૂઆતમાં જે આર્થિક બાબતો સિદ્ધ કરી હતી—ખેતીપ્રધાન તંત્રમાંથી વેપાર અને ઉદ્યોગપ્રધાન તંત્રમાં ફેરવાઈ જવાનો જે પુરુષાર્થ ઇટાલીનાં નગરરાજ્યોએ કર્યો હતો—તેની હરીફાઈ કરવાનું અશક્ય હતું.

ફ્રાન્સ અને સ્પેનથી વિરુદ્ધ ઇંગ્લેન્ડમાં અનિયંત્રિત રાજાશાહીએ જે આહ્વાન આપ્યું તેણે આલ્પ્સની પેલે પારના રાજદ્વારી શરીરમાં નવો પ્રાણ અને નવા ધર્મો લાવવાનું કરી બતાવ્યું, કારણ કે પાશ્ચાત્ય ક્રિશ્ચિયન રાજ્યોના સમાન ભૂતકાળમાંથી એકસરખો વારસો ફ્રેન્ચ અને સ્પેનિશ લોકોને મળ્યો હતો; એટલું જ નહિ, ઇંગ્લિશ લોકોને પણ મળેલો. આલ્પ્સની પેલે પારનાં રાજ્યોની પરંપરાગત સંસ્થાઓમાં એક એવી સંસ્થા હતી, જે અમુક અમુક સમયે રાજા અને જાગીરો વચ્ચે (પાર્લામેન્ટ અથવા મંત્રણા-સભા) મળતી, અને તેનું બંને બાજુનું કામ રહેતું. એક તો એ કે પ્રજા પોતાનાં દુ:ખો કહી શકે; અને બીજું, રાજાને નાણાં જોઈતાં હોય ત્યારે તે જાગીરોમાંથી મળી શકે. અલબત્ત, તે એ સમજણ ઉપર કે પ્રજાનાં પાયાનાં દુઃખોનું નિરાકરણ થવું જોઈએ. આ સંસ્થાના વિકાસમાં આલ્પ્સની પેલે પારનાં રાજ્યોને એમ લાગ્યું કે ભૌતિક પ્રાદેશિક પ્રશ્નો—મોટા ટોળામાં એકઠા થતા માણસો અને

વ્યવહારુ રીતે ન હાજર રહી શકાય એટલાં અંતરો જેવા પ્રશ્નોનો—નિકાલ 'પ્રતિનિધિત્વ'ની કાયદેસરની રચના દ્વારા થઈ શકે. આ રીત તેમણે શોધી કાઢી, અથવા ફરીથી શોધી કાઢી. પાર્લામેન્ટમાં જે કંઈ કામ થાય તેમાં દરેક વ્યક્તિ માટે અંગત ભાગ લેવાનો હક અથવા તેવી ફરજ, જે નાનાં નગરરાજ્યમાં આપોઆપ દેખીતી રીતે શક્ય હતાં તે, આ ભારેખમ સામંતશાહી રાજ્યોમાં અશક્ય હતાં. નાગરિક સીધી રીતે નહિ, પણ પ્રતિનિધિ કે પ્રોક્સી રૂપે હાજર રહેતો. જ્યાં પાર્લામેન્ટ ભરાતી હોય ત્યાં મુસાફરી કરવાની ફરજ પ્રોક્સીએ માથે ચડાવવાની છે એમ સ્વીકારાવા લાગ્યું હતું. અમુક વખતે મંત્રણાઓ કરવા માટે જ ભરાતી આવી સામંતશાહી સંસ્થાનો મૂળ હેતુ રાજા અને તેની પ્રજા વચ્ચેના સંબંધો પૂરતો ખૂબ જ મર્યાદિત હતો. એથી ઊલટું, જે કામ માટે સત્તરમા સૈકાના ઇંગ્લેન્ડે પાર્લામેન્ટ જેવી સંસ્થાનો સફળતાથી ઉપયોગ કર્યો હતો તે કામ હતું—રાજાના ધર્મો પોતાને માથે લેવાનું અને રાજદ્વારી સત્તાના મુખ્ય પ્રભાવસ્થાનને આસ્તેથી પોતાને હાથ કરવાનું.

*

સવાલ એ થાય છે કે આલ્પ્સની પેલે પારના કોઈ પણ સમકાલીન રાજ્યે જે આહ્વાનને સ્વીકારી લેવાની શક્તિ ન બતાવી, તે આહ્વાન ઇંગ્લિશ લોકોએ શા માટે સ્વીકાર્યું અને શા માટે તેનો સફળ રીતે જવાબ આપી શકાયો? આ પ્રશ્નનો ઉત્તર બે હકીકતમાં મળી આવશે: એક હકીકત એ છે કે ખંડ ઉપરનાં સામંતશાહી રાજ્યો કરતાં ઇંગ્લેન્ડ નાનું હતું; અને બીજી હકીકત એ કે તેની સીમાઓ વધારે ચોકસાઈપૂર્વક અંકાયેલી હતી. એટલે કે તેણે તેના પડોશીઓ કરતાં સામંતશાહી અસ્તિત્વથી નિરાળું એવું ખરેખરું પ્રજા તરીકેનું અસ્તિત્વ પહેલેથી પ્રાપ્ત કર્યું હતું. પાશ્ચાત્ય ક્રિશ્ચિયાનિટીના ઇતિહાસના બીજા તબક્કે ઇંગ્લિશ રાજાશાહીનું એવું બળ હતું કે ત્રીજા તબક્કે પાર્લામેન્ટનું બળ તેની જગ્યાએ ગોઠવી શકાયું. બીજા સ્તર દરમિયાન વિલિયમ કોન્કરરે, પહેલા અને બીજા હેનરીએ અને પહેલા અને ત્રીજા એડવર્ડે જેટલી સત્તા અને જેટલાં શિસ્તબદ્ધ નિયંત્રણો ભોગવ્યાં હતાં, તેટલાં બીજા કોઈ પણ દેશના રાજાઓએ ભોગવ્યાં ન હતાં. આ બલવાન શાસકોના હાથ નીચે ફ્રાન્સ, સ્પેન કે જર્મનીમાં કદી નહીં થયેલી પ્રજાકીય એકતા ઇંગ્લેન્ડે સર્જી હતી. આ માટે જવાબદાર મુખ્ય કોઈ તત્ત્વ હોય તો તે લંડનનું પ્રાધાન્ય હતું. આલ્પ્સની પેલે પારના કોઈ પણ પાશ્ચાત્ય રાજ્યમાં કોઈ પણ એક શહેર એવું નહોતું કે જે બીજાં બધાં શહેરોને તેની આગળ નાનાં બનાવી દે. સત્તરમા સૈકાને અંતે જ્યારે ઇંગ્લેન્ડની વસતી ફ્રાન્સ અથવા જર્મનીની સરખામણીમાં નજીવી હતી અને સ્પેન અને ઇટાલી કરતાં ઓછી હતી ત્યારે પણ, બધી શક્યતાઓને ગણતરીમાં લઈએ તો પણ, લંડન યુરોપમાં મોટામાં મોટું શહેર હતું.

*હવે, આપણે એવું પ્રતિપાદન કરી શકીએ કે ઇટાલિયન નગરરાજ્યોના તંત્રને પ્રજાકીય પરિમાણમાં લોકજીવનને અનુરૂપ ઘડવાનું સફળ રીતે કરી શકાયું, તેનું કારણ પણ એ જ હતું કે આલ્પ્સની પેલે પારની બીજી કોઈ પણ પ્રજા કરતાં તેનું કદ નાનું હતું અને તેની સીમાઓ ચોક્કસ હતી; તથા તેના રાજાઓ બળવાન હતા, અને ત્યાં એક જ મોટા શહેરનું પ્રાધાન્ય હતું. ટૂંકમાં, નગરરાજ્ય મોટું થાય તેને માટેની સંહતિ અને સ્વભાવ બંને તેણે સાધ્યાં હતાં.

આ બધી અનુકૂળ પરિસ્થતિ ધ્યાન પર લઈએ તો પણ ઇટાલિયન પુનર્જીવન (Renaissance)ની કાર્યક્ષમતા રૂપી નવો દારૂ આલ્પ્સની પેલે પારનાં મધ્યયુગનાં પાર્લામેન્ટરી શાસનરૂપી જૂની બાટલીઓમાં —તે બાટલીઓને તોડયા વગર—ભરવો એ નિર્માણશક્તિનો વિજય છે, જેને આશ્ચર્યજનક પરાક્રમ ગણવો જોઈએ.

સરકારની ટીકા અને તેના વર્તન વચ્ચે જે મોટું અંતર રહેલું છે તેને ઓળંગી જવાનું પરાક્રમ ઇંગ્લિશ રાજ્યબંધારણે, ઇંગ્લિશ સર્જનાત્મક લઘુમતીએ, પાશ્ચાત્ય સમાજ માટે ખંડનાં ધ્યાન ખેંચે એવાં

તત્ત્વોમાંથી અલગતા કેળવીને, પહેલા તબક્કે કર્યું એ કાળ તે એલિઝાબેથન યુગને આવરી લેતો સત્તરમા સૈકાનો મોટો ભાગ. લુઈ ચૌદમાના આહ્વાનના જવાબમાં, માર્લબરોના તેજસ્વી નેતૃત્વ નીચે, અંગ્રેજો જ્યારે થોડેઘણે અંશે અને થોડા સમય માટે યુરોપ ખંડના ક્ષેત્રમાં આવ્યા ત્યારે બ્રિટિશ લોકો શું કરી રહ્યા હતા તે વિશે ખંડના લોકો વિચાર કરવા લાગ્યા. ફ્રેંચ લોકો કોઈક વાર કહેતા તે મુજબ 'એંગ્લોમની'નો યુગ બેસી ગયો હતો. મોન્ટેસ્કુએ ઇંગ્લિશ પરાક્રમની પ્રશંસા કરી અને ગેરસમજ કરી. 'એંગ્લોમની' એટલે કે રાજ્યબંધારણ દ્વારા નિયંત્રિત થયેલી રાજાશાહીના સંપ્રદાયનું સ્વરૂપ. એણે ફ્રેન્ચ વિપ્લવનો દાવાનળ સળગાવવામાં 'ગનપાઉડર'ની ગરજ સારી હતી. અને એ બાબત તો હવે સામાન્ય જ્ઞાનનો વિષય બની રહી છે કે ઓગણીસમી સદી પૂરી થયે, વીસમી સદી ચાલુ થઈ ત્યારે, દુનિયાભરના લોકોમાં એક એવી મહત્ત્વાકાંક્ષા જાગી હતી કે જાણે તેઓ પોતાની રાજદ્વારી નગ્નાવસ્થાને પાર્લમેન્ટના અંજીરના પાંદડે ઢાંકવા માગતા ન હોય! પાશ્ચાત્ય ઈતિહાસના ત્રીજા તબક્કાના પાછળના ભાગમાં, દૂર દૂર પ્રસરેલી ઇંગ્લિશ રાજપ્રકરણી સંસ્થાઓની પૂજા તે પંદરમા અને સોળમા સૈકાઓમાં બીજા તબક્કાના છેવટના ભાગમાંની ઇટાલિયન સંસ્કૃતિની પૂજાના જેવી હતી. ઇટાલીની આ પૂજાનું એક અંગ્રેજને મન દેખાતું દષ્ટાંત એ છે કે, શેક્સપિયરનાં એકતૃતીયાંશ કરતાં વધારે કલ્પનાત્મક નાટકો ઇટાલિયન કથાઓ પર રચાયાં છે. શેક્સપિયર 'રિચાર્ડ બીજા'માં ખરેખર આનો ઉલ્લેખ કરે છે અને 'ઇટાલોમની'ની મશ્કરી કરે છે, જે એની જ કથાના દષ્ટાંતરૂપ છે. વૃદ્ધ અને ડાહ્યા ડ્યૂક ઓફ યૉર્ક પાસે એ કહેવડાવે છે કે નાની વયનો મૂર્ખ રાજા ખોટી રીતે તણાઈ જાય છે:

> હજી પણ આપણી વાંદરા જેવી પ્રજા,
> ખોડંગાતી ચાલે છે –
> મગરૂર ઇટાલીની ફેશનોના અહેવાલના
> હલકા અનુકરણમાં.

કાલગણનામાં પોતાના યુગનાં જે લક્ષણો હતાં તે ચોસરના યુગને ઓઢાડે છે, જો કે બધું જોતાં ચોસર અને એના યુગે આની શરૂઆત જોઈ હતી.

અંગ્રેજોની પાર્લમેન્ટ દ્વારા સરકારની રાજપ્રકરણી 'પ્રજાતંત્રવાદ'ની શોધે, ત્યાર પછી આવતી ઇંગ્લિશ ઉદ્યોગીકરણની શોધને અનુકૂળ સામાજિક સ્થાપના મળે તેવું કરી આપ્યું. 'પ્રજાતંત્રવાદ' એ અર્થમાં કે સરકારનું એક એવું તંત્ર, જેમાં 'કાર્યનિર્વાહક' (executive) હંમેશાં લોકોના પ્રતિનિધિઓની બનેલી પાર્લમેન્ટને અધીન હોય છે; અને 'ઉદ્યોગીકરણ' એ અર્થમાં કે ફેક્ટરીઓમાં કેન્દ્રીભૂત થયેલાં 'માણસો'થી ચાલતાં મશીનો દ્વારા ઉત્પાદનનું તંત્ર ચાલે છે. આ બંને આ યુગની પ્રધાન સંસ્થાઓ છે.

ઇટાલિયન નગરરાજ્યની સંસ્કૃતિને નગરરાજ્ય પરથી રાજ્યની નવતર પરંપરામાં લઈ જવા માટેનું રાજપ્રકરણી અને અર્થપ્રકરણી પરાક્રમ કરવા સારુ જે નિરાકરણ પાશ્ચાત્ય સમાજને સૌથી ઉત્તમ લાગ્યું હતું તે તેણે આપ્યું. આથી કરીને તે હાલ પણ પ્રચલિત છે. જે યુગને ત્યાર પછીના રાજદ્વારી પુરુષે 'ઉજ્જ્વલ એકલાપણા'નો કહ્યો છે તેમાં એ બંને નિરાકરણો તૈયાર થયેલાં હતાં.

*

અંતમાં પશ્ચિમના ઈતિહાસમાં રશિયા શો ભાગ ભજવશે, એ તપાસીશું.

જે પાશ્ચાત્ય સમાજ વિસ્તૃત થઈ રહ્યો છે તે મહાન સમાજના સમકાલીન ઈતિહાસમાં—જ્યારે બાકીના બીજા બધા હજી ભૂતકાળની વિગતોનો સમન્વય કરવામાં રોકાયેલા છે ત્યારે–એક યુગ સમતુલા ગુમાવીને બીજા યુગમાં ઢળી પડે એવાં વલણનાં લક્ષણો શું આપણે જોઈએ છીએ? અને આખા

સમાજનો કોઈ એક ભાગ, એકલો, ભાવિની પ્રજાનું નિરાકરણ શોધવામાં પડયો છે, જેનાથી આપણને એમ જાણ થાય કે વિકાસની પ્રક્રિયા હજી ચાલુ છે?

જેમ, પહેલાંના પ્રશ્નોનાં ઈટાલિયન નિરાકરણોએ આપણી સમક્ષ જે નવા પ્રશ્નો ઉપસ્થિત કર્યા અને તેમનાં પાછાં 'ઇંગ્લિશ નિરાકરણો' આપણને મળ્યાં, તેમ હવે આ 'ઇંગ્લિશ નિરાકરણો' તેમનો વખત આવ્યે શું નવા પ્રશ્નો ઉપસ્થિત નહિ કરે? આપણા જમાનામાં 'પ્રજાતંત્રવાદ' અને 'ઉદ્યોગીકરણ'ની ફત્તેહે બે નવાં આહ્‌વાનો આપણી સમક્ષ રજૂ કર્યાં છે, અને તેમના પ્રત્યે આપણે સજાગ રહેવાનું છે.


વિગતમાં ઊતરીએ તો, ઉદ્યોગીકરણના આર્થિક તંત્રનું સ્વરૂપ સમજવું જોઈએ. આ તંત્ર નિપુણ અને ભારે કિંમતનું ઉત્પાદન કરવા માટે અમુક વસ્તુ બનાવવામાં જો નિષ્ણાત હોય, અને તે વસ્તુ વેચવા માટેની માર્કેટ દુનિયાભરની હોય, તો તે પ્રકારની વ્યવસ્થા માટે અમુક પ્રકારનું વ્યાપક માળખું માગી લે છે. સામાન્ય રીતે કહીએ તો, 'ઉદ્યોગીકરણ' અને 'પ્રજાતંત્રવાદ' બંને એવું માળખું માગે છે; કે જેમાં સમાજમાં રહેતી માણસજાત — પોતે વ્યવહારમાં મૂકવા ટેવાયેલી છે એના કરતાં વધારે — મનુષ્યસ્વભાવ પાસેથી વ્યક્તિગત સંયમ અને પરસ્પર સહિષ્ણુતા તથા લોકહિતવાળો સહકાર માગી લે છે; કારણ કે આ નવી સંસ્થાઓએ મનુષ્યનાં બધાં સામાજિક કાર્યોમાં અગાઉ કદી ન હતું તેવું શક્તિશાળી પ્રોત્સાહન પૂરું પાડયું છે. દાખલા તરીકે, સામાન્યપણે આપણે એ બાબતમાં સંમત છીએ કે આધુનિક 'સામાજિક' અને 'ટેકનોલોજિકલ' પરિસ્થિતિમાં આપણે મુકાયા છીએ. આથી કરીને આપણી વચ્ચેના તફાવતોનું નિરાકરણ કરવાનું કામ કેવળ વિગ્રહની રીત પર ન છોડવું જોઈએ. આપણે સર્વ પ્રથમ એ વિચારવું જોઈએ કે આ આહ્‌વાનોએ કોઈ પણ પ્રકારના 'ત્યાગ'ના અને પાછળથી આવતા 'પ્રત્યાગમન'ના દાખલાઓ આપણી આગળ મૂકયા છે કે નહિ.

અલબત્ત, હજી તો સ્પષ્ટ રીતે શરૂ થતા તબક્કામાં છે તેવા ઈતિહાસના પ્રકરણ ઉપર કંઈ પણ કહેવું વધારે પડતું ગણાશે; પરંતુ આપણે એટલો જ વિચાર કરવાનું સાહસ કરીએ કે જૂના મતવાદી ક્રિશ્ચિયન રશિયન રાજ્યમાં આજની સ્થિતિનું નિરાકરણ આપણને મળે છે કે નહિ.

વાસ્તવમાં રશિયન 'સમાજવાદી' હિલચાલમાં, પીટર ધી ગ્રેટે બે સૈકાંઓ પહેલાં રશિયા પર જે 'પાશ્ચાત્યીકરણ' લાદ્યું હતું તેની વિરુદ્ધ છદ્મવેશે રશિયન 'ઝેલટ'નો આ પ્રયત્ન હતો. સાથે સાથે આપણે એ પણ જોયું કે એ છદ્મવેશ 'અતિસરલતા'માં પરિણમ્યો છે. આપણે એ અનુમાન પર આવીએ છીએ કે કમને પાશ્ચાત્ય બનેલા રશિયાએ, પાશ્ચાત્ય વિપ્લવવાદી હિલચાલ, પાશ્ચાત્ય દુનિયા વિરુદ્ધની ચેષ્ટા તરીકે આદરેલી છે. તે કોઈ પણ પાશ્ચાત્ય સામાજિક સંપ્રદાયના રૂઢિચુસ્ત પ્રયોગ કરતાં રશિયાના પાશ્ચાત્યીકરણનું પ્રબલ સાધન નીવડી છે. રશિયા અને પશ્ચિમ વચ્ચે સામાજિક આપ-લેનું જે છેવટનું પરિણામ આવ્યું છે, તેને આપણે નીચેના સૂત્રમાં મૂકી શકીએ —

* જે બે જુદા જુદા સમાજો વચ્ચે પહેલાં માત્ર બાહ્ય સંપર્ક હતો તેનું આ રૂપાંતર યુરોપમાંના એક મહાન સમાજમાંના આંતરિક અનુભવ રૂપ બની રહેલ છે. આનાથી આગળ જઈને શું આપણે કહી શકીશું કે હવે રશિયા તે મહાન યુરોપીય સમાજમાં ભળી જશે? શું તે તેના સામાન્ય જીવનમાંથી અલગ પડી, હવે એવી સર્જનાત્મક લઘુમતીનો પાઠ ભજવવા માગે છે, જે મહાન યુરોપીય સમાજના ચાલુ પ્રશ્નોનો ઉકેલ કાઢવા પ્રયત્ન કરશે? કાંઈ નહિ તો પણ આ માનવા જેવું છે. અને અત્યારના રશિયન પ્રયોગના ઘણા પ્રશંસકો માને છે તેમ, અંતે રશિયા આ સર્જનાત્મક પાઠમાં તેનું 'પ્રત્યાગમન' મહાન સમાજમાં કરશે.

[ટાયન્બી કૃત 'ઈતિહાસનો અભ્યાસ' – પ્રા. પ્રાણજીવન પાઠકના અનુવાદને આધારે]



૧૫મી ૧૬મી સદીમાં નવી ભૌગોલિક શોધખોળોના પ્રવાસ માર્ગો
કેબોટ
૧૪૯૭
A
કોલંબસ
૧૪૯૨
મેગેલાન
૧૫૧૯
ડ્રેક
૧૫૭૭
ડ્રેક ૧૫૭૯
મેગેલાન
૧૫૨૦
મેગેલાન ૧૫૨૨
ડ્રેક
૧૫૮૦
વાસ્કો
દ ગામા
૧૪૯૭
કોલંબસ
ડ્રેક
મેગેલાન
વાસ્કો દ ગામા
કેબોટ

## વ્યક્તિ-સૂચિ


અલ ગઝ઼લી (અરબી ચિંતક) ૮
અલ ફરાબી – અબુ નાસર (અરબી ચિંતક) ૮
અલિન્ડર (પોપનો પ્રતિનિધિ) ૭૮
અલી (પયગંબર મુહમ્મદનો જમાઈ) ૧૧૨
આદમ (આદ્ય પુરુષ) ૧૮, ૧૯, ૨૦, ૨૯, ૩૨, ૬૨, ૮૭
આલ્ફાન્ઝો પહેલો (નેપલ્સનો શાસક) ૨૫, ૨૬
આલ્બર્ટ (ડોમિનિક ધર્માચાર્ય) ૧૧
આલ્બર્ટી બેટિસ્ટા (સ્થપતિ) ૧૮, ૨૫
આલ્બર્ટી લિયો (સમાજસુધારાવાદી લેખક) ૩૮
આલ્બર્ટ (પ્રુશિયાનો ડ્યુક) ૮૧
આલ્બ્રેક્ટ (બિશપ) ૭૪
એક્‌હાર્ટ મેઈસ્ટર (રહસ્યવાદી સંત) ૭, ૬૫
એગોસ્ટિનો (ચિંતક) ૪૪
એગ્રીકોલા (જર્મન માનવવાદી) ૭૩
એડવર્ડ છઠ્ઠો (સુધારાવાદી રાજા) ૯૫, ૯૭, ૯૮
એડવર્ડ ત્રીજો (રાજા) ૬૧
એડવર્ડ પહેલો (રાજા) ૨
એડ્રિયન (પોપ) ૧૦૪
એપિકયુરસ (ચિંતક) ૬૮
એપોલો (દેવ) ૨૩, ૩૦, ૪૭
એબેલાર્ડ (શહીદ ચિંતક) ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૦૬
એમ્બ્રોઈસ પેરે (વિદ્વાન તબીબ) ૪૧
એમ્બ્રોગિયો (ચિત્રકાર) ૨૨
એરિસ્ટોટલ (મહાન ચિંતક) ૬, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૭, ૨૨, ૨૩, ૨૪, ૪૨, ૪૩, ૪૪, ૭૫
એલેકઝાન્ડર (ફ્રાન્સિસ્કન ધર્માચાર્ય) ૧૧
એવેરોસ (ચિંતક) ૧૧
ઍંગેલિકો (ચિત્રકાર) ૨૫
ઓકિનો (ઇટાલિયન પ્રોટેસ્ટંટ) ૯૨
ઓગસ્ટિન (સંત) ૬, ૧૬, ૨૦, ૪૪, ૫૦
ઓરિસ્પા (માનવવાદી) ૧૭
ઓરેન્જેનો વિલિયમ (બંડખોર ઉમરાવ) ૯૩, ૯૪
ઓલ્ડકેસલ જોન સર (રાષ્ટ્રભક્ત) ૬૪
ઓવિડ (સાહિત્યસ્વામી) ૧૬, ૧૭
ઈનોસન્ટ ત્રીજો (પોપ) ૫, ૪૧, ૬૦
ઈમામ બારમો (ધર્મગુરુ) ૧૧૨
ઈમ્પેરિયા (ચિત્રકાર રાફેલની આરાધ્યમૂર્તિ) ૩૯
ઈરેસમસ ડેસિડેરિયસ (ચિંતક–મહાન માનવવાદી) ૪૭, ૫૦, ૫૨, ૫૩, ૫૬, ૬૮–૭૧, ૭૩, ૭૪, ૭૭, ૮૦, ૮૧, ૮૭, ૯૯, ૧૦૩, ૧૦૯
ઈર્કોલ (વિદ્યાવ્યાસંગી રાજકુમાર–ઈલોનોરોનો પતિ) ૨૪
ઈરોઝ (કામદેવ) ૩૨
ઈર્નેરિયસ (કાયદાશાસ્ત્રી) ૯
ઈલિઝાબેથ (હંગેરીની સાધ્વી) ૭
ઈલિઝાબેથ ગોન્ઝાગા (વિદુષી રાણી) ૨૪, ૩૮
ઈલિઝાબેથ (ઇંગ્લેન્ડની રાણી) ૫૩, ૯૫, ૧૨૦
ઈલિઝાબેથ–ઈલિઝાબેટા મેડોના ૧૪, ૧૭, ૨૩, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૮
ઈલોનોરા (ક્લાસિક રાણી) ૨૪
ઈવ (આદ્ય નારી) ૧૮, ૧૯, ૨૦, ૨૯, ૮૭
ઈશુ ખ્રિસ્ત (પયગંબર જિસસ) ૨, ૫, ૭, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૪૭, ૪૮, ૫૭, ૬૧, ૬૨, ૬૩, ૬૬, ૬૭, ૬૯, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૨, ૯૫, ૯૭, ૧૦૨, ૧૧૧, ૧૧૨, ૧૧૩,
ઈસાબેલા (વિદુષી મહિલા) ૨૩, ૨૪, ૨૭, ૩૧, ૩૮, ૪૬, ૫૮, ૯૯, ૧૦૦
કરાફ્ફા (થિયેટિન સંઘનો સ્થાપક સંત) ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪
કાજેટ ('ડિવાઈન લવ' સમાજનો અગ્રણી સંત) ૧૦૦
કાલ્વિન જોન (મહાન સંસારસુધારક) ૫૮, ૮૭–૯૧, ૯૪, ૯૫, ૯૬, ૯૯, ૧૦૩, ૧૦૮

કાર્લ સ્ટડ (સુધારાવાદી પાદરી) ૭૯
કાસ્ટેલિયો (સુધારાવાદી પાદરી) ૮૯
કેથેરાઈન વોન બોરા (માર્ટિન લ્યુથરની સાધ્વી પત્ની) ૮૦
કેથેરિન સ્ફોર્ઝા (અપ્રતિમ વીર રાણી) ૩૮
કેલિઆરી ગેબ્રીઅલ (ચિત્રકાર) ૫૭
કોન્ટારિની (બિશપ) ૧૦૦, ૧૦૪
કોન્સ્ટેન્ટાઈન આફ્રિકન (વિદ્વાન) ૮
કોપરનિકસ નિકોલસ (વિખ્યાત વિજ્ઞાની) ૪૧, ૪૩
કોલમ્બસ ક્રિસ્ટોફર (ભૂગોળ–શોધક) ૪૫, ૪૬
કોલિન (શિલ્પી) ૪૮
કોલેટ જોન (પ્રખર માનવવાદી) ૫૦
કોસા (ચિત્રકાર) ૨૪
કૉનરાડ કેલ્ટસ (માનવવાદી કવિ–ચિંતક) ૪૯, ૭૩
કૉનરાડ ગ્રેબ્રેલ ('અનાબાપ્ટિસ્ટ'નો પ્રણેતા–શહીદ) ૮૫
કલારા (સ્ત્રીઓ માટેના અલગ મઠની સ્થાપક) ૫, ૬
ક્લેમેન્ટ પાંચમો (ઉદારમતવાદી પોપ) ૧૨
ક્લેમેન્ટ સાતમો (ઉદારમતવાદી પોપ) ૨૫, ૩૪, ૯૬, ૯૭, ૧૦૪
ક્લોડિયસ ટોલેમી (આદિ વિજ્ઞાની) ૪૩
ક્વિન્ટીલિયન (આદિ ચિંતક) ૨૧
ક્રિશ્ચિયન ત્રીજો (માનવવાદી સમ્રાટ) ૮૧
ક્રિશ્ચિયન બીજો (માનવવાદી રાજા) ૮૧
ક્રિસ્ટોફર (સંત) ૪૭
ગિઓટો (ચિત્રકાર) ૬, ૧૭, ૧૯
ગિબન (વિખ્યાત ઈતિહાસકાર) ૧૦૯
ગિલબર્ટ (બુદ્ધિવાદી પ્રાધ્યાપક) ૧૦, ૧૧
ગુઈડો બાલ્ડો (માનવવાદી શાણો શાસક) ૨૪
ગેટનબર્ગ (મુદ્રણકળાનો સંશોધક) ૪૩
ગેટે (મહાન કવિ–ચિંતક) ૧૦૯
ગેબિરોલ (અરબ વિદ્વાન) ૮
ગેબ્રિયેલ (માનવતાના પ્રખર ઉપાસક–વિદ્વાન) ૭૫, ૭૬, ૭૯
ગેલન (વિજ્ઞાની) ૪૨
ગોઝોલી (ચિત્રકાર) ૧૯, ૨૦
ગોન્ઝાગા (કાર્ડિનલ) ૧૦૦
ગૌતમ બુદ્ધ (મહાન સંત) ૨૬, ૧૧૪–૧૧૫
ગૌન્ટ જોન (કહેવાતા નાસ્તિક જોન વિકિલફનો સહાયક સેનાની) ૬૨, ૬૩
ગ્રાનવેલ (કાર્ડિનલ) ૯૩
ગ્રુએટ (કાલ્વિનનો અનુયાયી શહીદ) ૮૯
ગ્રેગરી ૧૧મો (પોપ) ૬૨
ઘિર્લેન્ડીઓ ડોમેનિકો (વિખ્યાત ચિત્રકાર) ૨૮
ઘિબર્ટી (સુધારાવાદી બિશપ) ૧૦૦
ઘિબર્ટી લોરેન્ઝો (શિલ્પી) ૧૮, ૫૬
ચાર્લ્સ આઠમો (ફ્રાન્સનો રાજા) ૩૬, ૪૯
ચાર્લ્સ ચોથો (જર્મન શાસક) ૬૫, ૬૬
ચાર્લ્સ પાંચમો (જર્મન સમ્રાટ–રાણી ઈસાબેલાનો પતિ) ૩૧, ૬૯, ૭૮, ૧૦૧, ૧૦૪, ૧૦૫
ચાર્લ્સ (ફ્રાન્સનો રાજા) ૩૬
ચાર્લ્સ (નેધરલેંડનો શાસક) ૯૩
જિન રોશેલિન (એબેલાર્ડનો ગુરુ) ૯
જિરાર્ડ (વિદ્વાન) ૮
જીન દ મેકોન (બિશપ) ૯૪
જીલર જોન (મહાન માનવવાદી) ૪૯
જુલિયસ બીજો (પોપ) ૨૯, ૩૦, ૩૧, ૩૬, ૬૯
જુલિયસ સીઝર (વિખ્યાત સમ્રાટ) ૨૩
જુલે મિશલ (ઈતિહાસકાર) ૨
જેકોપો (મશહૂર શિલ્પી) ૧૮, ૮૯
જેકોબ ફુગર (માનવવાદી ધનિક કુટુંબનું ફરજંદ) ૪૯
જેકોબ વિડમેન (ઉગ્ર અનાબેપ્ટિસ્ટ સુધારક) ૮૫
જેકોબ હટર (અનાબેપ્ટિસ્ટ શહીદ) ૮૫
જેમ્સ છઠ્ઠો (સુધારાવાદી રાજા) ૯૬
જેરોમ (શહીદ સુધારક) ૬૭
જોકિમ (રહસ્યવાદી ચિંતક–સુધારાવાદી શહીદ) ૭
જોન એક (પોપવાદી વિદ્વાન) ૭૬, ૭૭
જોન નોકસ (સ્કોટલેંડનો સુધારાવાદી) ૯૪–૯૫, ૧૦૮
જોન (વિદ્વાન પ્રાધ્યાપક) ૮, ૧૦, ૧૧
જોન બાવીસમો (પોપ) ૬૪, ૬૫
જોન (મન્સ્ટરનો શાસક) ૮૫, ૮૬
જોન (સંત) ૧૭, ૨૧, ૨૮, ૨૯, ૪૭
જોન હસ (નાસ્તિકવાદી ચિંતક) ૫૯, ૬૦, ૬૬–૬૭, ૬૮, ૭૬

જયોર્જ વિશાટ (શહીદ પ્રાધ્યાપક) ૯૪
જયોર્જ (સંત) ૧૯
ઝેનો (સંત) ૨૩, ૬૮
ઝિવન્ગ્લી ઉલરીચ (સાંસારિક સુધારણાનો પ્રહરી) ૮૩–૮૪, ૮૭, ૯૦
ટિટિયાન (ચિત્રકાર) ૧૯, ૨૩, ૨૭, ૩૧–૩૨, ૪૦, ૫૫, ૫૬
ટીટો સ્ટ્રોઝી (કવિ) ૨૪
ટેટ્ઝાલ જોન (ડોમિનિકન ધર્મગુરુ) ૭૬
ટેરેસા (વિખ્યાત મહિલા સંત) ૧૦૧, ૧૦૨, ૧૦૮
ટેસીટસ (ચિંતક) ૧૭
ટોમસ એકિવનાસ (મહાન દાર્શનિક) ૬, ૧૧–૧૨, ૪૧, ૪૪, ૬૦, ૧૦૫
ટોમસ ટોર્કેમેડા (ધર્મ–અદાલતનો અધ્યક્ષ) ૧૦૦
ટોમસ પેરેન્ટુએલી (માનવવાદી પોપ) ૨૫
ટોમસ મન્ઝર (કિસાનોનો નેતા) ૭૯
ટોમસ મૂર (વિખ્યાત ચિંતક) ૪૭, ૫૦–૫૨, ૫૩, ૫૬, ૬૮
ટોમસ ક્રેમર (ધર્મશાસ્ત્રી–આર્ક બિશપ) ૯૭
ટોસેન (ધર્મગુરુ) ૮૧
ડાયેના (કુંવારી દેવી) ૩૨
ડોનેટેલો (શિલ્પી–સ્થપતિ) ૧૮, ૧૯, ૫૪, ૫૬
ડોમિનિક (સંત) ૫, ૬, ૭, ૨૯, ૫૯, ૬૦
ડયુરર આલ્બેકટ (ચિત્રકાર) ૪૭, ૭૪, ૧૧૦
તુરા (ચિત્રકાર) ૨૪
તુલિયા (વિખ્યાત વારાંગના) ૩૯
થુસિડાઈડ્સ (ચિંતક) ૧૭, ૨૫
દ' કાર્તે (વિખ્યાત ચિંતક) ૧૦૯
દાન્તે (દુરાન્તે આલિગીએરો) (કવિ–ચિંતક) ૭, ૧૩, ૧૫, ૨૧, ૧૧૬
નિકોલો ત્રીજો (વિદ્યાપ્રેમી સંસ્કારી રાજા) ૧૯, ૨૪
નેફ્રેયસ વિલિયમ (ઉગ્ર લ્યુથરવાદી સુધારક) ૮૨
પર્ખીએટ વિલિબાલ્ડ (નામાંકિત માનવવાદી) ૪૯, ૭૩, ૭૪
પાયથાગોરાસ (આદિ ચિંતક) ૪૩
પાયસ ચોથો (આંતરિક સુધારાવાદી પોપ) ૯૯, ૧૦૫
પિલોન (શિલ્પી) ૪૮
પિસ્ટોરિયસ (ઉગ્ર લ્યુથરવાદી શહીદ) ૮૨
પીટર (વિદ્વાન અધ્યાપક) ૧૧
પીટર (પોપ) ૬૪
પીટર પહેલો (શિલ્પી) ૪૮
પીટર ફેબર (સેવાવૃત્તિવાળો શિક્ષણવેત્તા) ૧૦૩
પીટર બ્રુધેલ (કલાકાર) ૪૮
પીટર લ્યુડર (માનવવાદી અગ્રિમ સુધારક) ૪૮, ૪૯
પીટર (ઈશુનો શિષ્ય–સંત) ૧૯, ૨૪, ૩૦, ૬૯
પેટ્રાર્ક (કવિ, જેની પ્રેરણામૂર્તિ લૉરા હતી) ૧૫, ૧૬, ૧૭, ૨૧, ૪૨, ૫૬
પેટ્રિક હેમિલ્ટન (અગ્રિમ લ્યુથરવાદી) ૯૪
પેરુગીનો (ચિત્રકાર) ૨૪
પેરેસેલ્સસ (વિખ્યાત તબીબ) ૪૨
પોગિયો (માનવવાદી પાદરી) ૧૭, ૨૫
પોન્ટેનો (વિખ્યાત માનવવાદી વિદ્વાન) ૨૬
પોમ્પોનાઝી પીએટ્રો (સમર્થ ચિંતક–સુધારાવાદી અમીર) ૪૪–૪૫
પોલ ત્રીજો (પોપ) ૩૧, ૫૨, ૧૦૪, ૧૦૫
પોલ (સંત–ઈશુનો શિષ્ય) ૨૧, ૧૦૨, ૧૧૪, ૧૧૯
પોલો નિકોલો (ભૂગોળ–શોધક) ૪૫
પોલો માર્કો (ભૂગોળ–શોધક : નિકોલોનો વિખ્યાત પુત્ર) ૪૫
પોલો મેફિયો (સંશોધક માર્કો પોલોનો કાકો) ૪૫
પ્યુટિન્જર (નામાંકિત માનવવાદી) ૪૯
પ્લિની (આદિ ચિંતક) ૧૭
પ્લુટાર્ક (આદિ ચિંતક) ૨૧, ૨૩
પ્લેટો (મહાન આદિ ચિંતક) ૬, ૮, ૧૦, ૧૨, ૧૭, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૫૦, ૬૮, ૬૯
ફર્નિનાન્ડ મેગેલન (ભૂગોળ–શોધક) ૪૬
ફર્નિનાન્ડ (સ્પેનનો રાજા—ઈસાબેલાનો પતિ) ૩૪, ૩૬
ફિયામેટ્ટા (કવિ બોકેસિયોની પ્રેરણામૂર્તિ) ૧૬, ૧૭
ફિલિપ ચોથો (ફ્રાન્સનો રાજા—પોપ વિરોધી) ૨, ૩
ફિલિપ બીજો (સ્પેનનો રાજા – કટ્ટર કેથોલિકપંથી) ૩૧, ૯૩
ફિલિપ (સંત ટેરેસાથી પ્રભાવિત રાજા) ૧૦૨
ફિલિપો બ્રુનેલેસ્કો (વિખ્યાત સ્થપતિ) ૧૮

ફિલિપોલિપી (ચિત્રકાર) ૧૯, ૨૦
ફિસિનો (વિદ્વાન) ૪૪
ફીશર (બિશપ) ૭૪
ફેડેરિગો (ડ્યુક) ૨૪
ફેબ્રિસિયસ (માનવશરીર – નિષ્ણાત) ૪૩
ફેરાન્ટે (માનવવાદી રાજવી) ૨૫, ૨૬
ફેરેલ (કાલ્વિનનો સાથીદાર સુધારક) ૮૮
ફેલિક્સ મન્ઝ (અનાબાપ્ટિસ્ટ અગ્રણી) ૮૫
ફોપ્પા (ચિત્રકાર) ૨૨
ફોર્લી (ચિત્રકાર) ૨૪
ફોલોપિયસ (માનવશરીરશાસ્ત્રી) ૪૩
ફોસ્ટિના (માઈકેલ એંજેલોની આદરણીય વારાંગના) ૩૯
ફાકસ્ટોરો (ચિંતક) ૪૨
ફ્રાન્સિસ ઝેવિયર (સમર્થ ચિંતક લાયોલાનો અગ્રગણ્ય શિષ્ય : ભારત–પ્રવાસી ૧૫૪૨) ૧૦૩, ૧૦૪
ફ્રાન્સિસ પહેલો (કલાપ્રિય સંસ્કારી રાજવી) ૨૮, ૪૮, ૧૦૧, ૧૦૪
ફ્રાન્સિસ (મહાન સંત) ૫, ૬, ૧૭, ૫૯, ૬૦
ફ્રાન્સિકો ગુસિયાર્ડિની (માનવવાદી સુધારક-ચિંતક અને ઈતિહાસકાર) ૩૪, ૩૫
ફ્રાન્સિસ્કો સ્ફોર્ઝા (મિલાનનો રાજા; તેની રાણી કાબેલ રાજ્યકર્તા બિયાન્કા મેરિયા) ૩૮
ફ્રેડરિક (ડેનમાર્કનો માનવવાદી રાજા) ૮૧
ફ્રેડરિક બાર્બારોસા (સમ્રાટ) ૧૧૨
ફ્રેન્ક (ઉગ્ર અનાબાપ્ટિસ્ટ) ૮૫
બર્નાર્ડ (સંત) ૪–૫, ૬, ૨૩, ૫૯, ૬૦
બાર્થોલોમેવ ડાયસ (ભૂગોળ–શોધક) ૪૫
બિયાન્કા મેરિયા (મિલાનની કાબેલ રાજ્યકર્તા રાણી)
બિયેટ્રીસ (દાન્તેની પ્રેમિકા) ૧૩, ૧૫, ૩૮, ૧૧૬
બુદે (સુજ્ઞાત માનવવાદી) ૪૯
બુર્કહાર્ટ (ઈતિહાસકાર) ૧
બુલિન્ઝર (સ્વિટ્ઝરલેન્ડનો માનવવાદી સુધારક) ૮૪
બેકાડેલી (નેપલ્સનો સુજ્ઞાત માનવવાદી) ૨૬
બેનિડિક્ટ (સંત) ૫, ૨૬, ૧૧૩, ૧૧૪
બેલિની (ચિત્રકાર) ૨૪, ૪૭
બોકેસિયો ગિયોવાની (માનવવાદી જ્યોતિર્ધર) ૧૬, ૧૭, ૬૫
બોટીસેલી સેન્ડ્રો (ચિત્રકાર) ૧૯, ૨૦
બોનિફેસ આઠમો (પોપ) ૨, ૩
બોર્ગો (ધર્મસુધારક પાદરી — જીવનભર કેદમાં) ૭
બોર્જિયા (ફ્લોરેન્સનો શાસક; લિયોનાર્દો વિન્સીનો સમર્થક) ૨૭, ૩૫
બોલ્સેક (કાલ્વિનનો અનુયાયી, દેશનિકાલ થયેલો સુધારક) ૮૯
બ્રાન્ટ સેબાસ્ટિયન (ધર્મ–સુધારણાવાદી કવિ) ૪૯, ૭૪
માઈકેલ સ્કોટ (વિદ્વાન) ૮
માઈકેલ એંજેલો (બહુમુખી પ્રતિભા : કલાકાર - ચિંતક- ઈજનેર–કાબેલ સેનાનાયક વગેરે) ૧૫, ૧૯, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૮, ૩૯, ૫૪, ૫૬, ૭૧
માનેટી (માનવવાદી વિદ્વાન, કુશળ વહીવટકર્તા) ૨૫
માન્ટેગ્ના (ચિત્રકાર) ૨૩, ૨૪
મારિયા (સંત) ૧૮
માર્ક (સંત) ૩૨
માર્ટિન બઝર (ઝ્વિન્ગ્લીનો અનુયાયી સુધારક) ૮૪
માર્ટિન લ્યુથર (મહાન ધર્મસુધારક) ૩૫, ૪૨, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૮, ૬૧, ૬૫, ૬૮, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫–૮૨, ૮૩, ૮૪, ૮૭, ૮૮, ૯૦, ૯૪, ૯૯, ૧૦૫, ૧૦૭
મિકેલોઝો (વિખ્યાત સ્થપતિ) ૧૮
મિકોનિયસ (ઝ્વિન્ગ્લીનો અનુયાયી ધર્મસુધારક) ૮૪
મિયાનો સોમાસ્કી (ધર્મસંઘનો સ્થાપક) ૧૦૧
મિરાન્ડોલા પિકોડેલ્લા (સન્માન્ય વિદ્વાન) ૨૨
મુહમ્મદ (પયગંબર) ૧૧૨, ૧૧૫
મેકિયાવેલી નિકોલો (નામચીન ચિંતક) ૩૫–૩૭, ૫૬, ૧૧૬, ૧૧૭
મેક્સિમિલિયન (જર્મન સમ્રાટ) ૪૯, ૭૨, ૭૩, ૭૬
મેઝોની (ચિત્રકાર) ૨૪
મેડિસી કોસિમો (સુધારાવાદી શાસક પરિવારનો વડવો) ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૫, ૪૪, ૫૫
મેડિસી ગિયુલિયાનો (કોસિમોનો સુધારાવાદી વંશજ) ૨૧
મેડિસી ગિયોવાની ( ,, ) ૨૦, ૨૧
મેડિસી પીએરો ( ,, ) ૨૧
મેડિસી લોરેન્ઝો (કોસિમો પરિવારનો સમન્વયકારી માનવવાદી શાસક) ૨૦, ૨૧, ૨૨, ૨૭, ૨૮, ૩૬, ૫૫

મેડિસી સાલ્વેસ્ટ્રો દ (મેડિસી પરિવારનો ગરીબનવાજ આદિપુરુષ) ૨૦
મેડિસી સુકેઝિયા (પીએરોની પત્ની–કવિ, વિદુષી, સંસ્કારી સન્નારી) ૨૧
મેનો સિમન્સ (પ્રખર અનાબાપ્ટિસ્ટ સુધારક) ૮૫, ૮૬
મેરી (ઇંગ્લેંડની 'લોહિયાળ' શાસક) ૯૪, ૯૫, ૯૮
મેરી (વર્જિન) (ઈશુની કુંવારી માતા) ૧૪, ૧૭, ૧૮, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૪૭ ૭૫, ૮૩, ૮૪, ૧૦૨
મેરીસી (સ્ત્રીઓના ઉર્સુલાઈન સંઘની સ્થાપક સાધ્વી) ૧૦૧
મેરુલા (માનવવાદી શહીદ) ૯૩
મેલાન્કથોન (લ્યુથરનો સાથી, ધર્મશાસ્ત્રનો વિખ્યાત પ્રાધ્યાપક ) ૮૦
મેસેસિયો (અગ્રણી ચિત્રકાર) ૧૯, ૨૦
મોઝીઝ (મોસેસ) (પયગંબર) ૧૧, ૨૯, ૧૧૧, ૧૧૨
મોના લિસા (લિયોનાર્દો વિન્સીનું અતિવિખ્યાત ચિત્ર) ૨૭
યુરિપિડિસ (આદિ ચિંતક) ૧૭, ૬૮
યુસેલો (ચિત્રકાર) ૧૯, ૨૦
રાફેલ (નામાંકિત ચિત્રકાર) ૧૯, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૯, ૫૫, ૫૬, ૭૧
રિચાર્ડ (ઇંગ્લેન્ડનો રાજા) ૬૩
રિનાલ્ડો (અલ્બિઝા કુટુંબનો કટ્ટર શાસક) ૨૧
રુઈસબ્રોક જોન (મહાન રહસ્યવાદી) ૭
રુશલિન જોન (સુજ્ઞાત માનવવાદી ચિંતક સુધારક) ૪૯, ૭૩, ૭૪
રેને બોયવિન (ચિત્રકાર) ૫૮
રેબેલેઈસ (તીવ્ર શૈલીનો લેખક, મધ્યયુગી વિદ્વાનો તથા ધર્માચાર્યો પ્રત્યે પૂર્વગ્રહી) ૧૧૦
રેમંડ (સુધારા તરફી ઠાકોર; ધર્મદ્રોહી તરીકે યાતનાઓનો ભોગ) ૬૦
રેક (સંત) ૩૨
રોજર બેકન (વિજ્ઞાની ચિંતક) ૬, ૭, ૧૨, ૧૩, ૪૧, ૪૪, ૬૦, ૧૦૮, ૧૦૯
રોમેનો (ચિત્રકાર) ૨૩
લિયો દસમો (કલાકારોનો આશ્રયદાતા પોપ) ૨૮, ૨૯, ૩૦, ૩૪, ૪૪, ૬૯, ૭૪, ૭૬, ૭૭, ૯૯, ૧૦૪
લિયોનાર્દો વિન્સી (સુવિખ્યાત ચિત્રકાર) ૧૯, ૨૨, ૨૩, ૨૭, ૨૮, ૩૦, ૪૧, ૫૬, ૫૮, ૧૧૦
લિયોનાર્દો બ્રુની (ચિંતક) ૧૭
લિયોનેલો (વિદ્યાવ્યાસંગી રાજકુમાર) ૨૪
લીવી (ચિંતક) ૧૬, ૩૫, ૩૬
લુઈ અગિયારમો (રાજા) ૧૧૮
લુઈ ચૌદમો (રાજા) ૧૨૦
લુઈ બારમો (રાજા) ૩૫, ૪૮, ૪૯
લુકાસ ક્રેનાર્ક (ગ્રેનાર્ક) (ચિત્રકાર) ૪૮, ૫૮
લુડોવિકો (કલાકારોનો કદરદાન શાસક) ૨૭
લૂઈ (લોકોનું સમર્થન પ્રાપ્ત કરનાર રાજા) ૬૪, ૬૫
લૉક (ચિંતક) ૧૦૯
લોરેન્ઝો (સંત) ૨૯, ૩૨
લોયોલા ઈગ્નેસિયસ ('જિસસ સંઘ'નો સ્થાપક સંત) ૧૦૨–૧૦૪, ૧૦૮, ૧૧૦
લૌરા (ચિંતક પેટ્રાર્કની પ્રેરણામૂર્તિ) ૧૫, ૧૬
વર્જિલ (આદિ કવિ) ૧૫, ૧૬, ૧૭, ૨૦
વલ્લા લોરેન્ઝો ('નાસ્તિક' ગણાયેલો પ્રખર ધર્મ-સુધારક) ૨૫, ૨૬, ૪૪, ૭૪
વાલ્ડો (બાઈબલનું ફ્રેન્ચ ભાષાંતર કરનાર સાહસિક -સુધારક વેપારી) ૫૯, ૬૦
વાસ્કો ડી ગામા (ભૂગોળ–શોધક) ૪૫, ૪૬
વિકટર હ્યુગો (વિખ્યાત કથાકાર) ૧૦૯
વિકિલફ જોન (મહાન સુધારક) ૫૯, ૬૦, ૬૧–૬૩, ૬૬, ૬૮
વિટોરિનો (ચિત્રકાર) ૨૩, ૨૪, ૩૮
વિટોરિયા કોલોના (માઈકેલ ઍન્જેલોની પ્રિયતમા, વિદ્યા તથા વીરતાની મૂર્તિ) ૩૦, ૩૮
વિનસ (રતિદેવી) ૨૦, ૨૩, ૩૨, ૩૩, ૩૮
વિલિયમ (બુદ્ધિવાદી શિક્ષક) ૧૦, ૧૧
વિફેલિંગ જોન (મહાન માનવવાદી) ૪૯, ૭૩
વુલ્સી (કાર્ડિનલ) ૯૬
વેન્ડેલમોએટ (ઉગ્ર લ્યુથરવાદી શહીદ મહિલા) ૮૨
વેન્સેસ્લાસ (શહીદ હસને આશ્રય આપનાર રાજા) ૬૬
વેરોના ગુઆરિનો (શિક્ષણવેત્તા–ગુરુ) ૧૭, ૨૪, ૩૮
વેરોનિસ (ચિત્રકાર) ૩૩, ૫૬, ૫૭
વેલ્સર (માનવવાદી ધનિક કુટુંબ) ૪૯

વેસાલિયસ (શરીર-રચનાશાસ્ત્રનો પુરોગામી તબીબ) ૪૨, ૪૩
વેસોનેલ (માનવવાદી) ૯૩
વેસ્ટફાલે (હમ્બર્ગના લ્યુથરવાદી મંત્રી) ૯૦
વોરવિક (સુધારાવાદી ડ્યુક) ૯૭
વોલ્ટર બેજ્હોટ (ઇતિહાસકાર) ૧૧૩
વોલ્તેર (મહાન ચિંતક) ૧૦૯
શેક્સપિયર વિલિયમ (નામાંકિત નાટ્યકાર) ૫૨, ૫૩, ૫૬
સમરસેટ (પ્રોટેસ્ટંટ રાજ્યવહીવટદાર) ૯૭
સિગિસમન્ડ (બોહેમિયાનો શાસક) ૬૮
સિગ્નોરેલી (ચિત્રકાર) ૨૪
સિસેરો (મહાન ચિંતક) ૧૫, ૧૬, ૧૭, ૨૧, ૬૮, ૬૯, ૭૩, ૮૭
સીગેર (ઐહિક માન્યતા ધરાવનાર પાદરી) ૧૧
સેઇન્ટ ગ્રેગરી ધ ગ્રેટ (સંત-શાસક) ૧૧૪
સેનેકા (ચિંતક) ૧૬, ૬૮, ૮૭
સેબાલ્ડસ (સંત) ૪૮
સેલિની (શિલ્પી) ૪૮
સેલ્યુનાતાયે (ચિંતક) ૧૭
સેવોનારોલા (સુધારક પાદરી) ૨૯
સોક્રેટીસ (મહાન ચિંતક) ૧૦
સોફિયા (બંડખોર રાણી) ૬૭
સોરેનસ (તબીબી વિજ્ઞાની) ૪૨
સ્કોટ્સ (ચિંતક) ૬
સ્ટોપીઝ (સુધારક વડોધર્મગુરુ) ૭૫
સ્પિનોઝા (મહાન ચિંતક) ૧૦૯
હટ (ઉગ્ર અનાબાપ્ટિસ્ટ)
હટ્ટન ઉલ્રીચ વાન (માનવવાદી કવિ, દેશભક્ત) ૪૯, ૭૪, ૭૭, ૭૮
હબ મેઇર તથા તેની પત્ની (અનાબાપ્ટિસ્ટ શહીદો) ૮૫
હસ જોન (શહીદ સંત) ૫૯, ૬૦, ૬૬, ૬૭, ૬૮, ૭૬
હાન્સ બોહમ (કિસાન-બંડનો નેતા) ૭૨
હાન્સ હોલ્બિન (હોલ્બેન) (ચિત્રકાર) ૪૭, ૪૮, ૫૭
હિપોક્રિટસ (આદ્ય તબીબ) ૪૨
હિલ્ડેગાર્ડ (સાધ્વી) ૭
હેગેલ (મહાન ચિંતક) ૪૪
હેનરી આઠમો (ઇંગ્લેંડનો રાજા; દેવળ તથા ધર્માચાર્યોને રાજ્યાધીન બનાવનાર) ૫૦, ૫૨, ૫૭, ૬૨, ૬૪, ૬૮, ૯૬, ૯૭
હેનરી બીજો (કટ્ટર કેથોલિક રાજા) ૪૮, ૯૪
હેરોડોટસ (આદિ ચિંતક) ૨૫
હેલોઇસ હેલ્પા (એબેલાર્ડની પ્રેમિકા) ૧૦, ૧૦૬
હેસ્સ (ઉગ્ર અનાબાપ્ટિસ્ટ) ૮૫
હોનોરિયસ ત્રીજો (પોપ) ૬
હોફમેન (ઉગ્ર અનાબાપ્ટિસ્ટ) ૮૫
હોબ્સ (ચિંતક) ૧૦૯
હોમર (આદ્ય કવિ) ૧૬, ૨૫

# જ્ઞાનગંગોત્રી

## માનવવિદ્યા શાખા

માનવકુલ દર્શન [ વિશ્વ ઇતિહાસ સોપાન ]
વિશ્વદર્શન [ ક્રાંતિઓ અને વૈચારિક વિકાસ ]
ભારતદર્શન [ આદિયુગથી અદ્યતન વિકાસ ]
ગુજરાત દર્શન [ સાહિત્ય અને સમાજ ]
સાહિત્ય દર્શન [ વિશ્વસાહિત્ય : ભારતીય સાહિત્ય ]
લલિતકલા દર્શન [ વિવિધ કલાઓ : સિદ્ધાન્ત અને પરિચય ]
વિચાર દર્શન [ વિચારસરણીઓ અને તત્ત્વચિંતનો ]

## વિજ્ઞાનવિદ્યા શાખા

બ્રહ્માંડ દર્શન
પૃથ્વી દર્શન
સ્વાસ્થ્ય દર્શન
રસાયણ દર્શન
ગણિત દર્શન
કૃષિ દર્શન
ઇજનેરી દર્શન
જીવ દર્શન
વિજ્ઞાન : માનવી અને મૂલ્ય

કુલ **30** ગ્રંથો

આખા સેટની કિંમત રૂ. ૧૦૦૦ [ વિદેશ રૂ. ૧૨૫૦ ] છૂટક એક ગ્રંથ રૂ. ૪૦

: પ્રાપ્તિસ્થાન :

બાલગોવિંદ બુકસેલર્સ, બાલા હનુમાન, અમદાવાદ

# આવકાર

જ્ઞાનનું પવિત્ર જળ ઘેર ઘેર અને અધિકારી વ્યક્તિ-વ્યક્તિને પહોંચતું કરવાની ઉદાત્ત ભાવનામાંથી જ આ ગંગોત્રી ગ્રંથમાળાનો જન્મ થયો છે, જે યુગાનુરૂપ છે અને ગુજરાતની શક્તિ અને જ્ઞાનપિપાસાની વૃદ્ધિનો સૂચક છે.

પં. સુખલાલજી

આ જ્ઞાનગંગોત્રી આપણા જમાનાના વિશાળ આદર્શને પહોંચી વળતી 'વિદ્યાપીઠ' સમી એક ગ્રંથમાળા થવાની છે.

કાકા કાલેલકર

આપણી પ્રાદેશિક ભાષામાં જ્ઞાનવિજ્ઞાનનો વિકાસ થાય એ જરૂરનું છે. આ શ્રેણી એ ખોટ પૂરશે એવી મને ખાતરી છે.... યોજના ઘણી આવકારપાત્ર છે.

કનૈયાલાલ મુનશી

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી ગુજરાતી વાચકો માટે ગૃહ-વિદ્યાપીઠની ગરજ સારશે એમ એનાં પુસ્તકો પરથી નિઃશંક કહી શકાય.

ઉમાશંકર જોશી

ગુજરાતમાં જ્ઞાનગંગોત્રીનો જન્મ એ મૂંગી મૂંગી રીતે બની ગયેલી, તેમ જ બની રહેલી, ગુજરાતના જીવનની એક મહાન ઘટના છે.

સુન્દરમ્

## પ્રકાશિત ગ્રંથો

૧ બ્રહ્માંડ દર્શન ૨ પૃથ્વી દર્શન ૩ સ્વાસ્થ્ય દર્શન ૪ રસાયણ દર્શન ૫ સ્વરાજ્ય દર્શન ૬ ગણિત દર્શન ૭ સાહિત્ય દર્શન (ભારતીય-૧) ૮ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય-૧) ૯ કૃષિ દર્શન ૧૦ ગુજરાત દર્શન (સાહિત્ય-૧) ૧૧ ગુજરાત દર્શન (સાહિત્ય-૨) ૧૨ વિશ્વ દર્શન-૧ (ક્રાન્તિ) ૧૩ સાહિત્ય દર્શન (વિશ્વસાહિત્ય-૨) ૧૪ ઇજનેરી દર્શન ૧૫ વિશ્વ દર્શન-૨ (અદ્યતન ઈતિહાસ) ૧૬ જીવ દર્શન ૧૭ સાહિત્ય દર્શન (ભારતીય-૨) ૧૮ લલિતકલા દર્શન-૧ (અભિનય-શ્રાવ્ય) ૧૯ વિચાર દર્શન-૧ (લોકશાહી, મૂડીવાદ, સમાજવાદ) ૨૦ વિશ્વ દર્શન-૩ [ઈતિહાસ : મધ્યયુગ (યુરોપ, અરબ, ચીન) ] ૨૧ ભારત દર્શન-૨ (મધ્યકાલીન ઈતિહાસ) ૨૨ ભારત દર્શન-૧ (ઈતિહાસ : આદિયુગ) ૨૩ વિચાર દર્શન-૨ (વિશ્વ તત્ત્વચિંતન-રૂપરેખા-૧) ૨૪ વિચાર દર્શન–૩ (વિશ્વ તત્ત્વચિંતન : રૂપરેખા–૨) ૨૫ વિશ્વ દર્શન–૪ (પુનર્જાગૃતિ : ધર્મસુધારણા)